अनेकनृपप्रतिबोधक–अचलगच्छाधिराज–युगप्रधानाचार्य–
श्री कल्याणसागर-सूरीन्द्राणां विनेयैः
महोपाध्याय-श्री विनयसागरजी गणिवर्यैर्विरचितम्

भोजव्याकरणम्

(प्राचीन ग्रन्थोद्धारक्रमाङ्क : ९, १०, ११)



प्रेरका

क्रियोद्धारक-अचलगच्छाधिराज–पू. स्व. आचार्य-
श्री गौतमसागरसूरीश्वराणां प्रतापिपट्टधराः
प पू. आचार्यश्री गुणसागरसूरिप्रवराः

सयोजक : तेषां विनेय'
साहित्यरत्न पू. गणिवर्य–श्री कलाप्रभसागरजी -म सा
''गुणशिशुः''

सविवरणम् अनुवादक :
डॉ. जयदेव अरुणोदय जानी एम.ए., पी अेच डी., साहित्याचार्य
(लेक्चरर, संस्कृत विभाग, फेकल्टी ऑफ आर्ट्स,
म स युनिवर्सिटी, वडोदरा)

प्रकाशक .
श्री आर्य-जय-कल्याण-केन्द्रः (मोहमयी) (क्रमांक-३०)

द्रव्य-सहायक :
श्री कच्छी अचलगच्छ जैन सङ्घः
भालेराव टेकरा, प्रताप रोड, रावपुरा, वडोदरा-३९० ००१.
(दूरभाष : ५६२११)

પ્રસ્તુત ગ્રંથનું ઉદ્‌ઘાટન

પ્રકાશન


શાસનસમ્રાટ્, ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રી ગુણસાગર સૂરીશ્વરજી** મહારાજસાહેબની પ્રેરણાથી તેઓશ્રીની પાવનનિશ્રામાં મુંબઈથી તા. ૧૫–૧૨–૮૪ ના રોજ નીકળેલ શ્રી સમ્મેતશિખરજીમહાતીર્થનો છ'રીપાલક પદયાત્રા જૈન મહાસંઘ તથા શ્રી સમ્મેતશિખરજીમહાતીર્થથી તા ૨૮–૧૧–૮૫ ના રોજ સિદ્ધાચલમહાતીર્થના છ'રીપાલક પદયાત્રા જૈન મહાસંઘના શ્રી શત્રુંજય મહાતીર્થ–પાલિતાણા મધ્યે સંવત ૨૦૪૧ ના વૈશાખ સુદ–૧ તા. ૨૦–૪–૮૫ ના પ્રવેશ–સંઘમાળ પ્રસંગે વૈશાખ સુદ–૩ (અક્ષય તૃતીયા) તા ૨૨–૪–૧૯૮૫ ના રોજ આ ગ્રંથત્રય

૧. ભોજવ્યાકરણમ્

૨. વિદ્વચ્ચિંતામણિ

૩. અનેકાર્થનામમાલા (હિન્દી) નું મંગલ પ્રકાશન

"મહોપાધ્યાય વિનયસાગરજીવિરચિત ભોજવ્યાકરણમ્" એ સંપુટાકારે કરવામાં આવેલ છે.



શ્રી આર્યરક્ષિત પ્રાચીન ગ્રંથોદ્ધાર ક્રમાંક-૯, ૧૦, ૧૧.
ગ્રંથ ક્રમાંક :- ૩૦

આ ગ્રંથની ૧૦૦૦ નકલ પ્રકાશિત કરાયેલ છે.

વીર સં. ૨૫૧૧ | વિક્રમ સં. ૨૦૪૧ | વૈશાખ સુદ ૩ (અક્ષયતૃતીયા) તા. ૨૨-૪-૧૯૮૫

* પ્રથમ આવૃત્તિ *

કિંમત :- રૂા. ૧૦૦

મુદ્રક - ૧. મૂળગ્રંથ (ભાષાંતરકર્તાની પ્રસ્તાવનાથી ટિપ્પણો સુધી)
ગાયકવાડ પ્રિન્ટ્રાન્સ પ્રાઇવેટ લિ.
બગીખાના, વડોદરા.

૨. ઉપોદ્ઘાત - પ્રસ્તાવના, ફોટાના બ્લોકસ પ્રિન્ટીંગ
વી. કે. પ્રિન્ટરી
પાર્વતી ચેમ્બર્સ, પ્રતાપનગર, વડોદરા.

પ્રાપ્તિસ્થાન

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ
ભાલેરાવ ટેકરા, રાવપુરા, પ્રતાપરોડ,
વડોદરા-૩૯૦ ૦૦૧. (ગુજરાત)
ફોન :- ૫૫૬૨૯૧

Shree Kachchhi Achalagachchha Jain Sangh,
Bhalerao Tekara, Raopura,
Pratap Road,
BARODA-390 001,
Phone : 556291

કાર્યાલય-પ્રવૃત્તિકેન્દ્ર

શ્રી આર્યજય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ
શ્રી કલ્યાણ ગૌતમ નીતિ ગુણસાગર
સૂરિ જૈન મેઘ સંસ્કૃતિ ભવન તથા
શ્રી ગુણશિશુ જિનાગમાદિ ચિત્કોષ,
લાલજી પુનશી વાડી,
દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ)
મુંબઇ-૪૦૦ ૦૭૭.

પ્રકાશકીય નિવેદન

(સંસ્થાકીય નિવેદન)

[૧] સસ્થાના ઉદ્દેશ તથા શુભ પ્રવૃત્તિઓ :

વિશ્વ કલ્યાણકર, સકલજીવહિતકારી અને મોક્ષદાયક એવા જિનશાસનના અવિભાજ્ય અગરૂપ જૈન સાહિત્ય અને સંસ્કૃતિના રક્ષણ તથા પ્રચારના ઉદ્દેશથી આ સસ્થાની સ્થાપના કરવામા આવી છે

(૧) પ્રાચીન સાહિત્યોદ્ધાર પ્રકાશન તથા : જૈન સંસ્કૃતિના રક્ષણ રૂપે પ્રથમ તો પ્રાચીન જૈન સાહિત્ય કે જે અનેક જ્ઞાન ભડારોમા હસ્તલિખિત પ્રતો રૂપે જીર્ણ અવસ્થાના વિદ્યમાન છે તેને તથા વિરલ હસ્તલિખિત પ્રતોને બચાવી લેવી જરૂરી છે, અથવા વ્યવસ્થિત રીતે સંશોધિત કરી પ્રકાશિત કરવી આવશ્યક છે વિરલ હસ્તલિખિત પ્રતો (ગ્રંથો)ની બીજી નકલો ઉતરાવી લેવી, ફોટો કે ઝેરોક્ષ કોપીઓ કરાવી લેવી પણ આવશ્યક છે આ અન્વયે પૂ મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ સા. ના સતત માર્ગદર્શન અને પ્રેરણાથી કેટલાક પ્રાચીન જૈન સાહિત્યની ઉક્ત કોપીઓ પ્રાપ્ત કરાઇ છે. જેમાથી જરૂરી ગ્રથો પ્રકાશિત પણ કરાયા છે કે હવે પ્રકાશનાધીન છે. કેટલુક જૈન સાહિત્ય કે જે હાલ અપ્રાપ્ત છે. તેવા સાહિત્યનું અમે પુનર્મુદ્રણ-પ્રકાશન પણ કરીએ છીએ. ઉપરોક્ત સાહિત્ય **"શ્રી આર્યરક્ષિત પ્રાચીન ગ્રથોદ્ધાર"** નાનામે પ્રકાશિત કરીએ છીએ. આ રીતે પ્રાચીન સાહિત્યના ઉદ્ધારમા આ સસ્થા તરફથી પ્રયત્નો કરવામા આવી રહ્યા છે. ઉપયોગી એવા પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર અને પ્રકાશન અગે કોઇ અમારૂ ધ્યાન ખેંચશે તો તે અગે યોગ્ય વિચારણા કરવામા આવશે

(૨) અર્વાચીન સંસ્કૃતિ પ્રેરક સાહિત્ય પ્રકાશન : જૈન સસ્કૃતિના પ્રચાર રૂપે જૈન કથાઓ, તત્ત્વજ્ઞાન, વ્રત-નિયમો, તપવિધિ આદિ અગેનુ અર્વાચીન સાહિત્ય પણ પ્રકાશિત કરવામા આવે છે આ અન્વયે સેકડોની સંખ્યામા સાહિત્યનો પ્રચાર કરેલ છે જૈન જ્ઞાનસત્રના વિદ્યાર્થીઓને, તપસ્વીઓને અનેક સઘોના જ્ઞાનભડારોને, પૂ સાધુ-સાધ્વીજી ભગવંતોને આ સાહિત્ય સાદર ભેટ અપાયેલ છે. આ પુસ્તકમા અન્યત્ર અમારા દ્વારા પ્રકાશિત ૩૦ જેટલા ગ્રથોની સૂચિ પણ અપાયેલ છે.

(૩) આર્ય-ગુણ-સાધર્મિક ફંડ : મોક્ષલક્ષી જૈન સસ્કૃતિ, જૈન આચારની ઉન્નતિ અને રક્ષના પુણ્ય સકલ્પને વરેલા પૂ સાધુ-સાધ્વીજી ભગવંતોની યથાશક્ય ભક્તિ કરવી તથા પૂજ્યોની પ્રેરણા અનુસાર અનુકંપાપાત્ર સાધર્મિક શ્રાવક-શ્રાવિકાઓને યથાશક્ય મદદ કરવી ઉપરોક્ત ભકિત અને મદદ આ ફડના વ્યાજની રકમની મર્યાદામાથી કરાય છે. તથા શ્રી નવકાર ગુણકીર્તિ પ્રચાર કેન્દ્રના અન્વયે નવકાર મહામત્રના જાપનો પ્રચાર તથા તેના વિશિષ્ટ આરાધકોનુ યથાશક્ય બહુમાન પણ કરાય છે આ અનુસંધાનમા અમોએ "સમરો મહામત્ર નવકાર" ની ૩૦૦૦ બુકો છપાવીને પ્રકાશિત કરેલ છે તથા અન્ય બે સંસ્થાઓ તરફથી પણ ૨૫૦૦-૨૫૦૦ નકલો પ્રસિદ્ધ કરાયેલ છે.

(૪) શ્રી ગૌતમ-નીતિ-ગુણસાગરસૂરિ જૈન મેઘ સંસ્કૃતિ ભવન : આ હાલ ઘાટકોપર (પૂર્વ) મા આવેલ છે અહીં જૈન ભડાર તથા પ્રાચીન અર્વાચીન ગ્રથોનો સગ્રહ તથા વિવિધ જૈન સંસ્કૃતિના પ્રાચીન શુભ પ્રવૃત્તિઓ થાય છે ગુણ ભારતી માસિકનુ પ્રકાશન પણ અહીંથી થાય છે

(૫) શ્રી ગુણશિશુજિનામાદિચિત્કોષ (જ્ઞાન ભડાર) :
આ જૈન આગમ, અધ્યાત્મ, ઇતિહાસ આદિને લગતો વિશાળ જ્ઞાનભડાર છે તે ઉપરોકત સસ્કૃતિ ભવનમા રાખવામા આવેલ છે શ્રી ચતુર્વિધ સઘ અ ગ્રન્થોના વાચનનો લાભ સસ્થાના નિયમ મુજબલઈરહેલ છે

[૨] આ સંસ્થાનો સંક્ષિપ્ત ઈતિહાસ

ત્રિલોક ગુરુ પરમાત્મા શ્રી મહાવીરદેવની ૨૫૦૦ મી નિવણ સંવત્સરી પ્રસગે કચ્છ રાયણ (તા માડવી) મુકામે ઉજવાયેલ મહામહોત્સવ દરમ્યાન સ ૨૦૩૧ વૈશાખ સુદ ૬ ના દિવસે યુગપ્રભાવક અચલગચ્છાધિપતિ

પ પૂ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર- સૂરીશ્વરજી મ સા ના અમીભર્યા શુભ આશીર્વાદોથી અને વયોવૃદ્ધ, આગમપ્રજ્ઞ પ પૂ મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ સા ની નિશ્રામા તથા સાહિત્યરત્ન, વિદ્ધદ્વર્ય પ પૂ મુનિરાજ શ્રી કલાપ્રભસાગરજી મ સા ની સતત શુભ પ્રેરણાથી "શ્રી આર્ય-જય- કલ્યાણ કેન્દ્ર"ની સ્થાપના કરવામા આવી હતી સાચા ઘીના દીપકની જ્યોત પ્રગટાવી આ કેન્દ્ર જિનશાસનના સમ્યગ્જ્ઞાનની જ્યોતને અખંડ રાખવામા કાઈક નિમિત્ત બને એવી શુભ ભાવના વ્યક્ત કરવામા આવી હતી

આ સંસ્થાને વધુ વ્યવસ્થિત બનાવવા વિચારણા થતા તથા દાતાઓને પણ દાન આપવામા સુગમતા રહે ને આવક-જાવક વિ વહીવટ વ્યવસ્થિત રહે તે માટે કેન્દ્રને રજીસ્ટર્ડ બનાવવામા આવ્યું અને દાતાઓને આવક પર કરમુક્તિ મળે તે માટે ઇન્કમટેક્ષ એકઝમ્પટેડ નંબર મેળવવામા આવ્યા આ પ્રસંગે પણ અચલગચ્છાધિપતિ પ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ સા પાસે આજ્ઞા મેળવતા તેઓશ્રીએ પણ આશીર્વાદ સહ સંમતિ આપવા કૃપા કરી હતી, અને સં ૨૦૩૪ ના જે સુ ૬ રવિ ૧૧ મી જુન ૧૯૭૮ ના માટુંગાના સહસ્ત્રફણા પાર્શ્વનાથની છાયામા અને અચલગચ્છાધિપતિ પ આ ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ સા આદિ ઠા ૧૬ તથા વિશાલ સાધ્વીજીગણની નિશ્રામા આ સંસ્થાની-ટ્રસ્ટની વિધિસર રીતે જાહેર કરવામા આવેલ

ગૌ ર વ

પ્રાચીન અર્વાચીન સાહિત્ય અને સંસ્કૃતિના રક્ષણ માટે શ્રી આર્ય-જય-કલ્યાણ-કેન્દ્ર ટ્રસ્ટ (મુંબઇ) ને સંઘવી શ્રેષ્ઠિ શ્રી લખમશી ઘેલાભાઈ પરિવાર કચ્છ દુર્ગાપુર (નવાવાશ) વાલા તરફથી પોતાના માતુશ્રી મેઘબાઈ ઘેલાભાઇના સ્મરણાર્થે જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્યના રક્ષણ અને પ્રચાર માટે એકાવન હજાર રૂા તથા શ્રી ગૌતમ-નીતિ-ગુણસાગરસૂરિ જૈન મેઘ સંસ્કૃતિ ભવન(ઘાટકોપર) નુ મકાન હોલ સાદર ભેટ મળેલ છે જેની નોંધ લેતા ગૌરવ અનુભવીએ છીએ

પ્રસ્તુત પ્રકાશન અંગે

(પુનમુદ્રણયોગ્ય) જૈનાચાર્ય શ્રી વિનયસાગરજી વિરચિત પુનર્મુદ્રણ યોગ્ય આ વિરલ પદ્ય વ્યાકરણ ગ્રંથ ને પ્રકાશિત કરવાનુ સદ્દભાગ્ય અમને મળેછે જેથી આનંદ થાય છે ક્રિયોદ્ધારક અચલગચ્છાધિપતિ પૂ સ્વ આ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા ના પ્રયત્નો થી ૫૦ થી વધારે વરસો પહેલા આ ગ્રંથ પત્રાકારે પ્રકાશિત કરાયેલ વિવરણ પરિશિષ્ટ અને અનુવાદ સહિતનુ પ્રકાશન હોય તો અભ્યાસીઓ -જિજ્ઞાસુઓ આ કૃતિનુ પણ યોગ્ય અધ્યયન કરી શકે તે ભાવથી ભારત દિવાકર શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ આ ભ શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ. સા તથા તેઓના વિનેય પૂ ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ સા ની પ્રેરણાથી અને તેઓના અથાગ પ્રયત્નોથી ગ્રંથ પ્રકાશિત થઇ રહેલ છે

આ પૂજ્યોની પ્રેરણાથી વડોદરાના વ્યાકરણવારિધિ પૂ ડૉ શ્રી જયદેવ અરુણોદય જાની એ અનુવાદ અને વિવરણ કરી આપેલ છે

શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘે સંપૂર્ણ આર્થિક સહકાર આપેલ છે અને સુંદર આયોજન કરી આ ગ્રંથ છપાવી આપેલ છે જે બદલ એ સંઘનો આભાર માનીએ છીએ ગુજરાતમા વડોદરા અચલગચ્છ સંઘનુ મુખ્ય કેન્દ્ર થયેલ છે.

પૂ અચલગચ્છાધિપતિશ્રીના આશીર્વાદોથી અને પૂ ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ સા.ની પ્રેરણાથી આ સંસ્થાની સ્થાપના કરાયેલ છે આ પૂજ્યો તરફથી સુંદર માર્ગદર્શન પણ મળે છે જે બદલ આ સ્થળે તેઓશ્રીને વંદના કરીએ છીએ

લિ ટ્રસ્ટી
વશનજી લખમશી સાવલા
ટ્રસ્ટી મંડળ વતી

ભારત દિવાકર, શાસનસમ્રાટ, યુગપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા ના

—: શુભ આશીર્વચન :—

અચલગચ્છાધિરાજ પૂ યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા ના વિદ્વાન શિષ્યરત્ન મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી રચિત વિદ્વચ્ચિંતામણિ અનેકાર્થનામમાલા અને ભોજવ્યાકરણ અનુવાદ સહિત સર્વ પ્રથમવાર પ્રકાશન પામે છે જાણી ખૂબજ આનદ અનુભવુ છું.

આ ગ્રંથના પ્રકાશન માટે સંપાદકો, દાતા અને પ્રકાશકને હાર્દિક અભિનંદન આપુ છુ.

આ ગ્રથ જેવા બીજા પણ અનેક પ્રાચીન અને અપ્રગટ ગ્રથોનુ શીઘ્ર સંશોધન અને પ્રકાશન થાય એ ખૂબ જ જરૂરી છે અચલગચ્છના વિદ્વાન પૂર્વાચાર્યોએ પણ વિશાળ સાહિત્ય-ગ્રંથોની રચના કરી છે. આ પૈકીનું કેટલુક સાહિત્ય પ્રકાશિત થઈ ગયું છે જ્યારે કેટલુક બાકી છે તે પ્રાચીન જ્ઞાન-ભડારોમાથી મેળવી સંશોધિત કરી પ્રકાશિત કરવું ઘટે પ્રાચીન ગ્રંથોદ્ધારની શુભ પ્રવૃતિમા દરેક રીતે સફળતા મળો એ જ ભાવના.

લિ

આચાર્ય ગુણસાગરસૂરિ

II સમ્મેતશિખરજી મહાતીર્થ
અચલગચ્છ ધર્મશાળા
મધુવન જી ગિરિડીહ
(બિહાર)
સં ૨૦૪૦ જે સુ ૩ શનિવાર

શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટના
સ્વજનોની શુભ નામાવલિ

સાહિત્ય સંરક્ષક :

નામ	કચ્છનુ ગામ	મુબઇ
૧ સઘવી શ્રી લખમશી ઘેલાભાઇ સાવલા પરિવાર	દુર્ગાપુર	ઘાટકોપર
૨ સ્વ શ્રેષ્ઠિશ્રી દામજીભાઈ મેઘજીભાઈ	દુર્ગાપુર	મુલુડ

સાહિત્ય ભક્ત :-

૧ શા લખમશી ઊમરશી	મોટા આસબીઆ	ગોરેગામ
૨ શા રતનશી ટોકરશી સાવલા	નવાવાસ	ઘાટકોપર
૩ શા હીરજી હસરાજના સ્મરણાર્થે સુપુત્રો	મકડા	સાયન

૪ શ્રીમતિ પુરબાઈ ગાગજી રામજી	કોડાય	શીવરી
૫ શા જેઠાલાલ મુરજી હ. જખીબાઈ	ગેરડી	ગોરેગામ
૬ શા ટોકરશી આણંદજી લાલકા	લાલા	ઘાટકોપર
૭ શ્રીમતિ નર્મદાબેન મુલચંદ રવજી	કોડાય	શીવરી
૮ શ્રીમતિ અગરીદેવી રૂગામલાણી	બાડમેર (રાજસ્થાન)	
૯ શા વીરજી ટોકરશી	લાયજા	ભાયખલા
૧૦ શ્રી રાજેન્દ્રકુમાર એન્ડ બ્રધર્સ	માંડવી	માટુંગા
૧૧ ડૉ. નાનજી ખીયશી હ મેઘાણી	ડુંઠા	મુલુંડ
૧૨ શા માણેક મુરજીના સ્મરણાર્થે	કોટડી	વિક્રોલી
૧૩ શ્રીમતિ મોનબાઈ ગામજી હ સરાજ	કોડાય	મુલુંડ
૧૪ શ્રીમતિ પુરબાઇ ટોકરશી દેવજીના સ્મરણાર્થે	લાલા	,,
૧૫ શ્રીમતિ દેવકાબાઈ કુંવરજી કચરા	ગઢશીશા	ચીંચબંદર
૧૬ શ્રીમતિ નર્મદાબેન વશનજી કુંવરજી	નરેડી	—
૧૭ શ્રીમતિ તલકબેન પ્રેમજી ભાણજી	ખારૂઆ	—
૧૮ માતૃશ્રી મમીબાઇ હામજી મેઘજી વીરા	નવાવાસ	મુલુંડ
૧૯ શ્રીમતિ ઈન્દીરાબેન હામજી વીરા	નવાવાસ	,,
૨૦ શ્રીમતી રેખાબેન ધીરજલાલ હામજી	નવાવાસ	મુલુંડ
૨૧ શ્રીમતી વાલબાઈ મુરજી નાગડા	સભોસરા	—
૨૨ એક સદ્દગૃહસ્થ તરફથી	નારાણપુર	—
૨૩ શા પુંજાભાઇ લધાભાઇ	બાડા	—
૨૪ શા મોગરજી દેવરાજ મારુ ચીઆમર	(ઉજ્જૈન)	
૨૫ શ્રીમતી ખીમઈબાઇ હ સરાજ હરીઆ	હાલાપુર	—
૨૬ એડવોકેટ લીલાધર હામજી શાહ	ભોજાય	વરલી
૨૭ શા સુંદરજી ધનજી ગડા	બાડા	ભાયખલા
૨૮ શા રમેશચંદ્ર કેશવજી મસાલાવાળા	બાડા	માટુંગા
૨૯ શા ચાપશી પદમશી (હ સુપુત્રો)	મેરાઉ	ગાંધીધામ
૩૦ શ્રીમતી લક્ષ્મીબેન ખેતશી	દેશલપુર	સાતરસ્તા
૩૧ સ્વ ભુપેન્દ્રકુમાર પાલણના સ્મરણાર્થે હ માતૃશ્રી વેલબાઈ	ગોધરા	વિક્રોલી
૩૨ શા ભવાનજી કાનજી ભુલા	રાયણ	જુહુ–પાર્લા
૩૩ ગ સ્વ દેવકાબાઈ ખીમજી જેઠા	નવાવાસ	ઘાટકોપર
૩૪ માતૃશ્રી પુરબાઇ ખીમજી છેડા હં પદમશીભાઈ	ગોધરા	,,
૩૫ શા વિજપાર મોણશી શાહ	બાડા	ઘાટકોપર
૩૬ શા માવજી ધનજી દેઢીયા	ભુજપુર	ચીંચબંદર
૩૭ શા ઉત્તમચંદ રણશી હરીઆ	ભોજાય	શાતાક્રૂઝ
૩૮ શા બચુભાઇ ટોકરશી શાહ	ભોજાય	,,
૩૯ શા હ સરાજ ચનાભાઈ શાહ	ગઢશીશા	ચીંચબંદર
૪૦ શા મણીલાલ હામજી	ભોજાય	—
૪૧ શા પ્રેમજી શીવજી	—	—
૪૨ શ્રીમતી ગંગાબેન હામજી	ભોજાય	—
૪૩ શ્રીમતી દેવકાબેન વિશનજી	—	
૪૪ શ્રી કલ્યાણજી કારૂભાઈ	ભોજાય	મુલુંડ

શ્રી આર્ય-જય-કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ગ્રન્થોની સૂચી

	ક્રમ	પુસ્તકનુ નામ	આવૃત્તિ	કુલ નકલ
*	૧	ભગવાન શ્રી મહાવીરદેવ જીવન-સૌરભ	૧-૨-૩	૫૫૦૦
*	૨	ભગવાન શ્રી મહાવીરદેવ સ્મૃતિ-ગ્રંથ	૧	૧૦૦૦
*	૩	પરભવનુ ભાતુ (વિવિધ વૈરાગ્યાદિ વાચન)	૧-૨	૩૦૦૦
	૪	વીશસ્થાનકાદિ તપવિધિ પૂંજ (તપવિધિ)	૧	૧૫૦૦
	૫	શ્રી શુકરાજ ચરિત્ર સસ્કૃત (પ્રત)	૧	૫૦૦
	૬	ચદ્રધવલભૂપ ધર્મદત્તચરિત્રં ,, ,,	૧	૫૫૦
*	૭	વિરતિનો સરલ માર્ગ (૧૪ નિયમો) (પોકેટ)	૧-૨	૪૦૦૦
	૮	હૃદય વીણાના તારે ! તારે ! (પ્રાચીન સ્તવનો)	૧	૧૦૦૦
	૯	મલયાસુંદરી ચરિત્રં સસ્કૃત (પ્રત)	૧	૧૦૦૦
*	૧૦	ગુરુગુણીગીત ગુંજન (પ્રાચીન અર્વાચીન ગહુંલિઓ)	૧	૧૫૦૦
*	૧૧	દિવ્ય જીવન જીવવાની ચાવી (૧૦૧ નિયમો) (પોકેટ)	૧-૨-૩	૧૦૦૦૦
	૧૨	ચતુર્વિંશતિ જનસ્તોત્રાણિ સાનુવાદ (જિનભક્તિ)	૧	૭૫૦
*	૧૩	તપથી નાશે વિકાર ! (પોકેટ)	૧-૨	૭૦૦૦
*	૧૪	આર્યરક્ષિત જૈન પચાગ (સ ૨૦૩૫)	૧	૪૦૦૦
	૧૫	કામદેવચરિત્ર મૂળ-અનુવાદ (સંસ્કૃત-ગુજરાતી) (પ્રત) (પુનમુદ્રણ)	૧	૭૦૦
*	૧૬	જૈનશાસનમા અચલગચ્છનો દિવ્ય પ્રકાશ (પટ્ટાવલિ)	૧	૧૦૦૦
	૧૭	કામદેવ ચરિત્ર ગુજરાતી અનુવાદ (પ્રત)	૧	૭૦૦
*	૧૮	અચલગચ્છની અસ્મિતા (આર્યરક્ષિતસૂરિ)	૧	૩૦૦૦
	૧૯	અચલગચ્છના જ્યોતિર્ધર (જયસિંહસૂરિ)	૧	૩૦૦૦
	૨૦	અચલગચ્છના દીપક (મહેન્દ્રપ્રભસૂરિ)	—	ભાવિ
	૨૧	અચલગચ્છના મત્રપ્રભાવક (મેરુતુંગસૂરિ	૧	૫૦૦૦
	૨૨	અચલગચ્છના ક્રિયોદ્ધારક (ધર્મમૂર્તિસૂરિ)	૧	૧૦૦૦
	૨૩	અચલગચ્છની પ્રતિભા (કલ્યાણસાગરસૂરિ)		
*	૨૪	અચલગચ્છના સમુદ્ધારક (ગૌતમસાગરસૂરિ)	૧	૨૦૦૦
	૨૫	જીવનનું અમૃત (તત્વજ્ઞાનના લેખો)	૧-૨	૩૫૦૦
	૨૬	લિંગનર્ણય ગ્રથ (મૂળ) (વ્યાકરણના અગ વિષયક)	૧	૧૦૦૦
	૨૭	લિંગનિર્ણય સસ્કૃત શબ્દકોશશ્ચ (વ્યાકરણનો અંગ)	૧	૫૦૦
	૨૮	ષડ્દર્શન નર્ણય સાનુવાદ (મેરુતુગસૂરિ કૃત)	૧	૧૦૦૦

૨૯ સમરો મહામંત્ર નવકાર	૧	૩૦૦૦
૩૦ ભોજ વ્યાકરણમ્ અનુવાદ વિવરણસહિત	૧	૧૦૦૦
૩૧ જૈન કથા સંદોહ ભાગ-૧ (પ્રેસમાં)	૩	૨૦૦૦

* નિશાનવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

પૂ. મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. દ્વારા પ્રેરિત અને સંપાદિત અન્ય સંસ્થાઓ દ્વારા પ્રકાશિતો

*	૧ જૈન કથા સંદોહ ભાગ-૧ (સચિત્ર)	૧-૨	૩૦૦૦
*	૨ સમ્યકત્વ સહિત પાંચ અણુવ્રત (હિન્દી)	૧	૧૦૦૦
	૩ કલ્યાણસાગરસૂરિ સ્મૃતિ સ્મૃતિવિશેષાંક	૧	૧૦૦૦
*	૪ ,, જ્ઞાનસત્ર ,,	૧	૧૦૦૦
*	૫ ,, જીવનસૌરભ	૧	૨૦૦૦
*	૬ કલ્યાણસાગરસૂરિ પૂજા સંદોહ	૧	૨૦૦૦
*	૭ જીવન ઉન્નતિ યાને તીર્થયાત્રા	૧	૨૦૦૦
*	૮ સચિત્ર અચલગચ્છ સ્નાત્રપૂજા	૧	૫૦૦૦
*	૯ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિ જીવન પરિચય	૧	૫૦૦૦
*	૧૦ શ્રી આર્યરક્ષિત જૈન પંચાગ સં. ૨૦૩૭	૧	૫૦૦૦
	૧૧ દ્વિતીય અધિવેશન સ્મારિકા	૧	૨૦૦૦
*	૧૨ શ્રી આર્યરક્ષિતસૂરિ વિશેષાંક (સં. ૨૦૩૬)	૧	૨૦૦૦
	૧૩ પૂ. આ. ગુણસાગરસૂરિ સૂરિપદ રજતસ્મારિકા (સચિત્ર) (સં. ૨૦૩૭)	૧	૧૫૦૦
	૧૪ આર્યકલ્યાણ-ગૌતમ-સ્મૃતિગ્રંથ (સચિત્ર	૧	૧૦૦૦
	૧૫ અચલગચ્છના ઇતિહાસની ઝલક ગ્રંથ ,,	૧	૨૦૦૦
	૧૬ વર્ધમાન તપ સ્મારિકા		૨૦૦૦
	૧૭ ગુણભારતી (માસિક) ની ફાઈલ (સં. ૨૦૩૮)		૩૦૦૦
	૧૮ ,, ,, ,, (સં. ૨૦૩૯)		૨૫૦૦
*	૧૯ મહારાષ્ટ્ર વિહાર વિશેષાંક		૨૫૦૦
*	૨૦ અહિંસા વિશેષાંક (૨૦૩૯)		૨૫૦૦
*	૨૧ અચલગચ્છની પટ્ટાવલિ (હિંદી)	૧	૫૦૦
*	૨૨ અચલગચ્છનો સંક્ષિપ્ત ઇતિહાસ	૧	૧૦૦૦
*	૨૩ જૈન શાસનના ગૌરવરૂપ અચલગચ્છના આચાર્યોનો સંક્ષિપ્ત જીવન પરિચય મુંબઈ સમાચાર, જન્મભૂમિ કચ્છમિત્રમાં આવેલ ફુલ પેજના લેખ રૂપે,		
	૨૪ અચલગચ્છના પૂ. સાધુ-સાધ્વીની ડીરેકટરી (સચિત્ર) શ્રમણ સંસ્કૃતિ ગ્રંથ (વિશેષાંક)	૧	૪૦૦૦
*	૨૫ તીર્થ ગુણ ગુંજન	૧	૨૫૦૦

* નિશાનીવાળા અપ્રાપ્ય

※ આભાર દર્શન ※

પ પૂ ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ. સા ની શુભ પ્રેરણાથી અચલગચ્છપ્રવર્તક પૂ દાદા શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા. ની નવમ જન્મશતાબ્દિ વર્ષની તથા અચલગચ્છાધિપતિ પૂ આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ સા ના સુરિપદ રજત વર્ષની–સ્મૃતિ નિમિત્તે શ્રી આર્ય–ગુણ સાધર્મિક ફંડમા દાન પ્રાપ્ત થયેલ છે તથા પૂ સાધ્વી શ્રી પુણ્યોદયશ્રીજી મ સા ના ચારિત્રપર્યાયને ૨૫ વરસ પૂર્ણ થતાં તેઓશ્રીની પ્રેરણાથી યોગનિષ્ઠા પૂ સ્વ. શ્રી ગુણોદયશ્રીજી મ. સા ની સ્મૃતિ નિમિત્તે પણ સાધર્મિક ફંડમા દાન પ્રાપ્ત થયેલ છે.

તથા પૂ. મુની શ્રી નયપ્રભસાગરજી મ સા ના ૪૫ ઉપવાસ (દોઢ માસખમણ) ની દીર્ઘ તપારાધનાની સ્મૃતિ નિમિત્તે તથા પોતાના માતુશ્રી મેઘબાઇ ઘેલાભાઇની સ્મૃતિ નિમિત્તે મહામંત્ર શ્રી નવકાર મંત્ર તથા તેના વિશિષ્ટ આરાધકો જપનારાઓના બહુમાનાર્થે શ્રેષ્ઠિ શ્રી લખમશી ઘેલાભાઇ પરિવાર તરફથી પણ ઉદાર દાન પ્રાપ્ત થયેલ છે. જે રકમો સાધર્મિક ફંડમા રાખી તેનુ **"આર્યગુણ સાધર્મિક ફંડ"** એ એ શુભનામ રાખેલ છે. આ ફંડમા રકમ લખાવનાર ઉદારદિલ સદ્‌ગૃહસ્થોનો આ સ્થળે અમો આભાર માનીએ છીએ

લિ. ટ્રસ્ટી મંડળ

આ ગ્રંથના પ્રકાશન સૌજન્ય બદલ આભાર

આ ભોજવ્યાકરણમ્ ગ્રંથ સાનુવાદ, પરિશિષ્ઠો સહિત પ્રકાશિત થાય છે જેના ઉદ્ધાર પ્રકાશનના ખર્ચનો સંપૂર્ણ લાભ શ્રી વડોદરા કચ્છી અચલ ગચ્છ જૈન સંઘે લીધેલ છે જે બદલ આ સંઘની ઉદારતા બદલ આનંદ વ્યક્ત કરીએ છીએ આ સંઘનો દાખલો લઈ બીજા સંઘો પણ પોતાના જ્ઞાનખાતામાથી અન્ય ગ્રંથોના ઉદ્ધાર–પ્રકાશનનો લાભ લેશે તો તેઓ અનેક ગ્રંથોના ઉદ્ધાર–પ્રકાશનના પુણ્યભાગી બનશે

લિ. આર્ય–જય–કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ.

—: સંપાદકીય નિવેદન :—

અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના વિનેય પુ. ગણિવર્ય
શ્રી કલાપ્રભસાગરજી મ સા

પ્રસ્તુત ગ્રંથ :

અનેક નૃપ પ્રતિબોધક, અજોડ પ્રતિભાશાળી પૂ. આચાર્ય ભગવંત શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા ના વિદ્વાન શિષ્યરત્ન મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી મ સા દ્વારા રચિત **શ્રી ભોજવ્યાકરણમ્** નામક સંસ્કૃત ગ્રંથ કે જે અનુભૂતિ સ્વરૂપાચાર્યરચિત **શ્રી સારસ્વતવ્યાકરણમની** પદ્યાનુવાદ ટીકા રૂપે છે. તે ગ્રંથ ગુજરાતી અનુવાદ, ટિપ્પણ અને પરિશિષ્ટો સાથે પ્રકાશિત થાય છે જેથી આનંદ થાય છે

વ્યાકરણ શબ્દની વ્યુત્પત્તિ

"વ્યાક્રિયન્તે વ્યુત્પાદ્યન્તે શબ્દા : અનેન ઇતિ વ્યાકરણમ્" આ વ્યુત્પત્તિ દ્વારા વ્યાકરણ શબ્દનો ઉદ્દભવ થયેલ છે વિ આ ઉપસર્ગપૂર્વક કૃ ધાતુ તથા અન પ્રત્યયના યોગથી આ શબ્દ બન્યો છે જેનો અર્થ થાય છે કે "જેના દ્વારા શબ્દ બને છે તે શાસ્ત્ર" એટલા માટે જ વ્યાકરણને શબ્દશાસ્ત્ર શબ્દાનુશાસન પણ કહેવાય છે શબ્દસૃષ્ટિની પ્રક્રિયાને સુગમ બનાવવાથી કોઈપણ વૈયાકરણી કે વ્યાકરણ વૈજ્ઞાનિકતાના ઉચ્ચ આસન પર રહેવાની ક્ષમતા મેળવી શકે છે

વ્યાકરણજ્ઞાનનુ મહત્વ

ભાષાના શુદ્ધજ્ઞાન માટે વ્યાકરણનું જ્ઞાન ખુબજ જરૂરી છે વાણીના વ્યાપારમા વિવેક લાવવા મહાપુરૂષો દ્વારા પ્રરૂપિત રચિત શાસ્ત્રોના સુચારૂ બોધ માટે વ્યાકરણનુ જ્ઞાન ખુબજ મહત્વનું છે, જેના દ્વાર માનવજીવનની સાચી સફળતાને આંબી શકાય છે. યાવત સાધનાની ફલશ્રુતિરૂપ "સર્વકર્મ મુક્તિ" રૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકાય છે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ અને શુદ્ધિ માટે સમ્યગ્ જ્ઞાન આવશ્યક છે જે દર્શન અને જ્ઞાનના યોગેજ જીવનમા સમ્યગ ચારિત્ર્યગુણ ખીલી ઉઠે છે સમ્યગ્ જ્ઞાનના સોપાનરૂપ શાસ્ત્રોના અવબોધ માટે વ્યાકરણનુ અધ્યયન જરૂરી છે

ધાતુ અને પ્રત્યયના સંશ્લેષણ–વિશ્લેષણ દ્વારા ભાષાના આતરિક રહસ્યનો વિચાર એટલેજ વ્યાકરણશાસ્ત્ર ! શબ્દોની વ્યુત્પત્તિ અને તેના નિર્માણની પ્રાગવતી પ્રક્રિયાનુ પ્રકટીકરણ એટલેજ વ્યાકરણ શબ્દોના વિવિધરૂપોમા એક મળ ધાતુ અને સંજ્ઞા રહેલી હોય છે

જૈન વ્યાકરણનો ઉદ્દભવ

આમ તો સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માના મુખમાથી નીકળેલ દ્વાદશાગી રૂપ શ્રુત એ જ સમગ્ર વિજ્ઞાન–જ્ઞાનના ભડાર છે. સત્યપ્રવાદ પૂર્વમા વ્યાકરણશાસ્ત્રના બધા મુખ્ય નિયમો આપવામાં આવેલા હતા જેમ વચન વ્યાપાર (વચન સંસ્કાર) ના કારણ, શબ્દોચ્ચારણના સ્થાન; પ્રયત્ન, વચનપ્રયોગ, વચનભેદ આદિ નિરૂપિત હતા વચન સંસ્કારનું વિવેચન કરતા તેના બે કારણ બતાવવામા આવ્યા છે (૧) સ્થાન અને (૨) પ્રયત્ન શબ્દોચ્ચારના હૃદય, કંઠ, મસ્તક, જિહ્વામૂલ, દાંત, તાલુ, નાસિકા (નાક) અને ઓષ્ઠ (હોઠ)–આ આઠ સ્થાન બતાવવામા આવેલ છે. શબ્દોચ્ચારણના પ્રયત્નોનુ વિવેચન કરતા સ્પૃષ્ટતા, ઈષિત્સપૃષ્ટતા વિવૃતતા, ઇષદ્વીવૃતતા અને સવૃતતા આ પાચની પરીભાષા પણ આપવામા આવી છે. વચનના શીષ્ટ અને દુષ્ટ પ્રયોગોની છણાવટ કરતા શબ્દોની શુભાશુભતાનુ પણ વર્ણન કરવામા આવેલ છે. જૈન (વ્યાકરણ) ગ્રથોના માધ્યમથી આ વિગતો જાણી શકાય છે

જૈન આગમો અને પ્રાકૃતવ્યાકરણો

વર્તમાનમા પ્રાપ્ત જૈન આગમગ્રંથોની રચના પ્રાકૃતભાષામા છે જેથી પ્રાકૃતમા રચાયેલ પ્રાચીન વ્યાકરણ પણ હશે જો કે પ્રાકૃતમા રચિત જૈનાગમોમા વ્યાકરણને લગતી અનેક વિગતો આવે છે.

જેમકે : ઠાણાગસૂત્ર (ત્રીજુ અંગ) ના આઠમા સ્થાનમા આઠ કારકોનો. નિર્દેશ છે. અનુયોગ દ્વાર (સૂ. ૧૨૮) મા ત્રણ વચન, લિંગ અને કાલનુ વિવેચન ઉપલબ્ધ થાય છે. સૂત્ર ૧૩૦ મા સમાસ, પદની વિગતો મળે છે વર્તમાનમા શ્રી હેમચન્દ્રાચાર્યરચિત પ્રાકૃતવ્યાકરણ સિદ્ધહૈમ શબ્દાનુશાસનમ્ ના અષ્ટમ અધ્યાયના રૂપમા વિદ્યમાન છે

જૈનાચાર્યોરચિત વ્યાકરણગ્રંથો

વ્યાકરણશાસ્ત્રમા જૈનાચાર્યોની દેન અપૂર્વ છે. આગમગ્રંથોના વ્યાકરણ સંબંધી નિયમો સિવાય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરી રચિત શ્રી સિદ્ધહૈમશબ્દાનુશાસનમ્ દેવનંદી (પૂજ્યપાદ) કૃત જૈનેન્દ્રવ્યાકરણમ્, પલ્યકીર્તિકૃત શાકટાયનવ્યાકરણમ, મેરુતુંગસૂરિકૃત મેરુતુંગ (કુમાર) વ્યાકરણમ્ આદિ અનેક જૈનાચાર્યો અને મુનિવરો દ્વારા રચિત સંસ્કૃતવ્યાકરણગ્રંથો અને આ વ્યાકરણોના ટીકાવૃત્તિગ્રંથો પ્રાપ્ત થાય છે

પરમાત્માશ્રી મહાવીરદેવ અને જૈનેન્દ્રવ્યાકરણ

પ્રાચીન ઉલ્લેખ મુજબ ભગવાન શ્રી મહાવીરદેવ જ્યારે બાળક હતા ત્યારે તેઓનુ નામ વર્ધમાન હતું. પ્રભુ જ્યારે આઠ વર્ષના થયા ત્યારે તેઓના પિતાશ્રી સિદ્ધાર્થરાજા તેઓને ભણવા પાઠશાળામા મોકલે છે, પણ પ્રભુ તો બાળપણથીજ જ્ઞાની અને ગંભીર હતા "પ્રભુને શુ ભણવાનું હોય ?" એવો ઈન્દ્રને વિચાર આવ્યો ને ઈન્દ્ર બ્રાહ્મણનુ રૂપ લઈ ક્ષત્રિયકુંડની પાઠશાળામા આવે છે અને અધ્યાપકને રાજકુમાર વર્ધમાન સમક્ષ ઈન્દ્રે વ્યાકરણ અંગે કેટલાક પ્રશ્નો પૂછ્યા, જેનો પ્રત્યુત્તર આપવા અધ્યાપક લાચાર હતા. ત્યારબાદ ઇન્દ્રે વર્ધમાન કુમારને પ્રશ્નો પૂછ્યા વર્ધમાનકુમારના પ્રત્યુત્તરોથી અધ્યાપક આદિ સૌ આશ્ચર્યવિભોર બની ગયા જ્યારે ઈન્દ્રે સ્પષ્ટતા કરતા કહે છે કે "આ તો ત્રણ જ્ઞાનના માલિક જ્ઞાની બાલપ્રભુ છે જેઓ ભવિષ્યમા કેવલ જ્ઞાની અને સર્વજ્ઞ બનવાના છે તેઓને શુ ભણવાનુ હોય ?" પ્રભુએ જે પ્રત્યુત્તરો આપેલા તે "જૈનેન્દ્રવ્યાકરણમ્અંગે" આથી વિશેષ જાણકારી મળતી નથી અમુક સમય સુધી પ્રચલિત રહેલ હશે એમ માની શકાય

શ્રી સિદ્ધહૈમશબ્દાનુશાસનમ

વર્તમાનમા શ્વેતામ્બર જૈન સંઘના અભ્યાસાર્થીઓમા "શ્રી સિદ્ધહૈમશબ્દાનુશાસનમ્" નામક વ્યાકરણ ગ્રંથ વધુ પ્રચલિત છે તથા આ ગ્રંથના આધારે પં શિવલાલજી પાટણવાળાએ તૈયાર કરેલ'હૈમપ્રવેશિકા" નામક ગ્રંથમા, દ્વિતીયા અને તૃતીયા નામક પુસ્તકો પ્રચલિત છે સિદ્ધહૈમશબ્દાનુમ્ વ્યાકરણ પર રહસ્યવૃત્તિ, લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃહદ્વૃત્તિ, લઘુન્યાસ બૃહન્યાસ, હૈમન્યાસમંજૂષા, હૈમચન્દ્રિકા, ચંદ્રપ્રભા (હૈમવ્યાકરણપ્રક્રિયા) વગેરે અનેક ગ્રંથો છે મોટે ભાગે ૭ હજાર શ્લોક પ્રમાણ ધરાવતી **લઘુવૃત્તિ** કંઠસ્થ કરવા માટે યોગ્ય હોઈ વધુ પ્રચલિત છે

જૈનેતર વ્યાકરણ ગ્રંથો પર જૈનાચાર્યોકૃત ટીકાગ્રંથો

જૈનોમા પોતાના પૂર્વાચાર્યો રચિત જૈન વ્યાકરણગ્રંથો હોવા છતા તથા પ્રકારના સાધનોના (પુસ્તક–અધ્યાપકાદિના) અભાવે જૈનેતરવ્યાકરણગ્રંથનુ અધ્યયન પણ છેલ્લા કેટલાક સૈકાઓથી પ્રચલિત જોવા મળે છે

જેથી પાણિનીય (કૌમુદી) વ્યાકરણ, કાતંત્ર (કાલાપક), ચાંદ્ર, સારસ્વત વગેરે જૈનેતર રચિત વ્યાકરણગ્રંથો પર જૈનાચાર્યો કે મુનિવરોએ પણ પોતાના શિષ્યાદિ કે જિજ્ઞાસુઓ સરળતાપૂર્વક ભણી શકે તે માટે ટીકાગ્રંથો રચ્યા છે

જૈન જૈનેતરરચિત વ્યાકરણગ્રંથો પર લખવામા આવે તો એક સ્વતંત્ર મોટો લેખ કે પુસ્તક તૈયાર થઈ શકે પણ હાલ આ અંગે વિસ્તાર અપ્રસ્તુત છે

આ ગ્રંથના કર્તા પ. પૂ. મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી મ સાહેબના સમયમા સારસ્વતવ્યાકરણ વધુ પ્રચલિત હશે એમ લાગે છે તેમજ તેઓએ પણ આ જ વ્યાકરણગ્રંથનુ અધ્યયન કરેલ હશે.

પદ્યબદ્ધ વ્યાકરણગ્રંથો ને ભોજવ્યાકરણમ્

વ્યાકરણનુ વ્યવસ્થિત જ્ઞાન કરવુ હોય તેઓએ પ્રથમ તો એ ગ્રંથના મૂળ સૂત્રોને તથા શક્ય હોય તો "ટીકા" ને "વૃત્તિ" ને કંઠસ્થ કરવી જ જરૂરી બને છે ગદ્ય કરતા પણ પદ્ય (શ્લોક–ગાથા) કંઠસ્થ કરવામા સરળ હોય છે જેથી જ પ. પૂ. મહોપાધ્યાયશ્રી વિનયસાગરજી મ સાહેબે સારસ્વતવ્યાકરણના મૂળસૂત્રોને "વિદ્વચ્ચિંતામણિ" ગ્રંથ રૂપે અને સારસ્વત વ્યાકરણની વૃત્તિને "ભોજવ્યાકરણમ્" રૂપે શ્લોકબદ્ધ રચેલ છે

બહુધા અપ્રસિદ્ધ આ બને કૃતિઓ વિદ્વાનો માટે ખૂબ જ ઉપયોગી છે વિદ્વચ્ચિંતામણિ ગ્રંથ તો સર્વપ્રથમ વાર જ પ્રકાશિત થય છે

વ્યાકરણના ગ્રંથોમા શ્લોકબદ્ધ સાહિત્યનુ ખૂબ જ મહત્વ છે વ્યાકરણસાહિત્યમા આવા ગ્રંથો ખૂબ જ વિરલ છે આ દૃષ્ટિએ પ્રગટ થતી આ બને કૃતિઓ જિજ્ઞાસુઓ માટે આકર્ષણરૂપ બની રહેશે–એ નિઃશંક છે.

અચલગચ્છના આચાર્યો દ્વારા રચિત વ્યાકરણગ્રંથો

શ્રી શ્વેતાંબર અચલગચ્છ જૈન સંઘના કવિશ્રીની આ કૃતિ હોઈ અચલગચ્છના પૂર્વાચાર્યો રચિત વ્યાકરણગ્રંથો અંગે થોડી નોંધ આપવી ઉચિત થશે

તેરમી સદીમા થયેલા અચલગચ્છના તૃતીય પટ્ટધર પ્રકાંડ વિદ્વાન, અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મ સા ના સામ્રાજ્યકાળમા થયેલા પૂ. મુનિશ્રી ભક્તિલાભ–પ્રેમલાભ દ્વારા રચાયેલ વ્યાકરણગ્રંથની નોંધ જેસલમેરના કોઈ જ્ઞાનભંડારના સૂચિપત્રમા જોવામા આવેલ છે જૈનસાહિત્યનો ઈતિહાસ વિગેરે ગ્રંથોમા પણ આ કૃતિની નોંધ પ્રાપ્ત થાય છે આ અંગે વિશેષ સંશોધન થવુ જરૂરી છે

પંદરમી સદીમા થયેલા અનેકનૃપપ્રતિબોધક, મંત્રપ્રભાવક, અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી મેરુતુંગસૂરીશ્વરજી મ. સાહેબે સ્વતંત્ર વ્યાકરણગ્રંથ તથા અન્ય જૈનેતર વ્યાકરણગ્રંથો પર ટીકાગ્રંથો રચેલ છે એમણે રચેલ શ્રીમેરુતુંગ વ્યાકરણ અપર નામ કુમારવ્યાકરણની વિરલ હસ્તપ્રતો પ્રાચીન જ્ઞાનભંડારોમા ઉપલબ્ધ છે. તેઓએ કાતંત્ર (કાલાપક) વ્યાકરણ પર વૃત્તિ રચેલ છે તેઓ દ્વારા રચિત વ્યાકરણના વિવિધ અંગો (વિભાગો) પરની કૃતિઓની હસ્તલિખિત પ્રતો પણ પ્રાપ્ત થાય છે આ સાહિત્ય એકત્રિત કરી તે પર નિર્ણય કરવો ઘટે કે આ અલગ અલગ રચનાઓ છે કે એક જ ગ્રંથના વિવિધ ભાગો છે શ્રીમેરુતુંગસૂરીશ્વરજી એ ધાતુપારાયણમ્ નામે ગ્રંથ રચેલ છે આ ગ્રંથની હસ્તલિખિત પ્રત જો કે હજી સુધી મારા જોવામા આવેલ નથી ઇતિહાસ ગ્રંથો પરથી આ ગ્રંથનુ અસ્તિત્વ જાણી શકાય છે

મહોપાધ્યાય વિનયસાગરજી મ સા ના સમકાલીન અચલગચ્છીય પૂ. દેવ સાગરજી મ સાહેબે શ્રી અભિધાનચિંતામણિ કોશગ્રંથ પર વ્યુત્પત્તિરત્નાકર નામક ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથ રચેલ છે જે અદ્યાપિ અપ્રકટ છે ઉપરોક્ત અપ્રકટ ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પ્રાપ્ત કરી તેને પ્રકાશિત કરવા ભાવના છે


ગ્રંથકર્તાનો પરિચય

પરમાત્મા શ્રી મહાવીરદેવના પટ્ટધર ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવંતની પરંપરામાં ૪૭ મા પટ્ટધર મહાન ક્રિયોદ્ધારક, ઉગ્રતપસ્વી પૂ. આચાર્યશ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ. સા. ની પટ્ટાનુપટ્ટે ૬૩ મા પટ્ટધર ઉગ્ર તપસ્વી પૂ. આ. શ્રી ધર્મમૂર્તિસૂરીશ્વરજી મ. સા. તથા તેઓના પટ્ટધર, અનેકનૃપપ્રતિબોધક, જામનગરાદિ તીર્થોના પ્રેરક પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ની વિદ્વાન શિષ્યમંડળીમાં આ ગ્રંથના કર્તા પૂ. મહોપાધ્યાય શ્રીવિનયસાગરજી મ. સા. એક ચમકતા તારલા છે. તેઓશ્રીની વિદ્યમાનતા વિક્રમની સોળમી સદીના ઉત્તરાર્ધમાં અને સત્તરમી સદીના પૂર્વાર્ધમાં તેઓના ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ અને તેઓશ્રી રચિત ગ્રંથો દ્વારા જાણી શકાયછે. તેઓશ્રીનું જીવનચરિત્ર એટલે જન્મસ્થળ માતાપિતા, શિષ્યાદિ પરિવાર અંગે યથાપ્રાપ્ત વિગતો અનુવાદકે તેમની પ્રસ્તાવનામાં આપી છે. તેઓશ્રીએ રચેલ ગ્રંથો નીચે મુજબ છે.

(૧) ભોજવ્યાકરણમ્ (૨) વિદ્વચ્ચિંતામણિ (૩) અનેકાર્થનામમાલા (૪) હિંગુલપ્રકરણમ્, (૫) શ્રીવિધિ પક્ષ (અચલ)ગચ્છ બૃહત્પટ્ટાવલિ, (૬) કલ્યાણસાગરસૂરિ ગુરુસ્તુતિ, (૭) પ્રકીર્ણ સ્તવનો. આમાંથી અનેકાર્થનામમાલા (૩) હિન્દીમાં અને નં. ૫–૬ વાળી કૃતિઓ ગુજરાતી તેમજ બાકીની સંસ્કૃતમાં છે.

તેઓશ્રી સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હતા. તેઓશ્રી વ્યાકરણાદિશાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા હતા. તથા મહાન ઉપદેશક હતા એ તેઓશ્રીના ગ્રંથો દ્વારા જાણી શકાય છે. તેઓશ્રીએ અન્ય ગ્રંથો પણ રચ્યા હશે.

તેઓશ્રી આચાર્ય(સૂરિ)પદધારક હતા. એ નોંધ તેઓએ રચેલ વિદ્વચ્ચિંતામણિગ્રંથની પ્રશસ્તિથી જાણી શકાય છે.



તેષાં શિષ્યૈ વરાચાર્યૈ સૂરિવિનયસાગરૈ

અન્ય પટ્ટાવલિ આદિ ગ્રંથોમાં આ ઉલ્લેખ ન હોઈ આ વિગત મહત્વની બની રહે છે.

કચ્છના રાજા અને રાજકુંવર સાથે સમાગમ

પૂ. મહોપાધ્યાય વિનયસાગરજી મ. સા. રચિત આ ગ્રંથની પ્રશસ્તિમાં પોતાના ગુરુદેવ પૂ. આ. શ્રીકલ્યાણસાગરસૂરિજી મ.સા. માટે **સમગ્રનૃપચિત્તવિનોદકારી** આવું વિશેષણ વાપરે છે. કચ્છના મહારાઓ ભારમલ્લ (પ્રથમ) જામનગર (નવાનગર) ના રાજા લાખા વિ. રાજાઓ શ્રી કલ્યાણસાગરસૂરિના સમાગમમાં આવ્યા હતા. આ વાત ઇતિહાસપ્રસિદ્ધ છે. પૂ. મહોપાધ્યાય શ્રીવિનયસાગરજીએ કચ્છના મહારાઓ ભારમલ્લ (પ્રથમ)ના રાજકુંવર ભોજ માટે આ વ્યાકરણગ્રંથ રચેલ છે. આ ઉલ્લેખ આ ભોજવ્યાકરણની પ્રશસ્તિમાં ગ્રંથકાર પોતેજ કરે છે. આથી તેઓ સાથે રાઓ ભારમલ્લ (પ્રથમ) નો સમાગમ પરિચય પણ અવશ્ય માની શકાય. રાજકુંવર ભોજની તુષ્ટિ માટે આ ગ્રંથ રચાયેલ હોઈ ગ્રંથકારે પ્રથમ મંગલાચરણ પણ દ્વિઅર્થક રચેલ છે. તે ગ્રંથ સાથે રાજકુંવરનું નામ જોડી દીધેલ છે.

ભોજવ્યાકરણ ગ્રંથની પ્રથમ આવૃત્તિ અંગે

ભોજવ્યાકરણ નામક આ ગ્રંથ મહાન ક્રિયોદ્ધારક પરમત્યાગી, કચ્છહાલારદેશોદ્ધારક, અચલગચ્છાધિપતિ પ. પૂ. સ્વ. આચાર્ય ભગવંત શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણા અને અથાગ પ્રયત્નોથી આજથી ૬૫ વર્ષો પહેલા એટલે કે વિ. સં. ૧૯૭૫માં સર્વપ્રથમ પ્રતાકારે પ્રકાશિત થયેલ. જેને પ્રાચીન હસ્તપ્રતના આધારે પં. હરિશંકર શાસ્ત્રીએ ઉપરોક્ત પૂજ્યશ્રીની પ્રેરણાથી સંપાદિત કરેલ છે. તે સમયમાં મુદ્રણકાર્ય અને એના ખર્ચની વ્યવસ્થા વિગેરે ખૂબજ કપરુ હતું. તે વખતના આર્થિક સહયોગ મુજબ પ્રાય. ૨૫૦ નકલોમાં આ ગ્રંથ પ્રકાશિત થયેલ. જે મોટે ભાગે કચ્છના જૈન ભંડારોમાં સુરક્ષાની દૃષ્ટિએ એક એક પ્રત ભેટ મોકલવા રૂપે મોકલી દેવાયેલ હોય એમ લાગે છે. કચ્છ બહારના જામનગર, માંડલ, મુંબઈ વિ. ના અચલગચ્છ જૈન સંઘોના અમુક જ્ઞાન ભંડારોમાં પણ મોકલી અપાયેલ.

સંસ્કૃત અધ્યયન પ્રત્યે ઉદાસીનતા અને ગુર્જર સાહિત્ય

વિક્રમના સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમા અને બહુધા અઢારમા સૈકાના પૂર્વાર્ધમા આ ગ્રંથ રચાયેલ છે આ સમયમા અચલગચ્છીય શ્રમણો (કલ્યાણસાગરસૂરિ, અમરસાગરસૂરિની અમુક રચનાઓ સિવાય) દ્વારા મોટેભાગે સંસ્કૃતમા રચાયેલ સાહિત્ય જોવા મળતુ નથી, સંસ્કૃતમિશ્ર ગુજરાતી તથા તત્કાલીન (પ્રાચીન) ગુજરાતીમા રચાયેલ રાસો–ચરિત્રો–ચોઢાળીયા–સ્તવનો અને સજ્ઝાયો રચાયેલ અને લખાયેલ જોવા મળે છે એ સમયના શ્રમણોએ સંસ્કૃતના અધ્યયન–અધ્યાપનાદિ અંગે ઉદાસીનતા બતાવેલ છે આ સ્થિતિ હોવાના કારણે ભોજવ્યાકરણની હસ્તપ્રતો જ્ઞાનભંડારોમા એક–બે પ્રતો રૂપે ભાગ્યેજ દર્શન થાય છે તે પ્રતો પણ સુવાચ્ય નથી પૂ. મહો. વિનયસાગરજીની આ કૃતિની જેમ બીજી ત્રણ કૃતિઓની પણ એથી પણ શોચનીય સ્થિતિ સર્જાઈ છે

કર્તાની અન્ય ત્રણ કૃતિઓની સ્થિતિ

મહો. વિનયસાગરજી મ સા રચિત (૧) વિધિપક્ષગચ્છીય બ્રહત્પટ્ટાવલિ (૨) વિદગ્ધચિંતામણિ (૩) અનેકાર્થનામમાલા આ ત્રણે કૃતિઓની વિરલ જીર્ણપ્રતો ખૂબજ મુશ્કેલીથી પ્રાપ્ત થયેલી છે

ચારેક વર્ષો પહેલા ઉક્ત પટ્ટાવલિની પ્રાય પ્રથમાદર્શ દુર્લભ જીર્ણ હસ્તપ્રતની સર્વપ્રથમ ઉપલબ્ધિ શ્રી કચ્છી વીશા ઓશવાળ દેરાવાસી જૈન જ્ઞાતિ મહાજન (મુંબઈ) ના શ્રી આદીશ્વર જૈન દેરાસર (ભાતબજાર મુંબઈ ૯) ના જ્ઞાનભંડારની છૂટકર પત્રોની પોથીમાથી થઈ હતી આ પટ્ટાવલિ અંગે અગાઉ કોઈપણ ગ્રંથોમા ઉલ્લેખ મળેલ નથી તેમજ આ પટ્ટાવલિના આધારેજ મહાન ક્રિયોદ્ધારક, ઉગ્રતપસ્વી, અચલ (વિધિપક્ષ) ગચ્છ પ્રવર્તક પૂ. આચાર્ય ભગવંત શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ સા (જન્મ સં ૧૧૩૬ સ્વર્ગ સં. ૧૨૩૬) ની જન્મતિથિ, દીક્ષાતિથિ આદિ અનેક વિગતો અચલગચ્છના ઇતિહાસ માટે ખૂબજ મહત્વની ઉપલબ્ધિરૂપ પુરવાર થયેલ છે આ પટ્ટાવલિ સંસ્કૃતપદ્યબદ્ધ છે અને ખૂબજ મહત્વની છે આ કૃતિની બીજી પ્રતો શોધવી આવશ્યક છે

* પ્રસ્તુત પ્રકાશનની વિચારણા અને પ્રગતિ

શ્રીભોજવ્યાકરણની પ્રથમ આવૃત્તિની છપાઈ સામાન્ય જિજ્ઞાસુઓને અધ્યયન માટે સુગમતા થાય પદ્ધતિની નહી હોઈ તથા સળંગ છપાઈ હોઈ હાથમા લીધા પછી જલ્દી રાખી દેવાનુ મન થાય એ પદ્ધતિ પ્રકાશન હોઈ તથા પ્રતાકારરૂપ છુટા છુટા પાના હોઇ જે પાના પવનમા થોડા પણ ઉડે કે થોડી ઈજા પોચે પાનાના પ્રાય. બે ટુકડા થઈને રહે (જોકે પચાસેક વર્ષો પહેલા છપાયેલ પુસ્તકોના પાના આ રીતે ફાટી જવા કે જીર્ણ થવાની સંભાવના છે જ) આમ આ વ્યાકરણ ગ્રંથથી ઘણા જિજ્ઞાસુઓ, વિદ્વાનો અને સંશોધનપ્રેમીઓ વંચિત રહ્યા છે

જ્ઞાનભંડારોમા કે સૂચીપત્રોમા જ્યારે આ ગ્રંથનુ નામ જોવામા આવે ત્યારે જાણે એક જાતનો ક્ષોભ અનુભવાય મનમા થાય કે "પૂર્વના મહાપુરુષે કરેલી રચનારૂપ આ મહેનતથી સૌ ક્યારે પરિચિત થશે?" "આ કૃતિનુ પદ્ધતિસરનુ પ્રકાશન જરૂરી છે" એમ લાગ્યા કરતુ

એકદા ઉપરોક્ત ભાતબજારના દેરાસરના જ્ઞાનભંડારમાથી ભોજવ્યાકરણની મુદ્રિત પ્રત સંશોધન અને વ્યવસ્થિત મુદ્રણના આશયથીજ કઢાવી પણ શ્રીકલ્યાણસાગરસૂરિકૃત લિંગનિર્ણયગ્રંથ, શ્રીઅર્યં કલ્યાણ–ગૌતમસ્મૃતિગ્રંથ વિ. કાર્યોના કારણે આ પ્રત એમ જ પડી અંતે બધા સંયોગો એકત્રિત થાય ત્યારે જ કોઈ કાર્ય નિષ્પન્ન થાય આ ગ્રંથ માટે પણ આવુ થયુ

સં ૨૦૩૯નુ અમારુ ચાતુર્માસ લાલવાડી–ધર્મપુરીમા હતુ ત્યારે વડોદરામા ચાતુર્માસ રહેલા અચલગચ્છીય વિદુષી સાધ્વી શ્રી ચારુલતાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજીએ જણાવ્યુ કે ડો. શ્રી જયદેવ અરુણોદય

જાનીએ "સંસ્કૃત અનુવાદનું કોઈ કાર્ય હોય તો કરી આપીશ" એમ જણાવેલ અલ્પ દિવસો બાદ શ્રીવડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘના ઉત્સાહી પ્રમુખ શ્રી વિશનજી સુંદરજી ગડા કચ્છબાડાવાલા પણ લાલવાડી–ધર્મપુરી આવી મલ્યા એમની સાથે પ્રાચીન સાહિત્યોદ્ધાર, આ ગ્રંથ તથા ડો જાનીની સદ્‌ભાવના વિ અંગે વાતો થઈ જેથી મેં તરતજ પૂ ગુરુદેવની આજ્ઞાથી ભોજવ્યાકરણની મુદ્રિતપ્રત, વિદ્વચ્ચિંતામણિની હસ્તપ્રત વિ. સાહિત્ય આપ્યું ડૉ જાની પણ ભોજવ્યાકરણ વિ સાહિત્ય મલ્યા બાદ તે જોઈ આનંદિત થઈ ઉઠયા પોતાને આ સુંદર જ્ઞાનભક્તિનું કાર્ય મલ્યું જેથી તેઓએ હર્ષોદ્‌ગાર લખ્યા અને તેઓએ સૂચના પ્રમાણે અનુવાદાદિ કાર્ય પ્રારંભ્યું તે જોવા પણ મોકલી આપ્યું દરમ્યાનમાં શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘે પણ આ ગ્રંથના ઉદ્ધારનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેવાનો નિર્ણય કર્યો ગ્રંથના અનુવાદાદિ અંગે વિશેષ સમજ મેળવવા ડૉ જાની ચાતુર્માસ બાદ અચલગચ્છીય જિનાલય–ઉપાશ્રયના ભૂમિપૂજ–શિલારોપણ આદિના મહોત્સવ દરમ્યાન વડાલા (મુંબઈ) મુકામે રૂબરૂ મલ્યા એમની સાથે વાતચીત કરવાથી ખૂબજ આનંદ થયો **'વિદ્વત્તા સાથે નિરભિમાનતા'** આદિ ભાગ્યે જ જોવા મળે તેવા ગુણો અને આધ્યામિક વિચારોથી પ્રભાવિત થયો.

શ્રી મુંબઈથી શિખરજીતીર્થનો છ'રી પાળતો સંઘ

સં ૨૦૪૦ના માગસર સુદ ૧૧ ગુરૂવાર (મૌન એકાદશી) ના શુભ દિવસે મુંબઈ લાલવાડી (ધર્મપુરી) થી સમ્મેત શિખરજી મહાતીર્થ છ'રી પાળતા ઐતિહાસિક પદયાત્રા જૈન મહાસંઘ (સાધુ સાધ્વીજીઓ ૬૪, યાત્રિકો ૧૦૦૦, સ્ટાફ–મહેમાનો વિ. ૫૦૦) નું પચાસહજારની વિરાટ જનમેદનીની વિદાયગીરી સાથે મંગલ પ્રયાણ થયું. જેમાં પૂ અનંતોપકારી ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી સાથે અમો પણ જોડાયેલા રોજના અવિરત વિહારો અને પ્રવૃત્તિઓ વચ્ચે ઠીક ઠીક સમયાભાવ પ્રવર્તવા લાગ્યો દરમ્યાનમા અગાઉથી કરાયેલા નિર્ણય મુજબ ડૉ જયદેવ અરુણોદય જાની પણ અનુવાદ કરેલ મેટર મોકલવા લાગ્યા પ્રેસમા જલ્દીથી મુદ્રણકાર્ય શરૂ થવાનું હોઈ મારે પણ ઉતાવળથી નિરીક્ષણ કરી મેટર પાછી મોકલવાની રહેતી સં ૨૦૪૦ના ચૈત્રવદ ૧૧ ગુરુવાર ઉપરોક્ત પદયાત્રા મહાસંઘ મુંબઈ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, અને બિહારના પ્રદેશોમાંથી પસાર થઈ હજારો જૈન–જૈનેતરોના હૃદયમા જૈનશાસનનો અનુરાગ જન્માવતો શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની ગોદમા આવી ગયો અહી તીર્થયાત્રા, ત્રણ દીક્ષાઓ, સંઘમાળ, પૂ ગચ્છાધિપતિશ્રી ગુરુદેવને બિહારના રાજ્યપાલ દ્વારા **"ભારત દિવાકર"**નું પદ બિરુદ પ્રદાન, માતૃશ્રી પુનઈબાઈ જે. સાવલા ભીંશરાવાલા અચલગચ્છ જૈનધર્મશાળાના પ્રાંગણમા ત્રણ પ્રભુજીનો પ્રવેશમહોત્સવ તથા શ્રી અરિહંત ચૌમુખજી વીશ જિનાલય મહાતીર્થના મુખ્યજિનાલયનું ભૂમિપૂજન, ખાતમુહૂર્ત, શિલારોપણ અને તીર્થની ૧૦૮ યાત્રાનો પ્રારંભ વિ અનેકવિધિ શાસનપ્રભાવક કાર્યો સંપન્ન થયા. કાર્યક્રમો વખતે જ આ ગ્રંથના જાહેર ઉદ્‌ઘાટનનો પ્રસંગ રાખવાનો હતો પણ પ્રેસવિલંબના કારણે તે શક્ય ન બન્યું

આમ છતા અલ્પગાળામા આ ગ્રંથ પ્રકાશિત થાય છે જેથી આનંદ થાય છે

આ લખુ છું ત્યારે આ ગ્રંથ અને આ નિવેદનને વધુ ન્યાય આપવા યોગ્ય સાહિત્ય મારી પાસે હાજર નથી જેથી આ નિવેદન અહીં જ સમાપ્ત કરુ છુ પ્રાચીન ગ્રંથોધ્ધારની પ્રતિમા ? મારા અનંતોપકારી અચલગચ્છાધિપતિ પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપા અવિરત કામ કરી રહી છે

આ ગ્રંથના અનુવાદક અંગે

ડૉ જયદેવ જાનીએ અનુવાદ, ટપ્પણો, પરિશિષ્ટો વિ તૈયાર કરી આ ગ્રંથના સંશોધન–સંપાદન કરીને ખૂબજ સરળ અને લોકભોગ્ય બનાવેલ છે.

" વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જનપરિશ્રમમ્ ।
ન હિ વન્ધ્યા વિજાનાતિ ગુર્વીં પ્રસવવેદનામ્ ॥ "

ડૉ. જાની પાસે હજી પણ વધુ સાહિત્યના સંપાદનો–અનુવાદોની આશા રાખવી અસ્થાને નથી

શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ

શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘે આ ગ્રંથના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લઈ જ્ઞાનભક્તિનો અનુમોદનીય લ્હાવો લીધેલ છે

આ સંઘની શરૂઆત અને સ્થાપનારૂપ પાયાના કાર્યથી જ આ સંઘ સાથે સદ્‌ભાવથી અમો જોડાએલા છીએ પૂ. ગચ્છાધિપતિ ગુરૂદેવશ્રીની આજ્ઞાથી શ્રી કચ્છ શત્રુંજય મહાતીર્થના છ'રી પાળતા સંઘ બાદ એટલે સં ૨૦૩૨ માં પાલિતાણાથી મુંબઈ તરફના વિહારો દરમ્યાન વડોદરામાં બે દિવસોની સ્થિરતા કરેલ ત્યારે મારી સાથે મારા ગુરુબંધુ મુનિરાજ મહાભદ્રસાગરજી, મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજી, મુનિશ્રી પુણ્યોદયસાગરજી પણ હતા વડોદરામાં સંઘની સ્થાપનાના માર્ગદર્શન સાથે ઉપાશ્રયનું નિર્માણ ન થાય ત્યાં સુધી અમોએ અમુક પ્રતિજ્ઞાઓ (ચા–ઘી–મીઠાઈત્યાગ વિ.) પણ આ સંઘના અમુક શ્રાવક–શ્રાવિકાઓને આપેલ. જેના પરિણામે શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘની સ્થાપના થયા બાદ ઉપાશ્રય કરવા અંગે વિચારોએ વેગ પકડયો. યોગાનુયોગ બીજે જ વરસે સં ૨૦૩૩માં પૂ. અચલગચ્છાધિપતિ ગુરુદેવશ્રી કચ્છથી મુંબઈના વિહારોમાં વડોદરા પધાર્યા ને આ સંઘની પ્રગતિને પાંખો આવી ને પૂ. અચલગચ્છાધિપતિશ્રીના પ્રબલ પ્રેરણા અને માર્ગદર્શનથી વિશાળ અચલગચ્છભવન અને ઉપાશ્રય નિર્મિત કરવા આ સંઘ ભાગ્યશાળી બની શકયો આ સંઘે અનેકવિધ ધર્મની ઉન્નતિના કાર્યો કરવા સહ આ ગ્રંથોદ્ધારનો લાભ લીધેલ છે જે અનુમોદનીય છે

શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘની જેમ બીજા સંઘો પણ પોતા હસ્તકની જ્ઞાનખાતાની રકમોમાંથી આવા પ્રાચીન અને વ્યવસ્થિત પ્રકાશન માગતા ગ્રંથોના ઉદ્ધારના કાર્યમાં આર્થિક સહકાર અપાશે તો આવા અનેક ગ્રંથો પ્રકાશમાં આવી સકલ શ્રી ચતુર્વિધ સંઘ માટે પ્રેરણારૂપ બની રહેશે

જિનાજ્ઞા વિરુદ્ધ કયાં પણ કશું લખાયું હોય તે બદલ હાર્દિક ક્ષમાપના।

સંવત ૨૦૪૦
જેઠ સુદ–૩ શનિવાર
શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ,
કચ્છી ભવન, મધુવન (બિહાર).

લિ.
ગુરુપાદપદ્મભ્રમર
મુનિ કલાપ્રભસાગર

ઉપોદ્‌ઘાત

[આ ઉપોદ્‌ઘાતની વિગતો આ ગ્રંથમા અપાયેલ 'સંપાદકીય નિવેદન'ના અનુસંધાનમાં વાચવા ખાસ ભલામણ છે.]

સારસ્વત વ્યાકરણના રચયિતા

સારસ્વત વ્યાકરણના કર્તા તરીકે અનુભૂતિસ્વરૂપાચાર્યનુ (સં. ૧૩૦૦) નામ પ્રસિદ્ધ છે પણ હકીકતમા તેઓ આ વ્યાકરણની પ્રક્રિયા ને સરળ કરનાર છે. આ વ્યાકરણના પુરસ્કર્તા નરેન્દ્રાચાર્ય છે જ્યારે અનુભૂતિ સ્વરૂપાચાર્યે તો કોઇકે રચેલા સરસ્વતીસૂત્રોની પ્રક્રિયા રચી છે

આ સારસ્વત વ્યાકરણ પ્રત્યે જૈનોની અભિરુચિ જૈનોએ રચેલ વીસેક ટીકા ગ્રંથો દ્વારા પ્રગટ થાય છે જે અંગે પ્રો હીરાલાલ રસિકલાલ કાપડીયા દ્વારા લિખિત જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ખંડ-૧ દ્રષ્ટવ્ય છે

ગ્રંથકાર પૂ. મહોપાધ્યાયશ્રીનો પરિચય

पाणिनीयफणिभाषितादिषु, ग्रंथराशिषु महोपयोगभाक्
तर्कतीक्ष्णमतिरुत्तमाग्रणिर्लब्धवर्णविनयोदधिर्मुनि · ॥२९॥

આપણે આગળ જોઈ ગયા કે ગ્રંથકર્તાના જન્મસ્થળાદિ અંગે વિશેષ વર્ણનો-ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી પણ તેઓની વિદ્વતા અને શ્રેષ્ઠતા અંગે વાચક દેવસાગરજી ગણિવર્યે સં ૧૬૭૭ લગભગમા પૂ આ શ્રી કલ્યાણસાગર સૂરિજીને ખંભાતથી ભૂજ લખેલા સંસ્કૃતપદ્યાત્મક પત્રમા પૂ મહોપાધ્યાય શ્રીવિનયસાગરજી મ સા માટે ઉપરોક્ત પદ્યમા વર્ણન કર્યું છે આટલો ઉલ્લેખ પણ ગ્રંથકર્તા પ્રત્યે અપાર બહુમાન જન્માવી જાય છે

' પાણિનીય આચાર્ય અને પતંજલિના રચેલા વ્યાકરણ તથા પદ્યબધ્ધ ભોજવ્યાકરણાદિ વ્યાકરણશાસ્ત્રો ગ્રંથરાશિ વિશે મહાઉપયોગી તથા તર્કશાસ્ત્રમા કુશાગ્રબુદ્ધિવાળા, ઉત્તમ પુરૂષોમા અગ્રેસર અને પ્રશંસાપાત્ર એવા મુનિ વિનયસાગરજી છે "

ગુરૂદેવના પ્રીતિપાત્ર

શ્રી કલ્યાણસાગર સૂરિજીના વિદ્વાન શિષ્યમંડળમાં મહો વિનયસાગરજી નુ ગૌરવપૂર્ણ અપ્રતિમ સ્થાન હતું ગચ્છનાયક શ્રી કલ્યાણસાગરસૂરિજીએ પોતાના શિષ્ય વિનયસાગરજી માટે લિંગનિર્ણય-મિશ્રલિંગ નિર્ણય (કે મિશ્રલિંગકોશ) નામક વ્યાકરણના એક અંગભૂત ગ્રંથ સંસ્કૃત પદ્યમા રચ્યો. લિંગનિર્ણય ગ્રંથ (વિવરણાત્મક) શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થઈ ગયેલ છે

કચ્છના રાજા સાથે કલ્યાણસાગરસૂરિનો સમાગમ :

પૂ મહો વિનયસાગરજીએ ભોજવ્યાકરણની પ્રશસ્તિમા પૂ આ શ્રી કલ્યાણસાગરસૂરિજી માટે "સમગ્ર નૃપતિચિત્તવિનોદકારી" આવો ઉલ્લેખ કર્યો છે તે યથાર્થ છે કચ્છના રાજા ભારમલ્લ (પ્રથમ) અને આ સૂરિજીનો પ્રથમ સમાગમ કયારે થયો એ સ્પષ્ટ જાણી શકાતુ નથી પણ રાજા ભારમલ્લે સં ૧૬૪૨ થી ૧૬૮૮ સુધી કચ્છ પર શાસન કર્યું જ્યારે શ્રી કલ્યાણસાગરસૂરિ સં ૧૬૪૯મા 'સૂરિપદ' ધારક બન્યા. આચાર્યપદારૂઢ થયા અને તરતજ પોતાના ગુરૂદેવ પૂ આ શ્રી ધર્મમૂર્તિસૂરિજીની આજ્ઞાથી પોતાના શિષ્યો સાથે ગુરૂથી ભિન્ન થઈ કચ્છ પધાર્યા હતા. સં ૧૬૫૪ મા તેઓ ભૂજમા ચાતુર્માસ રહ્યા ત્યારે બન્નેનો પરિચય થયો હશે પટ્ટાવલિમા બન્નેના સમાગમ અંગે નિમ્ન પ્રસંગ છે

ભોજવ્યાકરણમ્ ગ્રંથ અંગે

મહારાવ 'વા' ના રોગથી પીડિત હતો ઘણા ઉપચારો કરાવ્યા છતા દર્દ ન મટયો. એ વખતે શ્રી કલ્યાણ-

સાગરસૂરિજી ભૂજમા ચાતુર્માસ હતા તેમને મહાપ્રભાવક જાણીને રાજાએ પોતાની પાસે તેડાવ્યા. અને પોતાના દર્દની વ્યથા રજૂ કરી સૂરિજીએ ધર્મપ્રભાવનાર્થે મ ત્રબળે રાજાનો રોગ દૂર કર્યો જેથી હર્ષિત થઈ રાજાએ ગુરુને ચરણે એક હજાર મુદ્રિકાઓ મૂકી રાણીઓએ મોતીથી વધાવ્યા નિસ્પૃહી ગુરૂએ ધનનો અસ્વીકાર કર્યો જેથી રાજાએ ગુરૂની અને જૈન સિદ્ધાંતોની પ્રસ શા કરી અને ગુરૂને કોઈ કાર્ય ફરમાવાનુ કહયુ સૂરિજીએ રાજાને જૈનધર્મના સિદ્ધાંતો સમજાવ્યા. જેના પ્રભાવે પ્રતિબોધ પામી રાજાએ માસાહારનો ત્યાગ કર્યો પર્વાધિરાજ પર્યુષણપર્વમા પોતાના રાજ્યમા આઠ દિવસ સુધી અમારી પડહની ઉદ્‌ઘોષણા કરાવી અને ભૂજનગરમા રાજાએ "રાજવિહાર' નામક શ્રી આદીશ્વર ભગવાનનો જિનપ્રાસાદ બ ધાવ્યો સૂરિજી રાજમહેલમા જે પાટ પર બેઠા હતા તે ગુરૂપાટ જાણી તે પર અન્ય કોઈ ન બેસે એ હેતુથી તેને ઉપાશ્રયે મોકલી આપ્યો આ પાટ હજુ પણ ભુજના અચલગચ્છીય ઉપાશ્રયમા મોજૂદ છે

ભૂજના એક પ્રાચીન કવિત્તદ્વારા શ્રીકલ્યાણસાગરસૂરિ અને રાજાના વિશિષ્ટ સમાગમ વિશે જાણી શકાય છે અને સૂરિજીના ભુજનગર પ્રવેશ વખતે રાજ્ય તરફથી થયેલ ઐતિહાસિક સામૈયાની ઝાખી થાય છે

(૫) કવિત્ત

પચ્છમ દેશમે કચ્છ નરેશ, ભૂપતિ ભારમલ બોલાયે,
લખે ફરમાન દીયે બહુમાન, વ દનકું સબ કુ વર ચડાયે,
ગુગરી ઘંટનાદંત શોભિત સિંદુર આગે ચલાયે,
કહે મુનિ થાનજુ એસે ગમ ઉમે ભૂજમેં સૂરિ કલ્યાણજું આયે
સોનેકી પખાર, સોનેકી તેવર એસી તુર ગમે બહોત બનાઈ,
ભેરી મૃદ ગ દામદુર દમ નકીયત ફેર નિશાન બજાઈ.
મલી સૌનાર સજી શણગાર, સોને મોતિકુ ગુરૂરાજ વધાયે,
કહે મુનિ થાનજુ એસે ગમ ઉમે ભૂજમે સૂરિ કલ્યાણજુ આયે,
ગુરૂ ભેટન તબ સેન ચલી સબ બહુત પીતાબર છાયે
ચિહું દિશિ વિશાલ સોહનકી માલા, જ્યુ એસો દાન ગણીજન પાયે.
ભલે ભલે ભેદસેં કીની જુગતિ, સૂરિ શિરોમણિ કે ગુન ગાયે,
કહે મુનિ થાનજું એસે ગમ ઉમે ભૂજમે સૂરિ કલ્યાણજું આયે."

આ કવિત્ત પૂ ધર્મસાગરજી મ સા. સ પાદિત મોટી પટ્ટાવલિ ભાષાતર બુકમા પ્રસિદ્ધ કરાયેલ છે. અન્ય એક પટ્ટાવલિથી જાણી શકાય છે કે શ્રી કલ્યાણસાગરસૂરિના વિજય રાજ્યમા પ્રથમ એમના શિષ્ય કચ્છ પધારેલા જેમણે મહારાવને પ્રતિબોધ આપેલ ત્યારબાદ રાજા ભારમલ્લે શ્રી કલ્યાણસાગરસૂરિજીને અન્ય દેશથી દૂતો મોકલી તેડાવ્યાહતા અન્ય એક પટ્ટાવલિમા એવો નિર્દેશ એવો છે કે કચ્છમા જૈન સાધુનો પ્રવેશ નિષેધ હતો, જે કલ્યાણસાગરસૂરિના મ ત્રપ્રભાવથી કચ્છના રાજાનો અસાધ્ય વા'નો રોગ દૂર થવાથી ચમત્કૃત થયેલા રાજાના સદ્‌ભાવથી કચ્છમા જૈન સાધુઓનો વિહાર સુલભ બની શકયો પૂ આચાર્ય શ્રીકલ્યાણસાગરસૂરિ વિગેરેના કચ્છના વિહારો દરમ્યાન જિનાલય-નિર્માણ, દીક્ષાસ્વીકાર, વ્રતસ્વીકાર, ગ્ર થલેખન વિ અનેકવિધિ શાસનપ્રભાવક કાર્યો સ‍ંપન્ન થયા

કચ્છના રાજા ભારમલજીના કુ વર ભોજરાજજી પણ શ્રી કલ્યાણસાગરસૂરિ અને મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીના પરમભક્ત હતા. પૂ મહો શ્રીવિનયસાગરજીએ કુંવર ભોજરાજની માગણીથી તેની તૃપ્તિ માટે સંસ્કૃતમા ભોજવ્યાકરણ પદ્યમા રચ્યુ ગ્ર થ પ્રશસ્તિમા કવિ જણાવે છે કે પૂ આ શ્રી કલ્યાણસાગરસૂરિજીની આજ્ઞાથી આ ગ્રંથ રચેલ છે.

(૬) ભોજવ્યાકરણના રચનાકાળ અને ગ્રંથપ્રમાણ

કચ્છના રાજા મહારાવ ભારમલજી બાદ તેના સ્થાને તેમના કુ વર ભોજરાજજી આવ્યા. ભોજરાજજીનો

રાજ્યકાળ સં. ૧૬૮૮ થી ૧૭૦૧ સુધીનો છે. જેથી એ અરસામા 'ભોજવ્યાકરણમ્' રચાયો હોવાનુ માની શકાય છે. પ્રો હી. ર કાપડિયા જૈન સસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (ખંડ–૧ પૃ. ૨૭૪) માં આ વ્યાકરણ ગ્રંથને સ ૧૬૬૫ લગભગમા રચાયો હોવાનુ માને છે જે વિચારણીય છે જ્યારે આ વ્યાકરણની પ્રશસ્તિમાં જણાવાયું છે કે ભોજરાજા રાજ્ય કરે છે. આથી નિર્ણય થાય છે કે આ ગ્રંથ ભોજરાજાના રાજ્યકાળ દરમ્યાન રચાયો છે આ વ્યાકરણગ્રથની એક હસ્તલિખિત પ્રત સ ૧૭૬ ની પ્રાપ્ત થાય છે

ભોજવ્યાકરણ આખો ગ્રંથ ૨૦૨૮ શ્લોક પ્રમાણનો છે તેના ત્રણ વિભાગ પાડવામા આવ્યા છે પ્રત્યેક વિભાગમા અનુક્રમે ૮૦૦, ૧૦૭૮ અને ૨૫૦ શ્લોકો છે. લગભગ પદ્યો અનુષ્ટુપ છદમા છે.

પ્રથમ વિભાગની શરૂઆત લોકેશને પ્રણામ કરીને કરાયેલ છે. જે શ્રીતીર્થંકર પ્રભુના વિશેષણ તરીકે ઘટી શકે છે બીજા શ્લોકમા સરસ્વતી દેવીએ સંજ્ઞા સૂત્રો રચ્યા છે. એમ જણાવાયુ છે ત્રીજા શ્લોકમા "अ–इ–उ–ऋ –ऌ समाना . થી કરાઈ છે. આ રીતે આ ગ્રથ આ સારસ્વત વ્યાકરણના સૂત્રોનું પદ્ય શ્લોકાત્મક વૃત્તિરૂપ છે. એ નિર્ણીત થાય છે

સારસ્વત વ્યાકરણના દરેક સૂત્રોને સુંદર રીતે પદ્યોમા વણી લેવાયા છે. કવિ પોતેજ પદ્ય ૨૪૪માં જણાવે છે કે "સરોવરમા કમળો જેમ ભમતા ભ્રમરોની પંક્તિમા શોભે છે તેમ શ્લોકાન્તર્ગત સૂત્રો પદ્યોની શ્રેણીમાં શોભે છે." કવિએ કેટલાક પ્રયોગો પાણિનીય" વ્યાકરણના આધારે પણ આપ્યા છે

આ ગ્રંથના બીજા વિભાગમાં ધાતુપ્રત્યયોનો અધિકાર છે. અને ત્યાદિની વૃત્તિ છે. ત્રીજા વિભાગમાં વ્યાકરણના અન્ય અધિકારોઓને ગૂંથી લેવાયા છે

પૂ. મહોપાધ્યાયશ્રીની અન્ય કૃતિઓ : વિદ્વચ્ચિંતામણિ, અપરનામ વૃધ્ધચિંતામણિ' નામક સંસ્કૃતપદ્યાત્મક કૃતિ સારસ્વત વ્યાકરણના મૂળસૂત્રોની ગૂંથણીરૂપ છે. લઘુ છતા વ્યાકરણના જિજ્ઞાસુઓ માટે જલ્દી કંઠસ્થ થઈ થઇ શકે તેવી સુંદર કૃતિ છે આ કૃતિની બે જીર્ણ હસ્તપ્રતો કચ્છના એક જ્ઞાનભંડારમાથી મળી આવી હતી. જેનો અહી ઉપયોગ કરાયો છે ઘણા પ્રાચીન ભંડારોમા તપાસ કરાવવા છતા આ કૃતિની અન્ય પ્રતો ઉપલબ્ધ થઈ શકી નથી

આ લઘુકૃતિને અંતે કવિ પોતાને :"સૂરિવિનયસાગરો :" તરીકે ઉલ્લેખ કરે છે. તે મહત્વનો છે.

સં ૧૭૧૭મા આસો સુદ-૧૩ ગુરૂવારે ગ્રંથકારના ગુરૂવર્ય પૂ આ શ્રીકલ્યાણસાગરસૂરીશ્વરજી મ સા. કચ્છ ભૂજનગરમા કાળધર્મ પામ્યા

ત્યારબાદ મહો. વિનયસાગરજી સૂરિપદધારક બન્યા હશે એમ અનુમાન થઇ શકે છે. એટલે વિદ્વચ્ચિતામણિ ગ્રથ એ સં ૧૭૧૭ પછીની રચના હોઇ શકે શુદ્ધ પાઠો માટે આ કૃતિની અન્ય પ્રાચીન પ્રતો પ્રાપ્ત થવી આવશ્યક છે.

સં. ૧૭૦૨ના કાર્તિક સુદ-૧૫ ગુરૂવારે મહો વિનયસાગરજીએ 'અનેકાર્થનામમાલા' અપરનામ અનેકાર્થ રત્નકોશમા, નામક ૧૬૯ શ્લોકપ્રમાણની કૃતિની રચના કરી. આ કૃતિ હિન્દી-ગુર્જર મિશ્રિત છે. અને ત્રણ અધિકારમા વિભકત છે આ અનેકાર્થનામમાલાની એક માત્ર વિરલ હસ્તલિખિત પ્રત પૂનાના ડૉ ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટયુટના સંગ્રહમાં વિદ્યમાન છે સં ૨૦૩૨ ના આડમેર (રાજ) ના ચાતુર્માસ દરમ્યાન પુનાની પ્રતના આધારે આ નકલ પ્રાપ્ત કરેલ જેનો અહી ઉપયોગ કરાયેલ છે આ કૃતિની પણ અન્ય પ્રતો પ્રાપ્ત થવી જરૂરી છે

વિનયસાગરજી નામક ઘણા મુનિવરો ઇતિહાસને પાને નોંધાયા છે. માણિકયસાગરજીના શિષ્ય ઉપાધ્યાય (વારાણશે) વિનયસાગરજી નામના એક મુનિવર અચલગચ્છમા ૨૦મી સદીમા થઈ ગયા. તેમણે 'વસંત' નામક અનેક હિન્દી કવિત્તગીતો રચ્યા છે જે સોમચંદ ધારશી પ્રકાશિત વિધિપક્ષ અચલગચ્છીય પંચપ્રતિક્રમણ સૂત્રાણિ ગ્રંથમા પૂ. દાદા શ્રી ગૌતમસાગરજી સૂરિશ્વરજી મ સાહેબે સંગ્રહીત કરી પ્રકાશિત કરાવ્યા છે

વસંત નામક કૃતિઓને શ્રી પાર્શ્વ આ ભોજવ્યાકરણના કર્તા મહો વિનયસાગરજી રચિત હોય એમ માને છે 'વસંત' ગીત નં-૬ મા નીચે મુજબ ઉલ્લેખ છે " ઓગણીશ પાચ માસ સુદી ૫ચમી સોમવાર સુખકારી' જખઉ બંદિરમંત્ર મિલત બહુ ઐચ્છવહુઓ ઉદારી થાપના ભાઈ મનોહારી .....જિન ....૪"

આ ઉલ્લેખથી સિદ્ધ થાય છે કે આ ગ્રંથના ગ્રથકાર સિવાયના ઉપા વિનયસાગરજીએ સંવત ૧૯૦૫ આસપાસમા વસત ગીતો રચ્યા

પૂ. મહો વિનયસાગરજી ની અન્ય બે કૃતિઓ

અમદાવાદના શ્રી લા દ સસ્કૃતિ વિદ્યા મંદિરના સંગ્રહની એક પ્રતથી જાણી શકાય છે કે પૂ મહો વિનયસાગરજી એ શ્રી ભકતામર સ્તોત્ર ના ચોથા ચરણને લઈ ત્રણ પાદ નૂતન રચી 'શ્રી શાંતિ ભકતામર નામક મનોહર સ્તોત્રની રચના કરી સ્તોત્રની અને ગ્રંથની પ્રશસ્તિ આ મુજબ છે.

"શ્રી કલ્યાણનિર્મલગુરોશ્ચરણપ્રસાદાદ્ ભકતામરસ્તવનપાદતુરીયામાપ્ય ।
પાદત્રયેણ રચિતં સ્તવન નવીન વિનયાબ્ધિ તેન મુનિના વિમલસ્ય શાતે ।

સં ૧૯૨૧ વર્ષે માઘવ ૮ શુકે લિ ગુરુજી રંગ સાગરજી ગણિ તત,શિ. મુનિ ફત્તેસાગરગણિ તત મુનિદેવસાગર લિપીકૃત કોડાય મધ્યે ચાતુર્માસ (મુનિ શ્રી પુણ્ય વિજય જીના સંગ્રહ ની પ્રત છે.) આ કૃતિને પ્રો હિરાલાલ ર કાપડીયાએ " વિમલ " શાખાના એક મુનિ રચિત તરીકે સંપાદિત કરેલ છે. આ શાંતિ ભક્તામર ની અન્ય પ્રતો પ્રાપ્ત કરી કર્તા અંગે અને કૃતિ અંગે વિશેષ વિગતો પર પ્રકાશ પાડવો જરૂરી લાગે છે

પ્રતિષ્ઠાકલ્પ પત્ર

આ કૃતિ મહો વિનયસાગરજી એ રચી પોતાના ગુરુદેવ આં કલ્યાણસાગરસૂરિજી રચિત પ્રતિષ્ઠા કલ્પ ગ્રંથ ના આધારે તેમણે આ કૃતિ રચી આ ગ્રંથની એક પ્રત કચ્છના એક પ્રાચીન જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે જેના પત્ર ૩૧ છે અને નંબર ૨૦ (૨) છે વિશેષ માટે જુઓ આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ ભા ૨ પૃ ૩૮૯. આ પ્રત ની લિપિ બહુ પ્રાચીન નથી આ કૃતિની અન્ય પ્રતો પણ પ્રાપ્ત કરવી જરૂરી છે વિવિધ વિષયો પરની નિપુણતા નક્કી થાય છે કર્તાએ અન્ય ગ્રંથો પણ રચ્યા હશે આયુર્વેદ સાર નામક કૃતિ ના લેખક વિનયસાગરસૂરિ વિજયગચ્છના છે

પૂ. મહો વિનયસાગરજી મ. સા. લિખિત સચિત્રસંગ્રહણીસૂત્ર

સં ૧૬૭૮ ના આસો સુદ ૧૧ ને ગુરુવારે કચ્છદેશના મુખ્ય શહેર ભૂજનગરમાં મહો વિનયસાગરજી એ મુનિશ્રી રત્નનિધાન ના પઠનાર્થે સંગ્રહણીસૂત્રની સચિત્ર પ્રત લખી જે પ્રતના ચિત્રો પ્રાચીન જૈનાશ્રિત ચિત્રકળાના સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન મેળવે છે (વિશેષ માટે જુઓ શ્રી આર્ય કલ્યાણ ગૌતમ સ્મૃતિ ગ્રંથ (ભાગ-૨, પૃ -૨૩૮)

ઉક્ત પ્રાચીન પ્રતની પ્રશસ્તિ આ પ્રમાણે છે

संवत १६७८ श्री आश्विन्यसितैकादश्यां गुरौ तिथौ, श्रीमत्कच्छदेशे श्रीमद् भूजनगरे श्रीमदञ्चलगच्छमुकुटोपमान श्री पू श्री कल्याणसागरसूरीश्वराणाम् नेवासि पं. श्रीमद् विनयसमुद्रेणालेखी ॥ श्री रत्ननिधान पठनार्थम् ।

આ પ્રત શ્રી સારાભાઈ મણિલાલ નવાબ-અમદાવાદના સંગ્રહમાં વિદ્યમાન છે.

આ સંગ્રહણી સૂત્રની પ્રતમાં આઠ ચિત્રો આ પ્રમાણે છે અ ગ્રંથના અંતિમ પત્રના ફોટા માટે જુઓ આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ ચિત્રવિભાગ, પૃ ૩૪

ચિત્ર ૧	પાનું	૪	દશભવનપતિ દેવો
,, ૨	,,	૭	દેવોના સાત સૈન્યો
,, ૩	,,	૯	મેરુ પર્વત
,, ૪	,,	૧૯	છ લેશ્યાના સ્વરૂપો
,, ૫	,,	૨૧	લોક પુરુષ
,, ૬	,,	૨૩	સાત નરકીના સ્વરૂપો
,, ૭	,,	૨૮	ચક્રવર્તિ ના ચૌદ રત્નો
,, ૮	,,	૨૯	વાસુદેવના સાત રત્નો

આ ચિત્રો બાદશાહ જહાંગીરના રાજ્યકાળમાં ચીતરાયેલા છે

આ ગ્રંથના અંતિમ પત્રના ફોટા માટે જુઓ આર્યકલ્યાણ ગૌતમસ્મૃતિગ્રંથ, ચિત્ર વિભાગ, પૃ ૩૪

મહોપાધ્યાયજીનો શિષ્યપરિવાર

પૂ મહો વિનયસાગરજી મ સા નો શિષ્યપરિવાર ઘણો હશે તેઓના જીવનચરિત્ર અંગે વિશેષ વિગત પ્રાપ્ત થતી નથી જેથી શિષ્યપરિવાર અંગે પણ જાણી શકાતું નથી

જામનગરમા શ્રેષ્ઠી શ્રી વર્ધમાન અમરશી એ બંધાવેલા જિનાલયની **શિલા પ્રશસ્તિ** તથા સં. ૧૭૧૯ મા કચ્છ ભૂજમા વર્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠિ ચરિત્ર ની હસ્તપ્રત લખનાર પૂ **સૌભાગ્યસાગરજી ગણિવર્ય** મ.સા પૂ મહોપાધ્યાજીના વિદ્વાન શિષ્ય હતા આ સૌભાગ્યસાગરજી મ સા ના ઉપદેશથી **અમદાવાદના અંચલગચ્છીય શ્રેષ્ઠિ** સંઘવી શ્રી લીલાધર પારેખે શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો જેનું વર્ણન સુરજીમુનિ રચિત. **'લીલાધર રાસ'** માથી મળી રહે છે સુરજીમુનિ એજ સૌભાગ્ય સાગરજી હોઈ શકે એમ લાગે છે ઉકત રાસ વીતરાગ સંદેશ માસિકમા ક્રમશ સંપૂર્ણ પ્રગટ થઇ ગયેલ છે (વિ સ ૨૦૩૮ મા) પટ્ટાવલી ગ્રંથ દ્વારા જાણી શકાય છે કે સં ૧૬૫૩મા કચ્છ વાગડના આધોઈ ગામના મહોતા ગોત્રીય સોમચંદ શ્રીકલ્યાણસાગર સૂરિજીના ઉપદેશથી દીક્ષા સ્વીકારી હતી તેનું સોમાસાગરજી નામ રાખી મહો વિનયસાગરજીના શિષ્ય તરીકે સ્થાપવામા આવ્યા

ઉપાધ્યાય શ્રી ભોજસાગરજી ગણિ

પૂ મહો વિનયસાગરજીગણિના શિ ઉપાધ્યાય ભોજસાગરજી નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે

અચલગચ્છાધિપતિ પૂ આ શ્રી કલ્યાણસાગરસૂરિરચિત શ્રી ચિંતામણિપાર્શ્વનાથસ્તોત્ર પર ઉપાધ્યાય ભોજસાગરજીએ સંસ્કૃતમા સુખાવબોધ વિવરણ રચ્યુ તે પદ્ય આ મુજબ છે

श्रीचिन्तामणिपार्श्वनाथमहिमोपेत पवित्रं स्फुरत् स्तोत्रं संस्कृतभाषयाऽत्र किमपि व्यावर्णितं भावतः ।
श्रीमत्प्राज्ञविनीतसागरकवेः शिष्येण भोजाब्धिनो पाध्यायेन सुखावबोध विदधे मच्चात्मना कारणं ॥१२॥

प्रार्थना पीयूष पृ. १३

અહી "પ્રાજ્ઞવિનીતસાગરકવિ" એ ઉલ્લેખ મહો વિનયસાગરજીનોજ હશે કારણ કે એ સમયમા વિનીતસાગર કવિ નો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી

પૂ **મહો વિનયસાગરજી** ના અન્ય એક શિષ્ય મુનિશ્રી હેમસાગરજીએ શ્રી વિજયચંદ્ર કેવલીચરિત્ર લખ્યુ તેની પ્રશસ્તિ આ પ્રમાણે છે.

સ ૧૬૭૬ વર્ષે મૃગસિર સુદિ ૩ પં. વિનયસાગર તત્ શિ મુનિ હેમસાગર લિખિત. શ્રી આભૂસ્થલમધ્યે આ પ્રત પાટણના શ્રી વાડીપાર્શ્વનાથ જ્ઞાનભંડારમા વિદ્યમાન છે

પૂ મહોપાધ્યાય દેવસાગરજી મ સાહેબે હૈમીનામમાલા યાને અભિધાનચિંતામણિ કોશગ્રંથ પર સં ૧૬૮૬ મા નવાનગરમા વ્યુત્પત્તિ રત્નાકર " નામક ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથ રચેલ છે

—ઉપસંહાર—

આ ગ્રંથનુ ઝડપી મુદ્રણ વડોદરામા થતુ હોઈ અને અમે બિહાર રાજયના ગિરિડીહ શહેર પાસેના શ્રી સમેતશિખરજી મહાતીર્થના મધુવન ગામમા દૂર હોઈ આ ગ્રંથના પાછળના વિભાગનુ તથા પરિશિષ્ટાદિનું નિરીક્ષણ થઈ શકેલ નથી આ ગ્રંથમા કયાય હકીકત વિરુદ્ધ વિગતો જાણવામા આવે તો વિદ્વાનોએ અમારૂ ધ્યાન ખેંચવા ખાસ ભલામણ છે આશા છે કે વિદ્વાનો સમક્ષ આ ગ્રંથ પ્રથમવાર આવતો હોઈ તેઓને રુચિકર બનશે એ નિઃશંક છે કયાય જિનાજ્ઞા વિરુદ્ધ લેખન થયુ હોય તે બદલ હાર્દિક મિચ્છામિદુક્કડં

સ ૨૦૩૯ અષાઢ સુદ-૧૩
૧૦ (યાત્રા પૂર્ણાહુતિ નો શુભ દિવસ
શ્રી સમ્મેત શિખરજી તીર્થ
(બિહાર)

એજ ગુરુચરણકિંકર
ગણિ કલાપ્રભસાગર

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ વડોદરાનું નિવેદન

વડોદરામા આ સંઘની સ્થાપના અને તેના વિકાસની ગાથામા ભા. દિ. શા. સ. અચલગચ્છાધિપતિ પ પૂ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના આશીર્વાદ અમીદષ્ટિ અને ઉપદેશક પ્રેરણાથી તથા પ પૂ આ. ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ સા. તથા પ. પૂ ગણિવર્ય મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ. સા. તથા આદિ મુનિ ભગવંતો તથા પ પૂ સાધ્વીશ્રીજી મ સાહેબોના આશીર્વાદ તથા મકાન ફંડના માટે દાતાઓને કરેલી પ્રેરણા એ પ. પૂ ગુરૂદેવોના અથાગ પ્રયત્નોને આભારી છે શ્રી સંઘ પરમપૂજ્ય ગુરૂદેવોના આ અસીમ ઉપકારોને કેમ ભૂલી શકે ? વડોદરામા અચલગચ્છનું ઉપાશ્રય થાય તે માટે પ. પૂ મુનિશ્રી લાવણ્યસાગરજી મ સાહેબે પણ પ્રેરણા આપીને અમને જાગ્રત કર્યા છે અચલગચ્છ ઉપાશ્રય-ભવન માટે વડોદરાના શ્રી કચ્છી જૈન સમાજ તરફથી અને મુંબઇ-કચ્છ તેમજ બીજા શહેરોમાથી મકાનફંડ તથા બીજી સાધન સામગ્રી માટે શ્રી જૈન સમાજના ભાઇ-બહેનોએ તન-મન ધનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપેલા સાથ સહકાર માટે સર્વેનો શ્રી સંઘ આભાર માને છે.

સંઘરત્ન દાનવીર શેઠશ્રી લખમશી ઘેલાભાઇના સુપુત્રો અને પરિવારે વડોદરાના આ ઉપાશ્રય માટે અત્યંત અનુમોદનીય દાન મકાન ફંડમા આપેલ છે. અને તેથી આ ઉપાશ્રયના હોલને માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઇ અચલગચ્છ જૈન 'ઉપાશ્રય' એમ નામ આપીને તેમની ઉત્તમ સંઘભકિત અને ધર્મશ્રદ્ધા બદલ શ્રી સંઘ ધન્યતા અનુભવે છે

સંઘરત્ન શ્રી વસનજી લખમશી સાવલાએ તથા સ્વ સંઘવી શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ એ બંને વીરલાઓની પ્રેરણા અને દરેક કાર્યમા સહાયતા આપવાની શુદ્ધ ભાવનાઓની શ્રી સંઘ સાભાર નોંધ લે છે

પ્રશાતમૂર્તિ તપસ્વિની પ.પૂ. સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ સા.ના સુશિષ્યા પરમવિદુષી સાધ્વીશ્રી પ પૂ પુણ્યોદયશ્રીજી મ.સાહેબે શરૂઆતથીજ મુંબઈ-કચ્છ-પાલીતાણા વિહારો દરમ્યાન જ્યારે જ્યારે વડોદરા પધારેલ ત્યારે વડોદરામા અચલગચ્છનુ ઉપાશ્રય મકાન જલ્દીથી થાય તે માટે ઉપદેશક પ્રેરણાઓ આપેલ અને ઉપાશ્રય ભવન થયા બાદ શ્રીસંઘની વ્યવસ્થા અને વિકાસમા માર્ગદર્શન અને પ્રેરણા આપીને અમને ઉત્સાહિત અને ઉપકૃત કર્યા છે

ગુજરાતમા પ્રથમજ વડોદરામા અચલગચ્છનુ ઉપાશ્રયભવન થતા મુંબઈથી કચ્છ-પાલીતાણા વિહાર કરતા પ. પૂ સાધુ-સાધ્વીશ્રીજી મ સાહેબોની વૈયાવચ્ચ સેવાનુ લાભ શ્રીસંઘને મળે છે. વડોદરામા અચલગચ્છ ભવન શહેરની મધ્યમા હોવાથી વિવિધલક્ષી રીતે ઉપયોગી થયેલ છે ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે શ્રીસમાજની સામાજીક પ્રવૃતિઓ સેવાનો લાભ મળે છે.

સંવત ૨૦૩૫-૨૦૩૬ મા આ નવા ઉપાશ્રયમા ચાતુર્માસ રહેલ તપસ્વિની યોગનિષ્ઠા પ પૂ સ્વ સાધ્વીશ્રી ગુણોદયશ્રીજી મ સા ના સુશિષ્યા પ પૂ સાધ્વીશ્રી કલ્યાણોદયશ્રીજી મ સા આદિ ઠા. ૪ ના આ સંઘ ઉપર અગણિત ઉપકારો છે જેમણે અમને ધાર્મિક કાર્યો તેમજ વિધિવિધાનો વિગેરે માટે માર્ગદર્શન આપ્યુ અને જ્ઞાનભંડાર માટે ખંભાત વિગેરે સ્થળોએથી પુસ્તકો અપાવીને જ્ઞાનભંડારને સમૃદ્ધ અને વ્યવસ્થિત કરાવ્યો

સંવત ૨૦૩૮-૨૦૩૯ મા આ ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ પ પૂ સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબ આદિ ઠા ૩ ના ધાર્મિક સંસ્કૃત અભ્યાસ માટે વિદ્વાન પ્રાધ્યાપક ડૉ જયદેવ જાનીની સેવાનો લાભ અનાયાસ શ્રીસંઘને મળેલ જે દરમ્યાન ડૉ જાનીની કાર્યશકિત અને જ્ઞાનનો લાભ-મોટા પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર માટે લેવાય એવી પ પૂ સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબની સૂચના અમને થતા અમોએ મુંબઈ લાલબાગ ચાતુર્માસ રહેલા પ પૂ મુનિશ્રી કલાપ્રભસાગરજી મ સાહેબને ડૉ જયદેવ જાની વશે પરિચય સંપર્ક કરાવતા પ્રથમ જ આ મહાન ગ્રંથ ભોજવ્યાકરણનું સેવાકાર્ય તેમને સોપવામા આવ્યુ પ પૂ તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબે ડૉ જયદેવ જાનીને ઉપરોકત સેવાકાર્ય ઉત્તમ રીતે અને શીઘ્રતાથી થાય તે માટે પ્રોત્સાહિત-પ્રેરિત તો કર્યા જ સાથે સાથે વડોદરાના શ્રાવક શ્રાવિકાઓને ધર્મ અને તત્વજ્ઞાન તરફ અભિમુખ અને શ્રદ્ધાવાળા કરીને શ્રીસંઘની ધાર્મિક પ્રવૃત્તિઓને ખૂબજ વેગ આપેલ છે. ઐતિહાસિક મુંબઇ-શિખરજી છ'રીપાલક સંઘ તા ૧૧-૧-૮૪ ના જલગાવ નગરે પધારતા વડોદરાનો સંઘ શ્રીસંઘના દર્શનાર્થે ગયેલો જ્યા શ્રી વડોદરા સંઘ તરફથી પ પૂ આચાર્ય ભગવંતનુ ગુરુપૂજન તથા

આ મહાન સંઘના સંઘપતિઓ સંઘમાતાઓ તથા યાત્રિકોનુ બહુમાન સહ પૂજન કરાયેલ જ્યા પ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ સાહેબના આશીર્વાદો તથા પ પૂ ગણિવર્ય મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સાહેબની પ્રેરણાથી આ શ્રી ભોજવ્યાકરણમ્ પ્રકાશનખર્ચ સૌજન્યનો લાભ શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરાને મલ્યો.

ડૉ જયદેવ જાની શ્રી સંઘના એક સભ્ય બનીને આ ગ્રંથનુ પ્રકાશન કાર્ય કેમ ઉમદા થાય તે રીતે તેના અનુવાદ અને વિવરણ–ટીપ્પણ–પ્રેસકોપી સહ છપાવવા સુધીના દરેક કાર્યોમા સાથે રહીને પૂર્ણ કરી આપેલ છે. જે સેવાનો શ્રી સંઘ પ્રેમાળ લાગણી સહ ડૉ જયદેવ જાનીનો આભાર માને છે આ કાર્યમા વી. કે. પ્રીન્ટરીના શ્રી શૈલેષભાઈ ગાલાનો કવરપેજની ડીઝાઇન બનાવી–આમુખ–પ્રકાશન વિગેરે તૈયાર કરી આપવા માટે તથા મુખ્ય ગ્રંથ છપાઈ માટે મે. ગાયકવાડ પ્રિન્ટ્રાન્સ ના મેનેજર શ્રી રાજેન્દ્રભાઈ તથા શ્રી પંડિત વગેરે કર્મચારીગણ જેમણે જવાબદારીથી શુદ્ધ સફાઈદાર કામ કરી આપેલ છે. તેમનો શ્રી સંઘ આભાર માને છે.

મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી મ સા રચિત આ ભોજવ્યાકરણમ્ જિજ્ઞાસુઓને નિઃશક ઉપયોગી બની રહેશે. આપણા બીજા જૈન સંઘો પણ જૈનશાસનના જ્ઞાનભંડારો સમૃદ્ધ કરવા આ રીતે જ્ઞાન ખાતાનો સદ્-ઉપયોગ કરે એ જ શુભેચ્છા

અમારા વડોદરા અચલગચ્છ ઉપાશ્રયમા જૈન સાહિત્ય, પુસ્તકો, ગ્રંથો કૃતિઓ વિગેરે સાચવવા માટે પૂરતી જગ્યા અને એના સદ્-ઉપયોગની પૂરતી વ્યવસ્થા કરવામા આવે છે. જેથી ક્યાંયથી પણ જૂનુ કે નવું અને જરૂરી એવું સાહિત્ય શ્રી સંઘને પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો આવકારીએ છીએ

શાસનદેવ તથા પ પૂ. આચાર્ય ભગવંતો તથા પ પૂ ગુરુદેવો જિનશાસનના કાર્યો કરવા અમને આશીર્વાદ સહ શકિત આપો એવી પ્રાર્થના.

કા સુ. પ જ્ઞાનપંચમી તા ૨૯–૧૦–૮૪
વીર સ. ૨૫૧૧. વિ સ ૨૦૪૧

લિ. સંઘ સેવકો.
(૧) વિસનજી સુંદરજી ગડા (પ્રમુખ) ટ્રસ્ટી
(૨) વિસનજી પાલણ શાહ ટ્રસ્ટી
(૩) નેમચંદ હંસરાજ ગડા ટ્રસ્ટી
(૪) વલભજી પ્રેમજી સાવલા ટ્રસ્ટી
(૫) વલભજી હીરજી શાહ ટ્રસ્ટી
શ્રી ક. અ. જૈન સંઘ–વડોદરાના
જય જીનેન્દ્ર

અચલગચ્છ જૈન ભવન
ભાલેરાવ ટેકરા, પ્રતાપ રોડ,
રાવપુરા, વડોદરા–૩
ફોન . ૫૫૬૨૯૧

મૂર્તિ દીર્ઘસંયમ[illegible] પૂ. [illegible]ન્દ્રશ્રીજી
ના સુશિષ્યા પરમવિદુષી સાધ્વી
લતાશ્રીજી મ. સા. ના સુશિષ્યા

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ વડોદરાનું નિવેદન

વડોદરામા આ સંઘની સ્થાપના અને તેના વિકાસની ગાથામા ભા. દિ. શા સ. અચલગચ્છાધિપતિ પ પૂ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના આર્શીવાદ અમીદષ્ટિ અને ઉપદેશક પ્રેરણાથી તથા પ પૂ આ ભ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ સા. તથા પ પૂ ગણિવર્ય મુનિ શ્રી કલાપ્રભસાગરજી મ. સા તથા આદિ મુનિ ભગવતો તથા પ પૂ સાધ્વીશ્રીજી મ સાહેબોના આર્શીવાદ તથા મકાન ફંડના માટે દાતાઓને કરેલી પ્રેરણા એ પ પૂ ગુરૂદેવોના અથાગ પ્રયત્નોને આભારી છે શ્રી સંઘ પરમપૂજ્ય ગુરૂદેવોના આ અસીમ ઉપકારોને કેમ ભૂલી શકે ? વડોદરામા અચલગચ્છનુ ઉપાશ્રય થાય તે માટે પ. પૂ મુનિશ્રી લાવણ્યસાગરજી મ સાહેબે પણ પ્રેરણા આપીને અમને જાગ્રત કર્યા છે અચલગચ્છ ઉપાશ્રય-ભવન માટે વડોદરાના શ્રી કચ્છી જૈન સમાજ તરફથી અને મુબઇ-કચ્છ તેમજ બીજા શહેરોમાથી મકાનફંડ તથા બીજી સાધન સામગ્રી માટે શ્રી જૈન સમાજના ભાઇ-બહેનોએ તન-મન ધનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપેલા સાથ સહકાર માટે સર્વેનો શ્રી સઘ આભાર માને છે.

સઘરત્ન દાનવીર શેઠશ્રી લખમશી ઘેલાભાઇના સુપુત્રો અને પરિવારે વડોદરાના આ ઉપાશ્રય માટે અત્યંત અનુમોદનીય દાન મકાન ફડમા આપેલ છે અને તેથી આ ઉપાશ્રયના હોલને માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઇ અચલગચ્છ જૈન 'ઉપાશ્રય' એમ નામ આપીને તેમની ઉત્તમ સઘભકિત અને ધર્મશ્રદ્ધા બદલ શ્રી સંઘ ધન્યતા અનુભવે છે

સંઘરત્ન શ્રી વસનજી લખમશી સાવલાએ તથા સ્વ સઘવી શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ એ બંને વીરલાઓની પ્રેરણા અને દરેક કાર્યમા સહાયતા આપવાની શુદ્ધ ભાવનાઓની શ્રી સઘ સાભાર નોધ લે છે

પ્રશાતમૂર્તિ તપસ્વિની પ.પૂ. સાધ્વીશ્રી નિરજનાશ્રીજી મ સા ના સુશિષ્યા પરમવિદુષી સાધ્વીશ્રી પ પૂ પુણ્યોદયશ્રીજી મ સાહેબે શરૂઆતથીજ મુબઇ-કચ્છ-પાલીતાણા વિહારો દરમ્યાન જ્યારે જ્યારે વડોદરા પધારેલ ત્યારે વડોદરામા અચલગચ્છનુ ઉપાશ્રય મકાન જલ્દીથી થાય તે માટે ઉપદેશક પ્રેરણાઓ આપેલ અને ઉપાશ્રય ભવન થયા બાદ શ્રીસઘની વ્યવસ્થા અને વિકાસમા માર્ગદર્શન અને પ્રેરણા આપીને અમને ઉત્સાહિત અને ઉપકૃત કર્યા છે

ગુજરાતમા પ્રથમજ વડોદરામા અચલગચ્છનુ ઉપાશ્રયભવન થતા મુબઇથી કચ્છ-પાલીતાણા વિહાર કરતા પ પૂ સાધુ-સાધ્વીશ્રીજી મ સાહેબોની વૈયાવચ્ચ સેવાનુ લાભ શ્રીસંઘને મળે છે. વડોદરામા અચલગચ્છ ભવન શહેરની મધ્યમા હોવાથી વિવિધલક્ષી રીતે ઉપયોગી થયેલ છે ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે શ્રીસમાજની સામાજીક પ્રવૃત્તિઓ સેવાનો લાભ મળે છે

સવત ૨૦૩૫-૨૦૩૬ મા આ નવા ઉપાશ્રયમા ચાર્તુમાસ રહેલ તપસ્વિની યોગનિષ્ઠા પ પૂ સ્વ સાધ્વીશ્રી ગુણોદયશ્રીજી મ સા ના સુશિષ્યા પ પૂ સાધ્વીશ્રી કલ્યાણોદયશ્રીજી મ સા આદિ ઠા ૪ ના આ સઘ ઉપર અગણિત ઉપકારો છે જેમણે અમને ધાર્મિક કાર્યો તેમજ વિધિવિધાનો વિગેરે માટે માર્ગદર્શન આપ્યુ. અને જ્ઞાનભંડાર માટે ખભાત વિગેરે સ્થળોએથી પુસ્તકો અપાવીને જ્ઞાનભડારને સમૃદ્ધ અને વ્યવસ્થિત કરાવ્યો

સવત ૨૦૩૮-૨૦૩૯ માં આ ઉપાશ્રયે ચાર્તુમાસ રહેલ પ પૂ સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબ આદિ ઠા. ૩ ના ધાર્મિક સંસ્કૃત અભ્યાસ માટે વિદ્વાન પ્રાધ્યાપક ડૉ જયદેવ જાનીની સેવાનો લાભ અનાયાસે શ્રીસઘને મળેલ જે દરમ્યાન ડૉ જાનીની કાર્યશકિત અને જ્ઞાનનો લાભ-સેવા પ્રાચીન ગ્રથોના ઉદ્ધાર માટે લેવાય એવી પ પૂ સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબની સૂચના અમને થતા અમોએ મુબઈ લાલબાગ ચાતુર્માસ રહેલા પ પૂ મુનિશ્રી કલાપ્રભસાગરજી મ સાહેબને ડૉ જયદેવ જાની વતી પરિચય સપર્ક કરાવતા પ્રથમ જ આ મહાન ગ્રથ ભોજવ્યાકરણનુ સેવાકાર્ય તેમને સોપવામા આવ્યુ પ પૂ તત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબે ડૉ જયદેવ જાનીને ઉપરોકત સેવાકાર્ય ઉત્તમ રીતે અને શીઘ્રતાથી થાય તે માટે પ્રોત્સાહિત-પ્રેરિત તો કર્યા જ સાથે સાથે વડોદરાના શ્રાવક શ્રાવિકાઓને ધર્મ અને તત્વજ્ઞાન તરફ અભિમુખ અને શ્રદ્ધાવાળા કરીને શ્રીસઘની ધાર્મિક પ્રવૃત્તિઓને ખૂબજ વેગ આપેલ છે ઐતિહાસિક મુબઇ-શિખરજી છ'રીપાલક સઘ તા ૧૧-૧-૮૪ ના જલગાવ નગરે પધારતા વડોદરાનો સઘ શ્રીમઘના દર્શનાર્થે ગયેલો જયા શ્રી વડોદરા સઘ તરફથી પ પૂ આચાર્ય ભગવતનુ ગુરુપૂજન તથા

આ મહાન ગ્રંથના સંપાદિકાઓ સંશોધિકાઓ તથા સાધ્વીજીઓનું બહુમાન સહ પૂજન કરેલ તથા પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સાહેબના આશીર્વાદ તથા પ. પૂ. ગણિવર્ય મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સાહેબની પ્રેરણાથી આ શ્રી જૈનવ્યાકરણમ્ પ્રકાશનકાર્ય સૌજન્યનો લાભ શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરાને મળ્યો.

ડૉ. જયદેવ જાની શ્રી સંઘના એક સભ્ય બનીને આ ગ્રંથનું પ્રકાશન કાર્ય કેમ ઉત્તમ થાય તે રીતે તેના અનુવાદ અને વિવરણ–ટીપ્પણ–પ્રેસકોપી સહ છપાવવા સુધીના દરેક કાર્યોમાં સાથે રહીને પૂર્ણ કરી આપેલ છે. જે બદલ શ્રી સંઘ પ્રેમાળ લાગણી સહ ડૉ. જયદેવ જાનીનો આભાર માને છે. આ કાર્યમાં ટી. ડે પ્રીન્ટર્સના શ્રી ભીખાભાઈ ગાલાનો કવરપેજની ડીઝાઈન બનાવી–આમુખ–પ્રકાશન વિગેરે તૈયાર કરી આપવા માટે તથા મુખ્ય ગ્રંથ છપાઈ માટે મે. ગાયકવાડ પ્રિન્ટર્સ ના મેનેજર શ્રી ગજેન્દ્રભાઈ તથા શ્રી પંડિત વગેરે કર્મચારીગણ જેમણે જવાબદારીથી શુદ્ધ સફાઈદાર કામ કરી આપેલ છે. તેમનો શ્રી સંઘ આભાર માને છે.

મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી મ. સા. રચિત આ જૈનવ્યાકરણમ્ જિજ્ઞાસુઓને નિઃશંક ઉપયોગી બની રહેશે, આપણા બીજા જૈન સંઘો પણ જૈનશાસનના જ્ઞાનભંડારો સમૃદ્ધ કરવા આ રીતે જ્ઞાન ખાતાનો સદ્-ઉપયોગ કરે એ જ શુભેચ્છા

અમારા વડોદરા અચલગચ્છ ઉપાશ્રયમાં જૈન સાહિત્ય, પુસ્તકો, ગ્રંથો કૃતિઓ વિગેરે સાચવવા માટે પૂરતી જગ્યા અને એના સદ્ ઉપયોગની પૂરતી વ્યવસ્થા કરવામાં આવે છે જેથી ક્યાંયથી પણ જૂનું કે નવું અને જરૂરી એવું સાહિત્ય શ્રી સંઘને પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો આવકારીએ છીએ

શાસનદેવ તથા પ. પૂ. આચાર્ય ભગવંતો તથા પ. પૂ. ગુરુદેવો જિનશાસનના કાર્યો કરવા અમને આશીર્વાદ સહ શક્તિ આપો એવી પ્રાર્થના.

કા. સુ. ૫ જ્ઞાનપંચમી તા. ૨૯–૧૦–૮૪
વીર સં. ૨૫૧૧ વિ. સં. ૨૦૪૧

અચલગચ્છ જૈન ભવન
ભાવનગર ટાવર, પ્રતાપ રોડ,
રાવપુરા, વડોદરા–૩૯૦ ૦૦૧
ફોન ૫૫૧૨૯૧

લિ. સંઘ સેવકો.
(૧) વિમલજી સુંદરજી ગડા (પ્રમુખ) ટ્રસ્ટી
(૨) વિમલજી પાલણ શાહ ટ્રસ્ટી
(૩) નેમચંદ ખીમજી ગડા ટ્રસ્ટી
(૪) વલમજી પ્રેમજી સાવલા ટ્રસ્ટી
(૫) વલ્લભજી હીરજી શાહ ટ્રસ્ટી
શ્રી ક. અ. જૈન સંઘ–વડોદરાના
જય જિનેન્દ્ર

પ્રશાન્તમૂર્તિ દીર્ઘસંયમી પ. પૂ. [illegible]શ્રીજી
મ. સા. ના સુશિષ્યા પરમવિદુષી સાધ્વી
શ્રી ચારુલતાશ્રીજી મ. સા. ના સુશિષ્યા.

કિમપિ

વિદ્યાભાસ્કર પંડિત સ્વ. મણિશંકર ઉપાધ્યાયની પાણિનીય વ્યાકરણ પરંપરામાં મારા પિતાશ્રી ડૉ અરૂણોદય જાની (નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, આર્ટ્સ ફેકલ્ટી તેમજ નિવૃત્ત નિયામક, પ્રાચ્ય વિદ્યામંદિર, મ સ યુનિવર્સિટી, વડોદરા) અને મારા ગુરુ વેદાંતશાસ્ત્રી શ્રી કેશવલાલ ત્રિવેદીએ ગુરુનિશ્રામાં અભ્યાસ કરેલો તે બંનેના ચરણ કમળમાં મને પણ પાણિનીય વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશવાની તક મળી તે પછી સદ્‌ભાગ્યે વ્યાકરણ અધ્યાપન કરવાનું પણ સાંપડયું અધ્યાપન જ સાચું અધ્યયન છે તે સમજાયું

બે વર્ષ અગાઉ અત્રે અચલગચ્છ ઉપાશ્રયમાં ચાતુર્માસ દરમિયાન પૂ સાધ્વીશ્રીજી તત્વપ્રજ્ઞાશ્રીજી મ સા ની નિશ્રામાં આરાધના કરતા સાધ્વીશ્રીજી પ પૂ મોક્ષદર્શનાશ્રીજી અને સાધ્વીશ્રીજી પ. પૂ. નયદર્શનાશ્રીજી સાથે અભ્યાસ દરમ્યાન પાણિનીય વ્યાકરણની ચર્ચા થતી તેથી પ પૂ મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી મ સા. વિરચિત ભોજ-વ્યાકરણના સંપાદનનું કાર્ય મને સોંપવામાં આવ્યું અને સાધુ સાધ્વીઓ તેમજ સંસ્કૃત અધ્યયનના જિજ્ઞાસુઓને સરળતા રહે તે હેતુથી પ્રસ્તાવના, ભાષાંતર, ટિપ્પણ તેમજ ઉપયોગી પરિશિષ્ટો વિગેરે રાખીને તૈયાર કરવો તે રીતની પૂ ગણિવર્યશ્રી કલાપ્રભસાગરજીની આજ્ઞા થઈ અને તે આજ્ઞા મેં શિરોધાર્ય કરી

કામ અવિરત ચાલવા લાગ્યું પણ ગ્રંથ પ્રમાણે તેમજ તેને પૂરો ન્યાય અપાય તેવું ભાષાંતર અને ટિપ્પણ વિગેરે સમય મર્યાદામાં રહે તેવા ન હતા છતાં Better late than never એ સૂત્રને અમલમાં મૂકીને આ ગ્રંથ પૂરો કર્યો છે

પ્રસ્તુત ગ્રંથનું અદ્યયાવત્ કોઈ ભાષાંતર થયું નથી તેનું પ્રકાશિત થયેલું પત્રાકાર પુસ્તક પણ ઠેર ઠેર છાપકામની અશુદ્ધિઓવાળું છે તેને લગતા સારસ્વતપ્રક્રિયાનુક્રમણિકા 'અને શ્રી ચંદ્રકીર્તિની ટીકામાં ઘણીજ અશુદ્ધિઓ રહી જવા પામી છે તે બધું જોતાં આ ગ્રંથનો કાર્યભાર વધતો ગયો છતાં ગ્રંથ પૂર્ણતાને આરે પહોંચ્યો તેમાં શ્રીપરમાત્માના અને ગુરુના શુભાશીર્વાદ જ નિમિત્ત છે

આ ગ્રંથ ભોજવ્યાકરણમ્‌ના રચયિતા મહોપાધ્યાય શ્રી પ પૂ વિનયસાગરજી મ સા (૧૬મું શતક) છે સંસ્કૃત વ્યાકરણના અલગ અલગ સંપ્રદાયોમાં પાણિનીય વ્યાકરણ અતિપ્રાચીન અને વૈજ્ઞાનિક છે તે પછી કાતંત્ર વ્યાકરણ અને પછી જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનું સિદ્ધહેમશબ્દાનુશાસન છે અને સારસ્વત વ્યાકરણ પણ તેટલું જ ખ્યાતનામ છે આ સારસ્વત વ્યાકરણના સૂત્રો પરની અનુભૂતિસ્વરૂપાચાર્યની પ્રક્રિયાને લક્ષ્યમાં રાખીને કચ્છના રાજા ભારમલ્લના કુંવર ભોજમલ્લને સંસ્કૃત વ્યાકરણનું અધ્યયન કરાવવા આ ગ્રંથ રચાયો છે

પ્રસ્તુત ગ્રંથના સંપાદન માટે અચલગચ્છાધિપતિ વિદ્વદ્વર્ય શાસન સમ્રાટ પ પૂ આચાર્યદેવશ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મ સા ના આશીર્વાદોથી તેઓશ્રીના વિદ્વાન વિનેય પ પૂ ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ સાહેબે મારામાં યોગ્યતાનું દર્શન કરીને મને પ્રોત્સાહિત કરવા બદલ તેઓશ્રીને મારા કોટિશ વંદન તેઓશ્રીએ પોતાના સમયની અનુકૂળતા મુજબ આ ગ્રંથ અંગે પ્રેરણા માર્ગદર્શન આપવા પૂર્વક પ્રતની શોધખોળ કરી આપેલ છે આ ગ્રંથના પુનરુદ્ધારનું સૌભાગ્ય તેઓશ્રીને ફાળે જાય છે

અને વખતો વખત ગ્રંથ સંપાદન વેગથી અને ચારુતયા પ્રવર્તે તે માટે સદ્‌ભાવના પૂર્વક પ્રેરણા કરનાર પ પૂ સાધ્વીશ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ સાહેબને વંદન

ઠેક ઠેકાણે આવતી સમસ્યાઓને પૂ ગુરુવર્યશ્રી કેશવલાલ ત્રિવેદી અને પૂ પિતાશ્રીએ હલ કરવામાં તેમણે તો તેમની ફરજ બજાવી છે તો મારી ફરજ રૂપે આ ગ્રંથનું સંપાદન સુમન તેમના ચરણ કમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું

આ ભગીરથ પ્રયત્નને માટે પોતાનો કીંમતી સમય આપનાર મારા મિત્ર પ્રેમજીવનનો આભાર માનું તેટલો ઓછો છે. અને મારી ધર્મપત્નીએ તો અર્ધાંગિની પદને સાર્થક કરી બતાવ્યું છે.

આ ગ્રંથની પ્રેસ કોપી તૈયાર કરવામાં સહાયિકા શ્રીમતિ જ્યોતિબા બહેન યાજ્ઞિક પ્રત્યે પણ આભાર અને માનની ભાવના વ્યક્ત કરું છું.

શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ (વડોદરા) ના પ્રમુખ શ્રી વિનનચંદભાઈ મંગલજી ગડાએ ઘણીવાર તેમનો સમય મારી સાથે ચર્ચા વિચારણામાં આપ્યો અને મિત્ર સમાન વ્યવહાર રાખ્યો એટલે તેમનો તો મારે કઈ રીતે આભાર માનવો ? ત્રિલોકનાથ શ્રી આદિનાથ ભગવાનની સદય દૃષ્ટિ તેમને મળે તેવી પ્રાર્થના.

આ ગ્રંથના છાપકામનું સૌજન્ય શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ, વડોદરાને ફાળે જાય છે. તેથી જ તે આટલો સુંદર અને આકર્ષક રીતે છાપી શકાયો છે.

છાપકામના અનુભવી પ્રેસ મેનેજર શ્રી રાજેન્દ્રભાઈએ વ્યક્તિગત નિરીક્ષણ કરીને અલ્પ સમયમાં સુંદર, સુઘડ અને સ્વચ્છ રીતે આ ગ્રંથ ગાયકવાડ પ્રિન્ટર્સ વડોદરામાં શ્રી પંડિત વગેરે સહકાર્યકરોની સહાયતાથી છાપ્યો તેથી તેમનો આભાર માનું છું.

આ ગ્રંથના મુખપૃષ્ઠને અને આગળના પાનાઓને તૈયાર કરી આપનાર પી. કે. પ્રિન્ટરી ના શ્રી રોશન ફ્રવડ ગાલાનો પણ ખુબ ખુબ આભાર. પ્રેસમાં પ્રુફ તપાસવામાં ખૂબ જ કાળજી રાખી છે, છતાં જો કોઈ અશુદ્ધિ રહી જવા પામી હોય તો તે બદલ ક્ષમા યાચું છું.

ભારત દિવાકર અચલગચ્છાધિપતિ શાસન સમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ની જિન શાસનમાં અપૂર્વ પ્રભાવના તથા પ. પૂ. ગણિવર્ય શ્રી કલાપ્રભસાગરજી મ. સાહેબની અપૂર્વ શ્રુતભક્તિ તથા પ. પૂ. સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબની પ્રેરણા, શ્રી વિનનચંદભાઈ મંગલજી ગડાની ધર્મ પ્રત્યેની ભાવના તથા મારી કાર્યશક્તિ અને મતિનો સરવાળો એટલે જ આ ગ્રંથ

— પ્રાદુર્ભાવ પામે —

તા. ૧-૪-૧૯૮૮

વિદ્વાંનો વશંવદ
ડો. જયદેવ અરુણોદય જાની
વડોદરા

પ્રસ્તાવના

પ્રકરણ-૧

સંસ્કૃત વ્યાકરણ

૧૧ સંસ્કૃત ભાષા વિશ્વની ભાષાઓમાં અતિપ્રાચીન છે. જો કે વિદ્વાનોમાં સંસ્કૃત પહેલી કે પ્રાકૃત પહેલી એ માટે ઘણો વિવાદ ચાલે છે. કારણ કે સંસ્કૃત શબ્દ सम् + कृ – करोति ધાતુને ભૂષણ-અલંકરણના અર્થમાં सुट्-स् આગમ લાગતાં થાય છે આમ સંસ્કૃત એટલે શુદ્ધ અથવા અલંકૃત કરવામાં આવેલી. પરંતુ પ્રાકૃત ભાષા એટલે મૂળ ભાષા જેને શુદ્ધ કરી નથી તે ભાષા. પરંતુ હેમચંદ્રાચાર્યજી તો प्रकृतिः संस्कृतम्, तत्र भवं प्राकृतम् એટલે કે સંસ્કૃત ભાષામાંથી જ ફૂલેલી અને વિકસેલી ભાષા તે પ્રાકૃત છે તેવો જ મત આધુનિક ભાષાશાસ્ત્રીઓનો છે.

૧૨ વ્યાકરણમીમાંસાના એ પાણ વેદકાળથી નોંધાયા છે ઋગ્વેદના ૪.૫૮.૩ મંત્રમાં[1] ચાર શૃંગ-શિંગડા એટલે નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાત શીર્ષ-મસ્તક એટલે નિત્ય શબ્દ અને નિષ્પન્ન કરાતો શબ્દ જેને अपद અને पद એમ કહી શકાય, સાત હસ્ત-હાથ તે સાત વિભક્તિઓ, ત્રિધા-ત્રણ પ્રકારે-સ્થાનથી બંધાયેલો-તે સ્થાનો-ઉચ્ચારણ સ્થાનોના મુખ્ય ઉર, કંઠ અને મસ્તક છે

હજુ વધુ સ્પષ્ટતા ગોપથ બ્રાહ્મણ ૧.૨૪[2] માં છે. જેમાં ધાતુ, પ્રતિપદિક, નામ, આખ્યાત, લિંગ, વચન, વિભક્તિ અને પ્રત્યયનું જ્ઞાન પ્રશ્ન કરનારને છે તેમ સ્પષ્ટ તરી આવે છે તે બધાનો અર્થ સમજી લેવો જોઈએ ધાતુ धा–दधाति–ધારણ કરવું પોષણ કરવું –ધાતુ પરથી બને છે ધાતુ એ પદ-ક્રિયાપદ કે નામપદનું મૂળ-પ્રકૃતિ સ્વરૂપ છે. પ્રાતિપદિક એટલે મૂળ શબ્દસ્વરૂપ પ્રાતિપદિકમાં સંજ્ઞાવાચક વગેરે, અવ્યયો, કૃત્પ્રત્યયાન્ત, તદ્ધિતપ્રત્યયાન્ત વગેરે આવે છે નામ એટલે સંકેત જે જાતિવાચક, દ્રવ્યવાચક, ગુણવાચક અને ક્રિયાવાચક હોય છે. આખ્યાત એટલે ક્રિયા લિંગ એટલે ચિહ્ન-પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ વચનો ત્રણ છે. એક વસ્તુ-પદાર્થ-દ્રવ્યની ગણત્રીપૂર્વક પ્રયોજાય તે એકવચન-એકને કહેનાર, દ્વિવચન-બેને બતાવનાર અને અને બહુવચન તે બેથી વધુ પદાર્થો બતાવે છે વિભક્તિ-વિશેષતયા એટલે કે નિશ્ચિત પ્રકારે ક્રિયાની સેવા કરનાર અર્થ તેને આપણે વિભાગ તરીકે પણ ઓળખી શકીએ છીએ જે વિભાગ અનુસાર અમુક સંબંધે ક્રિયાપદ સાથે સંબંધિત અમુક પદ કર્તા, કર્મ વગેરે નામને પાત્ર થાય છે પ્રત્યય એ પ્રતીતિ-પ્રતિપત્તિ-સમજણ આપનારો શબ્દગત કે ધાતુગત ટુકડો જ છે.

---

१ चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य ।
त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्यां आविवेश ॥

२ ओंकारं पृच्छाम । को धातुः ? । किं प्रातिपदिकम् ? किं नाम ? किमाख्यातम् ? किं लिङ्गम् ।
किं वचनम् ? का विभक्तिः ? कः प्रत्ययः ॥

૧ ૩ વૈદિક વ્યાકરણુ પરંપરાને બાદ કરતા વિદ્વાનો ઐન્દ્ર વ્યાકરણને પ્રથમ માને છે. કારણ કે ઇન્દ્ર દેવ એ સૌ પ્રથમ વૈયાકરણ છે તેવું તૈત્તિરીય સહિતા (૭ ૪ ૭) નુ વચન[૩] છે. તેનો નિર્દેશ પાણિનિએ પોતાના વ્યાકરણ ગ્રથ અષ્ટાધ્યાયીના ૩ ૪ ૧૮ સૂત્ર 'મા प्राचाम्-પૂર્વ' દિશાના–એ તેમજ બીજા ઘણા આવા નિર્દેશો કરે છે તેને લીધે ડૉ બર્નેલ તેમના Aindra School of Eastern grammarians નિબધમા (પાન–૭) ઐન્દ્ર વ્યાકરણની સજ્ઞાઓને પ્રાચીન સાબિત કરે છે પરતુ એ સજ્ઞાઓના આધાર તો સારસ્વત વ્યાકરણમાં આવતી સ્વર, ગુણ, વૃદ્ધિ વગેરે પણ પાણિનિ પૂર્વેના કાળમાં સારસ્વત વ્યાકરણનુ અસ્તિત્ત્વ સાબિત કરે ટૂંકમાં, પાણિનિ સિવાયના અન્ય વૈયાકરણોના સમયમા સંસ્કૃત ભાષાના વ્યાકરણને સમજવુ કઠિણ જણાવા લાગ્યુ, તે તો ઠીક, પણ થોડા સમયમા અલ્પ પ્રયત્ને સસ્કૃત ભાષાનુ વ્યાકરણ ભણી શકાય તે માટે Necessity is the mother of invention–ન્યાયે વિકસ્યા છે તેની નોધ આગળ લઇશુ

૧ ૪ ઇ સ પૂર્વે સાતમા શતકથી પાંચમા શતકમા થયેલા પાણિનિમુનિનુ વ્યાકરણ આઠ અધ્યાયોમા વિભાજિત હોવાને લીધે अष्टाध्यायी કહેવાય છે. તેમના સમયને માટે વિદ્વાનોમા ભિન્નભિન્ન મત પ્રવર્તે છે. તેમનુ વ્યાકરણ સૂત્રબદ્ધ છે સૂત્રોમાં સ્પષ્ટતા, નિસદિગ્ધતા વગેરે તો છે જ તે ઉપરાંત અષ્ટાધ્યાયીની રચનાપદ્ધતિ એવી વૈજ્ઞાનિક અને પ્રામાણિક છે કે તેનો પ્રાદુર્ભાવ થતા જ પૂર્વના વ્યાકરણ ગ્રંથોનું અધ્યયન ધીરે ધીરે ઓછુ થતું ગયું કુલ મળીને અષ્ટાધ્યાયીમા ૩૯૭૫ સૂત્રો છે તેમા ૭૪૮ उणादि સૂત્રો, ૮૭ फिट् સૂત્રો અને ૧૮૮ (૧૮૩) જેટલા लिङ्गानुशासन ના સૂત્રોને ભેગા કરતાં પાંચ હજાર જેટલા સૂત્રો થાય છે તે ઉપરાંત પાણિનિમુનિનો ગણપાઠ અને ૨૦૯૭ જેટલા ધાતુઓનો ધાતુપાઠ તેમજ પાણિનીયશિક્ષા એમ મળીને સપૂર્ણ વ્યાકરણશાસ્ત્ર છે.

૧.૫ અષ્ટાધ્યાયીના પ્રથમ અધ્યાયમા સજ્ઞા, પરિભાષા, પરસ્મૈપદ તેમજ આત્મનેપદ પ્રયોગો અને કારક-વિભક્તિના નિયમો છે દ્વિતીય અધ્યાય મા સમાસનિયમો છે. તૃતીય અધ્યાયમાં ધાતુના રૂપો અને કૃદન્ત–ધાતુસાધિત રૂપોની ચર્ચા છે ચતુર્થ અને પચમ અધ્યાયમા પુલિંગ શબ્દો સ્ત્રીલિગ શબ્દો બનાવવા માટે સ્ત્રી–પ્રત્યયો, તદ્ધિત–નામસાધિત રૂપો, વિભક્તિ પ્રત્યયો અને સમાસાન્ત પ્રત્યયોની છણાવટ છે. ષષ્ઠ અધ્યાયમા ધાતુઓનો દ્વિર્ભાવ, સધિ, સ્વર, સમાસમા ફેરફાર, अलुक् તેમજ अङ्ग–શબ્દનું મૂળ સ્વરૂપ અને પ્રત્યય મળતા જે ફેરફારો થાય તેના નિયમો છે. સપ્તમ અધ્યાય તે ફેરફારોને આગળ ચલાવે છે. અષ્ટમ અધ્યાયમા णत्व–न કારનો ण કાર અને षत्व–स કારનો ष કાર અને અન્ય નિયમો છે.

---

૩ वाग् वै पराची अव्याकृता अवदत् । ते देवा इन्द्रम् अब्रुवन् इमा नो वाच व्याकुरु इति ।

૪ अलखल्वो प्रतिषधयोः प्राचां क्त्वा ॥

૧૬ સમગ્ર વર્ણમાળાને ચૌદ માહેશ્વર–મહેશ્વર પાસેથી પ્રાપ્ત થયેલા–સૂત્રોમાં ગોઠવ્યા છે. તેમા इत्–સૂચક વર્ણનું આગવું પ્રદાન કર્યું છે જે માટે તેમના પછીના વ્યાકરણકારો તેમના ઋણી છે કોઈ ચોક્કસ પદને એક કરતાં વધુ સૂત્રોમા પ્રયોજવું હોય ત્યારે अनुवृत्ति નામની યુક્તિ પણ તેમણે પ્રયોજી છે વળી છ જાતના શાસ્ત્રીય સૂત્રપ્રકારો[5] નો પણ તેમણે પ્રયોગ કર્યો છે તેથી ચોક્કસ વિષયના માટે તેમણે અધિકાર સૂત્રો આપ્યા છે. प्रत्ययः (૩.૧.૧) તેમજ संहितायाम् (૬.૧.૭૨) વગેરે સૂત્રો અમુક ચોક્કસ સૂત્ર સુધી પોતાનો અધિકાર બતાવે છે. या या संज्ञा सा सा फलवती–જે જે સંજ્ઞા છે તે તે પ્રયોજનસહિત છે–તેથી અનર્થક વર્ણનો પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી.

૧૭ પરસ્મૈપદ, આત્મનેપદ, સર્વનામ વગેરે સંજ્ઞાઓ પૂર્વે પ્રવર્તમાન હતી પરંતુ दा–ददाति અને धा–दधाति વગેરે માટેની સંજ્ઞા घु તેમજ भ વગેરે સંજ્ઞાઓ સૂત્રમાં લઘુતા સ્વલ્પાક્ષર જાળવવા માટે કરી છે. સૂત્રોની ગોઠવણીમાં પૂર્વસૂત્ર કરતાં પરસૂત્ર બળવાન, પર કરતાં નિત્યસૂત્ર, નિત્ય કરતા અંતરંગસૂત્ર અને અંતરંગ કરતા અપવાદ સૂત્ર બળવાન થાય છે–તેથી જે બળવાન હોય તે સૂત્રનો ઉપયોગ પ્રક્રિયામા કરવો તેમ વ્યવસ્થા છે

૧૮ તે વખતની સંસ્કૃત ભાષા કે જે શિક્ષિત અને અશિક્ષિત સમાજની બોલચાલની ભાષા હતી. તેમાં કાલક્રમે નવા પ્રયોગો, નવા શબ્દો ઉમેરાતા પાણિનિના સૂત્રોને નવેસરથી કરવા અશક્ય હતું તેથી જ્યા જ્યા આવશ્યકતા લાગી ત્યા ત્યા ઘટાડો વધારો અને સુધારો કરવા માટે વરરુચિ–કાત્યાયને પાણિનિસૂત્રો પર વાર્તિકો[6] લખ્યા તેમનો સમય ઇ.સ પૂર્વે ૫૦૦–૩૫૦ નો મનાય છે उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते–જ્યા પાણિનિ વડે કહેવાયું હોય તેને કાઢી નાખવું–ઘટાડવુ તે उक्तचिन्ता, ન કહેવાયું હોય તે ઉમેરવુ તે अनुक्तचिन्ता અને કહેવાયું હોય પણ તેમા સુધારો કરવો તે दुरुक्तचिन्ता એમ ત્રણ પ્રકારના વાર્તિકો-વાક્યો તેમણે રચ્યા છે.

૧૯ વરરુચિના પછી ઇ. સ પૂર્વે ૧૫૦ મા પતંજલિ થયા તેમણે પાણિનિની અષ્ટાધ્યાયી પર ભાષ્ય લખ્યુ. તે એટલુ સંપૂર્ણ, શુદ્ધ, પ્રામાણિક અને બૃહત્કાય છે કે તે મહાભાષ્ય તરીકે પ્રખ્યાત છે. તેમના મતે વરરુચિના કેટલાક વાર્તિકો બિનજરૂરી છે તેમણે કરેલી પરિભાષાઓ–વ્યાકરણસૂત્રોને સમજવાના નિયમોમા महती सूक्ष्मेक्षिका भगवतः पाणिनेः–ભગવાન પાણિનિની સૂક્ષ્મદૃષ્ટિ ઘણી મોટી છે. અને व्याख्यानतो विशेषप्रतिपत्तिः, न हि सन्देहादलक्षणम् (૧) દ્વારા પતંજલિની પાણિનિ પ્રત્યે શ્રદ્ધા તો છતી થાય છે જ પરંતુ સાથોસાથ પાણિનિના

---

૫ संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।
अधिकारोऽपवादश्च षड्विधं सूत्रलक्षणम् ।

૬ પાણિનિ, વરરુચિ અને પતંજલિ વગેરેના સમયગાળાઓ અને તેમાં, કરેલા સૂત્રિત વિષયોના પશ્ચિમી ભાષામા લખેલા ઇતિહાસકારો દ્વારા ભાષાશાસ્ત્રીઓ સંસ્કૃત ભાષા. (પાણિનિ વ્યાકરણ ન હોત તો) આજે કેવા સ્વરૂપમાં હોત તે નક્કી કરી શકે છે.

વ્યાકરણસૂત્રોમા ચીવટ, સંપૂર્ણતા અને અતિપ્રામાણિકતા છે જ તેમ તરી આવે છે પતંજલિનું મહાભાષ્ય થતા ની સાથે જ સંસ્કૃત ભાષામા કોઇ પણ પ્રયોગ પાણિનિમતાનુસાર ન હોય તો તેને શિષ્ટો અને વિદ્વાનો અપાણિનીય માનતા, અને તે પ્રયોગનો સર્વથા અનાદર થતો બીજા શબ્દોમા કહીએ તો સસ્કૃત ભાષા આ ત્રિમુનિ કે મુનિત્રય વડે બધાઈ ગઇ એટલેકે વ્યવસ્થિત થઇ આ કારણને લીધે સંસ્કૃત વ્યાકરણના અનભિજ્ઞ વિદ્વાનો સસ્કૃત શબ્દનો શુદ્ધ કરવામા આવેલી ભાષા તેમ માનીને સંસ્કૃત બોલચાલની ભાષા હશે તેમ માનવા પાછી-પાની કરે તેમાં તેમનો શું દોષ? જો આ મુનિત્રય વડે ભાષાના વ્યાકરણને નિશ્ચિત અને વ્યવસ્થિત સ્વરૂપ ન અપાયુ હોત તો આર્યસંસ્કૃતિના ધર્મગ્રથો, દર્શનગ્રથો, સ્મૃતિશાસ્ત્રો વગેરેનુ જ્ઞાન જગતની અન્ય લુપ્ત થઇ ગયેલી ભાષાઓના ગ્રંથોના જ્ઞાનની જેમ દુર્લભ થઇ જાત તેમ થયુ નથી તેથી તે ત્રણેય મુનિને નમસ્કાર વ્યાકરણના અભ્યાસની શરુઆતમાં કરવામાં આવે છે [૭]

૧.૧૦ પાણિનિવ્યાકરણના અધ્યયન-અધ્યાપનની બે પરંપરા આજે પણ વિદ્યમાન છે. એક છે તે સૂત્રક્રમપદ્ધતિ જે પદ્ધતિ પ્રમાણે પતંજલિએ મહાભાષ્ય[૮] રચ્યુ અને વામનજયાદિત્ય વગેરેએ કાશિકા[૯] વગેરે ગ્રંથો રચ્યાં બીજી પદ્ધતિ તે પ્રક્રિયાક્રમ છે જે પદ્ધતિ પ્રમાણે રામચદ્રની પ્રક્રિયાકૌમુદી[૧૦] અને ભટ્ટોજિદીક્ષિતની વૈયાકરણસિદ્ધાતકૌમુદી (સિદ્ધાન્તકૌમુદી) રચાયાં છે ભટ્ટોજિ દીક્ષિતની સિદ્ધાત કૌમુદી રામચદ્રની પ્રક્રિયાકૌમુદી પ્રમાણે જ પ્રકરણોનુ સકલન મોટે ભાગે સ્વીકારે છે તેમની સિદ્ધાન્તકૌમુદી પ્રારભાવસ્થાના સસ્કૃત વ્યાકરણના વિદ્યાર્થીઓ માટે સર્વત સપન્ન અને યોગ્ય પૂરવાર થઇ અને તેથી અન્ય વ્યાકરણો તો ઝાંખા પડી જ ગયા, પણ સાથે સાથે પાણિનિસૂત્રક્રમની અષ્ટાધ્યાયીની પરિપાટી પણ આંશિક થઇ ગઇ રામચદ્ર પદરમી સદીના પૂર્વાર્ધમાં અને ભટ્ટોજિ દિક્ષિત પડિત જગન્નાથના સમકાલિક હતા તેથી સત્તરમી સદીના પૂર્વાર્ધમાં (ઈ સ ૧૬૩૦) થયા હતા. સારસ્વતવ્યાકરણસૂત્ર પર પ્રક્રિયા કરનાર અનુભૂતિસ્વરૂપાચાર્ય પણ ઘણા સ્થળો એ (પાન-૧૫૭ વગેરે) રામચદ્રની પ્રક્રિયાકૌમુદીને પ્રામાણિક માની નોંધે છે અને સ્વીકારે છે વિનયસાગરજી તો ઘણે સ્થળે સ્પષ્ટ જ નામનિર્દેશ કરે છે તે આપણે આગળ (પ્રસ્તાવના પ્રકરણ-૩ મા) જોઇશુ

૧૧૧ પાણિનિસિવાયના અન્ય વ્યાકરણકારોમા (૧) શર્વવર્માનુ કાતંત્ર વ્યાકરણ જે કાલાપક કે કૌમાર નામે પણ ઓળખાય છે (ઇસુનુ પ્રથમ શતક) (૨) ચદ્રગોમીનું ચાન્દ્ર

---

૭ वाक्यकार वररुचि भाष्यकार पतञ्जलिम् ।
पाणिनिं सूत्रकार च प्रणतोऽस्मि मुनित्रयम् ।
मुनित्रय नमस्कृत्य .... સિદ્ધાંતકૌમુદી મગલાચરણ શ્લોક ૧

૮ વિનયસાગરજી-भाष्ये धादौ सलोपता-૨ ૨.૬૪
૯ વિનયસાગરજી-काशिकाया महाभाष्ये-૧ ૧૭.૫૭
૧૦ વિનયસાગરજી-कौमुद्यामिति भाषणात्-૧.૧૫.૨૪

(૮–૧૦: વધુ માટે જુઓ પ્રસ્તાવના પ્રકરણ-૩.)

વ્યાકરણ (ઇ સ. ૪૬૫–૬૫૦) (૩) જિન મહાવીરનું જૈનેન્દ્ર વ્યાકરણ (ઇસુના પાંચમા શતકનો ઉત્તરાર્ધ) (૪) શાકટાયનનુ શબ્દાનુશાસન (ઇસુનુ નવમું શતક) (૫) હેમચંદ્રાચાર્યનું સિદ્ધહૈમશબ્દાનુશાસન (ઇ સ ૧૦૮૮) (૬) નરેન્દ્રાચાર્યનુ સારસ્વત વ્યાકરણ (ઇ સ. ૧૨૫૦–૧૪૫૦) (૭) બોપદેવનું મુગ્ધબોધવ્યાકરણ (ઇસુનું તેરમું શતક) (૮) જૂમરનન્દીનું જૈમર વ્યાકરણ (ઇસુનું તેરમું શતક–બોપદેવના સમય પછીનુ) છે આ બધા વ્યાકરણોમાં શર્વવર્માનું કાતંત્ર વ્યાકરણ, હેમચંદ્રાચાર્યનુ સિદ્ધહૈમશબ્દાનુશાસન અને નરેન્દ્રાચાર્યનુ સારસ્વત વ્યાકરણ પાણિનિના વ્યાકરણ પછી અગત્યનું સ્થાન ધરાવે છે તે ત્રણેયનો અલ્પ પરિચય હવે પછીના ત્રણ વિભાગોમાં આપવામા આવ્યો છે [૧૧].

૧ ૧૨ કાતંત્ર એટલે અલ્પ–નાનું તંત્ર–શાસ્ત્ર આ વ્યાકરણના ઉદ્ભવ પાછળ રમ્ય કિંવદંતી છે. આંધ્રના રાજા સાતવાહન તેમની રાણી સાથે જલક્રીડા કરી રહ્યા હતા ત્યારે રાણીએ વિનંતિ કરી કે मोदकै ताडय राजन् (= मा उदकै ताडय राजन्) બસ હવે પાણી છાંટશો નહિ. રાજા આ સંધિ સમજી ન શકયા અને मोदक–લાડુ મંગાવીને મારવા માંડયા રાણીએ સ્પષ્ટતા કરતા પોતાની અજ્ઞાનતાને દૂર કરવા પંડિત શર્વવર્માને આધુનિક જમાનાના 'અપેક્ષિત' ગ્રંથોની જેમ જલ્દી ભણીને સંસ્કૃત ભાષાના વ્યાકરણનું જ્ઞાન થાય માટે વ્યાકરણ રચવા જણાવ્યું અને શર્વવર્માએ કાતંત્ર વ્યાકરણ રચ્યું તેના સૂત્રો કુમાર કાર્તિકેય પાસેથી મળેલા હોવાથી કૌમાર અથવા કાલાપક વ્યાકરણ તરીકે જાણીતુ છે કાર્યક્રમે ઘણા પ્રક્ષિપ્તો થયા છે. कृदन्त પ્રકરણ તો કાત્યાયનનુ રચેલું છે તેમ નિર્વિવાદ સિદ્ધ થાય છે

કાતંત્ર વ્યાકરણમા સ્વર, વ્યંજન (૧ ૧ ૯), समान (૧ ૧ ૩), सन्ध्यक्षर (૧.૧ ૮), नामी (૧ ૧ ૭) વગેરે તેમજ अन्तस्था (૧.૧ ૧૪), अघोष–घोष (૧ ૫.૮) અને सम्बुद्धि (૪ ૨ ૭) વગેરે, તદુપરાંત परोक्षा (૩ ૧ ૧૩), वर्तमाना (૩ ૧ ૨૪), ह्यस्तनी (૩ ૧.૩૦), आशी (૩ ૧ ૩૬), અને अभ्यास–अभ्यस्त (૩ ૪.૩૦) મ જ્ઞાઓ છે પ્રેરકને અને चुरादि ગણને इन् (૩ ૨ ૯) પ્રત્યય લાગે છે તેમ કહીને પ્રેરકની સંજ્ઞા कारित આપવામા આવી.

સ્વરસંધિમા समानः सवर्णे दीर्घ (૧ ૨ ૧), ए अवर्ण ई वर्णे ए (૧ ૨.૨) उवर्णे ओ (૧.૨ ૩) તેમજ ए अय् (૧ ૨.૧૨) વગેરે છે ધાતુઓના ગણને લાગતાં વિકરણ પ્રત્યયો માટે चुरादि ने इन (૩ ૨ ૧૧), अदादि ने लुक् (૩ ૪ ૯૨), दिवादि ने यन् (૩ ૨ ૩૩), स्वादि ने नु (૩ ૨ ૩૪), रुधादि ने अनि–अन् (૩ ૫ ૨૫), तनादि ने उ (૩.૨ ૩૭) અને क्र्यादि ને ना પ્રત્યય કર્યા છે

સંધીમાં કરેલા ફેરફારોમા इन टा (૨.૧ ૨૩), ईदूतोग्निवो स्वरे (૨ ૨ ૫૬), अपां भे द (૨ ૩.૪૩), त्यदमदोरेमन्यो (૨ ૩ ૩), दे हनोधो दीर्घश्च (૨ ૮ ૬), नामिनश्च ए (૩ ६ ६९) અને उपसर्गे दः कि (૪ ૪ ૭૦) વગેરે છે.

---

૧૧ વધુ માટે જુઓ–પ્રો. કે. બેલવલકર : સીસ્ટીમ્સ ઓફ સંસ્કૃત ગ્રામર

આ વ્યાકરણમાં પાણિનિના વ્યાકરણના મજબૂત બાધાને મોકળાશથી રજૂ કરાયો છે તે ઉપરના સૂત્રોથી જોઇ શકાય છે. વેદ વિષયક સૂત્રો કે, ઘુ નદી જેવી સંજ્ઞાઓને ગ્રહણ નહી કરતાં તેમના અર્થ સ્વરૂપ શબ્દો કે સંજ્ઞીઓ મૂકવામાં આવ્યા છે આમ પાણિનિ વ્યાકરણના માહેશ્વર સૂત્રોને ન લેતા પ્રાતિશાખ્યોના સ્વર, कु વગેરે વ્યજનો એ પ્રમાણે ગ્રહણ કર્યા છે

૧.૧૩ કલિકાલસર્વજ્ઞ તરીકે પંકાતા હેમચંદ્રાચાર્યનો પરિચય આપવાની આવશ્યકતા જ નથી. તેમના સિદ્ધહૈમશબ્દાનુશાસનમાં આઠ અધ્યાયો છે. પ્રથમ સાત અધ્યાયોમા સંસ્કૃત ભાષાના વ્યાકરણ વિષયક સૂત્રો છે અને આઠમા અધ્યાયમા સ સ્કૃતભાષાના શબ્દો અને પ્રત્યયોમાં કયા ફેરફારો થઇને પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્ર શ એ છ ભાષાઓના શબ્દો નિષ્પન્ન થયા છે. તેનું વિવરણ સૂત્રોમાં છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ અધ્યાય અતિમહત્ત્વનો છે

તેમના સંજ્ઞાસૂત્રો કાતંત્રવ્યાકરણના સહેલા પ્રયોગોને જ સ્વીકારે છે જેમ કે लृदन्ताः समाना (૧.૧.૭), अनवर्णा नामी (૧ ૧ ૬), ए ऐ ओ औ सन्ध्यक्षरम् (૧ ૧ ૮), अघोष (૧.૧.૧૩) અને घोष (૧ ૧ ૧૪), यरलवा अन्त.स्था (૧.૧ ૧૫) તેમજ કાળ વગેરેની તેમની સ જ્ઞાઓ आशी (૩.૩ ૧૩) अद्यतनी (૫.૨ ૪), अनद्यतने ह्यस्तनी (૫ ૨.૧) વગેરે લોકપ્રચલિત અર્થમાં જ સ્વીકારે છે

સ્વરસંધિમાં समानाना स्वेन दीर्घ. (૧.૨.૧), अवर्णस्येवर्णादिना एद् ओद् अर् अल् (૧ ૨ ૬), एदैतोऽयाय् (૧ ૨.૨૩), ओदौतोऽवाव् (૧.૨ ૨૪) વગેરેમા પાણિનિવ્યાકરણના अकः सवर्णं दीर्घः (૬ ૧.૧૦૧), इको यणचि (૬.૧ ૭૭) અને एचोऽयवायाव (૬.૧.૭૮) ના વ્યાખ્યાનાન્તર સ્વરૂપો જ છે

વિકરણ પ્રત્યયો दिवादे श्य (૩ ૪ ૭૨), स्वादेः श्नु (૩.૪.૭૫), तुदादे. श (૩ ૪ ૮૧) અને चुरादिभ्यो णिच् (૩.૪.૧૭) માં પાણિનિના પ્રત્યયોને જ સ્વીકારે છે.

अपोऽद् भे (૨ ૧ ૪) उपसर्गाद् द कि (૫ ૩ ૮૭), गमिषद्यमच्छ (૪ ૨ ૧૦૬) માં જૂજ ફેરફાર કરીને ગ્રહણ કર્યા છે.

૧.૧૪ નરેન્દ્રાચાર્યના સારસ્વતવ્યાકરણપર જ આ ભોજવ્યાકરણમ્ ગ્રંથ રચાયો છે તેથી તેના વિષે વિસ્તૃત માહિતી અત્રે આવશ્યક છે.

પાણિનિના વ્યાકરણને તેના વૈજ્ઞાનિક અને પદ્ધતિસરના બ ધારણને જોતાં તે વ્યાકરણ પ્રકરણ ક્રમ પ્રમાણે છે. જ્યારે ઉપર જોયેલા બંને-કાતંત્ર વ્યાકરણ અને સિદ્ધહૈમશબ્દાનુશાસન તેમજ પ્રસ્તુત સારસ્વત વ્યાકરણ પ્રક્રિયાક્રમલક્ષી છે આથી જ પાણિનિના વ્યાકરણમાં જેમ પ્રત્યયનો અધિકાર ત્રીજા અધ્યાયના પ્રથમ પાદના પ્રથમ સૂત્રથી આરંભીને પાંચમા અધ્યાયના અંત સુધી વર્તે છે. તે આ ત્રણ વ્યાકરણોમાં જોવા નહીં મળે ગુણ અને વૃદ્ધિ જેવા સર્વ પ્રક્રિયાવ્યાપી અનુવૃત્ત પદો પણ અહીં દરેક પ્રક્રિયામાં અલગ જોવા મળે છે

૧૧૫ એસ કે. બેલવલકર તેમના ગ્રંથના પાન ૯૨ ની પાદટીપ-૧ માં નોધે છે કે આ સારસ્વતવ્યાકરણના ૫૯૭ સૂત્રો અને ૯૧ વાર્તિકો છે આમ કુલ્લે ૬૮૮ સૂત્રો થાય છે. પરંતુ વિનયસાગરજીના વિદ્વચ્ચિન્તામણિ [12] ગ્રંથમા ગણત્રીપૂર્વક ૪૮૨ સૂત્રો જ છે તેમ સ્પષ્ટ લખ્યું છે. જો કે પ્રક્રિયાનુસાર તો કેટલાય સૂત્રો અને વાર્તિકોને બે કે તેથી વધારે સમય પુનરાવર્તન કરીને ૧૪૦૦ સૂત્રોની ઉપર મ ખ્યા પ્રકાશિત થઈ છે.[13] વિનયસાગરજીના મત પ્રમાણે સારસ્વત સૂત્રો નો વિષયવાર ક્રમ નીચે પ્રમાણે છે [14]

પ્રથમાવૃત્તિ	૧ સંજ્ઞાસૂત્રો	૭
	૨ સ્વરસંધિસૂત્રો	૧૯
	૩ પ્રકૃતિભાવસૂત્રો	૪
	૪ વ્યંજનસંધિસૂત્રો	૧૮
	૫ વિસર્ગસંધિ સૂત્રો	૧૦
	૬ વિભક્તિસૂત્રો	૧૦૩
	૭ યુષ્મદસ્મદીસૂત્રો	૭૬
	૮ કારકસૂત્રો	૮
	૯ તદ્ધિતસૂત્રો	૩૩
	૧૦ સ્ત્રીપ્રત્યયસૂત્રો	૧૧
	૧૧ સમાસસૂત્રો	૨૧
દ્વિતીયવૃત્તિ	૧ આખ્યાતસૂત્રો	૭૮
તૃતીયવૃત્તિ	૧ કૃદન્તસૂત્રો	૯૪
		૪૮૨

૧૧૬ પ્રસ્તુત વ્યાકરણનો નિર્દેશ બોપદેવ કે હેમચંદ્રાચાર્યજીએ કર્યો નથી તેમજ પ્રસ્તુત વ્યાકરણ પરની ટીકાઓ પણ ઈ. સ ૧૪૫૦ પછી લખાયેલી છે. તેથી જ તેનો સમય ઈસુના તેરમા-ચૌદમા શતકનો ગણાય છે. વળી સારસ્વતપ્રક્રિયાકાર અનુભૂતિસ્વરૂપાચાર્ય રામચંદ્રની પ્રક્રિયાકૌમુદીમાંથી ઉદ્ધરણો ટાંકે છે પ્રક્રિયાકૌમુદીકાર રામચદ્રનો સમય ઈસુના પંદરમાં શતકનો પૂર્વાર્ધ છે.

---

૧૨ પ્રસ્તુત સંપુટમાં પ્રાચીન ગ્રંથોદ્ધાર ક્રમાંક-૧૦ તરીકે અનુવાદકે આ ગ્રંથ સંપાદિત કર્યો છે

૧૩ પરિશિષ્ટ-૧ માં આ સૂત્રોને વિષયવાર વ્યવસ્થિત કરીને અનુવાદકે સંપાદિત કર્યાં છે.

૧૪ संज्ञाप्रकरणं प्रथमं स्यात् स्वरसन्धिगतं परम् ।
प्रकृतिभावसन्धिश्च व्यञ्जनाख्यं विसर्गजं ॥ ११९ ॥
नामप्रकरणं स्यात्तु ततोऽपि युष्मदस्मदोः ।
कारकं तद्धितं च समासाख्यानम् ततः ॥ १२० ॥ विद्वच्चिन्तामणि. ॥

એટલે પંદરમાં શતકના ઉત્તરાર્ધમાં આ વ્યાકરણ પર પ્રક્રિયા લખાઇ તેથી અનુભૂતિસ્વરૂપાચાર્યનો સમય નિશ્ચિત થાય છે. પરંતુ તે પહેલા સંવત ૧૩૫૪ (ઇ. સ. ૧૨૯૬) મા ધોળકાના ચાંડૂપંડિતે તેમની નૈષધીયચરિતમ્ પરની દીપિકા ટીકામા गणेय શબ્દને સિદ્ધ કરવા માટે गण सङ्ख्याने ધાતુના इनन्त રૂપને स्वराद्य (સારસ્વતસૂત્ર ૩ ૭ ૨) નો આશ્રય લીધો છે આમ તેરમા શતકમાં પણ આ વ્યાકરણ પ્રચલિત હતુ તે સ્પષ્ટ થાય છે.

૧.૧૭ સારસ્વતસૂત્રો પરની સ્વતંત્ર ટીકાઓમા (૧) રામચન્દ્રાશ્રમની સિદ્ધાન્તચન્દ્રિકા (ઇસુનું સોળમું શતક), (૨) તર્કતિલકભટ્ટાચાર્યની સારસ્વતવૃત્તિ (ઇસુના સત્તરમા શતકનો પૂર્વાર્ધ), (૩) જિનેન્દુ અથવા જિનરત્નની સિદ્ધાન્તરત્ન (સમય ?) અને (૪) ભટ્ટોજિદીક્ષિતના શિષ્ય રઘુનાથનુ લઘુ–ભાષ્ય (ઇસુનુ સત્તરમુ શતક–મધ્યભાગ) વગેરે ઉલ્લેખનીય છે સારસ્વતપ્રક્રિયા પર તો ઘણી ટીકાઓ લખાઇ છે. (૧) પુંજરાજ (ઇસુનું પંદરમુ શતક–ઉત્તરાર્ધ), (૨) અમૃતભારતી (પંદરમી સદીનો ઉત્તરાર્ધ), (૩) ક્ષેમેન્દ્ર (સોળમી સદીનો પૂર્વાર્ધ)–આ ત્રણ ટીકાકારો નરેન્દ્રાચાર્યને સારસ્વતસૂત્રકાર તરીકે નિર્દેશે છે (૪) ધનેશ્વર (સોળમી સદી પૂર્વાર્ધ), (૫) ચંદ્રકીર્તિ (સોળમી સદી), (૬) માધવ (સોળમી સદી), (૭) મેઘરત્ન (સોળમી સદી) તેજ સમયના અન્ય બે ટીકાકારો (૮) વાસુદેવ ભટ્ટ અને મંડન છે તે પછી સત્તરમી સદીમાં પ્રસ્તુત ભોજવ્યાકરણમ્ ના રચયિતા શ્રીવિનયસાગરજી આવે છે

૧.૧૮ સારસ્વતવ્યાકરણનો ઉદ્ભવ અને વિકાસ તેના અલ્પતમ સૂત્રો અને તેની પ્રક્રિયા ક્રમાનુસાર રચના–પદ્ધતિની સુકરતાને લીધે થયો છે. જોકે અંતિમસૂત્ર–लोकाच्छेषस्य सिद्धिर्यथा मातरादेः (૩.૧૦ ૧૯) માં આ વ્યાકરણ આરંભાવસ્થાના સંસ્કૃતભાષાના જિજ્ઞાસુઓ અર્થે છે તેમ સ્પષ્ટ થાય છે સ્વરસંધિના પ્રકરણમા स्वरे–સ્વરપરમાં હોય ત્યારે–તે પદની અનુવૃત્તિ મૂકી છે તેમજ अ વર્ણની પણ અનુવૃત્તિ મૂકી છે જેમકે :–

इ य स्वरे ॥ १ २ १ ॥[15]
उ वम् ,, ॥ १ २ २ ॥
ऋ रम् ,, ॥ १ २ ३ ॥
ऌ लम् ,, ॥ १.२ ४ ॥
ए अय् ,, ॥ १ २ ५ ॥

अ इ ए ॥ १ २.१३ ॥
,, उ ओ ॥ १.२ १४ ॥
,, ऋ अर् ॥ १ २ १५ ॥
,, ऌ अल् ॥ १ २.१६ ॥

વગેરે છે.

---

૧૫ આ સૂત્રક્રમ વિદ્વચ્ચિન્તામણિ અનુસાર લીધો છે

વળી પાણિનિ, કાતંત્ર અને સિદ્ધહૈમવ્યાકરણના ઘણા સૂત્રોને ટૂંકા કરવા માટે તે તે ધાતુ વગેરેનો ગણ બનાવીને મૂક્યો છે જેમકે પાણિનિનું उषुगमियमां छः (૭.૩ ૭૭), કાતંત્રનું गमिष्यमां छ (૩ ૬ ૬૯) અને સિદ્ધહૈમનું गमिषद्यमश्छ. (૪.૨ ૧૦૬) ને गमां छः (૨.૧.૧૦૬) કરીને મૂક્યું છે. તે જ પ્રમાણે પાણિનિસૂત્ર गुप्तिज्किद्भ्यः सन् (૩.૧.૫), કાતંત્રસૂત્ર गुप्तिज्किद्भ्यः (૩.૨.૨) અને સિદ્ધહૈમસૂત્રો गुपिजो गर्हाक्षान्तौ सन् (૩ ૪ ૫) અને कित. संशयप्रतीकारे (૩ ૪ ૬) ને गुप्कितः (૨.૧ ૧૪૧) જ કર્યું છે

અને પાણિનિસૂત્ર अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ (૬.૪ ૭૭), કાતંત્રસૂત્ર ईदूतोरियुवौ (૨ ૨.૫૬) અને સિદ્ધહૈમસૂત્ર धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये (૨ ૧.૫૦) ને માટે य्वोर्धातोरियुवौ स्वरे (૧ ૬ ૬૦) એમ કર્યું છે.

છંદ-વેદ વિષયક સૂત્રોને બાકાત રાખવામાં આવ્યા છે. આમ આટલી સરળતા, સંક્ષિપ્તતા અને શીઘ્રફળદાયિતાને લીધે આ વ્યાકરણનો પ્રચાર ઉત્તર ભારતના પ્રદેશોમાં વધુ થયો હતો. મુસ્લીમ બાદશાહોને પણ ભારતની ભાષાનું અધ્યયન કરવામાં મુશ્કેલી નડી નહિ.

૧.૧૯ નરેન્દ્રાચાર્યની સારસ્વતસૂત્રો પરની અનુભૂતિ-સ્વરૂપાચાર્યની પ્રક્રિયા પર ચંદ્રકીર્તિમુનિની સુબોધિકા નામની ટીકા છે તેમાં ઘણા સ્થળો એ (પાન-૧૫૯, ૧૭૫, ૧૯૨, ૨૧૬ વગેરે) સારસ્વત પ્રક્રિયાના પદો અનુભૂતિસ્વરૂપાચાર્યે પ્રક્રિયાકૌમુદીમાંથી લીધા છે, તેવો નિર્દેશ છે વળી ઘણા સ્થળોએ (પાન-૧૬, ૪૮, ૪૧, ૨૭૯, ૩૦૬ વગેરે) કયા પદની અનુવૃત્તિ પ્રસ્તુત સ્થળના સૂત્રમાં લેવાની છે તેવો નિર્દેશ કર્યો છે. ચંદ્રકીર્તિમુનિએ સારસ્વત પ્રક્રિયામાં પ્રક્રિયા આપી ન હોય તેવા પદોની પ્રક્રિયા તેમજ સાધના આપી ન હોય તેવા ધાતુઓની સાધના કે રૂપો આપીને વિષય પૂરો કરવાની પદ્ધતિ અપનાવી છે

૧.૨૦ આ પદ્ધતિને લક્ષ્યમાં રાખીને મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીએ તેમના ભોજવ્યાકરણમ્ માં પ્રક્રિયાકૌમુદીનો તો નિર્દેશ કર્યો છે. પરંતુ તદુપરાંત પાણિનિવ્યાકરણના મહાભાષ્ય અને કાશિકા ગ્રંથનો પણ નિર્દેશ કરીને તેમના વિધાનો, સૂત્રો, વ્યાખ્યાનો વગેરેને સ્વીકાર્યા છે અને આજે જેને આપણે સંશોધનનો વિષય કહીએ છીએ તે રીતે કાર્ય કરીને ભોજવ્યાકરણમ્ ને સંપૂર્ણની સાંગોપાંગ સુંદર કરવાનો અભિગમ દર્શાવ્યો છે વ્યાકરણને આપણે શબ્દશાસ્ત્ર તરીકે પ્રથમ પંક્તિમાં મૂકીએ છીએ કારણ કે વ્યાકરણ એ ભાષાનું છે અને ભાષા જનસમાજના વ્યવહારનું સાધન છે તેથી તેને જાતિ કે ધર્મનું બંધન નથી આમ સંસ્કૃત ભાષા ભારતીયોની ભાષા છે તેમ વિધાનને જાણે ગર્ભિત રીતે આપતા હોય તેમ મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી ભોજવ્યાકરણમ્ની પ્રથમ વૃત્તિમાં બ્રહ્મા, દ્વિતીય વૃત્તિમાં વિષ્ણુ-શ્રીધર અને તૃતીય વૃત્તિમાં શંભુ-શિવને મંગલશ્લોક દ્વારા નમસ્કાર કરે છે

તેની વધુ ચર્ચા પ્રસ્તાવનાના પ્રકરણ-૨ માં કરીશું.

પ્રસ્તુત ગ્રંથની પત્રાકાર આવૃત્તિ સંવત ૧૯૭૫ (વીર સંવત ૨૪૪૪, ઇ સ ૧૯૧૯) માં અચલગચ્છીય મુનિવર્ય શ્રી ગૌતમસાગરસૂરિના ઉપદેશથી નાનીતુબડી (કચ્છ) ના ગં સ્વ જેતબાઇ ઉમરશી રાયસીએ નિર્ણયસાગરમા છપાવેલી. તેના સંશોધક વઢવાણુના હરિશંકર કાલિદાસ શાસ્ત્રી હતા. તે પ્રકાશિત આવૃત્તિમા ઘણી અશુદ્ધિઓ રહી જવા પામી છે તે બધી અશુદ્ધિઓને સુધારીને આ આવૃત્તિમાં શુદ્ધ પાઠ આપવાનો વિનમ્ર પ્રયાસ થયો છે

પ્રકરણ–૨

મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી (જીવન અને કવન)

૨૧ વિક્રમના સોળમા શતકમાં મહારાવ ખેંગારે કચ્છ દેશનો રાજ્યભાર સંભાળ્યો અને ભારે જહેમતથી દેશમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યા તેમના જ અથાગ પ્રયત્નોને લઇને ઈ સ ૧૫૮૫ માં મહારાવ ભારમલ્લ રાજા થયા ત્યારે તેમને જામરાવળના હમીર જે કુંટુંબવૈરી હતો તે સિવાય કંઇ ઉપદ્રવ ન હતો [1] ખેંગારે પોતાની દીકરી મુસ્લીમ બાદશાહને આપીને મુસ્લીમો તરફથી પણ મહારાવ ભારમલ્લને મુક્ત કર્યા હતા તેથી ભારમલ્લને ઇ. સ ૧૬૩૧ સુધીના રાજશાસન દરમિયાન સાહિત્યિક, ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા સુંદર તક મળી તેથી જ કચ્છી કહેવત છે કે 'ખાટીયો ખેંગાર ભોગવ્યો ભાર' (મહેનત ખેંગાર મહારાવની અને ફળ મળ્યા ભારમલ્લને) તે ત્યારથી જ છે. અને જ્યારે પિતાના શ્રમ અને પ્રયાસોથી પુત્રને નિષ્કંટકતા ભોગવવા મળે ત્યારે કચ્છીઓ આ કહેવત બોલતા નજરે પડે છે

આ ભારમલ્લના રાજ્યશાસન દરમિયાન ઘણા ઓશવાળ જૈન વણિકો ત્યા વેપારાર્થે વસ્યા હતા અને તેમના પરિચયને કારણે મહારાવ ભારમલ્લને પણ જૈન ધર્મ પ્રત્યે અનુરાગ હતો. કચ્છી જૈન વણિકો પોતાના કોઇ મુનિવર્યને આવકારવા, સત્કારવા ધર્મોપદેશન માટે રીઝવવા વિચારતા હતા [2] કારણ કે ધર્મગુરુના પવિત્ર વચનો, નિષ્પાપ આચરણ અને દૃઢ મનોબળના દર્શન અને શ્રવણ ન થાય તો સ્વાભાવિક છે કે લોકોને ધર્મમાં અશ્રદ્ધા અને અધર્મમા શ્રદ્ધા થાય. આથી તે વણિકોએ અચલગચ્છેશ્વર શ્રી ધર્મમૂર્તિસૂરિને વિનંતિ કરી અને તે વિનતિને માન્ય રાખીને આચાર્યે લઘુવયસ્ક છતાં પ્રૌઢ પ્રતાપી શ્રી કલ્યાણસાગરસૂરિને કચ્છ દેશમા જવા આજ્ઞા કરી [3] અને જૈન વણિકોને ભદ્રાવતીમાં ધર્મોપદેશન કરીને જૈન સમાજને જાગૃત કરી દીધો તેના ફળ સ્વરૂપે જૈન સમાજમાં આધ્યાત્મિક અને ધાર્મિક શ્રદ્ધાના બી વવાયાં (ઇ. સ. ૧૫૯૪–૯૫)

ઇ સ. ૧૫૯૫–૯૬ અને પછી ૧૫૯૮ માં જ્યારે આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિ ભુજમા પધાર્યા ત્યારે ભારમલ્લને અભિમંત્રિત જળ વડે રોગમુક્ત કર્યા મહારાવને જૈન ધર્મપ્રતિબોધ

---

૧ રાઠોડ રામસિંહ: કચ્છનું સંસ્કૃત દર્શન, પા. ૧૮

૨ શાસ્ત્રી હરિશંકર કાલિદાસ ભોજવ્યાકરણમ્, ઉપોદ્ઘાત પા ૧

૩ પૂ. મુનિવર્ય કલાપ્રભસાગરજી શ્રી આર્ય–કલ્યાણ–ગૌતમ સ્મૃતિ ગ્રંથ ભાગ–૧, વિભાગ–૩ પા ૧૦૮

પણ આવ્યો. મહારાવ ભારમલ્લના કુંવર ભોજમલ્લને સંસ્કૃત ભાષા પ્રત્યે અનુરાગ થયો તેથી તેમને સંસ્કૃત ભાષાના વ્યાકરણનું અધ્યયન સુકર થાય તે હેતુથી શ્રી કલ્યાણસાગરસૂરિના શિષ્ય મહોપાધ્યાય વિનયસાગરને સોંપવામાં આવ્યા અને તેમણે ભોજમલ્લને સારસ્વતવ્યાકરણ ભણાવ્યુ પછી કાળક્રમે જ્યારે ભોજમલ્લ ગાદીએ આવ્યા ત્યારે (ઈ.સ ૧૬૩૧–૧૬૪૫) તેમનો અભ્યાસ સતત રહે તે માટે ભોજમલ્લના નામ પર ભોજવ્યાકરણમ્‌ની રચના મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીએ કરી.[૪]

૨૨ મહોપાધ્યાય વિનયસાગરજીને અચલગચ્છાધિપતિ શ્રી ધર્મમૂર્તિસૂરિના શિષ્ય સમુદાયના સાત[૫] મહોપાધ્યાયો પૈકી મહોપાધ્યાય રત્નસાગરજી પછી બીજા નંબરે પટ્ટાવલીમાં નોંધ્યા છે મહોપાધ્યાય વિનયસાગરજી મૂળ અમદાવાદના હતા. તે શ્રીમાળ વણિક હતા પિતાનુ નામ ભીમા અને માતાનું નામ નાકુ (નાકૂ) હતું.[૬] તેમના પિતા ભીમાએ સંવત ૧૬૪૪ ફાગણ સુદ ૨ ને રવિવારે સુમતિનાથ બિંબ ભરાવ્યું હતું. તેમ ધર્મમૂર્તિસૂરિના પ્રતિષ્ઠા લેખમાં છે.[૭] વિનયસાગરજીને મહોપાધ્યાયની પદવી ધર્મમૂર્તિસૂરિના સમયમા જ મળી હતી[૮] અને અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરસૂરિના સમયમાં તે આચાર્યપદ પામ્યા હતા.[૯]

તેમનો સમય ઇસુની સોળમી સદીનો આવે છે કારણ કે આ મહોપાધ્યાય શ્રી વિનયસાગરજી નો ક્રમ બીજો છે અને દેવસાગરજી જેમનો સમય ઇસુના સત્તરમા શતકનો પૂર્વાર્ધ છે તેમનો ચોથો છે તેમ ઉપર જોયું તેથી ઇ સ. ૧૫૮૫ માં મહોપાધ્યાય રત્નસાગરજીએ દીક્ષા લીધી તે પછી જ્યારે મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીના પિતાએ સં. ૧૬૪૪ (ઇ સ ૧૫૮૮) માં સુમતિનાથ બિંબ ભરાવ્યુ ને અરસામા કે તે પછીના સમયમાં વિનયસાગરજીએ દીક્ષા લીધી હશે તેમણે અચલગચ્છાધિપતિ કલ્યાણસાગરસૂરિ ને જ ગુરૂ અને પોતાને તેમના શિષ્ય તરીકે

---

૪ श्रीभारमल्लात्मजभोजनृपार्थं–१ १.१

૫ (૧) રત્નસાગર (૨) વિનયસાગર (૩) ઉદયસાગર (૪) દેવસાગર (૫) સૌભાગ્ય સાગર (૬) લબ્ધિસાગર અને (૭) સુરસાગર જુઓ. પાર્શ્વ : અંચલગચ્છ દિગ્દર્શન, પાન–૩૬૧.

૬ श्रीश्रीमालकुले श्रीमान् भीमाह्वस्तस्य नन्दनः ।
विनयसागर ख्याति नाकुसूनु. सुतद्दितम् ॥ १ १८ १

૭ પાર્શ્વ: અંચલગચ્છ દિગ્દર્શન, પાન–૩૮૪.

૮ અચલગચ્છમાં ક્રમાનુસાર પદવી આ પ્રમાણે છે દીક્ષા વખતે મુનિ કે સાધુ → ગણિ →ઉપાધ્યાય→આચાર્ય → ગચ્છાધિપતિ. આ માહિતી માટે મુનિવર્ય શ્રી કલાપ્રભસાગરજીના આભારી છુ.

૯ વિદ્વચ્ચિંતામણિની પુષ્પિકા (શ્લોક–૧૨૩)
श्रीविधिपक्षगच्छेशा सूरिकल्याणसागरा ।
तेषां शिष्येणाचार्य. सूरिविनयसागरे ॥

ઘણે સ્થળે સ્પષ્ટ રીતે ચચ્યું છે શ્રી કલ્યાણસાગરસૂરિએ વિનયસાગરજીને માટે મિશ્રલિંગ કોશ લિંગનિર્ણયકોશ રચ્યો હતો.[10]

વિનયસાગરજીની ખ્યાતિ પાણિનીય વ્યાકરણના વિદ્વાન તરીકે પણ હતી તેમ સ. ૧૬૭૭ માં ખંભાતથી ભૂજ ખાતે લખવામા આવેલા દેવસાગર ના પત્રમા જણાય છે

"પાણિનીય વ્યાકરણ અને ફણિ–પતંજલિના ભાષ્ય વગેરે ગ્રંથોના મહાન આખ્યાતા"[11] તર્કમાં (ન્યાયમાં) તીક્ષ્ણ બુદ્ધિ, ઉત્તમ પુરુષોમાં અગ્રણી અને વિનયસાગર નામે મુનિ–"[12]

૨ ૩ તેમના શિષ્યોમા સૌભાગ્ય સાગરમુનિ અને સોમસાગરમુનિના નામો મળે છે[13]

૨.૪ તેમના ગ્રંથોમાં સ. ૧૭૦૨ (ઈ સ ૧૬૫૬) માં રચેલા 'અનેકાર્થરત્નકોશ' અથવા અનેકાર્થ નામમાલા આવે છે. આ ગ્રંથમાં હિન્દી, ભાષાના શબ્દોનો કોશ છે અને તેને ત્રણ અધિકારમા વિભક્ત કર્યો છે. કુલ ૧૬૯ શ્લોક માં છે

૨ ૫ હિંગુલપ્રકર નામનો ગ્રંથ સં ૧૭૦૦ (ઇ. સ ૧૬૫૪) પહેલાં રચાયો છે[14] હિંગુલ એટલે હિંગ તેને ખાદ્યોપયોગ્ય બનાવવા માટે કેટલીક સાધના કરવી પડે છે. અહીં તાત્ત્વિક–આધ્યાત્મિક સાધના બતાવતાં હિંગુલનો અર્થ મન એમ રૂપક દ્વારા રજૂ કરવામાં આવ્યો છે કારણ કે તેમાં બત્રીસ પ્રક્રમ–પ્રકરણ છે દરેક પ્રક્રમમા ચાર કે તેથી વધુ અનુષ્ટુપ્ (મોટા ભાગના) પદ્યો છે તેમાં પ્રાણાતિપાદ, મૃષાવાદ તેમજ ક્રોધ વગેરે અઢાર પાપસ્થાનો, દ્યૂત વગેરે સાત વ્યસનો અને દાન, શીલ, તપ તેમજ ભાવ એ ચાર ધર્મો અને છેલ્લે જિનેન્દ્રપૂજા, ગુરુભક્તિ અને ઉદ્યમ–સાધના–યોગને વિષે ચર્ચા છે

૨ ૬ વિદ્વચ્ચિન્તામણિની વિ. સ ૧૮૭૪ (ઇ. સ ૧૮૧૮) શકસંવત્ ૧૭૩૯ ના ફાગણ સુદ ૬ ને શુક્રવારને લિપિ કરેલી હસ્તપ્રત મુનિવર્ય શ્રી કલાપૂભસાગરજી પાસેથી ઝેરોક્ષ કોપી કરેલી મળી છે તે પરથી આ પ્રમાણે વર્ણન કરી શકાય છે

કુલ પાનાં – ૫ + ૧/૨
સાઇઝ – ૧૧ × ૨૨ સે. મી.
લાઇન – ૧૩

---

૧૦ જુઓ. અ ચલગચ્છ દિગ્દર્શન, પાન–૪૦૭.

૧૧ आख्यातोपयोगे ।। पा. १.४ २९

૧૨ पाणिनीयफणिभाषितादिषु ग्रन्थराशिषु महोपयोगभाक् ।
तर्कतीक्ष्णमतिरुत्तमाग्रणी लंब्धवर्णविनयोदधिर्मुनिः ।।१९।।

૧૩ જુઓ' અ ચલગચ્છ દિગ્દર્શન, પાન–૪૦૭.

૧૪ ડી સ. લાલન . હિંગુલપ્રકરણ, પ્રકાશક ભીમસી માણેક. ૧૯૦૦.

અક્ષર - ૩૩
કુલ શ્લોક - ૧૨૬

અક્ષરોના મરોડ ખૂબ સુંદર અને વ્યવસ્થિત છે અંકો પર લાલ ચિહ્ન છે. લહિયાનું કે લેખકનું નામ છે, તે પણ સંશયગ્રસ્ત છે કારણ કે શાંતિનાથની કૃપાથી એટલું જ લખ્યું છે.

પ્રસ્તુત ગ્રંથ ભોજવ્યાકરણમ્‌ની રચના પછીનો જણાય છે, કારણકે ભોજવ્યાકરણમ્‌ની રચના સમયે વિનયસાગરજી મહોપાધ્યાય હતા જ્યારે આ ગ્રંથની પુષ્પિકામાં તેઓ પોતાને આચાર્ય કહે છે [15] વિષયની દૃષ્ટિએ જોતાં પણ આ ગ્રંથ ભોજવ્યાકરણમ્‌નો સહાયક ગ્રંથ જણાય છે અહીં ભોજવ્યાકરણમ્ જે સારસ્વતસૂત્રો પર રચાયું છે તેનો સૂત્રપાઠ પદ્યબદ્ધ કરીને આપવાનો પ્રયાસ થયો છે, જેથી વિદ્યાર્થીઓને અધ્યયનમા સુકરતા પ્રાપ્ત થાય છે

સારસ્વતસૂત્રોના પ્રકરણ અને તેમાં આવતાં વિષયના સૂત્રોની સંખ્યા સાથે [16] તેમણે અનુષ્ટુપ્ અને આર્યા છંદમાં પદ્યો આપ્યા છે જે જે સ્થળે સૂત્રના અક્ષરપ્રમાણમા શંકા થાય તેવું હોય ત્યાં આઠ અક્ષરનુ સૂત્ર (सूत्रम् अष्टाक्षर–પદ્ય–૧) તેમજ પદવિષયક સંદિગ્ધતા જણાય ત્યા બે પદ (द्विपद–પદ્ય–૧૬) એમ સ્પષ્ટતાઓ કરી છે

આ ગ્રંથ સાથે જો સારસ્વતપ્રક્રિયા અને ભોજવ્યાકરણમ્‌ના સૂત્રોની તુલના કરીએ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે સારસ્વત વ્યાકરણની પ્રક્રિયા પરથી વિનયસાગરજીએ ભોજવ્યાકરણમ્‌ની રચના કરી પરંતુ સૂત્રપાઠના અધ્યયન સિવાય પ્રક્રિયા ગ્રંથમા સફળતા મળતી નથી તેમ સમજીને સૂત્રપાઠ પણ આપ્યો જો તેમણે ગણપાઠ અને ધાતુપાઠ પણ આપ્યો હોત તો સારસ્વત-વ્યાકરણ પરનુ તેમનું કાર્ય સંપૂર્ણ થયુ હોત જો કે ગણપાઠ અને ધાતુપાઠને વિનયસાગરજીએ ભોજવ્યાકરણમ્‌માં તો આવશ્યક સ્થળોએ આપ્યો જ છે.

૨.૭ વસંત નામનુ હિંદી કાવ્ય 'પંચપ્રતિક્રમણસૂત્રાણિ' [17] (પા ૪૦૯–૪૧૪) માં પ્રકાશિત કર્યું છે તેને કેટલાક વિદ્વાનો મહોપાધ્યાય વિનયસાગરજીનું છે તેમ કહે છે તેમાં આવતી પુષ્પિકાઓ–विनय नमत तुम वन्दा, (૧૪) विनय भजत अचल ध्यानसे (૧૧ ૩),, दिसा केवल ज्ञान कल्याणक (૧૭.૫) –મા વિનય, અચલગચ્છ અને કલ્યાણ એમ નામો છે. પરંતુ પદ્ય ૬ ના પદ–૪ ના પર ચિંતન કરતાં આ ગ્રંથના અનુવાદકને લાગે છે કે વિનયસાગરકૃત વસંત પદ્ય સંવત ૧૯૦૫ (ઇ સ. ૧૮૪૯) માં અચલગચ્છાધિપતિ મુક્તિસાગરસૂરિના શિષ્ય વિનયસાગરમુનિએ [18] રચ્યું છે.

---

૧૫ જુઓ આ જ પ્રકરણમાં પાદટીપ–૯

૧૬ જુઓ પ્રકરણ ૧, પેરા–૧૫.

૧૭ શેઠ લાલજી પુનશી પંચપ્રતિક્રમણસૂત્રાણિ, ૧૯૩૦

૧૮ સંવત ૧૯૨૨ માં વિદ્યમાન વિનયસાગર માત્ર ઉપાધ્યાય જ હતા જુઓ પા શ્વં: અંચલ ગચ્છ દિગ્દર્શન, પાન–૫૬૦. (૨૪૫૩)

અચલગચ્છ દિગ્દર્શનના પાન-૫૩૨ પર નોંધ્યું છે કે "પાલીતાણામા નરશીનાથાના ધર્મ-સ્થાપત્યોમા ધર્મશાળા તેમજ શ્રી ચન્દ્રપ્રભુનુ જિનાલય મુખ્ય છે સં ૧૯૦૫ ના માઘ સુદી ૫ ને સોમવારે મુક્તિસાગરસુરિના ઉપદેશથી " આ જ ભાવ વિનયસાગરકૃત વસંત પદ્ય-૬ ૫૬-૪ મા છે

आगणीस पाच माघ शुदि पचमी ।
मोमवार सुखकारी ॥
जरकट वदिर सघ मिलत वहु ।
ओच्छव हुओ उदारि
थापना भई मनुहारि । (પાન-૪૧૧)

આથી વિનયસાગરકૃત વસત એ મહોપાધ્યાય વિનયસાગરજીનો નથી પરંતુ તેમના પછી બસો વર્ષે થયેલા ઉપાધ્યાય વિનયસાગરનો છે

૨૮ ભોજવ્યાકરણમ પરનો અભ્યાસ આગળ પ્રકરણ ત્રણ માં કરીશું પરંતુ તેમાથી મહોપાધ્યાય વિનયસાગરજી નુ છતું થતું વ્યકિતત્વ અહીં પ્રગટ કરવામા આવ્યુ છે તેમણે ત્રણેય વૃત્તિના આરભમા અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શભુને મંગલશ્લોકમાં મૂકયા છે. સરસ્વતી એટલે ભાષાજ્ઞાન એમ અર્થ લઇએ તો વિનયસાગરજી એ કરેલા મંગલત્રયને સારી રીતે સમજી શકાય છે. વળી તેમણે ગુરુ અચલગચ્છાધિપતિ કલ્યાણસાગરસૂરિને પણ નમસ્કાર કર્યા છે તેથી गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वर । એના અનુમાર જ્ઞાન માટે ઇચ્છા ઉભી કરનાર ગુરુ બ્રહ્મ-સ્વરૂપ છે ટકાવી રાખનાર અને પાલનપોષણ કરનાર ગુરૂ વિષ્ણુસ્વરૂપ છે અને અજ્ઞાનના અભેદ્ય અધકારને છેદી નાખનાર – ભસ્મ કરી નાખનાર ગુરૂ શિવ-શંભુસ્વરૂપ છે આ ત્રણ ભાવ અહીં સૂચવાયા છે शिष्य पुत्रीयति प्रभु: (૨૧૫.૨૧) માં ગુરુની શિષ્ય પર પ્રીતિ અને आचार्यो नवशिष्येण पृच्छयते तत्त्वम् (૨ ૧૭ ૫૧) મા શિષ્ય તરીકેની તત્ત્વપૃચ્છા રજૂ થાય છે.

૨૯ સતોષનો ગુણ કેળવાય તો ઝૂંપડી પણ મહેલ જેવી લાગે–प्रासादीयति कुटधाम् (૨૧૫૨૧) અને જો વૈરાગ્ય ન હોય તો એટલે કે રાગ હોય તો દુખી થવાય છે – त्व दु खी रागैर्विरागैरह सुखी (૨ ૧૫ ૧૫) અને ધર્મપાલનમાં વિધ્યર્થનો પ્રયોગ બતાવતાં જણાવે છે કે – शुद्धधर्मश्च कर्तव्यः करणीयस्त्वया प्रभो । (૩.૨૦૭) અહી यथा राजा तथा प्रजा ના ન્યાયે રાજાએ જ શુદ્ધ ધર્માચરણ કરવું તેવો તેમનો આગ્રહ છે. ૧.૭ ૬૭ મા शङ्खेश्वराख्यमिह तीर्थमिदं हरेश्च મા શખેશ્વર તીર્થમા વિષ્ણુ જ વિરાજમાન છે. તેમ જણાવાયુ છે તેમની કાવ્યશક્તિ અને કાવ્યપ્રતિભાના દર્શન તો આગળ થશે પણ તેમના વિદ્વત્તાપૂર્ણ વ્યક્તિત્ત્વનું દર્શન કરાવતો આ શ્લોક અહીં આપવો આવશ્યક છે

शम्भु· सशक्तिः सकल. श्रिये स्तात्
सुरासुरेन्द्रस्तुतपत्सरोज ।

नतसिद्धिसन्दर्भविधौ समर्थः
सदोदयः स्राक् सगुणो गणेशः ॥३१॥

શંભુ, नशक्ति - શક્તિસહિત, सकलः–સકળ–કલાસહિત, श्रिये–શ્રી–શોભા માટે, स्तात् (अस्–अस्ति નું આશીરર્થ) થાવ, સુરેન્દ્ર અને અસુરેન્દ્ર વડે સ્તુત–સ્તુતિ કરાતા, पत्सरोज–પાદ કમળવાળા, नत–સારી સિદ્ધિના વિષેની વિધિ–કાર્યમા સમર્થ, सदोदय–સદા ઉદયશીલ–सद – સારું આપનાર दय–દયાવાન, स्राक्–શીઘ્ર सगुण –ગુણો સહિત, गणेश –ગણોના અધિપતિ

તેના વ્યાકરણપરક અર્થ લઇએ ત્યારે –

शम्भु :– પદ, શક્તિ–પ્રત્યય સહિત, કલા–વિભક્તિઓ સહિત, श्रिये–કલ્યાણ (एकः शब्दः सम्यग् ज्ञातः सम्यक् प्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति–મહાભાષ્ય), सुर–સ્વર, असुर–અસ્વર= વ્યંજન इन्द्र–જે ઇન્દ્રિયો–મુખ વગેરેમાથી स्तुत - ઉદ્ભવે છે અને पत्सर (पद्यते सर –) મુખકુહર પામીને ज –જન્મનાર છે પછી તે સારી સાધના–પ્રક્રિયા પૂર્વક સંદર્ભ વિષયે વિધાન ઉપયોગ માટે સમર્થ–સમ્યક્ અર્થવાળો થાય છે સદા ઉદયશીલ–ઉદય ઉન્નતિ આપનાર, स्राक्–શીઘ્ર આવનાર, सगुण ગુણો–ઉદાત્તાદિ સ્વરો સહિત અને–ગણપાઠ કે कु, चु, टु વગેરે વર્ગોનો સ્વામી તે પદ.

ગુરૂપરક અર્થ–शम्भु. કલ્યાણકારી, શક્તિ–દીક્ષા કે અદભૂત શક્તિઓ સહિત. કલા– ઇશ્વરનો અંશ ધરાવનાર सत्–ઉત્તમ સિદ્ધિઓ–અણિમા વગેરેની, પ્રાપ્તિવિધિ માટે સમર્થ, सगुण–ઈશ્વરનુ સાકાર સ્વરૂપ અને गणेश–ગચ્છેશ–ગચ્છાધિપતિ–અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરસૂરિ કલ્યાણ કરનારા થાય.

પ્રકરણ–૩

મહોપાધ્યાય શ્રીવિનયસાગરજી વિરચિત

ભોજવ્યાકરણમ્

૩૧ મહારાવ ભારમલ્લ (ઇ સ ૧૫૮૫–૧૬૩૧) ના પુત્ર મહારાવ ભોજમલ્લ (ઇ સ ૧૬૩૧–૧૬૪૫) ના અધ્યયન અને સંતોષ માટે ભોજવ્યાકરણમ્‌ની રચના મહોપાધ્યાય શ્રીવિનયસાગરજીએ કરી છે ગ્રંથમાં ઠેકઠેકાણે ભોજમલ્લના નામનો નિર્દેશ भोज (૧.૯.૮, ૧.૧૦.૬૬), भोजराजेन्द्र (૧.૧૩.૧૨, ૨.૧.૧૯, ૨.૧.૨), भोजभूप (૨.૧.૩૬) અને કચ્છના મહારાવ તરીકે कच्छभूपते (૧.૧૫.૧૫), कच्छेश्वर (૧.૧૫.૩૦, ૧.૭.૧૧૩), कच्छजनपदाधीश (૧.૭.૧૭) અને कच्छजनपदप्रभो (૧.૮.૪) માં કર્યો છે તેમજ ભોજમલ્લશબ્દને શુદ્ધપ્રયોગ માટે ભારપુત્ર-युद्धधर्मज्ञ कर्तव्य ... प्रभो ૩.૨૦૧) વગેરે સ્થળે અનુરોધ કર્યો છે તે મહારાવ ભોજમલ્લ અને મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીની આત્મીયતા અને ગુરુશિષ્યના ભાવો દર્શાવે છે

૩૨ ભોજવ્યાકરણમા મહોપાધ્યાય શ્રીવિનયસાગરજીએ સારસ્વતસૂત્રપ્રક્રિયાનુસાર ત્રણ વૃત્તિઓ ગખી છે અને પ્રથમવૃત્તિના આરભમા બ્રહ્મા–આદિનાથને, દ્વિતીયવૃત્તિના આરભમાં શ્રીધર–પાર્શ્વનાથને અને તૃતીયવૃત્તિમા શંભુને મગલાચરણમા મૂકયા છે પ્રથમવૃત્તિમા ૮૦૨, દ્વિતીયવૃત્તિમા ૧૦૭૮ અને તૃતીયવૃત્તિમા ૨૫૦ પદ્યો છે કુલ ૨૧૨૮ પદ્યો છે મોટા ભાગના અનુષ્ટુપ્ છદમા છે અને તે સિવાય આર્યા, આર્યાગીતિ, ઉપજાતિ, વસતતિલકા, માલિની, શાલિની, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત વગેરે છંદોમાં છે સારસ્વતસૂત્રોની સાથોસાથ કેટલેક સ્થળે પાણિનિવ્યાકરણના સૂત્રો અને તેની ચર્ચા તેમણે કરી છે

સારસ્વતસૂત્રોને તેની વૃત્તિસહિત પદ્યોમાં ગૂથી લીધા છે તે માટે તે પોતે કહે છે કે 'સરોવરમાં ભમતા ભમરાઓની શ્રેણીઓમાં જેમ કમળો શોભે છે તેમ (આ ગ્રંથમાં) પદ્યશ્રેણીઓમા અદર રહેલા સૂત્રો શોભે છે[1] જે તે સૂત્રમા આવતા आदि[2]–વગેરે પદથી જે જે શબ્દો કે ધાતુઓનુ પરિગણન કરવાનુ હોય તે પણ તેમણે આપ્યું છે તેમજ સૂત્રોમાં પ્રયુક્ત બહુવચનથી[3] જેનુ પરિગણન કરવાનુ છે તે બધાં પણ ગણાવે છે

શબ્દસાધના પછી સમાન અતવાળા શબ્દો[4] નુ પરિગણન આપે છે પણ સાથે જે સહેલા હોય તે બધાં આપીને પિષ્ટપેષણ[5] કરતાં નથી આખ્યાતપ્રક્રિયા, દ્વિતીય વૃત્તિમાં નવો ધાતુ આવતા તેના બધા રૂપો[6] સાધવામાં આવ્યા છે

ઘણાં સ્થળોએ પદ્યમાં એક કે બે સૂત્રો તો ઠીક, પણ છ છ સૂત્રોને એક જ પદ્યમાં વણી લીધા છે[7]

ધાતુઓને આગળ અને પાછળ લાગતા અનુબધોનો સ્પષ્ટ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે.[8] સાથે સાથે ને તે ધાતુઓનો અર્થ પણ જોડી દેવામા આવ્યો છે.

---

૧ अन्तर्भूतानि सूत्राणि राजन्ते पद्यराजिषु ।
भ्रमद्द्विरेफमालासु पद्मानीव सरोवरे ॥ ३२४४ ॥

૨ कामादिप्रत्यया–कासासयूदय् વગેરે ૨ ૧.૧૩૦ (૨.૧.૧૯૧, ૨.૧ ૨૯૦)

૩ लोप पचा–पचामित्यत्र ...૨ ૧·૧૧૬, ૧૧૭ (૨ ૧ ૧૭૪, ૨ ૨ ૨૦)

૪ एव श्रद्धा मेधा धारा (૧ ૮ ૭), कुमारी ब्राह्मणी (૧.૮ ૨૨)

૫ अजाद्या हि जकारान्ता (૧ ૧૧ ૮) राला दाने .. मावच्च (૨.૨ ૧૨) (૨ ૮.૮૩)

૬ भू (૧) सत्तायाम् (૨.૧ ૧–૨૧), भू (૬૫) प्राप्तौ (૨ ૧ ૩૦૧–૩૨૧)

૭ ૨ ૧.૨૧૪, ૨ ૧ ૪૧૫ ૨ ૨ ૧૨૭.

૮ अगूड् व्याप्तौ ऊटावितौ (૨.૫.૨૯), डुकृञ् करणे डुञावितौ (૨.૭ ૧૧)

તૃતીયવૃત્તિમાં ધાતુમાંથી નિષ્પન્ન થતાં શબ્દોનો અર્થ[9] પણ આપ્યો છે અને આત્મંભરિ વગેરે શબ્દોની વિશેષતા સ્પષ્ટ કરવા સુંદર શ્લોક રચ્યો છે.[10]

૩.૩ સારસ્વત વ્યાકરણ સરસ્વતીદેવતાક હોવાને લીધે મહોપાધ્યાય શ્રી વિનયસાગરજીએ गीः (૧. ૧. ૪, ૮, ૧૦; ૧ ૨.૪૩, ૧૪.૧૨), भाषा (૧.૧.૧૨), ब्रह्मपुत्री (૧.૧ ૧૭) विधं. पुत्री (૩.૨૪) તેમજ भारती (૨ ૧ ૧૧૬, ૨.૩.૩૩) અને सरस्वती એ પ્રમાણે (૧ ૪.૨૦, ૧ ૧૦ ૧૧૩) નિર્દેશ કર્યો છે.

સારસ્વત વ્યાકરણમાં પરસ્મૈપદ માટે पम्. આત્મનેપદ માટે आत्, સાર્વધાતુક પ્રત્યય માટે सप् અને આર્ધધાતુક પ્રત્યય માટે असप् સંજ્ઞાઓ પ્રયોજાઈ છે.

૩.૪ ગ્રંથના આરંભમાં પ્રથમ વૃત્તિમા વિનયસાગરજીએ મંગલાચરણમા લોકેશ બ્રહ્મા–આદિનાથને નમસ્કાર કરીને સંધિને ઉપયોગી સંજ્ઞાઓની ચર્ચા કરી છે. બીજા પ્રકરણમાં સ્વરસંધિ અને તેનાથી સિદ્ધ થતાં શબ્દસ્વરૂપો માટેના નિયમો સોદાહરણ આપ્યા છે પ્રકરણ–૩ માં પ્રકૃતિભાવસંધિ–જ્યાં સંધિ થતી જ નથી પરંતુ મૂળ સ્વરૂપ જ રહે છે તે પ્રગૃહ્ય સંધિની ચર્ચા કરી છે. પ્રકરણ–૪ મા વ્યંજનસંધિ અને પ્રકરણ–૫ મા વિસર્ગસંધિની ચર્ચા છે પ્રકરણ–૬ માં સાતે ય વિભક્તિઓના ત્રણે ય વચનોના પ્રત્યયો અને તે પછીના પ્રકરણ–૭ થી ૧૨ મા પુલિંગ, સ્ત્રીલિંગ તેમજ નપુંસક લિંગ સ્વરાન્ત અને હસાન્ત–વ્યંજનાન્ત શબ્દોની સાધના-પ્રક્રિયા આપી છે. તેનો ક્રમ સરસ્વતી સૂત્રોના પ્રમાણે લીધો છે પ્રકરણ–૧૩ મા युष्मद्–तु, તમે અને अस्मद्–हुं, અમેની પ્રક્રિયા છે. પ્રકરણ–૧૪ મા અવ્યયો (નિપાતો) ને અન્ય ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરીને च વગેરે ૮૧, तत्र વગેરે ૫૨ અને प्र વગેરે ૨૦ ઉપસર્ગો (ધાતુના ન હોય ત્યારે) નું પરિગણન કર્યું છે. તે ઉપરાંત क्त्वा, ल्यप् વગેરે ૧૨ ને પણ ગણાવ્યાં છે સ્ત્રી પ્રત્યયના પ્રકરણ–૧૫ મા પુલિંગ શબ્દોમાંથી સ્ત્રીલિંગી શબ્દો સાધવા માટેની ચર્ચા છે. પ્રકરણ–૧૬ મા વિભક્તિના અર્થો–કારક સંબંધી ચર્ચા છે. પ્રકરણ–૧૭ માં અવ્યયીભાવ, તત્પુરુષ, દ્વન્દ્વ, દ્વિગુ, બહુવ્રીહિ અને કર્મધારય સમાસોના સ્વરૂપ અને તત્સંબંધી પ્રત્યયોની ચર્ચા છે પ્રકરણ–૧૮ માં તદ્ધિત પ્રત્યયોનું નિરૂપણ છે. અહીં પ્રથમવૃત્તિ પૂર્ણ થાય છે અને અંતે અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગરગુરુને વંદના કરીને (૧ ૧૮ ૮૬) મહારાવ ભોજમલ્લની વિનંતિથી આ મનોજ્ઞ-મનોહર પ્રથમવૃત્તિની રચના કરી તેમ જણાવ્યું છે (૧ ૧૮ ૮૭) પ્રથમવૃત્તિના ૮૦૭ પદો છે

---

૯ यथा भिदो भिनत्त्यर्थे (૩.૧૦) कर्ता करणयोस्तच्च (૩.૧૪૧)

૧૦ आत्मानं स बिभर्ति केवलमिह ह्यात्मम्भरिः प्रोच्यते
कुक्षिं दुर्गततया बिभर्ति किल य कुक्षिम्भरिः कथ्यते ।
य कोऽपि ह्युदरं बिभर्ति सततं स्वेच्छया कुटुम्बं निजं
विद्वद्भिस्तूदरम्भरिर्विविधैरयं संगुप्यते भण्यते ॥ ३.५६ ॥

૩.૫ દ્વિતીયવૃત્તિના આરંભમાં શ્રીધર-પાર્શ્વનાથને નમસ્કાર કરીને ભૂ (૧) થવું-હોવું ધાતુની પ્રક્રિયા ૮૨ પદ્યોમા આપી છે. તે પછી ૨.૧૩૦૦ સુધી પરસ્મૈપદી ધાતુઓની પ્રક્રિયા છે ૨૧.૩૦૧ થી ૨૧૩૮૫ સુધી આત્મનેપદ પ્રક્રિયા અને ૨૧.૩૮૬ થી ૨.૧.૪૨૮ સુધી ઉભયપદ પ્રક્રિયા છે. પ્રકરણ-૨ મા અદાદિ-બીજા ગણની પ્રક્રિયા ૧૩૭ પદ્યોમા છે પ્રકરણ-૩ માં હ્વાદિ-જુહોત્યાદિ-ત્રીજા ગણની પ્રક્રિયા ૫૫ પદ્યોમા આપવામા આવી છે પ્રકરણ-૪ માં દિવાદિ ચોથા ગણની પ્રક્રિયાના ૪૮ પદ્યો છે પ્રકરણ-૫ માં સ્વાદિ-પાંચમા ગણની પ્રક્રિયાના ૩૧ પદ્યો છે. પ્રકરણ-૬ માં રુધાદિ-જેને આપણે સાતમા ગણ તરીકે જાણીએ છીએ-તેની પ્રક્રિયા ૨૩ પદ્યોમાં છે. પ્રકરણ-૭ માં તનાદિ-જેને આપણે આઠમા ગણ તરીકે જાણીએ છીએ તેની પ્રક્રિયા ૨૪ પદ્યો છે. પ્રકરણ-૮ માં તુદાદિ જેને આપણે ૬ ઠા ગણ તરીકે ઓળખીએ છીએ તે ગણના ધાતુઓની પ્રક્રિયાના ૪૩ પદ્યોમાં છે. પ્રકરણ-૯ માં ક્ર્યાદિ ગણની પ્રક્રિયા ૨૯ પદ્યોમાં છે, અને દસમાં ગણની ચુરાદિ પ્રક્રિયા પ્રકરણ-૧૦ ના ૧૩ મ પદ્યોમાં આપવામાં આવી છે.

પ્રેરકાર્થ પ્રત્યયની ણ્યન્ત પ્રક્રિયાના ૪૭ પદ્યો પ્રકરણ-૧૧ માં, ઇચ્છાદર્શક સ પ્રત્યયની પ્રક્રિયાના ૨૭ પદ્યો પ્રકરણ-૧૨ મા, ધાતુને અતિશય વારવાર ક્રિયા થતી હોય તે અર્થના યङ् પ્રત્યયના પ્રકરણ-૧૩ ના ૪૩ પદ્યો છે તે પછી પ્રકરણ-૧૪ માં યङ् પ્રત્યયનો લુક્ થાય છે તેની સાધના ૧૩ પદ્યોમાં છે. પ્રકરણ-૧૫ માં નામ-શબ્દમાંથી ધાતુ બનાવવાની પ્રક્રિયાના ૩૦ પદ્યો છે પ્રકરણ-૧૬ માં વિવિધ ઉપસર્ગો અને નિશ્ચિત અર્થમા થતી ધાતુઓની આત્મનેપદ વ્યવસ્થાના ૩૮ પદ્યો છે ભાવકર્મ પ્રકરણ-૧૭ માં ભાવે પ્રયોગ અને કર્મણિ પ્રયોગની પ્રક્રિયાના ૫૨ પદ્યો અને છેલ્લે ૬ પદ્યોમાં લકારાર્થ પ્રકરણ-૧૮ છે. અંતિમ બે પદ્યોમાં પ્રથમવૃત્તિની જેમ અચલગચ્છાધિપતિ શ્રી કલ્યાણસાગર ગુરુ અને ભોજમલ્લનો નિર્દેશ છે.

૩.૬ તૃતીય વૃત્તિના આરંભમાં શંભુની વંદના મંગલાચરણમા કરી છે. અને તે પછી કૃદંત પ્રક્રિયાનો આરંભ કર્યો છે અહીં પદ્ય ૧-૧૦૮ માં કર્ત્રર્થ ધાતુને કર્તાના અર્થમાં લાગતા પ્રત્યયોની પ્રક્રિયા, પદ્ય ૧૦૯-૧૩૦ માં નિષ્ઠાપ્રક્રિયા, પદ્ય ૧૩૧-૧૪૧ માં પરોક્ષ ભૂતકાળની નિષ્ઠા-ક્વસુ વગેરેની પ્રક્રિયા પદ્ય ૧૪૩-૧૬૪ મા શીલાર્થ-ધાતુને કર્તાના શીલ-સ્વભાવના અર્થમાં લાગતા પ્રત્યયોની પ્રક્રિયા, પદ્ય ૧૬૫-૧૮૩ માં સંજ્ઞાદિ અર્થવાળા શબ્દો ધાતુમાંથી કયા કયા પ્રત્યયોમાંથી નિષ્પન્ન થાય છે તેની પ્રક્રિયા, પદ્ય ૧૮૪-૨૦૬ માં તુમન્ત પ્રક્રિયા, ૨૦૭-૨૨૬ માં કૃત્ય પ્રક્રિયા અને પદ્ય-૨૨૭-૨૪૫ માં સ્ત્રી પ્રત્યયો અને સંબંધક ભૂતકૃદંત ક્ત્વા (त्वा) ની પ્રક્રિયા છે.

પદ્ય ૨૪૬ માં પાણિનિ વ્યાકરણના સૂત્રો વડે પણ પ્રયોગો સાધ્યા છે કેમકે સારસ્વત સૂત્ર लोकाच्छेषस्य सिद्धिर्यथा मातरादे (૩.૧૦૧૯) મા એ પ્રમાણેનુ વચન છે પદ્ય-૨૪૭ માં ભોજ-વ્યાકરણમ્‌ની રચનાનું ફળ, પછીના બે પદ્યોમાં ગુરુને વંદના અને ભોજ રાજાની વિનંતિનો

નિર્દેશ પૂર્વની બંને વૃત્તિઓ પ્રમાણે છે છેલ્લે અનુભૂતિસ્વરૂપાચાર્યની સારસ્વતપ્રક્રિયાના અંતિમ શ્લોકથી અંતિમ મંગલાચરણ કર્યું છે.

૩.૭ પ્રસ્તુત ગ્રંથમાં પાણિનીય વ્યાકરણને તે વિનયસાગરજીએ ઘણાં સ્થળે સ્વીકાર્યું છે પદ્ય–૧ ૧.૩ માં જ अ इ उण् એમ પાણિનીય વ્યાકરણના પ્રત્યાહાર સૂત્ર–માહેશ્વર સૂત્રને ટાંકીને સૂત્રગત સંધિ કે સ્પષ્ટતા ખાતર સૂત્રગત વિસંધિ[11]–અસંધિરક્ષિતતાને નિર્દેશી છે ઉદાત્ત વગેરે સ્વરો ૧ ૧.૧૩ માં તેમણે પાણિનીય પરંપરા પ્રમાણે લીધા છે પાણિનિસૂત્ર स्तोः श्चुना श्चुः (૮ ૪.૪૦) માં તૃતીયાનો પ્રયોગ સહ–સાથે એવો અર્થ લેવા માટે છે નહીં તો સપ્તમી પ્રયોગ થાત, તેમ પદ્ય–૧ ૪ ૮[12] માં છે. वृध् (૧૭૬) વૃદ્ધ થવું ધાતુ પાણિનિમતાનુસાર છે. સારસ્વત પ્રક્રિયાકાર वृद्दर् ધાતુ નોંધે છે. પણ વિનયસાગરજી પાણિનિને અનુસરે છે. પદ્ય ૨ ૪.૨૫ માં પણ मस्जिनशोर्झलि (पा. ७.१ ६०) ને નામનિર્દેશ પૂર્વક નોંધે છે.

પાણિનિ વ્યાકરણમાં વિકલ્પે इट् આગમ सू, स्वृ, धूञ्[13] વગેરે ધાતુઓને થાય છે તેમ પદ્ય ૨ ૧.૧૦૧[14] મા અને ईङ् ધાતુનો પરોક્ષ ભૂતકાળમાં गाङ्[15] આદેશ થાય છે. તેમ ૨ ૨.૧૧૫[16] માં નોંધે છે પદ્ય ૧ ૧૧.૧૪ માં भि दपाम् (सा. सू. १.१० ९) ના अप् વગેરેને કાશિકા ગ્રંથમાં[17] કરેલા વ્યાખ્યાન દ્વારા स्वतवस् વગેરેને લઇને સમજાવે છે. તેમજ કાશિકામાં एकाच उपदेशेऽनुदात्तात् (पा. ७ २.१०) નીચે સંગ્રહીત કરેલી ૧૩ અનિટ્ કારિકાઓ વિનયસાગરજીએ ૨ ૧ ૧૮૯–૧૯૧ માં આપી છે. ૨ ૧૭ ૪૦[18] માં स्नुक्रमोरनात्मनेपदनिमित्ते (पा. ७ २ ३६) અને ૩ ૮૬[19] મા वनो र च (૪ ૧.૭) નો આશ્રય લઇને પ્રક્રિયા સાધવામાં આવી છે. बिन्दुरिच्छुः (પા. ૩.૨ ૧૬૯)ના बिन्दु. અને इच्छु निपात શબ્દો છે તેમ જણાવે છે[20]

---

११ अ इ उ णि ति विसन्धि पाणिनीयेऽपि दृष्ट: । १.१.३ ।
१२ अकृत्वा सप्तमीमेतां तृतीयामकरोन्मुनि. । આ પદ્ય સારસ્વત પ્રક્રિયા (પાન–૩૨) પર પણ છે.
હે વિદ્વાન્ સ્વર પરમા હોય ત્યારે उ નો व्, ऋ નો र् અને लृ નો ल् થાય છે જેમકે – (मधु + आद्य =) मद्ध्वाद्य, (पितृ + अनेकार्थ =) पित्रनेकार्थ અને (लृ + आद्य =) लाद्य થાય છે

१२ ए अय् स्वरे परे भूप ! भवेच्च नयन यथा ।
ओ अव् स्वरे परे चाऽथ विष्णवे लवण यथा ॥४८॥

હે ભૂપ, સ્વર પરમાં હોય ત્યારે ए નો अय् થાય છે જેમકે .–(ने + अनम् =) नयनम् અને સ્વર પરમા હોય ત્યારે ओ નો अव् થાય છે. જેમકે '– (विष्णो + ए =) विष्णवे, તેમજ (लो + अनम् =) लवणम् થાય છે.

१३ अक्षादावेव वक्तव्यो गवादिकगुणस्य च ।
अवर्णस्याऽऽगमो विद्वन् ! गवाक्षादिकसिद्धये ॥४९॥

હે વિદ્વાન, अक्ष વગેરે પરમા હોય ત્યારે गो વગેરે ગણને अव् વર્ણનો આગમ (गो + अक्ष =) गवाक्षः–બારી વગેરેની સિદ્ધિ માટે છે

राद्यपो द्वि ॥१२५॥ उ वम् ॥ १२६ ॥ ऋरम् ॥ १२७ ॥ लृ लम् ॥१२८॥ ए अय् ॥१२९॥
ओ अव् ॥ १२१० ॥

१४ गवाक्षश्च गवेन्द्रश्च गवाग्रं च गवाजिनम् ।
स्वैरमक्षौहिणी प्रौढ स्युर्गवाक्षादयस्त्वमी ॥५०॥

गवाक्ष, गवेन्द्र, गवाग्रम्, गवाजिनम्, स्वैरम्, अक्षौहिणी અને પ્રૌઢઃ એ બધા गवाक्ष ગણના છે.

१५ इच्छातः पूर्वसूरीणां यकारः स्वरवत् क्वचित् ।
गव्यूति क्रोशयुग्मे स्यात् गोयूतिस्तदभावके ॥५१॥

પૂર્વાચાર્યોની ઇચ્છાને લીધે ક્યારેક य કાર સ્વર પ્રમાણે થાય છે. આમ બે કોશ એ અર્થમાં (गो+यूति =) गव्यूति થાય છે પણ તે અર્થ ન હોય તો गोयूति થાય છે.

१६ नायकादिप्रयोगार्थं भवेद् ऐ आय् स्वरे परे ।
औ आव् स्वरे परे स्याच्च ताविहादिकसिद्धये ॥५२॥

(नै+अक =) नायक વગેરે પ્રયોગો માટે સ્વર પરમા હોય ત્યારે ऐ નો आय् થાય છે અને સ્વર પરમા હોય ત્યારે औ નો आव् થાય છે તે (तौ+इह =) ताविह વગેરેની સિદ્ધિ માટે છે

१७–१८ य्वोर्लोपश् वा पदान्ते त्व-यवायावां भवेत् कवे[1] ।
सम्मता. सर्वशास्त्रेषु प्रयोगा. स्युरिमे यथा ॥५३॥
त आनम्यास्तयानम्या, श्रिया इद श्रियायिदम् ।
भान अत्र भानवत्र, गुरा इद गुराविदम् ॥५४॥

હે કવિ, પદાન્ત अय्, अव्, आय् અને आव् ના य કાર અને व કાર નો વિકલ્પે લોપશ્ થાય છે. (તેનાથી) સર્વે શાસ્ત્રોમાં સંમત એવા પ્રયોગો થાય છે જેમકે :- (ते+आनम्या =) त आनम्या અને तयानम्या, (श्रियै+इदम् =) श्रिया इदम् અને श्रियायिदम, (भानो+अत्र =) भान अत्र અને भानवत्र તેમજ (गुरौ+इदम् =) गुरा इदम् અને गुराविदम् થાય છે

१९ न लोपसि पुन सन्धि-रिह श्रिया इद यथा ।
छन्दसि प्रभवत्येव हे मगेत्यादिसिद्धये ॥५५॥

લોપશ્ થયો હોય ત્યાં ફરી સંધિ થતી નથી જેમકે.- (श्रियै+इदम् =) श्रिया इदम् પણ છંદ (વેદ) ના (हे मगे+इति =) हे मगेति વગેરેની સિદ્ધિ માટે (સંધિ) થાય છે

२० पदान्ते वर्तमानाद् ए-ओतोऽत स्यादि लोपना ।
भेऽग्रो विग्नोऽच्युतादीना प्रयोगाणां सुसिद्धये ॥५६॥

---

[1] आद ॥ १ २ १५ ॥ औ आव् ॥ १.२.१६ ॥ य्वोर्लोपश् वा पदान्ते ॥ १ २ १७ ॥
लोपशि पुनः सन्धि. ॥ १ २ १८ ॥ एदोतोऽतः ॥ १.२ १९ ॥

પદને અંતે આવેલા ए અને ओ ની પરમાં આવતા अ કારનો લોપ થાય છે, તે (ते + अमी =) तेऽमी, (विष्णो + अच्युत =) विष्णोऽच्युत વગેરે પ્રયોગોની સારી સિદ્ધિ માટે છે.

२१ सवर्णस्य सवर्णे दी-र्घस्सह स्यात् परे प्रभो ! ।
मधूदकादयो नून, प्रयोगाः स्युरिमे यथा ॥५७॥

હે પ્રભુ, સવર્ણ (સમાન) સ્વરની પરમાં સવર્ણ સ્વર આવે તો (તે બંનેનો) દીર્ઘ થાય છે. જેમકે (मधु + उदकम् =) मधूदकम् વગેરે પ્રયોગો થાય છે.

२२ सामान्यशास्त्रतो नून विशेषो बलवान् भवेत् ।
परेण पूर्वबाधो वा प्रायशो दृश्यतामिह ॥५८॥

સામાન્ય શાસ્ત્ર (સૂત્ર) કરતા વિશેષ (સૂત્ર) બળવાન બને છે. પર (સૂત્ર) વડે પૂર્વ (સૂત્ર) નો બાધ–અટકાવ થાય છે. તેમ અહીં મોટે ભાગે જોવું

२३ अ इ ए पर एव स्यात् सहसेहाऽऽदिसिद्धये ।
ईषादौ तु हलादेष्टे-र्लोपो वक्तव्य एव यत् ॥५९॥

अ કારની પરમા इ કાર આવે તો તેનો ए થાય છે તે (सहसा + इह =) सहसेह વગેરેની સિદ્ધિ માટે છે ईषा વગેરે પરમાં આવે તો हल વગેરેના टि ભાગનો લોપ કહેવાયો છે.

२४–२५ हलीषाद्या प्रयोगाः स्यु-र्लिख्यन्ते ते मयाऽधुना ।
हलीषा लाङ्गलीषा च मनीषाऽद्यो तथैव च ॥६०॥
शकन्धुरथ कर्कन्धु सीमन्त कुलटा तथा ।
पतञ्जलिश्च सारङ्ग, एते प्रोक्ता हलादय ॥६१॥

હવે હું તે हलीषा વગેરે પ્રયોગો લખુ છું. हलीषा, लाङ्गलीषा, मनीषा, अद्योम् (अद्य + ॐ), शकन्धुः, कर्कन्धु, सीमन्त, कुलटा, पतञ्जलिः અને सारङ्ग વગેરે हलादि ગણના છે.

२६ उ ओ परे त्ववर्णस्य सहसोढादिसिद्धये ।
तवर्द्ध्यादिषु सिद्ध्यर्थं सहाऽवर्ण ऋ अर् परे ॥६२॥

अ વર્ણની પરમા उ (કે ऊ) આવે તો (सहसा + ऊढ =) सहसोढ વગેરેની સિદ્ધિ માટે ओ થાય છે અને (तव + ऋद्धि =) तवर्द्धि વગેરેમાં સિદ્ધિ માટે अ વર્ણની પરમાં ऋ આવે તો अर् થાય છે.

२७ शब्दशास्त्रविचारज्ञ ! क्वचिदार् स्याद् ऋणे परे ।
प्रार्णादीना प्रयोगाणा यथा सिद्धि प्रजायते ॥६३॥

सवर्णे दीर्घ सह ॥ १ २ २९ ॥ अ इ ए ॥ १ २ ११ ॥ हलादेरीषादौ टेर्लोप ॥ १ २ २१ ॥
उ ओ ॥ १ २.१३ ॥ ऋ अर् ॥ १.२ २४ ॥ क्वचिदार् ॥ १.२ २५ ॥

હે વ્યાકરણસિદ્ધાન્તના જ્ઞાની, (प्र + ऋणम् =) प्रार्णम् વગેરે પ્રયોગોની સિદ્ધિ માટે ऋण શબ્દ પરમા હોય ત્યારે ક્યારેક (ऋनो) आर् થાય છે

२८ तवल्कारादिसिद्ध्यर्थं सहावर्णं लृ अल् परे ।
स्याच्च वसुधाधिप सवर्ण्यं रलयो. क्वचित् ॥६४॥

(तव + लृकारः =) तवल्कार વગેરેની સિદ્ધિ માટે अ વર્ણની સાથે પરમાં लृ હોય તો अल् થાય છે અને હે પૃથ્વીપતિ, र અને ल ની સવર્ણતા કહેવાય છે.

२९ स्यात् सहाऽवर्णं ए ऐ ऐ परे तथा विचक्षण ! ।
तवैश्वर्यं तवैषादि – प्रयोगाणां सुसाधना ॥६५॥

હે વિલક્ષણ, अ વર્ણની સાથે પરમાં ए કે ऐ હોય તો ऐ થાય છે. તેનાથી (तव + ऐश्वर्यम् =) तवैश्वर्यम्, (तव + एषा =) तवैषा વગેરે સારી રીતે સધાય છે.

३० भवेच्चाऽवर्णं ओ औ औ परे सहैव कोविद ! ।
तवौदन तवौन्नत्यम् इत्यादीनां हि सिद्धये ॥६६॥

હે કોવિદ, अ વર્ણની પરમા ओ કે औ હોય તો औ થાય છે તે (तव + ओदनम् =) तवौदनम्, (तव + औन्नत्यम् =) तवौन्नत्यम् વગેરેની સિદ્ધિ માટે છે.

३१ ओष्ठोत्वोर्वा समासे स्याद् अवर्ण परयो सह ।
बिम्बौष्ठो बिम्बोष्ठ स्थूलौतु स्थूलोतुः पुनर्यथा ॥६७॥

સમાસમાં अ વર્ણની સાથે પરમા આવતા ओष्ठ અને ओतुना વિકલ્પે औ થાય છે. જેમકે :-(बिम्ब + ओष्ठ =) बिम्बौष्ठ અને बिम्बोष्ठ. તેમજ (स्थूल + ओतु =) स्थूलौतु અને स्थूलोतु. થાય છે

इति स्वरसन्धि. ॥२॥
આમ સ્વર સંધિ સમાપ્ત થઈ. ૨.

३. प्रकृतिभावः ।

१ अदसः मत्का मासौ सन्धि याति न यथा अमी अर्काः ।
यो स्वे द्वित्वे चाऽन्त्यो मणीवमुख्यान् विनैव हि ॥६८॥

अदस् શબ્દ म કારાન્તના અમા શબ્દની (પરમા સ્વર આવે તો) સંધિ થતી નથી. જેમકે :-अमी अर्काः અને मणीव વગેરે સિવાયના ई કારાન્ત ऊ કારાન્ત અને ए કારાન્ત દ્વિવચન શબ્દની (પર સ્વર આવે) સંધિ થતી નથી.

[illegible] ॥ १.२ ३८॥ [illegible] ॥ १.२ १२ ॥ [illegible] ॥ १.२ १० ॥ [illegible] ॥ १.२ ३२ ॥
मासौ ॥ १ २.१ ॥ २४ द्विवे ॥ १.२ २ ॥

२ अग्नी अत्र पटू इह माले आनय यथैत एव स्यु ।
पुनरौ निपात एव एवं नो इह उ उत्तिष्ठ ॥६९॥

જેમકે :-अग्नी अत्र, पटू इह અને माले आनय વગેરે આ પ્રમાણેજ થાય છે (સંધિ થતી નથી). તે ઉપરાંત आ કારાન્ત, ओ કારાન્ત અને એક સ્વરાન્ત નિપાતો પ્રકૃતિભાવ પામે છે જેમકે :- नो इह અને उ उत्तिष्ठ વગેરે (માં સંધિ થતી નથી.)

३ दूरादाह्वाने टेः प्लुतः प्लुत. स च यथा मुने एहि ।
अन्येऽपि च प्रयोगा, ज्ञातव्या लोकतो विद्वन् ॥७०॥

દૂરથી સંબોધવામા આવે ત્યારે टि સ્વર નો પ્લુત થાય છે તે પ્લુત પણ પ્રકૃતિભાવમા રહે છે જેમ કે मुने एहि અન્ય પ્રયોગો પણ, હે વિદ્વાન્, લોક (વ્યાકરણ) માથી જાણવા

इति प्रकृतिभाव ॥३॥

આમ પ્રકૃતિભાવ સંધિ સમાપ્ત થઈ ૩

४. व्यञ्जनसन्धिः ।

१ पदान्ते वर्तमाना स्यु - श्चपा अवे जबा यथा ।
वाग्यथाद्या हि सिध्यन्ति त्वपदान्ते पयोमुच ॥७१॥

પદાન્તે રહેલા चप વર્ણોના પરમા अव વર્ણો હોય તો તે (चपના) जब વર્ણ થાય છે. જેમકે :-(वाक्+यथा=) वाग्यथा વગેરે સિદ્ધ થાય છે પરંતુ પદાન્તે ન હોય તો (पयोमुच्+अस्=) पयोमुचः (જ) થાય છે.

२ चपा ञमे ञमा वा स्यु पदान्तवर्त्तिनो यदा ।
वाङ्मम वाग्ममेत्यादि - प्रयोगाणां च हेतवे ॥७२॥

ञम વર્ણ પરમાં હોય ત્યારે પદાન્તે આવેલા चप વર્ણના વિકલ્પે ञम વર્ણ થાય છે તે વાक्+मम=) वाङ्मम તેમજ वाग्मम વગેરે પ્રયોગો (ની સિદ્ધિ) માટે છે.

३ चपाच्छ शो विकल्पेनोत्तरस्य स्यादवे परे ।
वाक्शूरोऽप्यथ वाक्छूरस्तच्चिशवस्तच्छिवो यथा ॥७३॥

अव વર્ણ પરમાં હોય ત્યારે चप વર્ણ પછી આવતા छ् નો વિકલ્પે श् થાય છે જેમકે -(वाक्+शूर =) वाक्शूर અને वाक्छूर તેમજ (तत्+शिव =) तच्शिव અને तच्छिव થાય છે.

ओ निपात ॥ १ ३ ३ ॥ दूरादाह्वाने च टे प्लुत ॥ १ ३ ५ ॥ प्लुत ॥ १ ३ ४ ॥
चपा अवे जबा ॥ १ ४ १ ॥ ञमे ञमा वा ॥ १ ४ २ ॥ चपाच्छ शः ॥ १ ४ ४ ॥

४ यद्वर्गगा चपा विद्व - स्तद्वर्गगाश्चतुर्थका ।
चपात् रयुर्हो भमा वा च तद् हविस्तद्धविर्यथा ॥७४॥

હે વિદ્વાન, જે તે વર્ગના चप વર્ણ હોય તો તે તે વર્ગનો ચોથો વર્ણ થાય છે અને चप વર્ણની પરમાં આવતા ह કારના વિકલ્પે झभ વર્ણ થાય છે. જેમકે '–(तत् + हविः =) तद् हवि અને तद्धविः

५ स्तोःश्चुभि. श्चुर्भवेद्योगे यथामडग्येन कोविद ।
कश्चरति च कश्णृर - स्तच्छास्त्र तच्चिर यथा ॥७५॥

હે કોવિદ, स કાર અને त વર્ગના યોગ (સંયોગ) માં श કાર કે च વર્ગ આવે તો અનુક્રમે श કાર અને च વર્ગ થાય છે જેમકે – (क + चरति =) कश्चरति, (क + शृरः =) कश्शृर, (तत् + शास्त्रम् =) तच्छास्त्रम् અને (तत् + चिरम् =) तच्चिरम्

६ न शात् चुत्वं तवर्गस्य लब्धवर्णो भवेद् यथा ।
विश्नप्रश्नादय शब्दा भवेयु शास्त्रसम्मता ॥७६॥

श કારની પરમાં જો त વર્ગનો વર્ણ ઉપલબ્ધ થાય તો તેનો च વર્ગ થતો નથી જેમકે – विश्न', प्रश्न' વગેરે શાસ્ત્રસંમત શબ્દો છે

७ अकृत्वा सप्तमीमेतां तृतीयामकरोन्मुनि ।
ततश्चुनेति पूर्वेण सन्निपातः परेण वा ॥७७॥

મુનિએ (આચાર્યે) અહીં સપ્તમી પ્રયોગ ન કરતા તૃતીયા પ્રયોગ કર્યો છે તેથી स्तोः श्चुभिः श्चुः (१.४.६) એ સૂત્રથી પૂર્વમાં આવેલા કે પરમાં આવેલા (स કાર અને त વર્ગ) નું श्चु (श्चुत्व) થાય છે.

८ ष्टुभिः ष्टुः स्तोर्भवेद्योगे तट्टीकादिकसिद्धये ।
तोर्लि लश्च यथा तल्लु - नाति भवाँल्लिखत्यथ ॥७८॥

स કાર અને त વર્ગના સંયોગમાં ष કાર અને ट વર્ગ આવે તો તેનો ष કાર અને ट વર્ગ (तत् + टीका =) तट्टीका વગેરેની સિદ્ધિ માટે થાય છે. त વર્ગની પરમાં ल કાર આવે તો તેનો ल કાર થાય છે જેમકેઃ– (तत् + लुनाति =) तल्लुनाति અને (भवान् + लिखति =) भवाँल्लिखति

९ अन्तःस्था द्विप्रभेदा स्युर्यवला रेफवर्जिता. ।
निरनुनासिका एका परेऽत्र सानुनासिका ॥७९॥

રેફ સિવાયના અંતઃસ્થ વર્ણો य, व અને ल ના બે ભેદ છે. એક નિરનુનાસિક (અનુનાસિક નહીં તે) અને બીજા સાનુનાસિક.

१ झयः ॥१.४.५॥ स्तोः श्चुभिः श्चुः ॥१.४.६॥ न शात् ॥१.४.७॥ ष्टुभिः ष्टुः ॥१.४.८॥ नासिकादय ॥१.४.९॥ अन्तःस्था द्विप्रभेदा ॥१.४.१०॥

१० सानुनामिकवर्णानाम् आदेशा सानुनासिका ।
निरनुनासिकाना चाऽऽ–देशा निरनुनासिका ॥८०॥

સાનુનાસિક વર્ણોના આદેશ સાનુનાસિક થાય છે. અને નિરનુનાસિક વર્ણોના આદેશ નિરનુનાસિક થાય છે

११ ष्टुभि ष्टुना तवर्गस्य ष्टुत्व न षिपरे हि तत् ।
भवान् पण्ठ प्रयोगोऽस्य यथा स्वाच्छास्त्रसम्मत ॥८१॥

ष्टुभि ष्टुः (१ ४ ८) એ સૂત્રથી त વર્ગની પરમા ष કાર આવે તો ष्टुत्व થતું નથી. જેમકેઃ–भवान् षण्ठ એ શાસ્ત્રમ મત પ્રયોગ છે

१२ गिरेत्युक्तं पदस्य स्तो – ष्टोरन्त्याद्धि षरस्य न ।
भवेत् ष्टुत्व यथा सभ्य ! षड्नरा षणनगा इह ॥८२॥

સરસ્વતીએ (१ ४ १२) સૂત્રમા કહ્યુ છે કે અંતે આવતા ट વર્ગની પરમાના स કાર અને त વર્ગના ष કાર અને ट વર્ગ થતા નથી હે સભ્ય, જેમકે – (षट्+नरा=) षड् नरा. અને षणनरा

१३ न सक् छते पदान्तस्याऽऽ – गम स्याच्च महोदय ! ।
आद्यन्तौ टित्कितौ स्याताम् इत्याचार्यस्य भाषणात् । ८३॥

હે મહોદય, छत વર્ણ પરમા હોય ત્યારે પદાન્તે આવેલા न કારને सक् આગમ થાય છે. અને આચાર્યે કહ્યુ છે કે टित् અને कित् (પ્રત્યયો) અનુક્રમે આદિમા અને અ તે થાય છે

१४ राजश्चित्र भवांस्तेन भवांश्चित्र भवांस्तरु ।
इत्यादीना प्रयोगाणा सिद्धये शास्त्रपारग ! ॥८४॥

હે શાસ્ત્રપારગ, તે (ઉપરનો નિયમ) (राजन्+चित्रम्=) राजश्चित्रम्, (भवान्+तेन=) भवांस्तेन, (भवान्+चित्रम्=) भवांश्चित्रम् અને (भवान्+तरु) भवांस्तरु વગેરે પ્રયોગોની સિદ્ધિ માટે છે

१५ स्यान्नान्तस्य पदस्याऽपि शे चग्वा पुनरागम ।
भवाञ्छूरो भवाञ्शूरो भवाञ्च्शूरो यथा भवेत् ॥८५॥

श કાર પરમા હોય ત્યારે न કારાન્ત પદને चक् આગમ લાગે છે. (તેનાથી) જેમકે :– (भवान्+शूर=) भवाञ्छूर, भवाञ्शूर અને भवाञ्च्शूर થાય છે.

१६ ङो भवेयु पदान्ते हि ङ्णनो ह्रस्वाद् द्वि स्वरे परे ।
प्रत्यङ्ङिडद सुगण्णत्र राजन्निह यथा भवेत् ॥८६॥

न षि ॥ १४११ ॥ टोरन्त्यात् ॥ १४१२ ॥ न सक् छते ॥ १४१३ ॥
टित्कितावाद्यन्तयो ॥ १४१४ ॥ शे चग्वा ॥ १४१५ ॥ ङ्णनो ह्रस्वाद् द्वि स्वरे ॥ १४१६ ॥

સ્વર પરમા આવે ત્યારે હ્રસ્વસ્વરની પરમા આવેલા પદાન્તે આવતા ङ કાર, ण કાર અને न કાર બેવડાય છે. જેમકે :-(प्रत्यङ् + इदम् =) प्रत्यङ्ङिदम्. (सुगण् + अत्र =) सुगण्णत्र અને (राजन् + इह =) राजन्निह થાય છે

१७ *ह्रस्वादुत्तरतो द्विश्छो भवेद् राजस्ततः परम् ।
   तने चपा झसाना स्युर्यथा तवच्छत्रादय ॥८७॥

હે રાજા, હ્રસ્વસ્વરની પરમાં આવતા छ કારને બેવડાવાય છે. તે પછી तन વર્ણ પરમાં હોય ત્યારે झस વર્ણોના चप વર્ણો થાય છે. જેમકે (तव + छत्रम् =) तवच्छत्रम् વગેરે.

१८ दीर्घादपि च वक्तव्य छस्य द्वित्व महानृप ! ।
   म्लेच्छन्ह्रीच्छादयो नून यथा स्यु सुप्रयोगका. ॥८८॥

હે મહારાજ, દીર્ઘસ્વરની પરમા આવતા छ કારને પણ બેવડાવાય છે આથી म्लेच्छ, ह्रीच्छा વગેરે સુપ્રયોગો થાય છે

१९ भवेत् पदान्त एवाऽत्र मोऽनुस्वारो हसे परे ।
   प्रयोगाः स्युर्यथा सिद्धा-स्त्व मे पटु वृथादय ॥८९॥

પદને અ તે હોય કે हस-વ્યંજનો પરમાં હોય તો म નો અનુસ્વાર થાય છે એનાથી સિદ્ધ પ્રયોગો જેવાકે:-(त्वम् मे =) त्व मे, (पटुम् वृथा =) पटु वृथा વગેરે થાય છે.

२० नश्चापदान्ते झस एव मस्याऽ-नुस्वारभावो भवति क्षितीश ! ।
   सरस्वतीसूत्रबलाद् यथा स्यु-र्यशासि पुम्या प्रमुखा. प्रयोगा ॥९०॥

હે ક્ષિતિપતિ, પદને અ તે न હોય અને झस વર્ણ પરમા આવતા હોય તો न કાર અને म કાર નો અનુસ્વાર સારસ્વતસૂત્રના બળે થાય છે જેમકે :-यशासि, पुंसाम् વગેરે પ્રયોગો છે

२१-२२ भवेयुरनुस्वारस्य ङमा यपेऽस्य वा परे ।
   सवर्णाश्च यपस्यैव पदान्तवर्तिन पुन ॥९१॥
   यँल्लोकमथ यं लोक सम्मद सम्मदोऽप्यव ।
   अपदान्ते तु नित्य स्यु शान्तकान्तादयो यथा ॥९२॥

यप વર્ણ પરમાં હોય ત્યારે આ અનુસ્વારના વિકલ્પે ङम વર્ણ થાય છે પદાન્ત यप વર્ણના સવર્ણ થાય છે (જેમકે :-यम् लोकम्=) यँल्लोकम् અને य लोकम्, सम्मद અને समद થાય છે, પણ પદાન્તે न હોય તો નિત્ય ङम થાય છે જેમકે :-शान्त., कान्तः વગેરે.

इति व्यञ्जनसन्धि ॥४॥
આમ વ્યંજનસંધિ સમાપ્ત થઈ. ૪

* ॥ १।४।१७ ॥ [illegible] ॥ १।४।१८ ॥ दीर्घादिति च ॥ १।४।१९ ॥
मोऽनुस्वारः ॥ १।४।२२ ॥ [illegible] ॥ १।४।२४ ॥ [illegible] ॥ १।४।२५ ॥

५. विसर्गसन्धिः ।

१ विसर्जनीयस्य स एव राजन् ! खसे परे स्यात् खलु कस्तनोति ।
रीत्याऽनयाऽनेकविशिष्टशिष्टै – र्मान्या प्रयोगा अपरे भवन्ति ॥९३॥

હે રાજા, खस વર્ણ પરમા હોય ત્યારે વિસર્ગનો स થાય છે. આ રીત પ્રમાણે અનેક વિશિષ્ટ વિદ્વાનો વડે માન્ય એવા બીજા પ્રયોગો થાય છે.

२ विसर्गस्य खसे कुप्वोः ≍क≍पौ वा भवतो यथा ।
क≍पाठोऽप्यथ क पाठ कस्कर स्याच्च क≍कर ॥९४॥

क વર્ગ અને प વર્ગના खस વર્ણ (क, ख અને प, फ) પરમા હોય ત્યારે ≍क અને ≍प થાય છે જેમકે -(क पाठ =) क≍पाठ અને क पाठ, (कः कर=)कस्कर અને क≍करः.

३ वाचस्पत्यादय. सज्ञा – शब्दा निपाततो नृप ! ।
माधव स्युस्तथा ज्ञेया – स्ते प्रयोगानुसारत ॥९५॥

હે નૃપ, वाचस्पति વગેરે સંજ્ઞાવાચકો પ્રયોગાનુસાર હોવાને લીધે નિપાતથી સાધુ (શિષ્ટ) થાય છે તેમ જાણવા

४ विसर्गस्य पदान्तेऽह्नो रोऽरात्रिषु ह्यहर्पति ।
सूत्रे रात्रिषु चेत्यत्र बहुत्वग्रहणात् प्रभो ! ॥९६॥

હે પ્રભુ, रात्रिषु (१ ५.५) એ સૂત્રમા બહુવચન ગ્રહણને લીધે रात्रि વગેરે પરમા હોય તો પદને અતે આવેલા अहन् શબ્દના (न કારના) વિસર્ગનો र् (રેફ) થાય છે. જેમકે – (अह पति.=) अहर्पति થાય છે.

५ कर्तव्य ग्रहण रूप रथन्तरस्य वै यथा ।
अहोरात्रमहोरूपम् अहोरथन्तर भवेत् ॥९७॥

रूपम् અને रथन्तरम् શબ્દનુ ગ્રહણ કરવાનુ છે. જેમકે – अहोरात्रम्, अहोरूपम् અને अहोरथन्तरम् થાય છે

६ स्याददतोऽत्युर्विसर्गस्य कोऽर्थादीना च सिद्धये ।
तथा हृवे परेऽपि स्यु – र्यथा मनोरथादय. ॥९८॥

अ વર્ણ પરમા હોય ત્યારે अ વર્ણ પછીના વિસર્ગનો उ (कः+अर्थः=) कोऽर्थ વગેરેની સિદ્ધિ માટે થાય છે તેમજ हव વર્ણ પરમા હોય તો પણ થાય છે. જેમકે .– (मन + रथ =) मनोरथ વગેરે

विसर्जनीयस्य स ॥ १ ५ १ ॥ कुप्वो ≍क≍पौ वा ॥ १ ५ ३ ॥ वाचस्पत्यादय. संज्ञाशब्दा– ॥ १.५ ४ ॥ अह्नो रोऽरात्रिषु ॥ १ ५ ५ ॥ अतोऽत्यु ॥ १ ५ ६ ॥ हवे ॥ १ ५ ७ ॥

७ विसर्गस्याऽऽद्वर्षे लोपश् यथा रामा रमादयः ।
तथा स्याच्च स्वरे यत्वं वा भायिह नु भा इह् ॥९९॥

अव परमां होय त्यारे आ कारान्त पछीना विसर्गनो लोपश् थाय छे. जेमके :–(रामाः रमाः =) रामा रमा – अने ते रीते स्वर परमां होय त्यारे य कार विकल्पे थाय छे (जेमके :– भाः इह=) भायिह अने भा इह

८ भोस् पराविसर्गस्य लोपश् भवेदवे परे ।
यथा सिद्धयति भो एहि त्वघो याहि भगो नम ॥१००॥

अव वर्ण परमां होय त्यारे भो (भगोस् अने अघोस्)ना विसर्गनो लोपश् थाय छे. जेमके :– (भो एहि=) भो एहि, (अघो याहि=) अघो याहि तेमज (भगोः नमः=) भगो नम सिद्ध थाय छे.

९ नामिनो रः परस्य स्याद् विसर्गस्य स्वरे परे ।
दक्षिणाग्निरिहादीनां प्रयोगाणां हि सिद्धये ॥१०१॥

अव वर्ण परमां होय त्यारे नामी (अ सिवायना) स्वर पछीना विसर्गनो र् (दक्षिणाग्निः इह =) दक्षिणाग्निरिह वगेरे प्रयोगोनी सिद्धि माटे थाय छे.

१० रेफप्रकृतिकस्य खपे, वा रेफः स्याद् विसर्जनीयस्य ।
पुः पतयः पूर्पतयो धूर्पतयो धूः पतय इति च ॥१०२॥

खप वर्ण परमां होय त्यारे रेफ प्रकृति (मूळथी जे रेफान्त) विसर्गना विकल्पे र थाय छे (जेमके :–) पुः पतयः अने पूर्पतयः, धूः पतय अने धूर्पतयः एम थाय छे.

११ रेफसम्बन्धिनो राजन्! विसर्गस्यैव रो भवेत् ।
अवे परे पुनर्वाऽत्र प्रातरत्रादिसिद्धये ॥१०३॥

हे राजन्, रेफना संबंधित विसर्गना परमां अव वर्ण होय तो र् (रेफ)ज रहे छे, अने (प्रातः अत्र =) प्रातरत्र वगेरे सिद्ध थाय छे.

१२ रेफस्य स्यात् परे वै हि लोपो दीर्घश्च भो सुधी! ।
पूर्वस्य पुनारात्रि – त्यादिप्रयोगसाधनात् ॥१०४॥

हे विद्वान, रेफ(र्)नी परमां रेफ(र्) आवे तो रेफनो लोप थाय छे अने पूर्व(स्वर)नो दीर्घ थाय छे ते (पुनः रात्रि =) पुनारात्रि वगेरे प्रयोगोनी साधनाने लीधे छे

१३ सेषाद्यते विसर्गस्य भवल्लोपश् परस्य हि ।
स भरतेश पीनो मो – मिति प्रयोगसिद्धये ॥१०५॥

[illegible] ॥ १५ ॥ [illegible] ॥ १६ ॥ [illegible] ॥ १ – १९ ॥
रेफप्रकृतिकस्य [illegible] ॥ १ – १२ ॥ [illegible] ॥ १ – १३ ॥ [illegible] दीर्घश्च ॥ १ – १४ ॥ सेषाद्यते । [illegible]

हस वर्णु परमां હોય ત્યારે सः અને एष' ના પછીના વિસર્ગનો લોપશ્ થાય છે. તે (सः चरति=) स चरति અને (एषः पीन. गौः=) एष पीनो गौः પ્રયોગો માટે છે.

१४ सैषाद्धसे हि सूत्रेऽत्र सन्धेः करणतो भृशम् ।
सैषाल्लोपशकृते सन्धिर्दर्शित पादपूरणे ॥१०६॥

सैषाद्धसे (१ ५.१५) એ સૂત્રમાં સધિકાર્ય હોવાને લીધે ઘણીયવાર सः અને एषः ના વિસર્ગનો લોપશ્ કર્યા પછી પાદપૂર્તિ માટે સંધિ થાય છે

१५ सैष दाशरथी रामः सैष राजा युधिष्ठिर ।
सैष कर्णो महात्यागी सैष भीमो महावल ॥१०७॥

१६ यदुक्त लौकिकायेह तद्वेदे वहुल भवेत् ।
सेमा भूम्याददे सोषाम् इत्यादीनामदुष्टता ॥१०८॥

લૌકિક ભાષા માટે જે કહ્યું છે તે વેદમાં બહુલતયા થાય છે. એથી (स'+इमाम्=) सेमाम्, (भूमिः+आददे=) भूम्याददे, (स'+उषाम्=) सोषाम् વગેરે દોષયુક્ત નથી

१७ क्वचित्प्रवृत्ति क्वचिदप्रवृत्तिः क्वचिद्विभाषा क्वचिदन्यदेव ।
विधेर्विधान वहुधा समीक्ष्य चतुर्विध वाहुलक वदन्ति ॥१०९॥

ક્યારેક નિયમની પ્રવૃત્તિ થાય તો ક્યારેક ન થાય, ક્યારેક વિકલ્પ થાય તો ક્યારેક કંઇ બીજુંજ થાય આમ વિધિના વિધાન (નિયમ)ની ઘણા પ્રકારે સમીક્ષા કરીને वहुल ને ચાર પ્રકારનું કહે છે

१८ वर्णागमो वर्णविपर्ययश्च –द्वौ चाऽपरौ वर्णविकारनाशौ ।
धातोस्तदर्थातिशयेन योग –स्तदुच्यते पञ्चविध निरुक्तम् ॥११०॥

(१) વર્ણનો આગમ, (२) વર્ણોનો વિપર્યય (ફેરબદલી), અને બીજા બે (એટલે કે) (૩) વર્ણનો નાશ તેમજ (૪) વર્ણનો વિકાર (બદલાવું) અને (૫) ધાતુનો તેના (વર્ણવિકાર અને વર્ણનાશના) અર્થ સાથે અતિશય યોગ–તે પાંચ પ્રકારનું નિરુક્ત–નિર્વચન કહેવાય છે.

१९-२० वर्णागमो गवेन्द्रादौ सिंहे वर्णविपर्यय' ।
षोडशादौ विकारः स्याद् वर्णनाश पृषोदरे ॥१११॥
वर्णविकारनाशाभ्या धातोरतिशयेन य. ।
योग' स उच्यते प्राज्ञै – मयूरभ्रमरादिषु ॥११२॥

गवेन्द्रः વગેરેમા (अ) વર્ણનો આગમ થાય છે. सिंह મા (हिंस्) વર્ણોનો વિપર્યય (સ્થાનફેર) થાય છે. षोडश વગેરેમા (ष् તેમજ द् નો) વિકાર (અનુક્રમે उ અને ड) થાય છે पृषोदरमा (त्) વર્ણનો નાશ થાય છે. અને વિદ્વાનોએ ધાતુના અતિશય સાથેનો યોગ मयूर. અને भ्रमरः વગેરેમાં વર્ણના (हीर् નો यूर) વિકાર વડે અને (न् ના) નાશ વડે કહ્યો છે

इति विसर्गसन्धिः ॥५॥

આમ વિસર્ગસંધિ સમાપ્ત થઈ. ૫.

६ सप्तविभक्तयः ।

१ निश्शेषमन्धे कथनादनन्तरं प्रारभ्यते ह्यत्र विभक्तिरर्थतः ।
स्यादिस्तथा त्यादिरनेन सा द्विधा नाम्नश्च धातोश्च भवेद् यथाक्रमम् ॥११३॥

સંપૂર્ણ સંધિ કહ્યા પછી અહીં વિભક્તિનો આરંભ કરવામાં આવે છે. અર્થાનુસાર તે (વિભક્તિ) સિ વગેરે અને તિ વગેરે તેમ બે પ્રકારની છે અને અનુક્રમે નામને અને ધાતુને લાગે છે.

२ अर्थवद्धातुवर्जं यत् तद्वचविभक्ति नाम च ।
शब्दरूपं गिराऽभाणि तस्मात् सिऔजसादयः ॥११४॥

અર્થયુક્ત, ધાતુ સિવાયનુ તેમજ પ્રત્યય સિવાયનુ શબ્દસ્વરૂપ નામ છે તેમ સરસ્વતીએ કહ્યુ છે તેની પરમાં સિ ઔ જસ્ વગેરે (વિભક્તિ પ્રત્યયો) થાય છે.

३ कृत्तद्धितसमासाश्च भवेयुर्नामसंज्ञकाः ।
केचिदत्र वदन्तीति प्रातिपदिकसंज्ञकाः ॥११५॥

કૃત્પ્રત્યયાન્ત શબ્દો, તદ્ધિત પ્રત્યયાન્તો તેમજ સમાસને પણ નામ સંખ્યા પ્રાપ્ત થાય છે. કેટલાક (પાણિનિમુનિ વગેરે) તેને પ્રાતિપદિક સંજ્ઞા કહે છે.

तद्यथा तस्मात्—　તેના પછી (લાગતા પ્રત્યયો) જેવાં કે—

	ए व	द्वि व	ब व.		ए व	द्वि. व	ब व.
प्रथमा	सि	औ	जस्	पञ्चमी	ङसि	भ्याम्	भ्यस्
द्वितीया	अम्	औ	शस्	षष्ठी	ङस्	ओस्	आम्
तृतीया	टा	भ्याम्	भिस्	सप्तमी	ङि	ओस्	सुप्
चतुर्थी	ङे	भ्याम्	भ्यस्				

इति सप्तविभक्तयः ॥६॥

આમ સાતવિભક્તિઓ થઈ. ૬

७ स्वरान्ताः पुंलिङ्गाः ।

१ पूर्वाचार्यस्य वाक्यानु – सारतोऽभाणि सूरिभिः ।
पट इत्यादिसिद्ध्यर्थं विभक्त्यन्तं पदं स्थितम् ॥११६॥

સૂરિઓએ પૂર્વાચાર્યોના વચનાનુસાર કહ્યું છે કે (અહીં) વ્યાકરણમાં વિભક્તિપ્રત્યયાન્ત પદ (કહેવાય) છે તે (पट + डस्) पट इत् વગેરેની સિદ્ધિ માટે છે.

विभक्त्यन्तं पदम् ॥ १.४.१ ॥

२ अदन्ताना हि शब्दाना साधनाऽथ निरूप्यते ।
भारतीदत्तसूत्रैश्च नृपादौ पुस्त्ववाचिनाम् ॥११७॥

સારસ્વત સૂત્રો વડે નૃપ વગેરે अ કારાન્ત પુલિંગ શબ્દોની સાધનિકા હવે નિરૂપવામા આવે છે

३ देवशब्दादकारान्तात् प्रथमैकवच पर ।
सि स्थाप्यनेऽनया रीत्या सर्वा स्थाप्या यथाक्रमम् ॥११७॥

अ કારાન્ત देव શબ્દની પરમાં પ્રથમા એકવચનનો (વિભક્તિપ્રત્યય) सि (स) મૂકવામા આવે છે. આ (देव+स) પ્રમાણે અનુક્રમે બધી જ વિભક્તિઓ મૂકવી

४ इकारश्च जकारश्च शब्द कवर्गपञ्चम. ।
पकारो याति कार्याय तत्कार्यं च निरूप्यते ॥११९॥

इ કાર, ज કાર, क વર્ગનો પાચમો (અનુનાસિક) ङ વર્ણ અને प કાર પ્રક્રિયા માટે છે (તેથી) જતા રહે છે. તેનુ કાર્ય બતાવુ છુ

५ सेरा जसि शसि टेन ङेरक् च ङसिरत् तथा ।
ङस्स्य ङावत्वसो सौ त्वित्याद्यर्थमिजशादय. ॥१२०॥

सि નો (ऋ કારાન્તમાં) आ થાય છે जस् પરમા હોય ત્યારે (इ કાર અને उકારનો ए અને ओ થાય છે, शस् પરમાં હોય ત્યારે પૂર્વનો દીર્ઘ થાય છે) टा નો इन, ङे ને अक् આગમ થાય છે. ङसि નો अत् થાય છે ङस् નો स्य તેમજ सि પરમા હોય ત્યારે अतु અ તવાળા તેમજ वस् અ તવાળા શબ્દોના ઉપધાનો દીર્ઘ થાય છે આ બધા કાર્યો માટે इ, ज, श વગેરે છે

६ नाम्नो रसे पदान्ते च स्रोर्विसर्गोऽपि धातुत ।
पदान्ते स्यात् प्रयोगा स्युर्देवो योभिरभुर्यथा ॥१२१॥

નામના કે ધાતુના પદાતે આવેલા र् અને स् નો વિસર્ગ થાય છે જેમકે – (देव योभि अभू =) देवो योभिरभू

७ प्रथमाया द्वितीयाया, द्वित्वे देवौ तथौ कृते ।
प्रथमाया वहुत्वे च, देवा दीर्घे कृते विभो ॥१२२॥

પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના દ્વિવચનમાં औ (પ્રત્યય) કરવાથી देवौ (देवौ) થાય છે. અને પ્રથમા બહુવચનમાં, હે પ્રભુ, (अ + अस् એમ) દીર્ઘ કરવામા આવતા देवाः એમ રૂપ થાય છે.

८ क्वचिदपि च वक्तव्योऽकाराज्जसोऽसुगागम ।
देवासो ब्राह्मणासश्चे – त्यादिप्रयोगसिद्धये ॥१२३॥

स्रोर्विसर्ग ॥ १६४ ॥ अकाराज्जसोऽसुक् क्वचिद् वक्तव्यश्छन्दसि ॥ १६५ ॥

અને જ્યારે अ કારાન્ત (શબ્દ) પછી (પ્રથમા વિભક્તિના) अम (अम्) પ્રત્યયને अमुट् (अम्) આગમ થાય છે ને (देव + अम् = देव + अमम् =) देवाम અને (ब्राह्मण + अम = ब्राह्मण + अमम् =) ब्राह्मणाम વગેરે પ્રયોગ સિદ્ધ કરવા માટે છે

९ अधातोरम्शसोरस्यो – त्तरयोर्हि समान ।
लोपो भवेत्तथा देव, द्वितीयैकत्वमेव भो ॥१२४॥

ધાતુના (क्विप् અંતવાળા) ન હોય તેવા સમાન (अ इ उ ऋ ऌ) અંતવાળા શબ્દોના પછી આવતા (દ્વિતીયા એકવચનના) अम् અને (બહુવચનના) शस (अस्) ના अ વર્ણનો લોપ થાય છે જેથી દ્વિતીયા એકવચનમા (देव + अम् = देव + म् =) देवम् થાય છે

१० सो नः पुंसः समानात्स्यात् उत्तरस्य शसस्तत ।
पर पूर्वस्य दीर्घं स्यात् तस्मिन् शसि परे सति ॥१२५॥

પુલિંગમાં સમાન (સ્વર)ના અંતવાળા શબ્દના પરમા રહેલા शस (अस्) પ્રત્યયના स કારનો न् થાય છે અને જે શબ્દની પરમા शस् (अस्) પ્રત્યય હોય ત્યારે આગલો દીર્ઘ થાય છે.

११ यदाऽऽदेशो भवेत्तद्वद् देवान् रूप यथा स्फुटम् ।
स्यादकारात् परष्टेन देवेनेहेति सिद्धये ॥१२६॥

તે પ્રમાણે જ્યારે (स् ના સ્થાને न्) આદેશ થાય છે ત્યારે देवान् એમ રૂપ સ્પષ્ટ થાય છે (તૃતીયા વિભક્તિ એક વચનમા) अ કારાન્ત શબ્દ પછી ત્યાં टा નો इन (આદેશ) (देव + आ = देव + इन =) देवेन રૂપ સિદ્ધ કરવા માટે થાય છે

१२ अद्भि परे भवेदा च देवाभ्यामिति सिद्धति ।
भ्योऽकारात्त परस्यैव, देवै रूप भवेद्यथा ॥१२७॥

भ કાર પરમા હોય ત્યારે अ નો आ થાય છે જેમ (તૃતીયા દ્વિવચન) (देव + भ्याम्) देवाभ्याम् એમ સિદ્ધ થાય છે अ કારાન્ત શબ્દ પછી (તૃતીયા બહુવચનના भिस् ના) भ નો अ થાય છે. જેથી (देव + भिस् = देव + अ इस् (ऐ)=) देवै રૂપ થાય છે

१३ छन्दसि भिसि वक्तव्योऽकारस्यैकार एव भवति यथा ।
देवेभिः कर्णेभी, रूपमिति तथा पराण्येवम् ॥१२८॥

વેદમા (अ કારાન્ત પછી) भिस् હોય ત્યારે अ વર્ણનો ए થાય છે. જેથી (देव + भिस् = देवे + भिस् =) देवेभि અને कर्णेभि જેવા બીજા રૂપો થાય છે

१४ चतुर्थ्येकविवक्षायां, ङेरत्रागमो भवेत् ।
नृपाकारात् परस्यैव देवाय रूपसिद्धये ॥१२९॥

अतोऽमोऽमः ॥ १६६ ॥ शसो न पुंसः ॥ १६७ ॥ शसि ॥ १६८ ॥
टाङसेरिनात्स्यौ ॥ १६९ ॥ ऐस् ॥ १७० ॥
भ्यसि ॥ १७१ ॥ ... ॥ १७२ ॥ बहुलं छन्दसि ... ॥ १७३ ॥ ... ॥ १७४ ॥

अ કારાન્ત શબ્દની પરમાં ચતુર્થી વિભક્તિ એકવચન કહેવાનું હોય ત્યારે ङे (પ્રત્યય) ની પછી अक् આગમ થાય છે હે નૃપ, તે (देव+ए=देव+ए+अ=देव+अय्+अ=) देवाय રૂપ સિદ્ધ કરવા માટે છે

१५ तृतीयायाश्चतुर्थ्याश्च पञ्चम्या द्वित्व ऐक्यता ।
रूपस्याऽतस्तृतीयाया द्वित्ववद्रूपमत्र च ॥१३०॥

તૃતીયા વિભક્તિ, ચતુર્થી અને પંચમીના દ્વિવચનમા એકસરખાપણું છે. (આથી) अ કારાન્ત શબ્દના તૃતીયાવિભક્તિ દ્વિવચનના રૂપની જેમ રૂપ અહીં થશે

१६ अकारस्य भवेदेस्मि वहुत्वे च परे ह्यथ ।
देवेभ्य इति सिद्धयर्थम् अकारात् ङसिरत् पर ॥१३१॥

अ કારાન્ત શબ્દ પછી (ચતુર્થી અને પચમી તેમજ સપ્તમી) બહુવચન પરમાં હોય ત્યારે अ નો ए થાય છે તે (देव+भ्य =)देवेभ्य સિદ્ધ કરવા માટે છે अ કારાન્તની પરમાં રહેલા (પચમી એક વચનના) ङसि પ્રત્યયનો अत् થાય છે

१७ कच्छजनपदाधीश ! देवादिति सुसिद्धये ।
देवाभ्यामथ देवेभ्य पूर्ववत् साधना तयो ॥१३२॥

હે કચ્છ જનપદના સ્વામી, તે (ङसि નો अत्) (देव + अत् =) देवात् એમ સિદ્ધ કરવા માટે છે. (પચમીના દ્વિવચન અને બહુવચનના) देवाभ्या અને देवेभ्य એ બંનેની સાધના (પ્રક્રિયા) ઉપર મુજબ છે

१८ स्यादकारात् परो ङस्स्य देवस्येति सुसिद्धयति ।
ओसि ह्येत्व त्वकारस्य, भवेद्यथा च देवयो ॥१३३॥

अ કારાન્તની પરમા આવેલા (પષ્ઠી એકવચનના) ङस् પ્રત્યયનો स्य થાય છે અને (देव+स्य=) देवस्य એમ સિદ્ધ થાય છે જ્યારે (દ્વિવચનનો) ओस् પ્રત્યય પરમા હોય ત્યારે अ નો ए થાય છે જેથી (देव+ओ = देवे + ओ =) देवयो બને છે.

१९ नुडाम. स्याल्लब्धवर्ण समानत परस्य च ।
दीर्घस्तन्नामि पूर्वस्य देवानामिति सिद्धये ॥१३४॥

લબ્ધવર્ણ (अ કારાન્ત શબ્દ) પછી આવતા સમાન સ્વરોની પરમાં આવેલા (ષષ્ઠી બહુવચનના) आम् પ્રત્યયને नुट् આગમ (આગળ) લાગે છે. અને (न्+आम्=) नाम् પરમા હોય ત્યારે પૂર્વ (સમાન સ્વરનો) દીર્ઘ થાય છે તે (देव + नाम् =) देवानाम् ની સિદ્ધિ માટે છે

एस्मि वहुत्वे ॥ १ ६ १५ ॥ ङसिरत् ॥ १ ६ १६ ॥ ङस्स्य ॥ १ ६ १७ ॥ ओसि ॥ १ ६ १८ ॥ नुडाम ॥ १ ६ १९ ॥ नामि ॥ १ ६ २० ॥

२० अ इ ए चेति सूत्रेण देवे रूप भवेदिति ।
ओसीति च कृते राजन् ! देवयोरिति सिद्धयति ॥१३५॥

અને अ इ ए (૧.૨.૧૧) (अ વર્ણ પછી इ વર્ણ આવે તો તે બંનેનો ए થાય છે તે) સૂત્ર વડે (देव+इ=) देवे એમ રૂપ થાય છે અને હે રાજા, ओसि (૧.૬.૧૮) સૂત્ર લગાડવાથી देवयो એમ (સપ્તમી દ્વિવચનનું) રૂપ સિદ્ધ થાય છે.

२१ किवलात् षः सः कृतस्य स्यात्सून सूत्रेण केनचित् ।
अनन्त्यस्योत्तरस्य ज्ञ ! देवेष्विति यथा भवेत् ॥१३६॥

कु–क वर्ग અને इल प्रत्याહारनी પરમાં કોઇ પણ સૂત્ર વડે વિધાન કરવામાં આવેલા છેડે ન આવેલા હોય તેવા स કારનો ष થાય છે. હે જ્ઞાની, જેથી (देव + सु = देवे + सु =) देवेषु થાય છે.

२२ देवेत्यामन्त्रणे सिद्धिः सन्मुखीकरणे ध्रुवम् ।
तस्य भवेत् समानाद्धेर्लोपोऽधातोर्न दीर्घत ॥१३७॥

હે દેવ ! એ પ્રમાણે કોઇને સન્મુખ કરવા માટે સંબોધન વિભક્તિમાં सि नी धि સંજ્ઞા થાય છે. તે धि નો ધાતુના ન હોય તેવા સમાનસ્વરાન્ત શબ્દોમાં લોપ થાય છે પણ દીર્ઘ-સ્વરાન્ત (શબ્દો)માં લોપ થતો નથી

२३ हे–शब्दोऽप्यथ भोः शब्दस्त्वघो –शब्दस्तथा भगोम् ।
इत्याद्याः प्राक् प्रयोज्याः स्युरामन्त्रणे हि नामतः ॥१३८॥

હે શબ્દ, भो શબ્દ, अघो શબ્દ તેમજ भगो શબ્દ વગેરેને સંબોધન વિભકિતમાં નામની આગળ પ્રયોજવા (બોલવા).

२४ हे देव ! कुरु कारुण्यम्, अभीष्टं देहि भो जिन ! ।
भगो नित्यं नमस्ते स्यम् अघो घातय घस्मरम् ॥१३९॥

હે દેવ, દયા કરો. હે જિન, અભીષ્ટ (ફળ) આપો. ભગો (હે ભગવાન), તમને નિત્ય નમસ્કાર હોજો. અઘો, પોતાના ઘસ્મર (ખાઉધરા) નો નાશ કરો.

२५ देवो देवगृहे विराजतितरां, देवं दया संश्रिता
देवेन प्रहताः स्वकीयरिपवो, देवाय नम्रं जगत् ।
देवादेव सुधा समानय सखे, देवस्य कीर्तिः प्रिया
देवे स्फारमिदं मनोरममहो, हे देव मोक्षं कुरु ॥१४०॥

अइए ॥१.२.११॥ ओसि ॥१.६.१८॥ किवलात् षः सः कृतस्य ॥१.६.२१॥
आमन्त्रणे सिधि ॥१.६.२२॥ समानाद्धेर्लोपोऽधातोः ॥१.६.२३॥

દેવ દેવાલયમાં અતિશોભાયમાન લાગે છે. દયા (કરુણતા) દેવને આધારે રહેલી છે. દેવ વડે સ્વશત્રુઓ હણાયા છે **દેવને** નિત્ય નમસ્કાર. હે મિત્ર, **દેવ પાસેથી** જ અમૃત મેળવ **દેવની** કીર્તિ પ્રિય છે અહો **દેવમાં** આ મનોહર રૂપ રહેલુ છે। હે દેવ, દયા કરો.

२६ घटपटादयोऽदन्ता सर्वे साध्याश्च देववत् ।
सर्वादीना विशेषत्वम् अत पर निरूप्यते ॥१४१॥

ઘટ, પટ વગેરે બધાજ अ કારાન્ત શબ્દોને દેવ શબ્દની જેમ સાધવા હવે પછી सर्व વગેરે (સર્વનામો) ની વિશેષતા નિરૂપવામાં આવે છે

२७-२८ सर्वो विश्व उभोभयमन्यान्यतरेतरा. पुन· त्वत्त्वौ ।
डतरडतमौ समसिमावेव नेमैकपूर्वाश्च ॥१४२॥
दक्षिणपरावरोत्तरमधरस्वान्तरमथापरस्त्यद्तद् ।
यदिदमदसेतदेव द्वि किं तथा युष्मदस्मच्च ॥१४३॥

इति सर्वादिगणः ।

१) सर्व (બધા) २) विश्व (સકળ) ३) उभ ४) उभय (બ ને) ५) अन्य (બીજો) ६) अन्यतर (બીજા સિવાયનો) ७) इतर (બીજો) ८) त्वत् (અન્ય) ९) त्व (અન્ય) १०) डतर (તુલનામા વધારે) ११) डतम (શ્રેષ્ઠ) १२) सम (સર્વ) १३) सिम (સર્વ) १४) नेम (અડધુ) १५) एक (એક) १६) पूर्व (પૂર્વ દિશાનો) १७) दक्षिण (દક્ષિણ તરફના) १८) पर (બીજો) १९) अवर (અન્ય) २०) उत्तर (ઉત્તર તરફના) २१) अधर (નીચલો) २२) स्व (પોતાનુ) २३) अन्तर (બીજો) २४) अपर (અન્ય) २५) त्यद् २६) तद् (તે) २७) यत् (જે) २८) इदम् (આ) २९) अदस् (પેલુ) ३०) एतत् (આ) ३१) द्वि (બે) ३२) किम् (શું) ३३) युष्मत् (તું, તમે) અને ३४) अस्मत् (હુ, અમે)

એ સર્વ વગેરે (સર્વનામો) નો સમૂહ છે

२९ इदम प्रत्यक्षगत समीपतरवर्ति चैतदो रूपम् ।
अदसस्तु विप्रकृष्ट तदिति परोक्षे विजानीयात् ॥१४४॥

इदम् એ નજર સમક્ષ હોય તેને માટે છે. एतत् એકદમ પાસેના માટે છે अदस् દૂરના અર્થમા અને तत् પરોક્ષ–નજર સમક્ષ ન હોય તેને માટે (પ્રયોજવા યોગ્ય) જાણવું

३० भवेत् प्रवीण ! सर्वादेरकारान्तात् परो जसी ।
सर्व इति यथा रूप फलेद् वै शास्त्रसम्मतम् ॥१४५॥

હે પ્રવીણ, अ કારાન્ત સર્વનામના પરમા આવેલા जस् (પ્રથમા બહુવચન) નો ई થાય છે અને (सर्व+ई=सर्वे) એમ શાસ્ત્રમાન્ય રૂપ થાય છે.

जसी ॥ १ ५ २५ ॥

३१ पुर्षो णो ऽनन्त आदेशश्चावकुप्वन्तरेऽपि हि ।
यथा भवति सर्वेणेत्याद्युदाहरण प्रभो ! ॥१४६॥

प ऽार, रेफ अने ऋ वर्णना पछी, अंते न आवता होय तेवा न् नो ण् थाय छे. तेमा अट प्रत्याहारना वर्णो के क वर्ग अथवा प वर्गनुं व्यवधान आवे तो पण थाय छे. आथी हे प्रभु, (सर्व+इन = सर्वेन=) सर्वेण एम उदाहरण (सिद्ध) थाय छे

३२ सर्वादेः स्मडकारान्तात् परस्य चतुर्थ्येकवचनस्य च ।
तद्वत् पञ्चम्येकवचनस्याऽतस्तथा सुडामो ङिस्मिन् ।
भवति स्याद्यथा सर्वस्मै सर्वस्मात् सर्वेषा सर्वस्मिन् ॥१४७॥

अ कारान्त सर्व वगेरे (सर्वनामो)नी परमां चतुर्थी एकवचनमा (प्रत्ययने) स्मट् लागे छे. तेमज पंचमी एकवचनमां अत् (-प्रत्यय)ने स्मट् लागे छे. अने (षष्ठी बहुवचनना) आम् (प्रत्यय)ने सुट् लागे छे. (सप्तमी एकवचनना) ङि नो स्मिन् थाय छे. आम अनुक्रमे (सर्व+ए = सर्व+स्म+ए =) सर्वस्मै, (सर्व + अत् = सर्व + स्म + अत् =) सर्वस्मात्, (सर्व + आम् = सर्व +स् + आम् =) सर्वेषाम् अने (सर्व + स्मिन् =)सर्वस्मिन् ए प्रमाणे थाय छे.

३३ अन्यान्यस्याऽथ रूपाणि ज्ञेयानि देववद् विभो ! ।
विश्वादीनामदन्तानाम् एकान्ताना तथैव च ॥१४८॥

आ शब्दना बीजां रूपो हे प्रभु, देवनी जेम (थाय छे तेम) जाणवा ते उपरांत ते ज प्रमाणे विश्व वगेरे एक शब्द सुधीना अ कारान्तना रूपो जाणवा.

३४-३५ सर्वादि. सर्वनामाख्यो न चेद्गौणोऽप्यथाऽभिधा ।
न द्वन्द्वे न बहुव्रीहौ तृतीयाया समासके ॥१४९॥
न तदर्थस्य वाक्ये तु द्वन्द्वे या जसि चेद्स्य (प्य) ते ।
पूर्वादिश्च व्यवस्थाया समो तुल्येन्तरोपुरि ॥१५०॥

सर्व वगेरे शब्दोने सर्वनाम संज्ञा गौणमा के संज्ञा-नाममां द्वन्द्व समासमां के बहुव्रीहिमा अथवा तृतीया समासमां के ते अर्थना वाक्यमां थती नथी द्वन्द्व समासमा (प्रथमा बहुवचनने) जस प्रत्यय परमा होय त्यारे विकल्पे (सर्वनाम संज्ञा) थाय छे. पूर्व वगेरे सर्वनामो 'व्यवस्था'ना अर्थमा होय त्यारे (सर्वनाम संज्ञा) थती नथी तेज रीते सम तुल्यना अर्थमा होय अने अन्तर 'नगरमा' होय त्यारे सर्वनामसंज्ञा थती नथी.

अन्तरत्वस्याऽर्थाः ।
(नरे छिद्रे विशेषे च व्यवधाने बहिर्युजि ।
ऽवकाशावसाने प्राज्ञा पदर्थमन्तर विदुः ॥)

पृर्षो णोऽनन्त ॥१.६.२६॥ अट्कुप्व न्तरेऽपि ॥१.६.२७॥ सर्वादेः स्मट् ।१.६.२८॥ ङस ॥१.६.२९॥ सुडाम ॥१.६.३०॥ ङिस्मिन् ॥१.६.३१॥

अन्तर શબ્દના અર્થો :—

(વચમાં, ઝડપથી, વધારામાં, અંતરાયમાં, બહિર્યોગમાં અને સમાવી લેવાના (ગણત્રી કરવાના) અર્થમાં એ પ્રમાણે अन्तर શબ્દને વિદ્વાનો છ અર્થ ધરાવતો જાણે છે.)

३६ परिधाने वहिर्योगे स्वोऽर्थज्ञात्यन्यवाच्यपि ।
दक्षिणो निपुणार्थान्य ओष्ठार्थान्यस्तथाऽधरः ॥१५१॥

(अन्तर સર્વનામ) પરિધાન (પહેરવા)ના અર્થમા, બહાર એવા અર્થમા, स्व સર્વનામ ધન અને જ્ઞાતિ સિવાયના અર્થમા, दक्षिण સર્વનામ નિપુણ સિવાયના અર્થમા અને अधर સર્વનામ હોઠ સિવાયના અર્થમાં હોય ત્યારે સર્વનામ બને છે.

३७ डतरडतमान्तशब्दा. सर्वादिगणे भवन्ति चाऽन्तस्ते ।
ननु तौ प्रत्ययरूपौ यतरे यतमे यथा स्याताम् ॥१५२॥

सर्व વગેરે સમૂહમા આવેલા डतर અને डतम શબ્દો પ્રત્યયરૂપ થઈને (શબ્દના) અંતે લાગે છે. તેથી यतरे અને यतमे એમ રૂપો થાય છે.

३८ पूर्वादीना नवानां च जसीकारो विकल्पत· ।
वक्तव्यो रूपभेदाय पूर्वे पूर्वास्तथा परे ॥१५३॥

पूर्व વગેરે નવ સર્વનામોના (પ્રથમા બહુવચનના) जस् પ્રત્યયનો વિકલ્પે ई જુદાં રૂપો કરવા માટે થાય છે. આમ पूर्वे અને पूर्वाः તેમજ परे (અને परा) એમ થાય છે.

३९ ङसिङ्योः स्मात्स्मिनौ वा च वक्तव्यो रूपभेदत ।
पूर्वस्मादथ पूर्वात्पू-र्वस्मिन् पूर्वे तथा परे ॥१५४॥

રૂપોના ભેદને લીધે (पूर्व વગેરે સર્વનામના પંચમી એક વચનના) ङसि અને (સપ્તમી એક વચનના) ङि ના વિકલ્પે અનુક્રમે स्मात् અને स्मिन् થાય છે. આમ पूर्वस्मात् અને पूर्वात्, पूर्वस्मिन् તેમજ पूर्वे અને (परस्मिन् तथा) परे થાય છે

४० प्रथमाल्पचरमकतिपय - नेमार्धायट्तयड्शब्दानाम् ।
सर्वादित्व जसी वा प्रथमा प्रथमे तथा चाऽन्ये ॥१५५॥

प्रथम, अल्प, चरम, कतिपय, नेम, अर्ध તેમજ अयट् અંતવાળા અને तयट् અંતવાળા શબ્દોને (પ્રથમા બહુવચનનો) जस् પ્રત્યય પરમાં હોય ત્યારે તેનો ई કાર વિકલ્પે થાય છે. તેથી प्रथमा અને प्रथमे તેમજ અન્ય રૂપો થાય છે.

४१-४२ एषु पाठो हि नेमस्य जसी विकल्पकारणात् ।
सर्वादौ तु चतुर्थ्यादौ सर्वादिकार्यसाधनात् ॥१५६॥
तयायटौ महाराज ! न ग्राह्यौ प्रत्ययाविमौ ।
ग्राह्यास्तदन्तिका शब्दाः प्रस्फुरत्प्रतिभावता ॥१५७॥

पूर्वादीना तु नवाना जस ईकारो वा ॥ १ ६ ३२ ॥
पूर्वादिभ्यो नवभ्यो ङसिङयो स्मात्स्मिनौ क ॥ १.६ ३३ ॥

આ સર્વાદિ ગણમાં નેમ નું પરિગણન (પ્રથમા બહુવચનના) जस् પ્રત્યયમાં વિકલ્પ હોવાને લીધે છે. મહારાજ, સર્વાદિ ગણમાં ચતુર્થી વિભક્તિ વગેરેમાં સર્વાદિની જેમ પ્રક્રિયા (સાધના) થતી હોવાના લીધે तय અને अय પ્રત્યયને ન લેતાં તે જેની અંતે આવેલા હોય તેવા શબ્દોને પ્રતિભાશાળીએ ગ્રહણ કરવા.

४३-४४ द्वितये द्वितया स्यातां द्वये द्वया घटा यथा ।
तीयस्य सर्ववद्रूपं वक्तव्य ङित्सु वा नृप ! ॥१५८॥
द्वितीयस्मै द्वितीयाय द्वितीयस्मात् तथा परम् ।
द्वितीयाच्च द्वितीयस्मिन् द्वितीये तृतीयस्तथा ॥१५९॥

(આમ तयट् અંતવાળા) द्वितये અને द्वितया (બે) તેમજ (अयट् અંતવાળા) द्वये અને द्वया બે ઘડા એમ થાય છે ङित् પ્રત્યયો પરમાં હોય ત્યારે, હે નૃપ, तीय (અંતવાળા)ના વિકલ્પે સર્વની જેમ રૂપો થાય છે (આમ) द्वितीयस्मै તેમજ द्वितीयाय, द्वितीयस्मात् તેમજ બીજું द्वितीयात् અને द्वितीयस्मिन् તેમજ द्वितीये તે પ્રમાણે तृतीय (શબ્દના) રૂપો થાય છે.

४५ विद्वद्भिरुभशब्देऽस्मिन् द्विवंचनमुदाहृतम् ।
तदभावः पुन. प्राज्ञैरुभयशब्द एव हि ॥१६०॥

उभ સર્વનામને વિદ્વાનો (નિત્ય) દ્વિવચનાન્ત કહે છે જ્યારે उभय સર્વનામમાં દ્વિવંચનનો અભાવ (બહુવચનનો પ્રયોગ) જ વિદ્વાનો વડે કહેવાયો છે.

४६-४७ देवावुभौ शमुभये हरिशङ्कराख्यौ
लोकोपकारप्रतिभा च समाश्रितोभौ ।
ताभ्या हृता. स्वरिपवो नितरामुभाभ्यां
कालत्रयेऽस्तु सतत तु नमो ह्युभाभ्याम ॥१६१॥
पीयूषमानय सखे ! प्रणमन्नुभाभ्यां
कीर्त्या धरा धवलिता ह्युभयोरशेषा ।
नित्य विभाति करुणा ह्युभयोर्धरिन्या
तस्मादुभौ ! मयि मुदे भवत नितान्तम् ॥१६२॥

(उभ સર્વનામના બધી વિભક્તિના દ્વિવચનના પ્રયોગ)

(પ્રથમા) હરિ અને શંકર નામના બંને દેવો છે તેમનાથી કલ્યાણ છે.
(દ્વિતીયા) લોક પર ઉપકાર (કૃપા) કરવાની પ્રતિભા બંનેને વરેલી છે.
(તૃતીયા) તેમના શત્રુઓ તે બંને વડે પૂરેપૂરા હણાયા છે
(ચતુર્થી) ત્રણેય કાળમાં તે બંનેને સતત નમસ્કાર હજો
(પંચમી) હે મિત્ર, પ્રણામ કરતો તું તે બંને પાસેથી અમૃત લેતાવ

(ષષ્ઠી) તે બંનેની સંપૂર્ણ કીર્તિવડે પૃથ્વી શ્વેત બની છે.
(સપ્તમી) જગતમાં નિત્ય તે બંનેમાં કરૂણા શોભે છે.
(સંબોધન) તેથી હે (તમે) બંને, મારામાં આનંદ માટે સારી રીતે રહો

४८ सर्वशब्दवद् रूपाण्यु – भयशब्दस्य भो नृप ! ।
पर द्विवंचनाभावो विशेषोऽयं च वा जसि ॥१६३॥

હે નૃપ, उभय સર્વનામના રૂપો सर्व શબ્દ પ્રમાણે થાય છે. પરંતુ તેમા દ્વિવચન (નુ રૂપ) હોતું નથી. (પ્રથમા બહુવચનનો) जस् પ્રત્યય પરમા હોય ત્યારે વિકલ્પે (सर्वनाम સંજ્ઞા થાય છે) તેથી उभये એમ રૂપ પણ થાય છે.

४९ मासस्याऽलोपो वा भवति नृपते स्यादिषु यथा
द्विधाऽयं शब्द स्यात् स्वमतमिह व्याख्यातमिह तैः ।
अष्टाचत्वारिंशन्नु सकलरूपाणि तु तदा
सप्ताधिक्यानि स्यु पुनरपि हि केचित् कविमते ॥१६४॥

હે નૃપતિ, मास શબ્દના अ કારનો सि વગેરે પરમાં હોય ત્યારે લોપ થાય છે આ શબ્દ(ના) બે પ્રકારે (રૂપો) થાય છે. તેવો અહિં મત તેઓ (વિદ્વાનો) વડે દર્શાવાયો છે. ત્યારે ખરેખર બધા મળીને અડતાલીસ (૪૮) રૂપો થાય છે જ્યારે વિદ્વાનોના મતે કેટલાંક કહે છે કે સાત રૂપો વધુ થાય છે.

५०-५१ तन्मा मासौ मासो, मास मासौ मासो, मासा माभ्याम् ।
माभिर्मासे माभ्या माभ्यो, मासो माभ्या माभ्यो, मास ॥१६५॥
नून मासोर्मासा, मासि मासोर्मास्सु सुरूपाणि ।
हे मा हे मासौ हे मास, सान्तस्यैव श्रीमद्भोज ॥१६६॥

હે શ્રીમાન્ ભોજ, (मास् શબ્દ)स કારાન્તના (૨૪) રૂપો આ પ્રમાણે થાય છે.

प्रथमा	– मा	मासौ	मास·	पचमी	– मासः	माभ्या	माभ्य
द्वितीया	– मासम्	मासौ	मास.	षष्ठी	– मासः	मासो.	मासाम्
तृतीया	– मासा	माभ्या	माभि	सप्तमी	– मासि	मासो·	मास्सु
चतुर्थी	– मासे	माभ्या	माभ्य	सम्बोधनम्	– हे मा	हे मासौ	हे मास

५२ अदन्तमासशब्दस्य रूपाणि स्युस्तु देववत् ।
साधनाऽपि तथैवाऽस्ति नाऽलेखीदिति हेतुत ॥१६७॥

अ કારાન્ત मास શબ્દના (૨૪) રૂપો देव શબ્દ પ્રમાણે થાય છે તેની સાધના (પ્રક્રિયા) પણ તેવીજ છે તે કારણે લખવામા આવી નથી.

मासस्याऽलोपो वा ॥ १.६.३५ ॥

५३ आदन्तो विश्वपाशब्द साधना तस्य वर्ण्यते ।
विशेष. पञ्चसु स्वामिन् ! नाऽस्त्यग्रे तु विशेषता ॥१६८॥

આ આકારાન્ત વિશ્વપા શબ્દ છે હવે તેની સાધના (પ્રક્રિયા) કહેવામાં આવે છે કે સ્વામી, ખાસ કરીને (પહેલા) પાંચમાં વિશેષતા નથી. પણ આગળ (દ્વિતીયા બહુવચન)થી વિશેષતા છે.

५४ आतो धातोर्लोपो भवति च शसादौ स्वर इति
क्विबन्तत्वादेष त्यजति न हि धातुत्वमपरम् ।
शब्दत्वं चाप्येव दधत इह हि प्राज्ञवचनात्
रूपाण्येतानि स्यु परमनृपभोजाह्व तु तथा ॥१६९॥

ધાતુ સંબંધે રહેલા આ આકારાન્તના આનો शस् વગેરે સ્વરથી શરૂ થતા પ્રત્યયો પરમાં હોય ત્યારે લોપ થાય છે. क्विप् અંતવાળા હોવાને લીધે તે ધાતુપણાનો ત્યાગ કરતા નથી. અને તે પ્રમાણે પ્રાજ્ઞના વચનથી શબ્દત્વ પ્રાપ્ત કરે છે. હે શ્રેષ્ઠ રાજા ભોજ, તેના રૂપો આમ થાય છે, જેમકે :—

५५ शतृडन्तक्विबन्ताना क्वसन्ताना तथैव च ।
तृजन्ताना च शब्दाना धातुत्व नोपहन्यते ॥१७०॥

शतृङ् અંતવાળા (વર્તમાન કૃદંત), क्विप् અંતવાળા, क्वस् અંતવાળા તેમજ तृच् અંતવાળા શબ્દોનું ધાતુપણું હણાતું (જતું) નથી

५६ चतुर्विंशति रूपाणि विश्वपाश्च भवन्ति हि ।
तथा कीलालपादीना हाहा क्वचिद्विशेषता ॥१७१॥

विश्वपा શબ્દના ૨૪ (ચોવીસ) રૂપો થાય છે તે રીતે कीलालपा (રાક્ષસ) વગેરે શબ્દોના થાય છે. हाहा (ગંધર્વનામ)ના રૂપમા ક્યાંક ક્યાંક વિશેષતા છે

५७-५८ विश्वपा भवति विश्वधारको, विश्वपा किल समाश्रित जगत् ।
विश्वपैव क्रियते सुख भुवि भक्तिरस्ति ननु मेऽस्तु विश्वपे ॥१७२॥
हीन एव मघवा हि विश्वपो विश्वपदस्य कृपया धरात्मजा ।
विश्वपि त्रिभुवन विराजते विश्वपा मम रिपुक्षय कुरु ॥१७३॥

વિશ્વપા (વિષ્ણુ) વિશ્વને ધારણ કરનાર છે. જગત વિશ્વપાને આશ્રયે રહેલું છે વિશ્વપા વડે જગતમાં સુખ કરવામાં આવે છે વિશ્વપા માટે જ મારી ભક્તિ છે. મઘવા (ઇન્દ્ર) વિશ્વપા કરતાં નીચો જ છે અને વિશ્વપાની કૃપા વડે મેદ પૃથ્વી છે ત્રિભુવન વિશ્વપામાં શોભે છે. હે વિશ્વપા મારા શત્રુઓનો નાશ કરો.

आतो धातोर्लोप ॥ २.१.३ ॥

५९-६० हाहा हूहू सस्वम्तस्य शसि हाहानधातुक ।
डे तु हाहै ओसि हाहो आमि हाहा गुणश्च डौ ॥१७४॥
औ-वर्दीर्घविसर्गाश्च भवेयुरपराणि भोः ।
हाहो हाहास्तथा हाहा हाहाभ्यो न विशेषता ॥१७५॥

हाहा અને તેનો મિત્ર हूहू ધાતુ નથી. (નામ છે) (દ્વિતીયા બહુવચનના) शस् પ્રત્યયમાં हाहान्, (ચતુર્થી એક વચનના) डे પ્રત્યયમા हाहै, (ષષ્ઠી અને સપ્તમી દ્વિવચનના) ओस् પ્રત્યયમા हाहो, (ષષ્ઠી બહુવચનના) आम् પ્રત્યયમા हाहाम् અને (સપ્તમી એક વચનના) डि પ્રત્યયમા ગુણ થઈને (हाहे) થાય છે બીજા औ અને દીર્ઘ તેમજ વિસર્ગવાળાં થઈને (પ્રથમા દ્વિતીયા અને દ્વિવચનમા) हाहो, (પ્રથમા બહુવચનમાં) हाहा થાય છે (દ્વિતીયા એક વચનના) हाहाम् અને તૃતીયા, ચતુર્થી તેમજ (પંચમી બહુવચનના) हाहाभ्य. મા ફેરફાર નથી

६१ इकारान्तादुकारान्ताद् औ यू चापद्यते यथा ।
प्रथमाद्वितीयाद्वित्वे भानू भानू हरी हरी ॥१७६॥

इ કારાન્ત તેમજ उ કારાન્ત (શબ્દો)ના પરમા આવતા औ પ્રત્યયનો અનુક્રમે ई અને ऊ થાય છે. જેમકે –પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનમાં (उ કારાન્ત भानु–સૂર્ય શબ્દના) भानू અને भानू તેમજ (इ કારાન્ત हरि–વિષ્ણુ શબ્દના) हरी અને हरी થાય છે.

६२ इकारान्तस्य शब्दस्योकारान्तस्य तथा भवेत् ।
ए ओ जसि परे घौ च ङिति टानाऽस्त्रियामथ ॥१७७॥

સ્ત્રીલિંગ સિવાયના इ કારાન્ત અને उ કારાન્ત શબ્દના (પ્રથમા અને) સંબોધન બહુવચનનો जस् પ્રત્યય પરમા હોય, સબોધન એકવચન તેમજ (ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી એકવચનના) ङित् પ્રત્યય પરમાં હોય ત્યારે અનુક્રમે ए અને ओ થાય છે. તેમજ (તૃતીયા એકવચનના) टा પ્રત્યયનો ना થાય છે

६३ इकारान्तादुकारान्ताद् हरयो भानवो हरे ! ।
हे भानो ! हरिणा भानु-ना हरयेऽथ भानवे ॥१७८॥

इ કારાન્ત અને उ કારાન્ત શબ્દ પછી (પ્રત્યયો લાગતાં) અનુક્રમે (પ્રથમા અને સંબોધન બહુવચનમા) हरय તેમજ भानव., (સંબોધન એકવચનમાં) हे हरे તેમજ हे भानो, (તૃતીયા એકવચનમા) हरिणा અને भानुना અને (ચતુર્થી એકવચનમાં) हरये તેમજ भानवे થાય છે

६४ ङस्येदोद्भ्या परस्य स्यात् लोपोऽकारस्य भो नृप ! ।
हरेर्भानोश्च पञ्चम्या षष्ठ्या. एकत्व एव हि ॥१७९॥

औ यू ॥ १ ६ ३८ ॥ ए ओ जसि ॥ १ ६ ३९ ॥ घौ ॥ १.६ ४० ॥ ङिति ॥ १ ६ ४२ ॥
टा नाऽस्त्रियाम् ॥ १.६ ४१ ॥ ङस्य (इसिङ सोरस्य) ॥ १ ६ ४३॥

હે રાજા, इ કારાન્ત અને उ કારાન્ત (શબ્દ) ના પરમાં આવતા (ઙસિ અને) ङस् ના अ વર્ણનો લોપ થાય છે. આમ પંચમી અને ષષ્ઠી એકવચનમાં અનુક્રમે हरेः અને भानोः થાય છે.

६५ इदुद्भ्यामुत्तरस्य स्यात् ङेरौ ङित् सोऽपि सम्भवेत् ।
तस्मिंश्च ङिति टेर्लोपः सिद्ध्येद् भानौ हरौ यथा ॥१८०॥

इ કારાન્ત અને उ કારાન્ત (શબ્દ) ના પરમાં આવતા ङि પ્રત્યયનો औ થાય છે તે ङित् બને છે અને ङित् પ્રત્યય પરમાં હોય ત્યારે (આગળના શબ્દના) टि નો લોપ થાય છે. તેથી અનુક્રમે हरौ અને भानौ સિદ્ધ થાય છે.

६६-६७ विभ्राजते त्रिभुवने हरिरेकदेवः,
पद्माऽपि तं हरिमिहाऽपि सुखं भुनक्ति ।
क्षिप्तो बलिश्च हरिणा धरणीतलेऽस्मिन्
हर्षाधिकाय हरये गुरवे नमोऽस्तु ।१८१॥
जातं तथा सकलवस्तु हरेस्त्रिलोक्या
षड्गेश्वराख्यमिह तीर्थमिदं हरेश्च ।
साम्राज्यराज्यपदवी च हरौ विभाति
सौख्यं कुरुष्व सततं मयि हे हरे ! हि ॥१८२॥

એકમાત્ર દેવ હરિ (વિષ્ણુ) ત્રણેય ભુવનમાં શોભાયમાન છે. લક્ષ્મી પણ આ જગતમાં તે હરિને સુખપૂર્વક ભોગવે (ભજે) છે. હરિ વડે બલિરાજા પૃથ્વીના પેટાળમાં ધકેલાયો છે. હર્ષથી અધિક ગુરુ હરિને નમસ્કાર હજો.
ત્રણેય લોકમાં તે પ્રમાણેની સકળવસ્તુ હરિમાંથી જન્મી છે. અહિ આ ષડ્ગેશ્વર નામનું તીર્થસ્થાન હરિનું છે. સામ્રાજ્ય અને રાજ્યની પદવી હરિમાં (હરિવિષે) શોભે છે. હે હરિ, મારામાં સતત સુખની ભાવના કરો.

६८-६९ विराजते व्योमपथे च भानु-
स्समाश्रितं ज्योतिरिदं च भानुम् ।
तद् भानुना ध्वान्तगृहो हतं च
भद्रं च तस्मै किल भानवेऽस्तु ॥१८३॥
प्रवर्तितो वासर एव भानो-
र्भानोः प्रतापोऽस्ति च विश्ववर्ती ।
जगत्प्रकाशो गुण एष भानौ
मयीह सौख्यं कुरु नाथ भानो ! ॥१८४॥

આકાશમાર્ગમાં ભાનુ (સૂર્ય) શોભે (પ્રકાશે) છે. આ તેજ ભાનુને આશ્રિત છે

ओर्ङित् ॥ १.१०० ॥ ङिति टेः ॥ १.१४५ ॥

ભાનુ વડે અહો તે અંધકારનો નાશ થયો છે. તે ભાનુ માટે ખરેખર ભદ્ર હો.

ભાનુ દ્વારા જ દિવસ પ્રવર્તે (શરૂ થાય) છે. ભાનુનો પ્રતાપ (પ્રચંડ તાપ) વિશ્વમાં રહેલો છે. ભાનુમાં જ જગતને પ્રકાશિત કરનારો ગુણ છે. હે ભાનુ, મારી સુખની ભાવના કરો.

७० इदन्तसखिशब्दस्य काचिदस्ति विशेषता ।
अधुना कथ्यते सा च, प्रथमादिविभक्तिषु ॥१८५॥

इ કારાન્ત सखि શબ્દની કેટલીક વિશેષતા છે તે હવે કહેવામા આવે છે પ્રથમા વગેરે વિભક્તિઓમા —

७१ सम्बुद्धिं वर्जयित्वा हि वचनेषु च पञ्चसु ।
षष्ठीग्रहणतोऽन्तस्यै सख्युर्भवेत् परेषु वै ॥१८६॥

સંબોધન સિવાયના પાંચેય વચનોમા ષષ્ઠી વિભક્તિના ગ્રહણને લીધે सखि શબ્દના અંતિમ (સ્વર) નો પરમા ऐ (આદેશ) થાય છે.

७२ षष्ठया यत्कार्यनिर्दिष्टमादेशलक्षण किल ।
तस्या तस्यैव तत्कार्यं कर्तव्यं च विचक्षणै ॥१८७॥

षष्ठी (વિભક્તિના પ્રયોગ) વડે આદેશ રૂપ જે કાર્યનો નિર્દેશ થયો હોય ત્યાં વિચક્ષણોએ તેનું જ તે કાર્ય કરવુ.

७३ सेर्डाऽघेश्च भवेत् सख्युस्ततो डित्वाट्टिलोपता ।
सखा सखायमेकत्वे सखायौ द्वित्वमेव च ॥१८८॥

सखि શબ્દના (પ્રથમા એકવચનના) घि (સંબોધન) સિવાયના सि પ્રત્યનો डा થાય છે. પછી डित् થવાને લીધે (सखिना) टि નો લોપ થાય છે. (તેનાથી) (પ્રથમા) એકવચનમા सखा અને (દ્વિતીયા) એકવચનમા सखायम् અને (બંનેના) દ્વિવચન सखायौ થાય છે

७४ पुर्नर्दिवचनस्या वा सखाया स्याच्च छन्दसि ।
बहुत्वेऽथ सखायश्च द्वितीयाया सखीस्तथा च ॥१८९॥

જ્યારે છંદ (વેદ)માં દ્વિવચનમા (औ નો) વિકલ્પે आ થતાં सखाया એમ થાય છે પછી (પ્રથમા) બહુવચનમાં सखाय અને દ્વિતીયા (બહુવચન)માં सखीन् થાય છે

७५ आगम सखिपत्योरीक् टाङेङिषु परेषु च ।
सख्या सख्यै तथा सख्यौ रूपाणीमानि वै यथा ॥१९०॥

(તૃતીયા એકવચનનો) टा, (ચતુર્થી એકવચનનો) ङे અને (સપ્તમી એકવચનનો) ङि પ્રત્યય પરમા હોય ત્યારે सखि અને पति શબ્દોને ईक् આગમ લાગે છે. જેથી અનુક્રમે सख्या, सख्ये તેમજ सख्यौ રૂપો થાય છે.

ए सख्यु ॥ १६४७ ॥ षष्ठी निर्दिष्टादेशस्तदन्तस्य ॥ १६४८ ॥ सेर्डाऽघे ॥ १६४६ ॥
द्विवचनस्यावा छन्दसि ॥ १६४९ ॥ सखिपत्योरीक् ॥ १६५० ॥

७६ ङेरौ ङिच्च कृते पश्चादीगागमे कृते सति ।
इ यं स्वरे ततो रूप सख्यौ पत्यौ च सिध्यति ॥१९१॥

(સાતમી એકવચનના) ङि પ્રત્યયનો औ થાય છે. તેને ङित् કર્યા પછી ईक् આગમ કરીએ ત્યારે સ્વર પરમાં હોય તો इ નો य થાય છે તેથી (सखि અને पति શબ્દના) सख्यौ અને पत्यौ સિદ્ધ થાય છે.

७७ टिलोपे च कृते सख्युः सखित्वं नोपहन्यते ।
पुच्छच्छेदे यथा श्वान संज्ञान्तर लभेत हि ॥१९२॥

सखि શબ્દના टि નો લોપ કરવામા આવતા તેનું સ્વરૂપ હણાતુ (બદલાઈ જતું) નથી. જેમકે પૂંછડી કપાઈ ગઈ હોય તેવા કુતરાને બીજું નામ અપાતુ નથી.

७८ सूत्रेऽत्र सखिपत्योरीक् दीर्घत्वं यच्च वर्तते ।
ना-निषेधाय भो राजन् इत्याहु पूर्वसूरय ॥१९३॥

હે રાજા, सखिपत्योरीक् (सखि અને पति શબ્દના પરમાં टा, ङे અને ङि હોય તો ईक् આગમ થાય છે તે) સૂત્રમા દીર્ઘના ગ્રહણને પૂર્વાચાર્યો (તૃતીયા એકવચનમાં) ना ના નિષેધ માટે છે તેમ કહે છે

७९ आगमजमनित्य चाऽ-नयैव परिभाषया ।
उक्त ईगागमोऽनित्य सखिना पतिना यथा ॥१९४॥

આગમ (સબંધી) થયેલુ (કાર્ય) અનિત્ય છે એ પરિભાષા વડે (ઉપર) કહેવાયેલો ईक् આગમ અનિત્ય થાય છે (તેથી ना લાગે છે અને તૃતીયા એકવચનમાં) सखिना અને पतिना થાય છે

८० पञ्चम्या अथ षष्ठया स्यात् ऋपदे तयोर्ऋतो ङ उः ।
स ङित् तस्माट्टिलोपस्तु सख्युः सख्युर्यथा भवेत ॥१९५॥

પંચમી અને ષષ્ઠી (એક વચનના ङसि અને ङस् પ્રત્યય) નો ङ પરમા હોય ત્યારે ऋत् આગમ થાય છે. તે બંનેના ऋ કાર (सख्यु) ની પરમાના ङ નો उ થાય છે જે ङित् છે. તેથી તેના टि નો લોપ થાય છે. તેથી અનુક્રમે सख्यु અને सख्युः એમ થાય છે.

८१ सख्युश्च शेषरूपाणि ज्ञेयानि हरिवत् परम् ।
आद्यानि पञ्च रूपाणि पतिशब्दस्य वै तथा ॥१९६॥

सखि શબ્દના બાકીના રૂપો हरि શબ્દ પ્રમાણે જાણવા. પરંતુ पति શબ્દના પ્રથમ પાંચ રૂપો (પણ) हरि શબ્દ પ્રમાણે થાય છે

[illegible]
[illegible]

८२ तृतीयादौ स्वरादौ तु सखिवत् प्रक्रिया पुन ।
पतिशब्दः समासे ह-रिवद्वक्तव्य एव च ॥१९७॥

તૃતીયા વગેરે (વિભક્તિ)માં પતિ શબ્દની પ્રક્રિયા (સાધના) સ્વરથી શરૂ થતા (પ્રત્યયો)માં સખિ શબ્દની જેમ થાય છે પણ સમાસમાં પતિ શબ્દને હરિની જેમ કહેવાય છે

८३ स्यात् सर्वादिस्थस्य राजस्त्यदादे-
ष्टेरः स्यादौ द्वौ पुनर्द्वौ यथैते ।
द्वाभ्या द्वाभ्या पञ्चमीद्वित्वमेव
द्वित्वे षष्ठीसप्तमीतो द्वयो स्यु ॥१९८॥

હે રાજા, સર્વાદિ ગણમાના त्यद् થી શરૂ થતા શબ્દોના પરમાં सि વગેરે (પ્રત્યયો) હોય તો તેના टि નો अ થાય છે. જેથી द्वौ, द्वौ, द्वाभ्या, द्वाभ्या, તેવીજ રીતે પંચમી દ્વિવચનમાં (द्वाभ्या) અને ષષ્ઠી તેમજ સપ્તમીના દ્વિવચનમાં द्वयो (द्वयो) થાય છે.

८४ त्यदादीना च शब्दाना सम्बोधन न विद्यते ।
वै युष्मदस्मदन्ताना विद्वद्भिरिति भाषितम् ॥१९९॥

त्यद् થી શરૂ થતા અને युष्मत् તેમજ अस्मत् સુધીના શબ્દોના સંબોધન (ના રૂપો) હોતાં નથી તેમ વિદ્વાનોએ કહ્યુ છે.

८५ स्याद् बहुवचनान्तस्त्रि-शब्दो नित्यमगौणिक ।
तस्य नामि परे स्वामिन्[1] आदेशस्त्रेरयङ् भवेत् ॥२००॥

બહુવચનાન્ત त्रि શબ્દ નિત્ય અગૌણ=પ્રધાન થાય છે. હે સ્વામી, તેના પછી (ષષ્ઠી બહુવચનનો) नाम् પ્રત્યય લાગે ત્યારે त्रि શબ્દને अयङ् આદેશ થાય છે

यत — કારણ કે —

८६ निर्देशकाले भवति त्रिमुख्याः
स्वरूपशब्दान्तरकार्यभाजः ।
तेनाऽविरुद्ध भवति परेऽत्रे-
रित्यादि धीरा इति सङ्गिरन्ते ॥२०१॥

त्रि વગેરે શબ્દો નિર્દેશકાળે પોતાના રૂપોના શબ્દો કરતાં અન્ય કાર્યવાળા થાય છે. તેથી त्रि પરમા આવતો હોય (તેવા સમાસમા) अत्रे એમ અવિરુદ્ધ=તેજ પ્રમાણે થાય છે તેમ ધીર પુરુષો કહે છે.

८७ गुरुत्वेनैव सर्वस्या-देशे प्राप्ते धरापते[1] ।
ङिदन्त्यस्यैव वक्तव्य आचार्येणेति भाषितम् ॥२०२॥

पतिरसमास एव ॥ १६९४ ॥ त्यदादेष्टेरः स्यादौ ॥ १६५५ ॥ त्रेरयङ् ॥ १६५६ ॥ ङिदन्त्यस्य ॥ १६५७ ॥

હે ધરાપતિ, (त्रि શબ્દને લાગતો त्रयस् આદેશ) ગુરૂ (વધુ વર્ણોવાળો) હોવાને લીધે સમસ્તની જગ્યાએ આવે તેવું થાય ત્યારે टित् પ્રત્યય અન્ત્યને સ્થાને જ કહેવાયો છે તેમ (અનુભૂતિ ૨૧૩૫) આચાર્યે કહ્યુ છે.

८८ रूपाण्यथ त्रयस्त्रींश्च त्रिभिस्त्रिभ्य पुनस्तथा ।
त्रयाणा त्रिष्वगौणत्वे गौणत्वे हरिवत् पुन' ॥२०३॥

આમ (त्रि શબ્દના) રૂપો પ્રધાનતયા હોય ત્યારે અનુક્રમે त्रय , त्रीन्, त्रिभि', त्रिभ्यः, (त्रिभ्यः) त्रयाणा અને त्रिषु થાય છે. જ્યારે ગૌણ હોય ત્યારે हरि પ્રમાણે થાય છે.

८९-९० परयोः डतिशब्दाच्च लुग्वक्तव्यो हि जश्शसो. ।
प्रथमाया द्वितीयाया बहुत्वे स्यात्तया कति ॥२०४॥
कति कतिभि' कतिभ्य. कतीना च कतिष्विति ।
नित्य स्यात् कतिशब्दस्य त्रिलिङ्गेषु समानता ॥२०५॥

डति અ તવાળા (कति) શબ્દના પરમાં આવતાં जस् અને शस् પ્રત્યયનો लुक् થાય છે. આમા પ્રથમા અને દ્વિતીયા (વિભક્તિ વગેરેના) બહુવચનમા અનુક્રમે कति, कति, कतिभि' कतिभ्यः, (कतिभ्य.) कतीनाम् અને कतिषु થાય છે कति શબ્દ ત્રણેય લિંગમાં નિત્ય સમાન-(રૂપ)તા ધરાવે છે.

९१ एकद्वित्रिचतुर्वर्जं सख्याशब्दाव्ययानि च ।
सख्यास्त्रिषु लिङ्गेषु डत्यन्ता युष्मदस्मदो ॥२०६॥

एक, द्वि, त्रि અને चतुर् આ સિવાયના બાકીના સંખ્યા (વાચક) શબ્દો, અવ્યયો, डति-પ્રત્યયાન્ત શબ્દો અને युष्मद्-अस्मद् શબ્દોના રૂપો ત્રણે લિંગોમાં સરખા થાય છે.

९२ कति ते स्नेहसम्बन्धास्तति त दु खदायिन ।
यति ते नागनीर्वाणि तति ते नागवेदनाः ॥२०७॥

કેટલાય તારા સ્નેહસબંધો છે તેટલા (બધા) તને દુઃખ દેનારા છે. જેટલા તને નાગના ભાયા છે તેટલી તને નાગની વેદના છે.

९३-९४ आदेशौ भवतो नाम स्योर्धातोरियुवौ स्वरे ।
ईकारान्ताश्च सुध्याद्या. स्वयम्भ्वाद्या ऊदन्तका ॥२०८॥
साध्या सर्वेऽनया रीत्या काम कुशाग्रबुद्धिना ।
सेनान्यादिकशब्दाना हलादौ न विशेषता ॥२०९॥

ई કારાન્ત અને ऊ કારાન્ત ધાતુના પરમાં સ્વર આવે તો અનુક્રમે इय् અને उव् આદેશ થાય છે. सुधी' (સારો બૌદ્ધ-બુધ ગોળાધવાન) વગેરે ई કારાન્ત શબ્દો અને स्वयम्भू (બ્રહ્મા) વગેરે ऊकारान्त શબ્દોને કુશાગ્ર બુદ્ધિમાને આ રીતે સાધવા. सेनानी (સેનાપતિ) વગેરે શબ્દોની हल् (વ્યંજન)થી શરૂ થતા પ્રત્યયમાં વિશેષતા (ફેરફાર થતો) નથી

---

*हेमशा १९५८॥ स्योर्धातोरियुवौ स्वरे ॥ १९६०॥

९५-९६ स्वरादौ यो विशेषोऽस्ति स एव कथ्यतेऽधुना ।
धातोरक्षरसंयोगो यस्मात् पूर्वो भवेन्न हि ॥२१०॥
ईकारान्तादूकारान्तात् तदन्तस्य विचक्षण ! ।
य्वौ वाऽनेकस्वरस्यैव भवेतां च स्वरे परे ॥२११॥

સ્વરથી શરૂ થતા પ્રત્યયો પરમાં હોય ત્યારે જે ફેરફાર (થાય) છે તે હવે કહું છું. જેની પૂર્વમાં ધાતુગત અક્ષરસંયોગ–સંયુક્તાક્ષર ન હોય તેવા એક કરતાં વધારે સ્વરવાળાં અને ई કારાન્ત–ऊ કારાન્ત શબ્દોના પરમાં સ્વર હોય ત્યારે વિકલ્પે य् અને व् થાય છે.

९७ दृग्भूपुनर्भूवर्षाभू - कारभूव्यतिरिक्तकौ ।
वे भूशब्दसुधीशब्दौ विना वा - ग्रहणादिति ॥२१२॥

સૂત્રમાં वा ગ્રહણને લીધે दृग्भू (ચક્ષુજ), पुनर्भू (વિધવા), वर्षाभू (દેડકો), कारभू (જકાતનાકો) તેમજ भू અને सुधी શબ્દો સિવાય (ના શબ્દોમાં પદ્ય–૯૬ પ્રમાણે) થાય છે.

९८ गतिकारकपूर्वस्य क्विबन्तस्य समीक्ष्यते ।
प्रधीसुल्वादिशब्दानां सुरूपाणि भवन्ति यत् ॥२१३॥

गति અને कारक જેની પૂર્વમાં હોય અને क्विप् અંતવાળા હોય તેવા प्रधी તેમજ सुलू વગેરે શબ્દોના જે રૂપો થાય છે તેની સમીક્ષા કરવામાં આવે છે.

९९ सेनानीः सेनान्यौ सेना - न्यश्च सम्बोधने तथा ।
सेनान्यमेवमग्रेऽपि ङ्यामोः काचिद्विशेषता ॥२१४॥

(પ્રથમા) તેમજ સંબોધનમાં सेनानीः, सेनान्यौ, सेनान्यः અને (દ્વિતીયા એકવચનમાં) सेनान्यम् એમ આગળ પર થાય છે. જ્યારે (સપ્તમી એકવચનનો) ङि પ્રત્યય તેમજ (ષષ્ઠી બહુવચનનો) आम् પ્રત્યય પરમાં હોય ત્યારે વિશેષતા છે.

१०० नुड्वक्तव्यो वा सेनान्या - दीनामामः सेनान्यां स्यात् ।
युग्मं रूपं सेनानीनां प्राग्दोषज्ञैरित्याख्यातम् ॥२१५॥

सेनानी વગેરે શબ્દોમાં आम् ને नुट् (આગમ) વિકલ્પે લાગે છે. આમ सेनान्याम् તેમજ सेनानीनाम् એમ બંન્ને રૂપો દોષ જાણનારા (વિદ્વાનો) એ પ્રથમથી જ કહ્યાં છે.

१०१ भवेदा - म्ङेर्नियश्चैवम् आबन्तादुत्तरस्य च ।
सेनान्यामथ गङ्गायाम् इत्यादीनि फलन्ति च ॥२१६॥

आ કારાન્ત તેમજ (ई કારાન્ત) ની શબ્દોની પરમાં આવતા ङि પ્રત્યયનો आम् આદેશ થાય છે. આથી सेनान्याम् અને गङ्गायाम् એમ રૂપો થાય છે.

य्वौ वा ॥ १.६.६१ ॥ सेनान्यादीनां वाऽऽमो नुट् ॥ १६६२ ॥ आम्ङेर्नियश्च ॥ १६६३ ॥

१०२ प्रधीः प्रध्यौ प्रध्यो ननु सदय ! प्रध्यमिति तथा
सुलूः सुल्वौ सुल्वः खलु खलद ! सुल्वं पुनरपि ।
वर्षाभूर्वर्षाभ्वौ विजयवर वर्षाभ्व सुधी-
विज्ञातव्यान्येव सकलवचनानीह प्रकटम् ॥२१७॥

હે દયાવાન, (प्रधी શબ્દના) प्रधी. प्रध्यौ प्रध्यः તેમજ प्रध्यम्; હે દુર્જનદમી, (सुलू शબ્દના) सुलूः सुल्वौ सुल्वः અને सुल्वम्, હે વિજયવર, (वर्षाभू શબ્દના) वर्षाभूः वर्षाभ्वौ वर्षाभ्वः એમ (વિભક્તિના) બધા વચનોને સમજુ બુદ્ધિમાને સ્પષ્ટ રીતે જાણવા.

१०३ ईदन्ता ग्रामणीमुख्या ऊदन्ता यवलूमुखा ।
ते सर्वेऽप्यनया रीत्या साध्या साधुमनीषिणा ॥२१८॥

ग्रामणी (મુખી) વગેરે ई કારાન્ત શબ્દો છે. यवलू (જવ લણનાર) વગેરે ऊ કારાન્ત શબ્દો છે તે બધાને સારી બુદ્ધિવાળાએ આ રીતે સાધવા.

१०४ अमि वातप्रमीमाहुः शसि वातप्रमीनिति ।
ङौ तु वातप्रमी शेषं सेनानीसदृशं विदुः ॥२१९॥

(ગામણી ગણના वातप्रमी–ઘોડો શબ્દને (દ્વિતીયા એકવચનના) अम् પ્રત્યય પરમાં હોય ત્યારે वातप्रमीम्, (બહુવચનનો) शस् પ્રત્યય પરમાં હોય ત્યારે वातप्रमीन् (થાય એમ) કહ્યું છે અને ङि પરમાં હોય ત્યારે वातप्रमी એવું રૂપ થાય છે. બાકીના (રૂપો) સેનાની પ્રમાણે જાણે છે.

१०५ ऋकारान्तात् परस्यैव सेरा स्यात् ङित्संज्ञकः ।
ऋकारस्य तु तस्यैवाऽर् पञ्चस्वपि विभक्तिषु ॥२२०॥

ऋ કારાન્ત શબ્દની પરમાં (પ્રથમા એકવચનના) सि પ્રત્યયનો आ થાય છે તે ङित् સંજ્ઞાવાળો છે. (પ્રથમ) પાંચેય વિભક્તિ (ના વચન) માં તે ऋ નો अर् થાય છે.

१०६ पिताऽथ पितरौ चाऽपि पितरः पितरं पुनः ।
इत्यादीनि च रूपाणि साध्यानि पूर्वसूत्रतः ॥२२१॥

આમ (અનુક્રમે) पिता पितरौ पितरः અને पितरं (पितरौ) એ પ્રમાણે રૂપો આગળના સૂત્રો અનુસાર સાધવા.

१०७ ङौ परे तु नृप ! स्वामिन् ऋकारस्याऽरेव हि ।
पितरि स्यात्तदा रूपं सर्वशास्त्रेषु सम्मतम् ॥२२२॥

હે નૃપ, હે સ્વામી, (ऋ કારાન્તની પછી) જો (સપ્તમી એકવચનનો) ङि પ્રત્યય પરમાં હોય તો ऋ નો अर् થાય છે. આમ पितरि એવું સર્વશાસ્ત્રસંમત રૂપ થાય છે.

सदय ॥ ११६४ ॥ खलदम ॥ ११६५ ॥ ङौ ॥ ११६६ ॥

१०८ ऋकारान्तात् परस्याऽपि घेरर् सम्बोधनस्य च ।
स पुनर्डिट्टिलोपार्थं यथाऽऽह्वाने हि हे पित ! ॥२२३॥

ऋ કારાન્ત શબ્દની પરમા સંબોધનના घि પ્રત્યયનો अर् થાય છે. તેને टि નો લોપ કરવા માટે डित् કહ્યો છે. જેથી સંબોધનમાં हे पित એમ થાય છે.

१०९ ऋकारान्ताश्च ये शब्दा भ्रात्राद्या पुस्त्ववाचिन. ।
ते सर्वेऽप्यनया रीत्या साध्या शास्त्रविशारदै ॥२२४॥

भ्रातृ વગેરે જે ऋ કારાન્ત પુલિંગવાચી શબ્દો છે. તે બધાને શાસ્ત્રવિશારદોએ આ રીતે સાધવા

११० नृशब्द पितृवत् साध्य. परमेका विशेषता ।
(સ્રીલિંગનો) ईप् અને (નપુંસકલિંગનો) ई કાર પરમા હોય ત્યારે तिरश्ची થાય છે તદ્ધિતમા तिरश्चीन અને અહી तिरश्च એમ (નિપાત) હવે પછી शस् વગેરેના સ્વરથી શરૂ થતા પ્રત્યયમા થાય છે

९२ उदञ्चादिकशब्दानाम् उदीचादय एव च ।
आदिग्रहणत सूत्रे निपाता हि भवन्ति भो ॥३९७॥

अञ्चेर्दीर्घश्च ॥ १.९.५३ ॥ कपसयोगे क्ष ॥ १९१० ॥ तिरश्चादय ॥ १९५५ ॥

સૂત્રમાં (तिरश्चादय: એમ) આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાને લીધે उदञ्च् વગેરે શબ્દોના उदीच् વગેરે નિપાત નિત્ય થાય છે.

९३ उदीच्प्रमुखशब्दानां रूपाणि स्युस्तु पूर्ववत् ।
अग्निचित्प्रमुखाना हि तान्ताना पूर्वसूत्रतः ॥३९८॥

उदीच् વગેરે શબ્દોના રૂપો પૂર્વ પ્રમાણે થાય છે અને अग्निचित् વગેરે त કારાન્ત શબ્દોના રૂપો પૂર્વેના સૂત્રો પ્રમાણે સાધવા.

९४ तान्तानामपि शब्दानाम् उकारस्याऽनुबन्धतः ।
काचिद् विशेषता स्वामिन् ! अस्ति निरूप्यते च सा ॥३९९॥

त કારાન્ત શબ્દોને પણ उકાર અનુબંધ હોવાને લીધે એક વિશેષતા છે. હે સ્વામી, હવે તેનું નિરૂપણ કરવામાં આવે છે

९५ ऋितो नुम् पञ्चसु पुंसि भवेत् क्लीबे च शौ परे ।
न्सम्महतोऽधौ दीर्घ शौ च भवेत् पुंसि पञ्चसु ॥४००॥

उ કાર અને ऋ કાર જેમાંથી इत् થતા હોય તેના પરમાં (પ્રથમ) પાંચ વિભક્તિ વચનો હોય ત્યારે नुम् આગમ થાય છે. અને न કારાન્ત, स કારાન્ત, अप् તેમજ महत् શબ્દના પરમાં સંબોધન (धि) સિવાયના પાંચ વિભક્તિ વચનો હોય અને (નપુંસકલિંગનો) शि હોય ત્યારે (તેના ઉપધાસ્વરનો) દીર્ઘ થાય છે.

९६ महास्ततो महान्तौ च महान्तश्च तत. परम् ।
महान्त महतो नून महतेति च पूर्ववत् ॥४०१॥

महान् महान्तौ महन्तः પછી महान्तम् (महान्तौ) महत. અને महता એમ પૂર્વાનુસાર થાય છે.

९७ अत्वसो: सौ भवेद्दीर्घो धिवर्जिते भवान् यथा ।
दीर्घत्वेन विना शेष – रूपाणि चैव पूर्ववत् ॥४०२॥

(ધાતુના ન હોય તેવા) अतु અંતવાળા અને अस् અંતવાળા શબ્દોની પરમાં સંબોધન (धि) સિવાયનો (પ્રથમા) નો सि પરમાં આવે ત્યારે (તેના ઉપધાસ્વરનો) દીર્ઘ થાય છે. જેમકે – भवान्. જ્યારે બાકીના રૂપો દીર્ઘ થયા વગર પૂર્વાનુસાર થાય છે.

९८ भगवच्छब्दस्य तान्तत्वाद् भवत्प्रक्रिया परम् ।
ऋकारस्याऽनुबन्धत्वात् नो परे स्यान्न दीर्घता ॥४०३॥

भगवत् (वतु प्रत्ययान्त) શબ્દ त કારાન્ત હોવાને લીધે તેની પ્રક્રિયા भवत् (वतु प्रत्य-

ऋदितो नुम् ॥१९५९॥ न्स्महतोऽधौ दीर्घः ॥१९६०॥ अत्वसोः सौ ॥१९६१॥

યાન્ત) શબ્દની જેમ થાય છે પણ ऋ કાર અનુબંધ હોવાને લીધે (પ્રથમાનો) सि પ્રત્યય પરમાં હોય ત્યારે (ઉપધાનો) દીર્ઘ થશે નહીં.

९९ भवेत् पुंसोऽसुडादेश पञ्चस्वेव विभक्तिषु ।
न्तो नुमिति सूत्रेण नुमि कृते च दीर्घता ॥४०४॥

पुस् શબ્દના પરમાં (પ્રથમ) પાંચ વિભક્તિવચનો હોય તેને असुड् આદેશ થાય છે અને પછી न्तो नुम् (१.९.५९) સૂત્રથી नुम् આગમ થાય ત્યારે न्सम्महतो (१.९.६०) સૂત્રથી દીર્ઘ થાય છે.

१०० ततो भवेच्च सेर्ल्लोप सयोगान्तस्य लोपता ।
पुमानिति यथा रूप शेषरूपेऽविशेषता ॥४०५॥

(દીર્ઘ કર્યા) પછી सि નો લોપ થાય છે. અને સંયોગના અંત્યવર્ણ (स કાર) નો લોપ થાય છે અને (પ્રથમા એકવચનમાં) पुमान् એમ રૂપ થાય છે બાકીના રૂપોમાં વિશેષતા (ફેરફાર) નથી.

१०१ पुंस्शब्दस्य हि वक्तव्यः कगागमस्त्वसम्भवे ।
सुपि परे यथा पुक्षु – रूप सिध्यति भूपते ! ॥४०६॥

અસંભવ (અલ્પપ્રયોગ) માં पुस् શબ્દને कक् આગમ થાય છે. આમ (સપ્તમીનો) सुप् પ્રત્યય, પરમાં હોય ત્યારે, હે ભૂપતિ, पुक्षु એમ રૂપ સિદ્ધ થાય છે.

१०२ विद्वस्शब्दस्य रूपाणि पुस्वत्परेषु पञ्चसु ।
तेभ्य परेषु रूपेषु काचिदस्ति विशेषता ॥४०७॥

विद्वस् શબ્દના પરમાં (પ્રથમ) પાંચ વિભક્તિ વચનો પરમા હોય ત્યારે पुस् શબ્દ પ્રમાણે રૂપો થાય છે. અને તે પછીના રૂપોમાં એક વિશેષતા છે

१०३ ईपोकारे स्त्रिया षण्ढे तद्धितप्रत्यये क्वचित् ।
स्वरे परे शसादौ तु प्राप्नोत्येव वसोर्व उम् ॥४०८॥

સ્ત્રીલિંગનો ईप् પ્રત્યય, નપુંસકલિંગનો ई કાર અને ક્યારેક તદ્ધિત પ્રત્યય તેમજ शस् વગેરેનો સ્વરથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય ત્યારે वस् અન્ત શબ્દ ના व કાર નો उ થાય છે.

१०४ स्त्रियां च विदुषी षण्ढे वैदुष्य तद्धिते पुनः ।
विदुषो विदुषेत्यादी – नि रूपाणि स्युरत्र च ॥४०९॥

સ્ત્રીલિંગમાં તેમજ નપુસકલિંગમા विदुषी થાય છે. તેમજ તદ્ધિતમાં वैदुष्यम् થાય છે. અને અહી (દ્વિતીયા બહુવચનમાં) विदुष, (તૃતીયા એકવચનમાં) विदुषा વગેરે રૂપો બને છે

१०५ भवेदुशनसा सेर – वेर्डा यथेह सिध्यति ।
उशना प्रथमैकत्वे रूप सर्वत्र सम्मतम् ॥४१०॥

पुमाऽसुङ् ॥ १ ९.६१ अवम्मत्रे पुम कक् सौ ॥ १.९.३६ ॥ वसोव उ. ॥ १ ९.६८ ॥

उशनस् वगेरे शब्दोना परमां संबोधन (धि) सिवायनो सि परमां होय त्यारे तेनो डा (आदेश) थाय छे. (डित् होवाने लीधे) प्रथमा एकवचनमां सर्वसंमत उशना एम रूप थाय छे

१०६ बहुत्वग्रहणाद् ग्राह्यौ पुरुदशसनेहसौ ।
पुरुदशा त्वनेहा च रूपं सिध्यति सौ परे ॥४११॥

(सूत्रमां) बहुवचन ग्रहण कर्युं होवाने लीधे पुरुदशस् अने अनेहस् शब्दो लेवा सि परमां होय त्यारे (ते शब्दोना) पुरुदशा अने अनेहा रूप सिद्ध थाय छे.

१०७ उशनसश्च वक्तव्या धौ नान्तता त्वदन्तता ।
विकल्पतो यथा हे उ-शनन् हे उशनोशन ॥४१२॥

उशनस् शब्दना परमां संबोधन (एकवचन धि) होय त्यारे ते विकल्पे न कारान्त अने अ कारान्त कहेवाय छे. जेमके हे उशनन्, हे उशन अने हे उशनः एम सिद्ध थाय छे.

१०८ श्लिष्टोच्चारणमात्रेण रूपाणि च स्वरे परे ।
विसर्गोत्वे च सत्वे च भ्याम्भिस्भ्यसि परे सुपि ४१३

श्लिष्ट (संधि युक्त) उच्चार मात्रथी ज स्वर (थी स्वरू थता) प्रत्यय परमां होय त्यारे अने भ्याम्, भिस् अने भ्यस् परमां होय त्यारे विसर्ग पछी तेनो उ तेमज (सप्तमीना) सुप प्रत्यय आवे त्यारे स कार थाय छे.

१०९ असन्तग्रहणादत्र दीर्घत्वं च विधीयते ।
चन्द्रमाः सुवचा अत्र शेषरूपाणि पूर्ववत् ॥४१४॥

(अत्वसो सौ १९९१) मां अस्-अन्त ग्रहण कर्युं होवाने लीधे ज (उपधानो) दीर्घ विहित कराय छे आम अही चन्द्रमाः अने सुवचाः बने छे शेष रूपो पूर्व प्रमाणे थाय छे

११० स्याद् दोषां रः षकारस्य रमे पुनः पदान्तके ।
दोष्शब्दस्य तु वक्तव्या वा शसादावनन्तता ॥४१५॥

दोष् वगेरे शब्दोना परमां रम वर्ण अथवा पदान्त होय त्यारे ष कारनो रेफ थाय छे. शस् वगेरे प्रत्ययो परमां होय त्यारे दोष् शब्द विकल्पे अन् अंत थाय छे.

१११ स्वरहीनं परेणैव संयोज्यं विचक्षणैः ।
ग्राह्याण्यमूनि रूपाणि न लुप्त्वा च हमे परे ॥४१६॥

उत्तम विद्वानोए स्वर रहित शब्दने परवर्ण साथे जोडवो. अने हम् वर्ण परमां होय त्यारे न कारनो लोप करीने जे बधां रूपो ग्रहण करवां.

११२ ङौ परे ङीति रूपाणि सुपि परे पुनर्न्यथा ।
मन्त्रम् रूपमेकं दोषो ... परागु न ॥४१७॥

दोषां र ॥ १९११ ॥ स्वरहीनं परेण संयोज्यम् ॥ १.१.८ ॥

दोष् શબ્દના પરમાં (સપ્તમીનો) ङि પ્રત્યય હોય તેમજ सुप् પ્રત્યય હોય ત્યારે ત્રણ રૂપો થાય છે.(પ્રથમ)પાંચ વિભક્તિઓમા એક જ રૂપ થાય છે. જ્યારે બાકીનામાં બે રૂપો થાય છે.

११३ वहुत्वग्रहणात् सूत्रे सरस्वत्येति सूचितम् ।
सजुषाशिषूर्हविषाद्या. शब्दा ग्राह्याः सुधीमता ॥४१८॥

(उशनसाम्) સૂત્રમાં બહુવચન હોવાને લીધે સરસ્વતીએ સૂચવ્યુ છે કે બુદ્ધિમાને सजुष्, आशिष् અને हविष् શબ્દોને ગ્રહણ કરવા.

११४ रसे दीर्घः पदान्ते च वक्तव्य. सजुषाशिषोः ।
सजूस्तथा सजूर्भ्यां च सजू.ष्विति च सिद्धये ॥४१९॥

सजुष् અને आशिष् શબ્દના પરમાં રસ વર્ણ હોય કે પદાન્ત હોય તો (ઉપધાનો) દીર્ઘ થાય છે. તે सजूः सजूर्भ्याम् અને सजू.षु એમ સિદ્ધ કરવા માટે છે

११५ स्याददसो दकारस्य सौ सः सेरौ ततोऽदस. ।
यथैव प्रथमैकत्वे ह्यसौ रूप प्रसिद्धयति ॥४२०॥

अदस् શબ્દના પરમાં सि પ્રત્યય હોય ત્યારે द કારનો स કાર થાય છે. અને सि નો औ આદેશ થાય છે. ત્યારે अदस् ના પ્રથમા એકવચનમાં असौ રૂપ સિદ્ધ થાય છે.

११६ कृताच्च दस्य मोऽनेनाऽदसो माद् भवेदिह ।
अमू चेत्यादिरूपाणि यथा सिध्यन्ति भूपते ॥४२१॥

दस्यः म. (१.९.३७) એના વડે अदस् ના दस् ભાગનો म કરીને અહીં म કાર પછી હ્રસ્વ उ કે દીર્ઘ ऊ આદેશ થાય છે. જેનાથી, હે ભૂપતિ, अमू વગેરે રૂપો સિદ્ધ થાય છે

११७ एरी बहुत्व एव स्यात् कप्रत्ययं विनाऽदसः ।
अमी अमीभिरित्यादि – रूपाणां सिद्धिहेतवे ॥४२२॥

अदस् શબ્દને क પ્રત્યય ન લાગ્યો હોય ત્યારે બહુવચનમાં इ કારનો દીર્ઘ ई થાય છે. તે अमी, अमीभिः વગેરે રૂપોની સિદ્ધિ માટે છે.

११८ सामान्ये त्वदसः कः स्यात् प्रत्ययः स्यादिवच्च सः ।
अमुकस्त्वमुको चाप्य – मुक इत्यादिसिद्धये ॥४२३॥

સામાન્ય (અજ્ઞાત) અર્થમાં अदस् સર્વનામને क પ્રત્યય લાગે છે. અને તેમી सि વગેરે પ્રત્યયો પરમાં હોય તેના જેવી પ્રક્રિયા થાય છે. તે अमुकः अमुकौ અને अमुके વગેરેની સિદ્ધિ માટે છે

इति हसान्ता. पुंलिङ्गाः ॥१०॥

આમ હસાન્ત(વ્યંજનાન્ત)પુંલિંગ શબ્દો સમાપ્ત થયા. ૧૦.

सजुषाशिषो रसे पदान्ते च दीर्घ ॥ १.९.६४ सौ स. ॥ १.९.७० सेरौ ॥ १.९.७१॥
माद् ॥ १.९.७२ एरी बहुत्वे ॥ १.९.७३ ॥ सामान्ये त्वदस कः स्यादिवच्च ॥ १.९.७४ ॥

११. हसान्ताः स्त्रीलिङ्गाः ।

१ रसे परे नहो धश्च पदान्तेऽपि भवेदिह ।
स्यादुपानदुपानच्च तत्वे दत्वे कृते यथा ॥४२४॥

रस वर्ण परमां હોય કે પદાન્તે હોય ત્યારે नह् (ના ह्) નો ध् થાય છે. અને પછી त કાર તેમજ द કાર કરીએ ત્યારે उपानद्–उपानत् એમ થાય છે.

२ उपानद्भ्यामुपानद्भि – रुपानद्भ्य. पुनस्तथा ।
उपानत्सु च रूपाणि सिध्यन्त्येवं रसे परे ॥४२५॥

रस વર્ણ પરમાં હોય ત્યારે, उपानद्भ्याम् (३), उपानद्भिः (१), उपानद्भ्य (२) તેમજ उपानत्सु એમ રૂપો સિદ્ધ થાય છે.

३ श्लिष्टोच्चारेण शेषाणि रूपाणि तु स्वरे परे ।
दिव औ सौ परे स्यात् द्यौ – र्वाऽम्या द्या च दिव भवेत् ॥४२६॥

શ્લિષ્ટ (સંયુક્ત) ઉચ્ચાર કરીને સ્વર (થી શરૂ થતો પ્રત્યય) પરમાં હોય ત્યારે બાકીના રૂપો કરવાં–दिव् શબ્દ ની પરમાં सि પ્રત્યય આવેલો હોય તો व् કારનો औ થાય છે અને द्यौः રૂપ થાય છે. અને (દ્વિતીયાનો) अम् પ્રત્યય પરમાં હોય ત્યારે વિકલ્પે (व કારનો) आ થાય છે. જેથી द्याम् અને दिवम् એમ થાય છે.

४–५ दिव्शब्दस्योः रसे राजन् ! द्युभ्यामित्यादिसिद्धये ।
त्रिचतुरोः स्त्रियां तिसृ – चतसृवत् स सम्भवेत् ॥४२७॥
तिस्रश्चतस्र इत्यादि – रूपाणां सिद्धये ध्रुवम् ।
न तिसृचतसृशब्दो नामि दीर्घौ यथा त्वम् ॥४२८॥

હે રાજા, रस વર્ણ પરમાં હોય ત્યારે दिव् શબ્દના व કાર નો उ થાય છે તે द्युभ्याम् વગેરે રૂપોની સિદ્ધિ માટે છે. સ્ત્રીલિંગમાં त्रि અને चतुर् શબ્દોના तिसृ અને चतसृ એમ આદેશ થાય છે. તે અનુક્રમે तिस्रः અને चतस्रः વગેરે રૂપોના સિદ્ધિ માટેજ છે. પરંતુ (ષષ્ઠીનો) नाम् પ્રત્યય પરમાં હોય ત્યારે तिसृ અને चतसृ શબ્દોનો દીર્ઘ થતો નથી. જેથી આ (નીચે પ્રમાણે) બે રૂપો થાય છે.

६ तिसृणां चतसृणामे – षो विधिर्वा श्रुतौ पुनः ।
धातोर्वोर्विहले दीर्घः स्याद्यथा गीर्गिरौ गिरः ॥४२९॥

(ષષ્ઠીનો) तिसृणाम् અને चतसृणाम् થાય છે. એ વિધિ વેદમાં વિકલ્પે (દીર્ઘ કરે) છે.

नहो धः ॥ १.१०१ ॥ दिव औः ॥ १.१०२ ॥ वाऽम्या ॥ १.१०३ ॥ उः पदे ॥ १.१०४ ॥
त्रिचतुरोः स्त्रियां तिसृचतसृवत् ॥ १.१०५ ॥ न तिसृचतसृ ॥ १.१०६ ॥ र्वोर्विहले ॥ १.१०७ ॥

ધાતુના इ કાર અને उ કાર ના પરમાં રેફ, व કાર કે हस વર્ણો હોય ત્યારે તેનો દીર્ઘ થાય છે. જેમકે–गीः गिरौ અને गिरः.

७–८ इत्यादीनि तु रूपाणि, भवेर्गुहि घुरस्तथा ।
समिधाद्या धकारान्ता, भान्ताश्च ककुभादयः ॥४३०॥
स्रजाद्या हि जकारान्ता, दान्तास्तु शरदादय. ।
सुत्वचाद्याश्चकारान्ताः षकारान्तास्त्विषादय. ॥४३१॥

घुर् શબ્દના રૂપો પણ આ પ્રમાણે થાય. समिध् વગેરે ध કારાન્ત શબ્દો છે. ककुभ् વગેરે भ કારાન્ત શબ્દો છે. स्रज् વગેરે ज કારાન્ત છે અને शरद् વગેરે द કારાન્ત શબ્દો છે. सुत्वच् વગેરે च કારાન્ત અને त्विष् વગેરે ष કારાન્ત શબ્દો છે.

९ सम्प्राप्तपूर्वकैः सूत्रैः साध्याः स्त्रिया मनीषिभिः ।
त्यदादेष्टेः कृते चाऽत्वे नाम्न स्यादाबतः स्त्रियाम् ॥४३२॥

(એ બધાંને) બુદ્ધિમાનોએ સ્ત્રીલિંગમાં પ્રાપ્ત થતા સૂત્રો વડે સાધવાં. त्यद् વગેરે (સર્વનામો) ના टि સ્વરનો अ કાર કર્યા પછી સ્ત્રીલિંગમાં अ કારાન્તનો आप् (आ) થાય છે.

१० त्यद्तद्यदेतद्रूपाणि सर्ववत् स्युर्यथा प्रभो ! ।
इयं स्त्रियां भवेन्नूनमिदंशब्दस्य सौ परे ॥४३३॥

હે પ્રભુ, त्यद्, तद्, यद्, અને एतद् સર્વનામના રૂપો सर्व પ્રમાણે થાય છે. અને સ્ત્રીલિંગમાં (પ્રથમાનો) सि પ્રત્યય પરમાં હોય ત્યારે इदम् શબ્દનો इयम् આદેશ થાય છે.

११ हसान्तत्वाच्च सेर्लोपो यथेयमिति सिध्यति ।
आपि कृते च शेषाणि रूपाणि सुगमानि च ॥४३४॥

हस વર્ણાન્ત હોવાને લીધે सि નો લોપ થાય છે. અને इयम् રૂપ સિદ્ધ થાય છે. સ્ત્રીલિંગમાં आप् (आ) કર્યા પછી શેષ રૂપો સુગમ છે.

१२ किम्शब्दस्याऽपि टेरत्वे भवेदेवाऽऽबतः स्त्रियाम् ।
का के का एवमित्यादि – रूपाणि स्युर्यथा विभो ॥४३५॥

હે વિભુ, किम् સર્વનામ શબ્દના પણ टि નો अ કાર કરીને સ્ત્રીલિંગમાં अ કારાન્તનો आप् (आ) કર્યા પછી का के काः એ પ્રમાણે રૂપો થાય છે.

१३ बहुत्ववाचिना राजन् ! भिदपां च भवेद्यथा ।
अद्भिरद्भ्योऽद्भ्य इत्येव स्याच्छेषे न विशेषता ॥४३६॥

त्यदादेष्टेरः स्यादौ ॥ १६५५ ॥ आबत स्त्रियाम् ॥ १७.८ ॥ इय स्त्रियाम् ॥ १.१०.८ ॥
भि दपाम् ॥ १.१० ९ ॥

હે રાજા, બહુવચની अप् વગેરે શબ્દોના પરમાં भ કારથી શરૂ થતો પ્રત્યય આવે ત્યારે प કારનો द् થાય છે. જેમકે : अद्भि, अद्भ्य, अद्भ्य. એ પ્રમાણે થાય છે. શેષ રૂપોમા વિશેષતા નથી.

१४ बहुत्वग्रहणादत्र ग्राह्या एतेऽत्र धीमता ।
स्वतवस्मास्स्ववस्सम् – पसो द छन्दसि ध्रुवम् ॥४३७॥

અહીં (अपाम् સૂત્રમાં) બહુવચન ગ્રહણ કર્યું હોવાને લીધે ધીમાને स्वतवम्, माम् स्ववम् અને समुवस् નો द કાર વેદમાં નિત્ય લેવાના છે.

१५ भवेद् रप दिशां कुत्वे पाऽनेन सौ परेऽप्यय ।
दिक् दिग् सम्बोधनेऽप्येव दिग्भ्यां दिक्षु रमे परे ॥४३८॥

दिश् વગેરે શબ્દોના પરમાં (પ્રથમાનો) सि પ્રત્યય હોય ત્યારે कु આદેશ થાય છે તેનાથી दिक् दिग् (પ્રથમામાં તેમજ) સંબોધનમાં પણ થાય છે. અને रम વર્ણ પરમાં હોય ત્યારે दिग्भ्याम् અને दिक्षु રૂપ થાય છે.

१६ आशिषशब्दस्य पान्तस्य सजुषवदेव साधना ।
पान्तत्वेऽपि विशेषत्वाद् विचक्षणैरुदाहृता ॥४३९॥

प કારાન્ત आशिष् શબ્દની સાધના सजुष् શબ્દ પ્રમાણે થાય છે. प કારાન્ત હોવા છતા વિશેષ હોવાને લીધે વિચક્ષણ (સૂત્રકારે) નામનિર્દેશ કર્યો છે.

१७ अदस प्रथमैकत्वे स्त्रिया न च विशेषता ।
द्विवचनादौ टेरत्वे कृते स्यादावमू यथा ॥४४०॥

સ્ત્રીલિંગમાં પ્રથમા એકવચનમા अदस् શબ્દની વિશેષતા નથી. પણ દ્વિવચન વગેરેમાં औ પરમાં હોય ત્યારે टि નો अ કર્યા પછી (मादू સૂત્રથી) अमू થાય છે.

१८ अमूरमूममूरेव रूपाण्यग्रे भवन्ति च ।
वदतीत्यविशेषत्वाद् विद्वान्विनयसागरः ॥४४१॥

જેમકે . अमू. अमूम् अमू: એ પ્રમાણે વિશેષ ન હોવાને લીધે આગળના રૂપો થાય છે તેમ વિદ્વાન વિનયસાગર કહે છે.

इति हलान्ताः स्त्रीलिङ्गाः ॥११॥

આમ હલાન્ત (વ્યંજનાન્ત) સ્ત્રીલિંગ સમાપ્ત થયા. ११

दिशाम् ॥ १.१० १० ॥

१२. अथ हसान्ता नपुंसकलिङ्गाः ।

१ पुल्लिङ्गवच्च रूपाणि हसान्तक्लीववर्तिनाम् ।
तृतीयादौ भवन्तीति हेतोस्तत्साधना ततः ॥४४२॥

હસાન્ત (વ્યંજનાન્ત) નપુંસકલિંગના શબ્દોના રૂપો તૃતીયા વગેરે વિભક્તિ વચનોમાં પુંલિંગ પ્રમાણે થાય છે. તેથી તે બધામા તેની સાધના (તે પ્રમાણે કરવી)

२ प्रथम षट्सु रूपेषु काचिदस्ति विशेषता ।
प्रोच्यते पूर्वसूत्रै सा नव्यसूत्रैश्च कुत्रचित् ॥४४३॥

પહેલા છ (વિભક્તિ વચનોના) રૂપોમાંજ એક વિશેષતા છે. તે પૂર્વના સૂત્રો વડે અને ક્યાંક નવા સૂત્રો વડે કહેવામાં આવે છે

३ स्यमोर्लुकि कृते वा स्या – दीमौ वारी पुनस्तथा ।
जश्शसोः शि. कृते वारि श्लिष्टोच्चार परासु च ॥४४४॥

सि અને अम् પ્રત્યયો પરમાં હોય ત્યારે તેનો लुक् કર્યા પછી वाः (એકવચન) રૂપ થાય છે. અને औ પ્રત્યયનો ईम् (ई) કરીએ ત્યારે वारी (દ્વિવચન) એમ થાય છે. जस् અને शस् પ્રત્યયોનો शि (इ) કર્યા પછી वारि (બહુવચન) રૂપ થાય છે. બાકીનામાં શ્લિષ્ટ (સંધિયુક્ત) ઉચ્ચાર કરીને રૂપો થાય છે.

४ कृते चतुराम् शौ चेति जसशस् रूपमिद द्विकम् ।
स्याच्चत्वारि च चत्वारि शेषरूपाणि पूर्ववत् ॥४४५॥

બહુવચનાન્ત चतुर् શબ્દના પરમાં शि હોય ત્યારે તેને आम् કરવાથી जस् અને शस् ના चत्वारि અને चत्वारि એ બે રૂપો થાય છે. શેષ રૂપો આગળ પ્રમાણે છે

५ अह्नो रसे पदान्ते स रूप स्याद्धि यथा त्वहः ।
रसेऽहोभ्यामहोभिश्चा – होभ्योऽहस्सु भवेत् पुन. ॥४४६॥

रस વર્ણ પરમાં હોય કે પદાંતે હોય ત્યારે अहन् શબ્દ (ના न કાર) નો स् થાય છે. જેથી (પદાંતે) अह એમ રૂપ સિદ્ધ થાય છે. અને रस વર્ણ પરમાં હોય ત્યારે अहोभ्याम्, अहोभिः, अहोभ्यः અને अहस्सु થાય છે.

६ ब्रह्मन्शब्दस्य लोप. स्यान्नकारस्य यथा त्विह ।
ब्रह्म स्वरे तु रूपाणि भवन्ति प्रकटानि च ॥४४७॥

नपुंसकात् स्यमोर्लुक् ॥ १८१० ॥ ईमौ ॥ १८२ ॥ जश्शसो शि. ॥ १८३ ॥
चतुराम् शौ च ॥ १९१६ ॥ अह्न स ॥ ११०११ ॥

महान् શબ્દના न કારનો (सि અને अम् પરમાં હોય ત્યારે) લોપ થાય છે જેમકે મહી महा રૂપ થાય છે. પણ સ્વર (શ્રી શરૂ થનો પ્રત્યય) પરમાં હોય તો તેના રૂપો સ્પષ્ટ જ છે.

७ नपुंसके तु ये शब्दा नकारान्ता ये चर्मन्प्रमुखाः पुनः ।
ते साध्या अनया रीत्या न सन्ति तेषु विशेषता ॥४४८॥

વળી નપુંસકલિંગમાં चर्मन् વગેરે જે न કારાન્ત શબ્દો છે તે બધા આ રીતે સાધવા તેમાં કોઇ વિશેષતા નથી

८ त्यदादीनां च शब्दानां स्यमोर्लुकि कृते पुनः ।
टेरत्वे न भवत्येव स्यादावित्ति विशेषणात् ॥४४९॥

त्यद् વગેરે શબ્દોના सि અને अम् ના लुक् (લોપ) કર્યા પછી स्यादौ (सि વગેરે પરમાં હોય ત્યારે) એમ વિશેષ કથન હોવાને લીધે (लुक् કર્યા તેથી) તેના टि ના अ કાર થતો નથી

९ द्वित्वे पुनर्बहुत्वे टे – रत्वे कृते भवन्ति च ।
त्यत् त्ये त्यानि पुनश्चैवं टादौ रूपाणि पूर्ववत् ॥४५०॥

દ્વિવચન અને બહુવચનમાં टि ભાગનો अ કાર કરીને त्यत् त्ये त्यानि એમ રૂપો થાય છે. टा વગેરે પ્રત્યયો પરમાં હોય ત્યારે પૂર્વ (પુલિંગ) અનુસાર રૂપો સધાય છે.

१० स्यमोर्लुकि कृते प्रत्यक् प्रतीची द्वित्व एव च ।
बहुत्वे स्यादि प्रत्यञ्चि द्वितीयायास्तथा विभो ! ॥४५१॥

(प्रत्यञ्च् શબ્દના પરમાં આવેલા) सि અને अम् નો लुक् (લોપ) કર્યા પછી (એક વચનમાં) प्रत्यक्, દ્વિવચનમાં प्रतीची અને બહુવચનમાં प्रत्यञ्चि થાય છે હે વિભુ, દ્વિતીયા (વિભક્તિ વગેરે)ના પણ તે પ્રમાણે થાય છે

११ जगच्छब्दस्य रूपाणि भवन्ति च जगत् जगद् ।
जगती तु जगन्तीति द्वितीयाया तथैव हि ॥४५२॥

जगत् શબ્દના રૂપો (પ્રથમામાં) जगत्–जगद् जगती जगन्ति એમ થાય છે. અને તેજ પ્રમાણે દ્વિતીયામાં થાય છે.

१२ महच्छब्दस्य रूपेषु महान्तीत्यत्र दीर्घता ।
नुमि कृते विशेषोऽन्य शेषेषु न विशेषता ॥४५३॥

महत् શબ્દના (પ્રથમા અને દ્વિતીયાના રૂપોમાં (બહુવચનમાં) महान्ति એમ દીર્ઘ થાય છે તે नुम् થયા પછી જ થાય છે શેષ રૂપોમાં વિશેષતા નથી.

१३ [illegible] राजन् ! [illegible] तु [illegible] ।
एवं [illegible] ॥४५४॥

હે રાજા, (પયસ્-પાણી શબ્દના પ્રથમા અને દ્વિતીયામા) पयः पयसी पयासि એમ રૂપો થાય છે તે પ્રમાણે वचस्-વચન, मनस्, तेजस्, रजस्, नभस्-આકાશ, अयस्-લોહ અને वयस्-વય શબ્દો સાધવા.

१८ स्यमोर्लुकि कृते सस्याऽ – दस स्याच्च विसर्गक ।
प्रथमाया द्वितीयाया एकत्वेऽदो यथा भवेत् ॥४५५॥

अदस् ના પરમા આવેલા सि અને अम् નો लुक् (લોપ) કર્યા પછી તેના (અંત્ય) स કારનો વિસર્ગ થાય છે જે કે પ્રથમા અને દ્વિતીયા એકવચનમાં अदः રૂપ થાય છે.

१९ प्रथमाया द्वितीयाया द्वित्वे बहुत्व एव च ।
अमू चाऽमूनि रूपे स्तोऽमुनाऽमुभ्यामिति त्विह ॥४५६॥

પ્રથમા અને દ્વિતીયામા દ્વિવચન અને બહુવચનમાં अमू અને अमूनि રૂપો થાય છે અને તે પછી अमुना अमुभ्याम् વગેરે સધાય છે

इति हसान्ता नपुंसकलिङ्गाः ॥ १२ ॥

આમ હસાન્ત (વ્યંજનાન્ત) નપુંસકલિંગ સમાપ્ત થયા. ૧૨.

अथ युष्मदस्मदोः स्वरूपम् ॥१३॥

१ रूपं त्रिष्वपि लिङ्गेषु तयोर्हि युष्मदस्मदोः ।
समानं वाच्यलिङ्गत्वा – भ्रास्त्रीमत्त्वमहं यथा ॥४५७॥

આ યુષ્મદ્–તું, તમે અને અસ્મદ્–હું, અમે ના રૂપો ત્રણેય લિંગમાં સમાન થાય છે કારણ કે વ્યવહાર (वाचि) માં લિંગ (નિર્દેશ) નથી તેમજ તે અલિંગ છે અને અસત્ત્વ–અદ્રવ્યવાચી છે જેમકે : अहम् (હું)

२ यथाक्रमेण भो विद्वन्नादेशौ युष्मदस्मदोः ।
त्वमहंरूपसिद्ध्यर्थं भवेतां त्वमहं सिना ॥४५८॥

હે વિદ્વાન, યુષ્મદ્ અને અસ્મદ્ ના ક્રમાનુસાર सि પ્રત્યય સહિતના त्वम અને अहम् આદેશ त्वम् અને अहम् રૂપ સિદ્ધ કરવા માટે થાય છે

३ आदेशौ तु युवावौ द्विवचने युष्मदस्मदोः ।
स्यातां तयो. परस्त्वामौ युवामावां भवेद्यथा ॥४५९॥

દ્વિવચનમા યુષ્મદ્ અને અસ્મદ્ ના युव અને आव એમ આદેશ થાય છે. અને તેના પછી આવેલા औ પ્રત્યયનો आम् થાય છે. જેમકે : युवाम् અને आवाम् સિદ્ધ થાય છે

४ यूय वय जसा स्याताम् आदेशौ युष्मदस्मदोः ।
प्रथमाया बहुत्वे च यूयं वयं यथा भवेत् ॥४६०॥

અસ્મદ્ અને યુષ્મદ ના जस् પ્રત્યય સહિત यूयम् અને वयम् આદેશ થાય છે જેમકે બહુવચનમાં यूयम् અને वयम् થાય છે

५ आदेशौ त्वन्मदेकत्वे स्यातां हि युष्मदस्मदोः ।
तयोराम्स्मौ पुनष्टे स्यात् त्वां मामित्यादिसिद्धये ॥४६१॥

એકવચનમા યુષ્મદ્ અને અસ્મદ્ ના त्वत् અને मत् આદેશ થાય છે. તે યુષ્મદ્ અને અસ્મદ ના પરમાં अम्, ट કાર અને भिस् પ્રત્યય હોય ત્યારે टि ભાગનો आ થાય, તે त्वाम् અને माम् રૂપોની સિદ્ધિ માટે છે.

६ त्यदादित्वात् कृते चाऽत्वे शसोऽनेन दीर्घता ।
युष्मानस्मांश्च सिद्ध्यर्थं नकारो न. तान्स्तयोः ॥४६२॥

त्यद् વગેરેમાં હોવાને લીધે તે (ના टि) નો अ કાર કર્યા પછી शसि (१ ६ ८) સૂત્રથી દીર્ઘ થાય છે અને યુષ્મદ્ અને અસ્મદ્ ના પરમાં રહેલા शस् (ના स કાર) નો न કાર થાય છે. તે युष्मान्

अमद् सिना ॥ १.११.१ ॥ युवावौ द्विवचने ॥ १.११.२ ॥ आनो ॥ १.११.३ ॥
यूयं वय जसा ॥ १.११.४ ॥ त्वमदेकत्वे ॥ १.११.५ ॥ टाम्स्मौ ॥ १.११.६ ॥ [illegible] ॥ १.११.७ ॥

અને अस्मान् સિદ્ધ કરવા માટે છે.

७ त्वन्मदोष्टेर्भवेन्नूनम् ए टाङ्ङचोर्युष्मदस्मदो ।
अयादेशस्ततः स्वामि – स्त्वया मयेति सिद्धये ॥४६३॥

युष्मद् અને अस्मद् ના त्वत् અને मत् આદેશના પરમાં टा(आ) અને ङि (इ) પ્રત્યયો હોય ત્યારે તેના टि ભાગનો ए થાય છે અને હે સ્વામી, (ए अय् १ २ ९ થી) अय् આદેશ त्वया અને मया એમ સિદ્ધ કરવા માટે થાય છે.

८ तुभ्य मह्य ङया स्याता सार्द्धं हि युष्मदस्मदो ।
तुभ्य मह्य यथा रूप भवेन्नृभवनेश्वर ! ॥४६४॥

હે નરેશ, હે ભવનેશ, युष्मद् અને अस्मद् ના ङे (ए) પ્રત્યયની સહિત તેના तुभ्यम् અને मह्यम् આદેશ થાય છે. જેમકે तुभ्यम् અને मह्यम् રૂપો બને છે

९ स्याद्युष्मदस्मदोर्भ्यश्भ्य परो विशेषसूत्रत ।
यथा युष्मभ्यमस्मभ्य शिदात्वैत्वनिवृत्तये ॥४६५॥

युष्मद અને अस्मद् ની પરમા (રહેલા) भ्यस् નો श्भ्यम् વિશેષસૂત્રથી થાય છે शित् કરણ आ કાર તેમજ ए કાર નિવૃત્તિ માટે છે. તેથી युष्मभ्यम् અને अस्मभ्यम् બને છે

१० ङसिभ्यसोः श्तुरेव स्यात् पञ्चम्या युष्मदस्मदो ।
त्वन्मच्च युष्मदस्मत् स्युर्यथा रूपाण्यमूनि च ॥४६६॥

युष्मद् અને अस्मद् ના પ ચમીના ङसि અને भ्यस પ્રત્યયનો श्तुर् આદેશ થાય છે (તેનાથી) (એકવચનમા) त्वत् અને मत् તેમજ (બહુવચનમાં) युष्मत् અને अस्मत् એ રૂપો બને છે

११ तव मम ङसा स्याताम् आदेशो युष्मदस्मदो ।
तव मम यथा रूप भवेच्च तत्त्वधीर्गिह ॥४६७॥

હે તત્ત્વબુદ્ધિમાન્, युष्मद् અને अस्मद् ના (ષષ્ઠીના) ङस् પ્રત્યય સહિત तव અને मम આદેશો થાય છે. તેથી तव અને मम એમ રૂપો થાય છે

१२ सामाकं स्याच्च भूपाल ! परो हि युष्मदस्मदो ।
भवेद्युष्माकमस्माक यथा शेषेऽविशेषता ॥४६८॥

હે ભૂપાલ, युस्मद् અને अस्मद् ના પરમાં આવેલા (ષષ્ઠીના) साम् નો आकम् આદેશ થાય છે તેનાથી युष्माकम् અને अस्माकम् બને છે શેષ રૂપોમાં વિશેષતા નથી

अनयो आदेशविशेपविधि –

ए टाङ्यो ॥ १ १ १ ८ ॥ तुभ्य मह्य ङया ॥ १ १ १ ९ ॥ भ्यम् श्भ्यम ॥ १ १ १ १० ॥
ङसिभ्यसो श्तु ॥ १ १ १ ११ ॥ तव मम ङसा ॥ १ १ १ १२ ॥ सामाकम ॥ १ १ १ १३ ॥

આ બન્નેના આદેશોનો વિશેષ વિધિ :—

१३ प्राक्कविभिस्तु यत्रैव प्रोक्तास्तत्रैव श्रीमद्भोजराजेन्द्र ।
युष्मदस्मदो षष्ठी चतुर्थी – द्वितीयास्विन्ते मे वान्नौ ।
वस्नसावित्यादेशा सम्भवन्ति यथाक्रमेण स्फुटम् ॥४६९॥

હે શ્રીભોજરાજ, પૂર્વેના કવિઓ (આચાર્યો) એ જ્યાં જ્યા કહ્યા છે ત્યાં ત્યાં ષષ્ઠી, ચતુર્થી અને દ્વિતીયા વિભક્તિ વડે युष्मद् અને अस्मद् ના અનુક્રમે, (એકવચનમાં) ते અને मे, (દ્વિવચનમાં) वाम् અને नौ તેમજ (બહુવચનમાં) व અને न એ આદેશો સ્પષ્ટ થાય છે

१४ वैपरीत्यविधानेन नियमो नेष्यते बुधैः ।
अतोऽन्यविभक्तीना भवन्ति वस्नसादय ॥४७०॥

વિપરીતતાનું વિધાન હોવાને લીધે વિદ્વાનો નિયમ જોતા નથી આ સિવાયની બીજી વિભક્તિઓમા वस् અને नस् વગેરે થતા નથી

१५ स्वामी ते च समायात स्वामी मे चाप्यतो गत ।
नमस्ते भगवन् ! भूयो देहि मे मङ्गलाक्षरम् ॥४७१॥

તારા સ્વામી આવ્યા ને મારા સ્વામી કમભાગ્ય ગયા. હે ભગવાન, તમને (ચતુર્થી) નમસ્કાર હો. મને (ચતુર્થી) અક્ષય મંગલ આપો

१६ स्वामी वां स महामोऽन्नं – दृष्ट्वा नौ दानवारणम् ।
राजा वां दास्यते दानं ज्ञानं नौ मधुसूदन ॥४७२॥

તમારા બન્નેના તે સ્વામી અમારા બન્નેની દાનવારણના જોઈને મોટેથી ... તમને બન્નેને દાન આપશે (અને) મધુસૂદન અમને બન્નેને જ્ઞાન આપશે.

१७ देवो वामवताद्विष्णुर्नस्त्राता जनार्दन ।
स्वामी वो बलवान् राजा स्वामी नोऽसौ जनार्दन ॥४७३॥

દેવ વિષ્ણુ તમને બન્નેને બચાવે અને જનાર્દન અમને બન્નેને નક્કી બચાવે. તમારા સ્વામી બળવાન રાજા છે અને અમારા સ્વામી આ જનાર્દન છે.

१८ नमो वो ब्राह्मणेभ्यो ज्ञानं नो दीयतां धनम् ।
मान्यदान् च प्रयच्छामि वस्तामो न गुरुर्गिरि ॥४७४॥

બ્રાહ્મણો તમને બધાને નમસ્કાર હો અમને જ્ઞાન ધન આપો તમને ... હોઈએ, તેથી અમને ... પણ દુઃખી તોપણ છીએ.

[illegible]

१९ त्वामाऽमा पुनरादेशौ भवेता युष्मदस्मदो ।
पश्यामि त्वा मदालीढ पश्य मा मदभेदकम् ।।४७५।।

अम् द्वितीया (એકવચનના) પ્રત્યય સહિત युष्मद् અને अस्मद् ના त्वा અને मा આદેશ થાય છે (જેમકે) **તને** મદ (ગર્વ) થી છકેલો જોઉંછુ **મને** મદ (ગર્વ) તોડનારને તું જો.

२० अथाऽऽदेशविशेषाणा निषेधोऽत्र निरूप्यते ।
सम्बोधनपदादग्रे न भवन्ति वसादय ।४७६।।

હવે (આ) વિશિષ્ટ આદેશોનો (ક્યાં) નિષેધ (છે) તે કહેવામા આવે છે. (કે) वस् (व, न) વગેરે સંબોધન પદની પછી આગળ આવતા નથી

२१ वाक्यस्यैवाऽथ पादस्य नादौ हि युष्मदस्मदोः ।
चादिमिश्च पुनर्योग आदेशा पञ्चभिस्त्वमी ।।४७७।।

युष्मद् અને अस्मद् ના આદેશો વાક્યના કે પાદના આરંભમાં અથવા च (वा, ह, अह અને एव) વગેરે પાચના યોગમા પણ થતા નથી

२२ देवाऽस्मान् पाहि नृहरे! विष्णोऽस्मान् रक्ष सर्वदा ।
तव ये शत्रवो राजन्! मम तेऽप्यतिशत्रव ।।४७८।।

હે નરહરિ દેવ, **અમને** બચાવ હે વિષ્ણુ, અમને હંમેશ રક્ષો. હે રાજા, જે **તમારા** શત્રુ છે. તે **મારા** પણ (તેટલાજ) શત્રુઓ છે

२३ आवयोर्युवयोश्चेशो हरिर्मामिव रक्षतु ।
शिवो हरिश्च मे स्वामी साक्षादर्थं विना त्विह ।।४७९।।

અમારા બંનેના અને **તમારા બનેના** ઇશ્વર હરિ **મને** જ રક્ષો. અને સાક્ષાત્ (સ્પષ્ટ) અર્થ ન હોય ત્યા (જેમકે) શિવ અને હરિ **મારા** સ્વામી છે (તેમ પાદમધ્યે થશે).

इति युष्मदस्मदो स्वरूपम् ।।१३।।

આમ युष्मद् અને अस्मद् ના રૂપો સમાપ્ત થયા १३

त्वामाऽवा ।। १ ११ १५ ।। नाऽऽदौ ।। १ ११ १६ ।। चादिभिश्च ।। १ ११ २० ।।

१४. अथ अलिङ्गानि अव्ययानि ।

१ चवाहह्वेव नो विना मह्वापि नार्थमन्तरा ।
नमो मृषा मिथो भृश पुनः पृथक्कृत समम् ॥४८०॥

च[1], वा[2], अह[3], ह[4], एव[5], नो[6], विना[7], मह[8], अपि[9], नार्थम्,[10] अन्तरा[11], नम[12], मृषा[13], मिथ[14], भृशम्[15], पुनः[16], पृथक्[17], कृतम्[18], समम[19]

२ नून नाना दोषा सत्ता मिथ्याऽऽहोस्वित् नाक भृशन् ।
आरादीषत् खल्वाडेव स्वस्त्यम्त्युच्चैर्नीचैः प्रातर् ॥४८१॥

नूनम्[20], नाना[21], दोषा[22], सत्ता[23], मिथ्या[24], आहोस्वित्[25], नाकम्[26], भृश[27] आरात्[28], ईषत्[29], खलु[30], आड्[31], एवम्[32], स्वस्ति[33], अस्ति[34], उच्चै[35], नीचै[36] प्रात[37]

३ सम् श्वस् स्वर् तत् किल वै माऽन्तर विववन्त दिवा युगपदलम् ।
सत्य नञ् महसा ज्योक् नहि किं ब्रूहि सह हेऽन्यत् हं ॥४८२॥

स[38], श्व[39], स्व[40], तत[41], किल[42], वै[43], मा[44], अन्तर[45], विववन्त[46], दिवा[47] युगपत्[48], अलम्[49], सत्यम्[50], नञ्[51], सहसा[52], ज्योक्[53], नहि[54], किम्[55], ब्रूहि[56], सह[57] हे[58], अन्यत्[59], हं[60]

४ ॐ यदृतेऽन्तरेणाऽथ मा न चतुर्दश स्वरा ।
एवमादिर्निपातो हि त्रिलिङ्गेषु सरूपभाक् ॥४८३॥

ॐ[61], यत्[62], ऋते[63], अन्तरेण[64], अथ[65], मा[66], न[67], અને ચૌદ સ્વરો[68-81] એ ચ વગેરે ગણનિપાત છે જે ત્રણેય લિંગોમાં સમાન રૂપો પામે છે.

५ निपात्यतेऽथ तत्रादिर्विभक्त्यर्थे पृथक् पृथक् ।
तस्मिन्नर्थे तु तत्रेति यस्मिन्नर्थे हि यत्र च ॥४८४॥

હવે વિભક્તિ અર્થમાં તત્ર વગેરે અલગ અલગ નિરૂપવામાં આવે છે તેમાં–ત્યાં એ અર્થમાં તત્ર[1] અને જેમાં–જ્યાં એ અર્થમાં યત્ર[2] થાય છે

६ एतस्मिन्नर्थेऽत्राऽमुष्मि–न्नमुत्राऽस्मिन्निह ध्रुवम् ।
कस्मिन्नर्थे निपाता: क्व कुह कुत्र क्वोऽग्रमी ॥४८५॥

એમાં એ અર્થમાં અત્ર[3], પરલોકમાં અર્થે અમુત્ર[4], અહીં એ અર્થમાં ઇહ[5] અને કયાં એ અર્થમાં ક્વ[6] કુહ[7] અને કુત્ર[8] એ ત્રણ નિપાત થાય છે.

७–८ तस्मिन् काले तदा नून यस्मिन् काले यदा पुन: ।
कस्मिन् काले कदा प्रोक्त सर्वस्मिन् सर्वदा ॥४८६॥

काशिकायाम् ॥ १ ११.२१ ॥ ... ॥ १.२१ २२ ॥

कस्माद्यस्माद्यतो येन प्रकारेण यथा पुन ।
तथा तेन प्रकारेण सर्वस्मादिनि सर्वतः ॥४८७॥

તે સમયે (ત્યારે) ના અર્થમા तदा[9], **જે સમયે (જ્યારે)** ના અર્થમા यदा[10], **કયા સમયે (ક્યારે)** ના અર્થમાં कदा[11], **ત્યાંથી** ના અર્થમા नत[12], **કયાંથી** ના અર્થના कुत[13], **જ્યાંથી** ના અર્થમા यत[14], **જે પ્રકારે** ના અર્થમાં यथा[15], **તે પ્રકારે** ના અર્થમા तथा[16] અને **બધેથી** ના અર્થમા सर्वत[17] (નિપાતો આવે છે)

९　अस्मादिति ह्यतोऽमुष्मा-दित्यमुतोऽपरेऽपि च ।
सार्वविभक्तिकश्चैके तसिति प्रवदन्ति च ॥४८८॥

અહીંથી એ અર્થમાં अतः[18], પેલા **સ્થાનથી** એ અર્થમા अमुत[19] અને બીજા થાય છે કેટલાક કહે છે કે तस् પ્રત્યય સર્વ વિભક્તિઓના અર્થમા લાગે છે

१०　अधरस्मिन्नित्यधस्तात् पुरस्तात् पूर्व एव च ।
परस्मिश्च परेणाऽथ दूरार्थे पुनराहि च ॥४८९॥

નીચેના અર્થમા अधस्तात्[20], **આગળ** ના અર્થમાં पुरस्तात्[21] તેમજ **પાછળ** ના અર્થમાં पर ની સાથે (એટલે કે परस्तात्[22]) અને દૂરના અર્થમા आहि લાગે છે

११　चण्डाला क्रूरकर्माणो दक्षिणाहि वसन्ति च ।
सामान्यार्थे किम· शब्दात् चिदादिप्रत्ययो भवेत् ॥४९०॥

ઘાતકી કાર્ય કરનારા ચંડાલો દૂર દક્ષિણમાં (दक्षिणाहि[23]) વસે છે અને किम् શબ્દની પરમાં સામાન્ય અર્થમા चित् (चन, अपि) વગેરે પ્રત્યયો લાગે છે

१२　यथा सिध्यन्ति रूपाणि कश्चित् क्वचन कश्चन ।
भवेत् सात्प्रत्ययो नून वा कार्त्स्न्यंतदधीनयो· ॥४९१॥

(किम् ન चित् વગેરે લગાડવાથી) कश्चित्[24] (કોઇ), क्वचन[25] (કયાક) તેમજ कश्चन[26] (કોઇ) એમ રૂપો સિદ્ધ થાય છે અને सात्[27] પ્રત્યય સમગ્ર તેમજ તેને હવાલે (અધીન) ના અર્થમાં લાગે છે

१३　राजसाद् भस्मसादाद्या प्रयोगा स्युर्यथा पुन ।
वर्त्तते उर्युररयङ्गीकरणे च निपातक· ॥४९२॥

(सात् પ્રત્યય લગાડવાથી राजसात् – રાજાને હવાલે અને भस्मसात् – ભસ્મશેષ વગેરે પ્રયોગો થાય છે વળી उरी[28] અને उररी[29] અવ્યયો સ્વીકાર કરવાના અર્થમા નિપાત બને છે.

आहिच्च दूरे ॥ १ ११ २३ ॥　　किम मामान्ये चिदादि ॥ १ ११ २४ ॥
तदधोनकार्त्स्न्यंयोर्वा मात् ॥ १.११ २५ ॥　　उर्युरर्यङ्गीकरणे ॥१ ११ २६॥

१४ उरीकृत्योररीकृत्येत्यादिप्रयोगहेतवे ।
नृपचूडामणे! सद्यः आदिः काले निपात्यते ॥४९३॥

(उरी અને उररी) उरीकृत्य અને उररीकृत्य—સ્વીકાર કરીને પ્રયોગો માટે છે. હે નૃપચૂડામણિ, सद्य વગેરે સમયના અર્થમાં નિપાત થાય છે.

१५ सद्योऽद्य साम्प्रतं शीघ्रं तूर्णं सपदि सत्वरम् ।
इदानीमधुना यर्हि तर्हि झटिति सम्प्रति ॥४९४॥

सद्य[३०] (તરત), अद्य[३१] (આજે), साम्प्रतम्[३२] (હાલમાં) शीघ्रम्[३३] અને तूर्णम्[३४] (ઝડપથી), सपदि[३५] (તરત), सत्वरम्[३६] (ઝડપથી), इदानीम्[३७] અને अधुना[३८] (હમણાં), यर्हि[३९] (જે), तर्हि[४०] (તો), झटिति[४१] (ઝટ), सम्प्रति[४२] (હમણાં)

१६ परेद्यवाशु पूर्वेद्युप्राक्द्राक् स्रागरमञ्जसा ।
अपरेद्युरुभयेद्यु-रन्येद्युरपरेऽपि च ॥४९५॥

परेद्यु[४३] (બીજે દિવસે), आशु[४४] (ઝડપથી) पूर्वेद्यु[४५] (આગલા દિવસે), प्राक्[४६] द्राक्[४७] અને स्राक्[४८] (ઝડપથી), अरम्[४९] (ઝડપથી), अञ्जसा[५०] (તરત), अपरेद्युः[५१] (બીજે દિવસે), उभयेद्यु[५२] (બંને દિવસે), अन्येद्यु[५३] (બીજે દિવસે) અને બીજા પણ છે.

१७ प्रपरापसमन्ववनिर्दुरभि-व्यधिसूदति-निप्रतिपर्यपय ।
उप आडिति विंशतिरेष सखे! उपसर्गगण कथित. कविना ॥४९६॥

प्र[१], परा[२], अप[३], सम्[४], अनु[५], अव[६], निर्[७], दुर्[८], अभि[९], वि[१०], अधि[११], सु[१२], उत्[१३], अति[१४], नि[१५], प्रति[१६], परि[१७], अपि[१८], उप[१९] અને आङ्[२०] એ વીસને, હે મિત્ર, વિદ્વાને ઉપસર્ગસમૂહ કહ્યો છે

१८ प्राग्धातोस्त्र भवेत् प्रादिरुपसर्गस्त्वयं खलु ।
चतुर्धा स समादिष्टः शास्त्रान्तरे च सूरिभिः ॥४९७॥

આ प्र વગેરે ઉપસર્ગ ખરેખર ધાતુની આગળ લાગે છે. આચાર્યોએ અન્ય (વ્યાકરણ) શાસ્ત્રમાં તેનો ચાર પ્રકારે સમાદેશ કર્યો છે

१९ धात्वर्थं बाधते कश्चित् कश्चित् तमनुवर्तते ।
तमेव विशिनष्ट्यन्यो-ऽनर्थकोऽन्य प्रयुज्यते ॥४९८॥

(૧) કોઈ ધાતુના અર્થને બાધે (રોકે) છે. (૨) કોઈ તેને - અનુસરે છે (૩) અન્ય કોઈ તે અર્થને વિશેષ (વધારે) કરે છે. જ્યારે (૪) કોઈક અનર્થક—અર્થ વગરનો જ પ્રયોજાય છે.

नद्यादि काले ॥१।१२७॥ प्रादिरुपसर्गः ॥१।१२८॥ [illegible] ॥१।१२९॥

२० प्रयोगास्ते च चत्वारो लेलिख्यन्ते मयाऽधुना ।
वितरति तथाऽधीते विजयतेऽवतिष्ठते ॥४९९॥

તે ચાર પ્રયોગો હવે હું લખું છું वितरति (વહેંચે છે), अधीते (ભણે છે), विजयते (વિજય પામે છે) અને अवतिष्ठते (ઉભો છે).

२१ चादि तदव्ययं राजन्, प्रादिक धातुर्वजितम् ।
क्त्वाद्यन्तं भूपते ! स्याच्चैते ग्राह्या आदिशब्दत ॥५००॥

હે રાજા, હે ભૂપતિ, च વગેરે તેમજ ધાતુ (ના સયોગ) સિવાયના प्र વગેરે થી માંડીને क्त्वा સુધીના બધા અવ્યયોને आदि શબ્દને લીધે ગ્રહણ કરવા

२२ क्त्वा–क्यम्–त्रदाम्–च्वि–धा–कृत्वस्–तुम्–डाच्–णम्–शस्–सव –खलु ।
य एतदन्तिका शब्दास्ते सर्वेऽप्यव्यया मता ॥५०१॥

क्त्वा[1], क्यम्[2], वत्[3], आम्[4], च्वि[5], धा[6], कृत्व[7], तुम्[8], डाच्[9] णम्[10], शस्[11] અને सु[12] ના અંતવાળા બધા શબ્દોને પણ અવ્યયો માનવામા આવે છે.

२३–२४ कृत्वाऽऽकृत्य सुभद्रावत् कुतस्तरा खलीकृतम् ।
द्विधा त्रिधैककृत्वश्च कर्तुं भोक्तु सुखाकरः ।
भोज भोज व्रजत्येव, पाय पाय च भूरिश ।
द्विस्त्रिरित्येव शब्दानाम् अव्ययत्वमुदीरितम् ॥५०३॥

कृत्वा (કરીને), आकृत्य (આકાર કરીને), सुभद्रावत् (સુભદ્રાની જેમ), कुतस्तराम् (કયાથી), खलीकृतम् (દુર્જન જેવું કર્યું), द्विधा, त्रिधा, एककृत्व (એકવાર), कर्तुम्, भोक्तुम्, सुखाकर (સુખી કરનાર), भोज भोजम् (ખાતાં ખાતા) જાય છે पाय पायम् (પીતા પીતા), भूरिश (વાર વાર), द्वि (બે વાર) અને त्रि (ત્રણ વાર) વગેરે શબ્દોને પણ અવ્યય કહ્યાં છે.

२५ अव्ययाना च सर्वेषा लिङ्गभेदो न विद्यते ।
अव्ययाद्विभक्तेर्लुक् स्याद् रूपभेदस्ततो नहि ॥५०४॥

બધા અવ્યયોને લિંગભેદ નથી. (ત્રણેય લિંગમાં સરૂપ છે). અવ્યયોની પરમાં (આવેલા) વિભક્તિ પ્રત્યયોનો लुक् થાય છે. તેથી રૂપો જુદા થતા નથી.

उक्त च
કહ્યુ છે કે

२६ सदृश त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥५०५॥

तदव्ययम् ॥ १ १ १ ३० क्त्वाद्यन्तम् ॥ १ १ १ ३१ ॥ अव्ययाद्विभक्तेर्लुक् ॥ १ १ १ ३२ ॥

ત્રણેય લિંગ (જાતિ) માં, બધી જ વિભક્તિઓમાં અને બધાજ વચનમાં ન ખુ રહે અને નાશ (ફેરફાર) પામે નહિ તે અવ્યય છે

२७ निपातगणतो ग्राह्या निपाता अपरेऽपि च ।
अव्ययान्यपराण्येव ग्राह्याण्यव्ययकाण्डत. ॥५०६॥

નિપાત સમૂહમાથી બીજાં નિપાતો ગ્રહણ કરવાં અને (કોશના) અવ્યયકાંડમાથી બીજાં અવ્યયો ગ્રહણ કરવાં.

उक्तान्यव्ययान्यलिङ्गानि ॥ १४ ॥

આમ અલિંગ અવ્યયો કહેવાયા ૧૪

१५ अथ स्त्रीप्रत्ययाः ॥

१ लिङ्गविशेषविजिज्ञापयिषयाऽत्र भाषया ।
स्त्रीप्रत्यया· प्रस्तूयन्ते कवीना हितकाम्यया ॥५०७॥

લિંગમા વિશેષતા જણાવવાની ઈચ્છાથી ભાષા (સરસ્વતી) અહીં કવિ (વિદ્વાનો) ના હિત માટે સ્ત્રી પ્રત્યયનો આરંભ કરે છે

२ जायादिशब्दसिद्धयर्थं नाम्न स्यादावत स्त्रियाम् ।
अजादेश्चाप् हि वक्तव्योऽत्राजादिशब्दसिद्धये ॥५०८॥

जाया (પત્ની) વગેરે શબ્દોની સિદ્ધિ માટે સ્ત્રીલિંગ (વચન) કરવા માટે अ કારાન્ત નામને आप् લાગે છે જ્યારે अज (બકરો) વગેરેને પણ आप् લાગે છે તે अजा (બકરી) વગેરે શબ્દોની સિદ્ધિ માટે છે.

३ श्रद्धा धारा रामा वामा माया मूर्च्छा मेधा वृद्धा ।
क्रीडा व्रीडा गोदा गङ्गेत्याद्या शब्दा आवन्ताख्या ॥५०९॥

श्रद्धा, धारा, रामा (સ્ત્રી), वामा, माया, मूर्च्छा, मेधा (ધારણા શક્તિ), वृद्धा, क्रीडा, व्रीडा (લજ્જા), गोदा, गङ्गा વગેરે आप् અન્તવાળા શબ્દો છે

४ स्युरजा होडा पाका, वत्सा त्रिफला तथा विलालाऽश्वा ।
मन्दा वाला चटकै-डका पुनर्मूषिकाऽजाद्या ॥५१०॥

अजा, (બકરી), होडा (નાવડી), पाका (રસોઇ), वत्सा (વાછેડી) त्रिफला, विलाला (બિલાડી), अश्वा, मन्दा, बाला, चटका, (ચકલી) एडका (ઘેટી), मूषिका (ઉંદરડી) વગેરે अजा ગણના શબ્દો છે

५ वयसो जातितो यश्च प्राप्त ईप्प्रत्यय स्फुटम् ।
तस्यैवाऽत्राऽपवादार्थम् अजादेर्ग्रहण पृथक् ॥५११॥

વય (ઉંમર) અને જાતિને લીધે સ્ત્રીલિંગવચન માટે જે ईप् પ્રત્યય સ્પષ્ટ રીતે પ્રાપ્ત થાય છે તેનાજ અપવાદ માટે અહીં अज વગેરેને પૃથક્ લેવામાં આવ્યા છે.

६ प्रतिफलेद्धि पूर्वस्य स्त्रिया परे तु काप्यतः ।
कारिका–पाचिकादीना यथा सिद्धि प्रजायते ॥५१२॥

સ્ત્રીલિંગમા काप् પરમા હોય ત્યારે अ કારાન્તનો इ કાર થાય છે જેથી (कारक નું) कारिका, (पाचक નુ) पाचिका વગેરે સિદ્ધ થાય છે.

आवत स्त्रियाम् ॥ १७८ ॥ अजादेश्चाप ॥ ११२१ ॥ काप्यतः ॥ ११२२ ॥

७ वष्टि भागुरिरल्लोपम् अवाप्योरुपसर्गयो. ।
आपं चैव हलन्तानां यथा वाचा निशा दिशा ॥५१३॥

આચાર્ય ભાગુરિ अव અને अपि ઉપસર્ગના अ કારનો લોપ વાંછે છે અને हल (વ્યંજન) અંતવાળા શબ્દોનું आप् અંતવાળું (સ્ત્રીલિંગમાં) રૂપ ઇચ્છે છે જેમકે : (वाक् નુ) वाचा, (निश् નુ) निशा, (दिश् નુ) दिशा વગેરે થાય છે.

८ अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधी वगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः ॥५१४॥

ઉત્તરદિશામાં હિમાલય નામનો દેવતાત્મા પર્વતાધિરાજ છે. તે પૃથિવીનો માપદંડ હોય તેમ પૂર્વ અને પશ્ચિમના (બ ને) સમુદ્રોમા ખૂંપીને ઉભો છે

९ पिधाय दोषान् प्रकटीकरोति गुणाननेकांश्च परोपकारान् ।
स्वयं च पीडां हृदि धार्यं साधुर्यथाऽगुरुः पावकयोग एव ॥५१५॥

જેમ અગ્નિના સંયોગમાં અગરુચંદન તેમ સજ્જન દોષોને ઢાંકીને પોતે પીડાને હૃદયમાં ધારણ કરીને અનેક ગુણો તેમજ પરોપકારોને છતાં કરે છે

१० स्त्रियां कापि परे ह्रस्वो वा तरादौ भवेत् पुनः ।
राजन् पूर्वस्य शब्दस्य प्रयोगाः स्युरिमे यथा ॥५१६॥

હે રાજન્, સ્ત્રીલિંગમા काप् અને तर વગેરે પરમાં હોય ત્યારે આગલા શબ્દનો વિકલ્પે હ્રસ્વ થાય છે અને આ પ્રમાણે પ્રયોગો થાય છે.

११ वेणीका वेणिका वाऽपि नदीका नदिका पुनः ।
स्त्रीतरा स्त्रितरा श्रेय-सितरा श्रेयसीतरा ॥५१७॥

वेणीका અને वेणिका (ચોટલો), नदीका અને नदिका (નાની નદી), स्त्रीतरा અને स्त्रितरा તેમજ श्रेयसीतरा અને श्रेयसितरा (વધુ કલ્યાણકારી)

१२ नौकाया च सुरैकाया गुर्वीकाया न ह्रस्वता ।
अस्मिन् सूत्रे महाराज वेति निपातसङ्ग्रहात् ॥५१८॥

હે મહારાજ, એ સૂત્રમાં वा નિપાતનું ગ્રહણ હોવાને લીધે नौका, सुरैका અને गुर्वीका શબ્દોના હ્રસ્વ થતા નથી.

१३ निश्चयेन पतन्त्येवाऽनेकेष्वर्थेष्विति स्फुटम् ।
निपातास्ते तु विज्ञेया ग्रन्थान्तरात्तु भूरिशः ॥५१९॥

જે નિશ્ચયપૂર્વક સ્પષ્ટ રીતે અનેક અર્થોમાં પડે છે (વપરાય છે) તે બધાને નિપાત કહ્યા અને અન્ય ગ્રંથ (પ્રક્રિયાકૌમુદી) માં ગણ્યાં છે

¹ह्रस्वा वा स्त्रियाम् ॥ ३.१२.३ ॥   ²तस्य पूरणे पूरणम् ॥ ४.१६.४ ॥

१४ न्नण ईप् – प्रत्ययोऽत्र स्यात् स्त्रिया हि वर्तमानत ।
दण्डिनी दन्तिनी राजन् हर्त्री चौपगवी यथा ॥५२०॥

न કારાન્ત, ऋ કારાન્ત અને अण् અન્તવાળા શબ્દોને સ્ત્રીલિંગમાં ईप् પ્રત્યય લાગે છે. હે રાજા, જેમકે (दण्डिन् અને दन्तिन् ના) दण्डिनी અને दन्तिनी, (હાથણી) (हर्तृ નુ) हर्त्र અને ઉપગુ ની પુત્રી) औपगवी

१५ ईपि राज्ञस्त्वलोपो हि वक्तव्य कच्छभूपते । ।
यथा राज्ञी तथाऽन्येऽपि स्यु प्रयोगानुसारत ॥५२१॥

હે કચ્છ ભૂપતિ, राजन् શબ્દના પરમા ईप् પ્રત્યય આવે ત્યારે राजन् શબ્દના (ઉપધા) अ કાર નો લોપ કહેવાય છે. જેમકે राज्ञी તેમજ અન્ય રૂપો પ્રયોગાનુસાર થાય છે.

१६ स्वस्रादीनामृकारत्वे नान्ते सङ्ख्यावता न ह्रीप् ।
स्वस्राद्याः पञ्चनाद्या ही - ति च प्राक्कविभाषणात् ॥५२२॥

स्वसृ વગેરે ऋ કારાન્ત હોવા છતા અને (पञ्चन् વગેરે) સંખ્યાશબ્દો न કારાન્ત હોવા છતાં તેમને ईप् થતો નથી स्वसृ વગેરે અને पञ्चन् વગેરે આગળના વિદ્વાનોના કહ્યા પ્રમાણે છે

१७ स्वसा तिस्रश्चतस्रश्च ननान्दा दुहिता तथा ।
याता मातेति सप्तैते स्वस्रादय उदाहृताः ॥५२३॥

स्वसृ (બહેન), (સ્ત્રીલિંગમા) तिसृ (ત્રણ), चतसृ (ચાર), ननान्दृ (નણંદ), दुहितृ (પુત્રી), यातृ (દેરાણી કે જેઠાણી) અને मातृ એ સાત स्वसृ વગેરે ગણુના છે.

१८ स्त्रीतद्धितसमासाना यस्य लोपश्च ये स्वरे ।
औपगवी स्त्रिया रूप सौरी स्यात्तद्धिते परे ॥५२४॥

સ્ત્રીલિંગમા, તદ્ધિતમાં અને સમાસમા य કે સ્વર પરમા હોય ત્યારે इ કાર અને अ કારનોં લોપ થાય છે આમ સ્ત્રીલિંગમા (औपगव+ई=) औपगवी અને (सूर्य+ई=) सौरी–સૂર્યની દિશા એમ તદ્ધિતપરમાં હોય ત્યારે થાય છે

१९ समासे तु प्रजाधार्म्यं तद्धिते ये परे यथा ।
ष्टिड्व्रत. स्त्रिया भवेदीपे ते यथा स्यु प्रयोगकाः ॥५२५॥

પણ સમાસમાં प्रजाधार्म्यम् થાય છે. તદ્ધિતનો य કાર પરમાં હોય ત્યારે સ્ત્રીલિંગમાં षित्, टित्, वित् (उदित्) અને ऋदित् શબ્દોને ईप् લાગે છે. ईप् લાગે ત્યારે તેના પ્રયોગો આ (નીચે) પ્રમાણે થાય છે.

न्नण ईप् ॥ १ १२ ६ ॥ ईपि राज्ञस्त्वलोपो वक्तव्य ॥ * ॥ स्वस्रादीनामन्नन्ताना सङ्ख्यावाचिना च न ॥ १ १२.८ ॥ यस्य लोप ॥ १ १२ ७ ॥ ष्टिड्व्रत ॥१ १२.१४ ॥

२० पित्प्रत्यये वराकी च टित्प्रत्यये निशाचरी ।
गोमती विति भूपाल ! पचन्ती प्रत्यये रिति ॥५२६॥

(स्त्रीलिंगमां ईप् लागीने) पित् प्रत्यय परमा होय त्यारे वराकी–बिचारी टित् प्रत्यय परमा त्यारे (निशाचरट् नुं) निशाचरी–राक्षसी, वित् (उदित्) प्रत्यय परमा होय त्यारे (गोमत् नुं) गोमती–गायवाळी अने रित् (ऋदित्) प्रत्यय परमा होय त्यारे (पचत् नुं) पचन्ती–रांधती रूप बने छे

२१ ईप्प्रत्ययो भवेदेव नदादेर्गणत स्त्रियाम् ।
नदी च गौतमीत्याद्या यथा स्यु शास्त्रसम्मता ॥५२७॥

नद वगेरे गणना स्त्रीलिंगमां ईप् प्रत्यय नित्य थाय छे जेमके : (नद नुं) नदी, (गौतम नुं) गौतमी वगेरे शास्त्रसंमत प्रयोगो छे.

२२ पुयोगाद् भवतीन्द्रादे – रानीप् च धरणीपते ! ।
यथेन्द्राणी – भवान्याद्या भवेयु सुप्रयोगका ॥५२८॥

पुलिंग साथे जोडायेला इन्द्र वगेरे शब्दोने स्त्रीलिंगमां हे धरणीपति, आनीप् प्रत्यय लागे छे अने (इन्द्र नुं) इन्द्राणी, (भव नुं) भवानी वगेरे प्रयोगो थाय छे.

२३-२४आदिशब्देन गृह्यन्ते शर्वरुद्रमृडादय ।
हिमारण्ये महत्त्वे चाद् दोषे यवाल्लिपौ पुन ॥५२९॥
यवनात् विकल्पेन क्षत्रियाचार्यमातुलात् ।
आचार्यान्यित्र णत्व न कौमुद्यामिति भाषणात् ॥५३०॥

आदि (वगेरे) शब्द वडे शर्व, रुद्र, मृड वगेरेनुं ग्रहण थाय छे अने (सूत्रमां) च कारने लीधे वधारेना अर्थमां हिम अने अरण्य ने, दोष (बगडेला) ना अर्थमां यव शब्दने पण ग्रहण करवामां आवे छे. अने लिपिना अर्थमां यवन शब्दने विकल्पे तेमज क्षत्रिय, आचार्य अने मातुल शब्दने आनीप् लागे छे. (प्रक्रिया) कौमुदीमां कह्युं छे तेथी (आचार्य नुं) आचार्यानी थाय छे तेमां न कार नो ण थतो नथी.

२५ गुण ईप् च समाहारे नगी यथैव सिद्धयति ।
पुयोगे चेप् यथा शूद्री-त्याद्या सिद्धयन्त्यनेकशः ॥५३१॥

समाहार (एकत्रीकरण) होय त्यारे गुण अने पछी ईप् थाय छे. तेथी (नग नुं) नगी एम सिद्ध थाय छे. अने पुंलिंगनो योग होय त्यारे पण ईप् थतां (शूद्र नुं) शूद्री वगेरे रूपो सिद्ध थाय छे.

[illegible]
[illegible]
[illegible]

२६ स्त्रियामीप् स्यादकारान्ता – ज्जातेरयोपधादिह ।
महिषी शूकरी हसी कुक्कुटी ब्राह्मणी यथा ॥५३२॥

य કાર ઉપધામાં ન હોય તેવા જાતિવાચી अ કારાન્ત શબ્દોને સ્ત્રીલિંગમાં ईप् પ્રત્યય લાગે છે. તેનાથી महिषी ભેંસ, शूकरी ડુક્કરી, हसी, कुक्कुटी મરઘી ब्राह्मणी વગેરે થાય છે.

२७ वैश्यादीना च शब्दानाम् ईप् प्रत्ययो भवेन्नहि ।
यकारोपधतस्तेषाम् आप् प्रत्ययस्त्वदन्ततः ॥५३३॥

वैश्य વગેરે શબ્દોને ईप् પ્રત્યય લાગતો નથી પણ य કાર ઉપધામાં હોવાને લીધે અને अ કારાન્ત હોવાને લીધે आप् પ્રત્યય લાગે છે.

२८ गवयहयमुकयमत्स्य – मनुष्येभ्योऽप्यीप् भवेच्च योपधत ।
तेषा नदादिपाठाद्यथा च गवयोप्रभृतयः स्यु ॥५३४॥

य કાર ઉપધામાં હોવા છતાં गवय, हय, मुकय, मत्स्य, मनुष्य શબ્દોનું ગણુન नद વગેરે પાઠમાં હોવાને લીધે गवयी વગેરે થાય છે.

२९ सूर्यपुष्यतिष्यागस्त्य – मत्स्यानामीपि सम्भवेत् ।
उपधाया हि यो लोपो मत्सी यथा फलेदिह ॥५३५॥

सूर्य, पुष्य, तिष्य, अगस्त्य અને मत्स्य શબ્દોના પરમાં ईप् પ્રત્યય લાગે ત્યારે ઉપધ य કારનો લોપ થાય છે અને मत्सी એમ ફળે છે.

३० कच्छेश्वर ! वक्तव्यः प्रथमवयोवाचिनोऽत ईवत्र ।
सुकुमारी च किशोरी कलभीत्याद्याः प्रयोगाः स्यु. ॥५३६॥

હે કચ્છેશ્વર, પ્રથમ વય વાચી શબ્દોને પણ અહીં સ્ત્રીલિંગમાં ईप् પ્રત્યય લાગે છે અને सुकुमारी, किशोरी, कलभी વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

३१ प्रथमग्रहणाद् वृद्धा नाऽद्ग्रहणादिह शिशुर्भवेत् स्वामिन् ।
यौवनवयस्तदन्त – र्भावात्तरुणी च सिद्धयेद्धि ॥१३७॥

प्रथम શબ્દના ગ્રહણને લીધે वृद्धा તેમજ अ કારાન્તગ્રહણને લીધે, હે સ્વામી, शिशु ને ईप् થતો નથી. પણ યૌવનવયમા અંતર્ભાવ થતો હોવાને લીધે (तरुण नुं) तरुणी સિદ્ધ થાય છે

३२ ईप्प्रत्यय प्रजापाल ! स स्वाङ्गाद्वा स्त्रिया भवेत् ।
सुमुखी सुमुखेत्याद्या यथा विकल्पभाजिनः ॥५३८॥

હે પ્રજાપાલક, સ્ત્રીલિંગમાં પોતાના અંગવાચી શબ્દોને વિકલ્પે ईप् પ્રત્યય થાય છે. તેથ सुमुखी થાય છે. અને વિકલ્પે सुमुखा વગેરે થાય છે.

जातेरयोपधात् ॥ १.१२ २२ ॥ गवयमुकयहयमत्स्यमनुष्याणाम् ॥ १.१२.२३ ॥
प्रथमवयोवाचिनोऽत ईप् ॥ १.१२ २६ ॥ स्वाङ्गाद्वा ॥ १.१२ २० ॥

३३-३४वाग्रहणान्न सूत्रेऽत्र ङीप् पद्धतिादिषु ।
अक्तेरीप् कृदिकाराद्वा वक्तव्य स्यूर्यथा भिभो ॥५३९॥
अङ्गुलिरङ्गुली धूलीर्धूलिरित्यादयस्त्विह ।
अनुभूति कृतिर्मूतिरक्तेर्विशेषणादिति ॥५४०॥

આ સૂત્રમાં वा નું ગ્રહણ હોવાને લીધે पद्धति વગેરે શબ્દોને ङीप् લાગતો નથી क्ति પ્રત્યય સિવાયના कृत् પ્રત્યયવાળા इ કારાન્તને ङीप् વિકલ્પે લાગે છે, તેમાં अङ्गुलिः તેમજ अङ्गुली, धूली. તેમજ धूलिः તેમજ अ-क्ति (क्ति સિવાયના) એમ વિશેષણ હોવાને લીધે अनुभूति., कृति અને मूतिः થાય છે.

३५ पुयोगे स्त्रियामे च मन्वादेरीप् मनाय्यथ ।
कुसीदायी तथाऽग्नायी वृषाकपाय्यपि ध्रुवम् ॥५४१॥

પુરુષના યોગમા (પત્ની અર્થમાં) હોય ત્યારે मनु વગેરેના ए કાર થઈને ङीप् પ્રત્યય લાગે છે. આથી मनायी, कुसीदायी, अग्नायी તેમજ वृषाकपायी થાય છે

३६ कुसितायी तथा पूत-क्रतयथ विशेषता ।
मनोरौ वा मनावी चात् तदभावे मनुर्मता ॥५४२॥

कुसितायी અને पूतक्रतायी થાય છે. હવે વિશેષતા એ છે કે मनु શબ્દને વિકલ્પે औ પણ લાગે છે અને मनावी થાય છે. च કારને લીધે (ङीप्) ન લાગે ત્યારે मनु થાય છે

३७-३८पत्न्यादयो निपात्यन्तेऽर्थविशेषे यथाक्रमं ।
पत्नी सत्नी तथा प्राग्वन्तर्वत्नी युवतिः पुनः ॥५४३॥
असिक्न्यन्तर्वत्न्येव पत्न्यादय उदाहृताः ।
यूनस्तिः स्यात् स्त्रियामेव यथा च युवतिर्भवेत् ॥५४४।

કે વરાનન, તેજ અર્થમા પત્ની વગેરે શબ્દોનું નિપાતન કરાય છે पत्नी सत्नी, प्राची (પૂર્વ દિશા), अन्तर्वत्नी (ગર્ભિણી), युवति, असिक्नी (અપ્રસૂતા), अन्तर्वत्नी (ગર્ભવતી) વગેરે પત્ની ગણમા છે સ્ત્રીલિંગમા युवन् શબ્દને ति લાગે છે અને युवति થાય છે

३९ दारशब्दो भवेन्नित्य पुं बहुवचनान्तकः ।
तस्य स्याद् देवतद्रूपम् एकद्विवचनं विना ॥५४५॥

दार શબ્દ નિત્ય બહુવચનાંત છે તેના રૂપો એકવચન અને દ્વિવચન સિવાયના देव શબ્દના રૂપો પ્રમાણે થાય છે.

४० ईत्र प्राप्त स्त्रीत्वे च यौगिकाच्च तथा नृप । ।
[illegible] ॥५४६।

[illegible]
[illegible]

उ કરાન્ત ગુણવાચક શબ્દોને સ્ત્રીલિંગમા, ङे नृप, વિકલ્પે ईप् પ્રત્યય લાગે છે અને તેથી पट्वी તેમજ पटु અને तन्वी તેમજ तनु વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

यत

કારણકે,

४१ उपैत्यन्यज्जहात्यन्यद् दृष्टो द्रव्यान्तरेष्वपि ।
वाचक सर्वलिङ्गाना द्रव्यादन्यो गुण स्मृत ॥५४७॥

એકની પાસે જાય છે. બીજાને તજે છે. અન્ય દ્રવ્યોમા પણ દેખાય છે. આમ સર્વલિંગોમાં લાગતા છતાં પ્રત્યયથી જુદો એવો ગુણ કહેવાય છે.

४२ अध्वर्युधेनुरज्ज्वादीन् वर्जयित्वोत ऊः स्त्रियाम् ।
भवेद्यया करभोरू–वामोरूप्रमुखा इह ॥५४८॥

अध्वर्यु, धेनु તેમજ रज्जु વગેરે સિવાયના उ કારાન્ત શબ્દોના સ્ત્રીલિંગમાં ऊ થાય છે. જેથી करभोरू, वामोरू વગેરે અહી થાય છે.

४३ आवन्तेवन्तशब्दानाम् ऊदन्ताना तथैव च ।
स्यादयो नामसंज्ञत्वात् प्राक्सूत्रै स्याच्च साधना ॥५४९॥

आ કારાન્ત, ई કારાન્ત તેમજ ऊ કારાન્ત શબ્દોની નામસંજ્ઞા થતી હોવાને લીધે सि વગેરે (વિભક્તિપ્રત્યયો) લાગતા આગળ આપેલા સૂત્રો વડે સાધના (રૂપો) થાય છે.

इति स्त्रीप्रत्ययाधिकारः ॥१५॥

આમ સ્ત્રીપ્રત્યયો સમાપ્ત થયા १५.

उत ऊ ॥ १ १२ ३६ ॥

१६ विभक्त्यर्थप्रकरणम् ।

(कारकप्रक्रिया)

१ नत्वाऽचलगणाधीशान् सूरिकल्याणसागरान् ।
कारकाणि सभेदान्या - चष्टे विनयसागरः ॥५५०॥

અચલગચ્છાધીશ કલ્યાણસાગર સૂરિને નમસ્કાર કરીને વિનયસાગરજી કારકને ભેદસહિત કહે છે.

२ लिङ्गार्थे प्रथमा वाच्या तत्सत् ब्रह्म यथा स्फुटम् ।
लिङ्गादयोऽपि हे राजन् ! प्रथमार्था हि केचन ॥५५१॥

લિંગના અર્થમાં પ્રથમા વિભક્તિ કહેવાય છે. જેમકે - तत् सत् ब्रह्म સ્પષ્ટ છે. હે રાજન, લિંગ વગેરે પ્રથમાના અર્થવાળાં જ છે તેમ કેટલાક કહે છે.

३ यथा कृष्णो रमा ज्ञानं द्रोणः खारी पलं पुनः ।
एको द्वौ बहवश्चान्येऽप्युदाहार्याः प्रयोगकाः ॥५५२॥

જેમકે कृष्णः, रमा અને ज्ञानम् તેમજ द्रोण (માપ), खारी (=१६ દ્રોણ) અને पलम् (=४ કર્ષ) તથા एकः, द्वौ અને बहवः વગેરે અને બીજા પ્રયોગોને ઉદાહૃત કરી શકાય.

४ कर्ता कर्म च करणं सम्प्रदानं तथैव च ।
अपादानाधिकरणम् इत्याहुः कारकाणि षट् ॥५५३॥

કર્તા, કર્મ, કરણ (સાધન), સંપ્રદાન તેમજ અપાદાન અને અધિકરણ એ છ ને કારક કહે છે.

५ कर्तृत्वमत्र कर्मत्वम् आख्यातेनोक्तमत्र च ।
कृत्तद्धितसमासैस्त - क्त्वोक्ते प्रथमा मता ॥५५४॥

કર્તૃત્વ અને કર્મત્વ અહીં ક્રિયા વડે કહેવાય છે કૃત્ પ્રત્યય, તદ્ધિત પ્રત્યય અને સમાસ તેમજ क्त्वोक्त-कर्मणि પ્રયોગ મા પ્રથમા વિભક્તિ માનવામાં આવે છે.

६ सेव्यो हरिर्मया स्वामिन् ! वासुदेवो निरन्तरम् ।
प्राप्तानन्दो हरिर्यस्य पदाब्ज भजतस्ततो ॥५५५॥

હે સ્વામી, વસુદેવનો પુત્ર હરિ મારાવડે નિરંતર સેવ્ય છે, પેલો જેનાં ચરણકમળને ભજે છે તે હરિ પ્રાપ્ત આનંદવાળો (પ્રસન્ન) છે.

७ दर्शितश्च राज्ञो राजा गोपाम् कुमारैः गोकुले ।
सोमुज्यते मृत मृगाः, प्रातामता रामनन्दनो ॥५५६॥

लिङ्गार्थे प्रथमा ॥ १।१।१॥

રાજા સૂર્યની જેમ પ્રકાશે છે. કુમારી રોષને લીધે ફરી ફરી બરાડે છે. રાજા ભૂમિને ખૂબ ભોગવે છે રામ અને લક્ષ્મણ પૂર્વે (પહેલા) હતા.

८ मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा–
स्त्रिभुवनमुपकारश्रेणिभि प्रीणयन्त ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्य
निजहृदि विकसन्त सन्ति सन्त कियन्त ? ॥५५७॥

મન, વચન અને કર્મમા પુણ્યના અમૃતથી પૂર્ણ, ઉપકાર–પરંપરાથી ત્રણેય ભુવનને પ્રસન્ન કરનારા, પારકાના ગુણોને હમેશા પર્વત જેવડા કરીને પોતાના હૃદયમા ખીલતા સંતો કેટલા છે?

९ कुमारा· शेरते स्वैर रोरूयन्ते च नारका ।
जेगीयन्ते च गीतज्ञा मेम्रियन्ते रुजार्जिता * ॥५५८॥

કુમારો સ્વેચ્છાનુસાર આરામ કરે છે પાપીઓ ખૂબ બરાડે છે ગીત જાણનારાઓ ખૂબ ગાય છે રોગથી ઘેરાયેલા મર્યા જ કરે છે.

१० प्रथमा कर्तरि स्याच्चेत् कर्मणि द्वितीया तदा ।
उक्त कर्तृप्रयोगोऽय यथा धातुस्तथा पदम् ॥५५९॥

જો કર્તાના અર્થમા પ્રથમા હોય ત્યારે કર્મમા દ્વિતીયા થાય છે. આ કર્તરિ પ્રયોગ કહ્યો. જે પ્રમાણે ધાતુ હોય તે પ્રમાણે પદ આવે છે

११ तृतीया कर्तरि स्याच्चेत् कर्मणि प्रथमा तदा ।
उक्त कर्मप्रयोगोऽय भावोक्ति स्यादकर्मकात् ॥५६०॥

જો કર્તાના અર્થમાં તૃતીયા હોય તો કર્મમાં પ્રથમા થાય છે આ કર્મણિ પ્રયોગ કહ્યો અકર્મક (ધાતુ) હોય ત્યારે કર્મણિ પ્રયોગને ભાવે પ્રયોગ કહે છે.

१२ विद्वद्भिरास्यते भूम्या भूयते भवता पुन ।
अकर्मकोऽपि कर्मत्व सौख्य तैरनुभूयते ॥५६१॥

વિદ્વાનો વડે ભૂમિ પર બેસાય છે આપ ફરી ફરી રહો અકર્મક હોય છતાં કર્મ થાય છે. (જેમકે·) તેઓ સૌખ્ય (સુખભાવ) અનુભવે છે

१३ आमन्त्रणे च भो स्वामिन् ! विभक्ति· प्रथमा मता ।
स्युर्भो भगो अघो एते निपातास्त्वभिमन्त्रणे ॥५६२॥

હે સ્વામી, આમંત્રણ (સંબોધન) ના અર્થમા પણ પ્રથમા વિભક્તિ મનાય છે. અને તેમાં भो, भगो અને अघो એ નિપાતો (આગળ) લાગે છે.

* મૂળ–સારસ્વતપ્રક્રિયામાં–रुजार्दिता –રોગથી પીડાતા એવો પાઠ છે. જે સાચો છે
आमन्त्रणे च ॥ ११३२॥ भोम् भगोम् अघाम् ॥ ११३३॥

१४ मा समुद्धर गोविन्द ! प्रसीद परमेश्वर ! ।
कुमारौ ! स्वैरमासाथां क्षमध्वं भोस्तपस्विनः ! ॥५६३॥

હે ગોવિંદ, મારો ઉદ્ધાર કરો. હે પરમેશ્વર, પ્રસન્ન થાઓ. હે (બે) કુમારો, સ્વેચ્છાનુસાર બેસો. હે તપસ્વીઓ, ક્ષમા કરો.

१५ क्षमस्व भो दुराराध्य ! भगोस्तुभ्य नमोऽस्तु ते ।
अधीष्व भो महाप्राज्ञ ! घातयाऽघं स्वघस्मरम् ॥५६४॥

હે કષ્ટપૂર્વક આરાધ્ય, ક્ષમા કર. હે સ્તુતિથી પર તમને નમસ્કાર હો. હે મહાબુદ્ધિશાળી, ભણો. હે પ્રભો, મને પોતાને ખાઈ જનાર (અહંકાર) નો નાશ કરો.

१६ स्युरेष्वर्थेषु च ज्ञेयाः कार्ये कर्तृसाधनयोर्दानपात्रे
विश्लेषावधौ सम्बन्ध आधारभावयोरेवम् ।
द्वितीयाद्या विभक्तयः सकलकविशिरोमुकुटमणे ! ॥५६५॥

હે સકળકવિશિરોમણિઓના મુકુટમણિ, બાકીની દ્વિતીયા વગેરે વિભક્તિઓ આ અર્થોમાં થાય છે. કાર્ય (કર્મ) ના અર્થમાં (દ્વિતીયા), કર્તા અને સાધનના અર્થમાં (તૃતીયા), દાનના પાત્રના અર્થમાં (ચતુર્થી), વિશ્લેષ (છૂટા પડવા) ની અવધિના અર્થમાં (પંચમી), સંબંધના અર્થમાં (ષષ્ઠી) તેમજ આધાર અને ભાવ (ક્રિયાલક્ષણ) ના અર્થમાં (સપ્તમીવિભક્તિ) થાય છે.

१७-१८ कर्मणि द्वितीया कर्तृ-करणयोस्तृतीयका ।
सम्प्रदाने चतुर्थी स्यादपादाने तु पञ्चमी ॥५६६॥
सम्बन्धे च भवेत् षष्ठी सप्तम्याधारभावयोः ।
इह सङ्क्षेपतः प्रोक्ता वक्ष्यन्तेऽग्रे सविस्तराः ॥५६७॥

કર્મમાં દ્વિતીયા વિભક્તિ, કર્તા અને કરણમાં તૃતીયા, સંપ્રદાન (દાનપાત્ર) માં ચતુર્થી, અપાદાન (વિશ્લેષાવધિ) માં પંચમી, સંબંધે ષષ્ઠી અને આધાર તેમજ ભાવમાં સપ્તમી વિભક્તિ ટૂંકમાં કહી. હવે પછી વિસ્તારપૂર્વક કહેવામાં આવશે

१९-२० कार्यं कर्मपर्यायस्तत्कार्यं च चतुर्विधम् ।
स्यादुत्पाद्याऽऽप्य-संस्कार्य-विकार्यं निगद्यते च तत् ॥५६८॥
उत्पाद्यार्हं चतुर्णाम् आप्यमर्हमाप्यमेव च ।
संस्कार्यमत्र सं[illegible] विकार्यमवस्थान्तरम् ॥५६९॥

કાર્યશબ્દ કર્મનો પર્યાય (સમાનાર્થી) છે. તે કાર્ય (કર્મ) ચાર પ્રકારનું છે ઉત્પાદ્ય, પ્રાપ્તિયોગ્ય (પ્રાપ્ય), સંસ્કાર (શુદ્ધિ) કરવા યોગ્ય (સંસ્કાર્ય) અને અવસ્થાન્તર (રૂપાન્તર) યોગ્ય (વિકાર્ય) તે તેને કહેવામાં આવે છે.

[illegible] कार्ये कर्तृसाधनयोर्दानपात्रे विश्लेषावधौ [illegible] ॥ ५६५ ॥

२१ कट करोति कारुको रूपं पश्यति चाक्षुषः ।
राज्य प्राप्नोति धर्मिष्ठ सोमं सुनोति सोमपा' ॥५७०॥

કારીગર સાદડી બનાવે છે (ઉત્પાદ્ય). આંખોવાળો રૂપ જુએ છે (આપ્ય). ધર્મિષ્ઠ રાજ્ય પ્રાપ્ત કરે છે (સંસ્કાર્ય). સોમ પીનારાઓ સોમરસ કાઢે છે (વિકાર્ય)

२२ अभिसर्वतसो कार्या धिगुपर्यादिषु त्रिषु ।
द्वितीयाऽऽम्रेडितान्तेषु ततोऽन्यत्राऽपि दृश्यते ॥५७१॥

अभित (પાસે), सर्वतः (ચારે બાજુ), धिक्, उपरि, अधि અને अध (પાસે) વગેરે ત્રણ તેમજ આમ્રેડિત અંતવાળા પરમાં હોય ત્યારે અને અન્યત્ર પણ દ્વિતીયા થાય છે.

२३-२४ अभितोऽस्ति पुर गङ्गा, सर्वतो नगर नदी ।
धिक् क्रूरकर्मकर्तारम् उपर्युपरि पत्तनम् ॥५७२॥
रसातलमधोऽधो हि, नगरमध्यधि ध्रुवम् ।
समया मन्दिरं स्वामिन् निकषा स्नेहभाजनम् ॥५७३॥

ગંગા શહેરની પાસે છે. નગરની ચારેબાજુ નદી છે. ક્રૂર (ઘાતકી) કર્મ કરનારને ધિક્કાર હો. શહેરની નજીક. રસાતલ (પાતાલ) ની નજીક. નગરની પાસેજ. હે સ્વામી, મંદિરની પાસે. સ્નેહ-પાત્રની (પ્રેમ/તૈલપાત્રની) પાસે.

२५ नैरन्तर्ये द्वितीया स्यात् कालाध्वनोर्नराधिप ! ।
ध्रुवं गुणक्रियाद्रव्ये प्रयोगा स्युरिमे यथा ॥५७४॥

હે નરાધિપ, કાલ (સમય) અને અધ્વા (માર્ગ) ના નૈરન્તર્ય (અત્યંત સંયોગ) ના અર્થમાં. ગુણ, ક્રિયા અને દ્રવ્ય વડે દ્વિતીયા થાય છે. તેના પ્રયોગો આ પ્રમાણે છે.

२६ नून मास कल्याणी मासमधीत एवाऽत्र ।
मास गुडधानाश्च क्रोश कुटिला नदी राजन् ! ॥५७५॥

એક માસ સુધી (સતત) કલ્યાણી (વ્રતવાળી) છે. એક માસ સુધી (સતત) ભણે છે. એક માસ સુધી ગોળ અને ધાણા. અને હે રાજા, એક કોસ (બે માઇલ) સુધી નદી વાંકીચૂંકી છે.

२७ क्रोशमधीते क्रोश गिरिरथ नाऽत्र द्वितीया हि ।
मासस्य द्विरधीते वै क्रोशे द्वारिकाऽनिरन्तरतः ॥५७६॥

કોસ (બે માઇલ) સુધી (અટક્યા વગર) ભણે છે. પૂરા કોસ સુધી પર્વત છે પણ હવે અહીં સાતત્ય ન હોવાને લીધે દ્વિતીયા થશે નહિ (જેમકે) માસમાં બે વાર ભણે છે. કોસમાંજ દ્વારકા છે.

२८ कर्तर्यपि तृतीया स्यात् प्रधानेऽपि क्रियाश्रये ।
तृतीया साधने तद्वत् क्रियासिद्ध्युपकारके ॥५७७॥

कालाध्वनोर्नैरन्तर्ये ॥ १ १३ १२ ॥ ॥ कर्तरि प्रधाने क्रियाश्रये साधने च ॥ १ १३.१३ ॥

ક્રિયા કરનાર કર્તા પ્રધાન હોય ત્યારે, સાધનમાં અને ક્રિયાસિદ્ધિમાં ઉપકારક હોય ત્યારે પણ તૃતીયા વિભક્તિ થાય છે.

२९ भिन्न. शरेण रामेण रावणो लोकरावणः ।
कराग्रेण विदीर्णोऽपि वानरैर्युध्यते पुनः ॥५७८॥

લોકોને બૂમો પડાવનારો રાવણ રામવડે બાણથી મરાયો વાંદરાઓ વડે નખોથી ચીરાયેલો હોવા છતા પણ તે ફરી ફરી લડી રહ્યો છે.

३० दानपात्रे चतुर्थी च स्यात् सम्प्रदानकारके ।
दत्ते छात्राय कन्यां तु धेनुं वेदविदे विभो ! ॥५७९॥

દાનના પાત્રના અર્થમાં સમ્પ્રદાનના કારકમાં ચતુર્થી થાય છે. (જેમકે:) વિદ્યાર્થીને કન્યા આપે છે. અને હે વિભુ, વેદોને જાણનારને ગાય આપે છે.

३१ चलतयाऽचलतया वा योऽवधिर्विवक्षितः ।
विश्लेषे भूपते ! तत्राऽ-पादाने पञ्चमी मता ॥५८०॥

હે ભૂપતિ, ચળ હોય કે સ્થિર હોય તેવો જે અવધિ કહેવામા આવ્યો છે. તેનાથી છૂટા પડવાનો અર્થ હોય ત્યાં પંચમી વિભક્તિ મનાય છે.

३२ अपतद् धावतोऽश्वाद्–वतरत्यचलान्नदी ।
भवेत् षष्ठी च सम्बन्धे उभयोरप्रधानतः ॥५८१॥

દોડતા ઘોડા પરથી પડ્યો. પર્વતપરથી નદી ઉતરે છે. અને એમાં જે ગૌણ હોય તેને સંબંધ અર્થમાં ષષ્ઠી થાય છે.

३३ राज्ञः स पुरुषो ज्ञेयः पित्रोरेतत् प्रपूजनम् ।
गुरूणां वचनं पथ्यं कवीनां रसवद्वचः ॥५८२॥

તેને રાજાનો માણસ જાણવો. આ માતાપિતાનું પૂજન છે. ગુરૂઓ (વડીલો) ના વાક્ય હિતકર હોય છે કવિઓની વાણી રસવંતી હોય છે

३४-३५ आधारे सप्तमी चाऽत्र स आधारस्तु षड्विधः ।
औपश्लेषिकनामा च सामीपिकस्तथा परम् ॥५८३॥
अभिव्यापकमित्येव वैषयिकं चतुर्थकम् ।
नैमित्तिकं पुनः स्वामिन् षष्ठं स्यादौपचारिकम् ॥५८४॥

હે સ્વામી, આધારના અર્થમાં સપ્તમી થાય છે. તે આધાર છ પ્રકારનો છે પહેલો ઔપશ્લેષિક, પછી સામીપિક, અભિવ્યાપક, ચોથો વૈષયિક, નૈમિત્તિક અને છઠ્ઠો ઔપચારિક

दानार्थे सम्प्रदानकारके चतुर्थी ॥ १.१३.१५ ॥ विश्लेषावधौ पञ्चमी ॥ १.१३.१७ ॥
सम्बन्धे षष्ठी ॥ १.१३.१८ ॥ आधारे सप्तमी ॥ १.१३.१९ ॥

આધાર છે.

३६-३७ कटे शेते कुमारोऽसौ वटे गावः सुशेरते ।
तिलेषु विद्यते तैल हृदि ब्रह्माऽमृत परम् ॥५८५॥
युद्धे सन्नह्यते वीरोऽङ्गुल्यग्रे करिणा शतम् ।
भूभृत्सु पादपा सन्ति गङ्गाया वरवालुकाः ॥५८६॥

પેલો કુમાર **સાદડીપર** સૂતો છે **વડનીચે** (પાસે) ગાયો સૂએ છે **તલમાં** તેલ હોય છે. **હૃદયમાં** અમૃત પર બ્રહ્મ છે **યુદ્ધમાં** (=માટે) વીર સજ્જ થાય છે. આંગળીના ટેરવે સો હાથીઓ **પર્વતો** પર વૃક્ષો છે **ગંગામાં** શ્રેષ્ઠ રેતી છે

३८-३९ प्रसिद्धक्रियया यत्र ह्यप्रसिद्धक्रियान्तरम् ।
लक्ष्यते निश्चयीकृत्य स्वभावस्तत्र सप्तमी ॥५८७॥
आयातस्तस्कर कोऽपि धारावर्षे च वर्षति ॥५८८॥

જ્યા પ્રસિદ્ધક્રિયાવડે અન્ય અપ્રસિદ્ધ (અજાણી) ક્રિયા નિશ્ચયપૂર્વક જણાવાય છે તે ભાવ (ક્રિયા) ના અર્થમાં સપ્તમી થાય છે મૂસળધાર વરસાદ વરસતો હતો ત્યારે કોઇ એક ચોર આવ્યો.

४० विनासहनमऋते – निर्धारणस्वाम्यादिभिश्चैतैरपि ।
(૧૫) સપ્તમી એકવચનમા वृद्धि + ङि (इ) = वृद्धि + अ इ = वृद्धि + अ आम् = वृद्धयाम् થાય છે અને अम् આદેશ ન થાય ત્યારે ङेरौ ङित् (૧ ૬ ૪૪) સૂત્ર લાગવાથી वृद्धि + ङि(इ) = वृद्धि + औ = वृद्ध् + औ = वृद्धौ રૂપ પણ નિષ્પન્ન થાય છે

(૧૬) वृद्धि શબ્દના બાકીના રૂપો हरि શબ્દ પ્રમાણે થાય છે

(૧૮) હવે ई કારાન્તની સાધના આપતાં કહે છે હસાન્ત શબ્દો તેમજ ई કારાન્ત શબ્દોની પરમાં सि પ્રત્યયનો લોપ થતાં नदी + स् = नदी એમજ રહે છે. હસાન્ત શબ્દ अनडुह् મા अनड्वान् એમ થાય છે

(૧૯-૨૦) ई કારાન્ત नदी વગેરે તેમજ ऊ કારાન્ત वधू વગેરે શબ્દોના ङित् વચનોને [અટ્ આગ]મ થાય છે આમ ચતુર્થી એકવચનમા नदी + ए = नदी + अए = नदी + ऐ नद्यै થાય છે. ए ऐ ऐ (૧ ૨ ૧૨) અને इ य स्वरे (૧ ૨ ૧) સૂત્રો લાગે છે તે જ રીતે પંચમી અને ષષ્ઠી [એ]કવચનમાં नदी + अस् = नदी + अअस् = नदी + आस् = नद्याः તેમજ સપ્તમી એકવચનમાં नदी + ङि (इ) नदी + आम् (आम्ङेर्नियश्च-૧ ૬ ૬૩), नदी + अ आम् = नदी + आम् = नद्याम् એમ થાય છે જ્યારે वधू ના ङित् વચનોમાં કેવળ इ य स्वरे સૂત્રને સ્થાને उ वम् (૧ ૨ ૬) સૂત્ર વિધાન થાય છે તેના वध्वै वध्वा. वध्वाम् એમ રૂપો થાય છે.

(૨૧) ई કારાન્ત અને ऊ કારાન્ત શબ્દોમાં धि સંબોધન પ્રત્યય પરમા હોય ત્યારે તેમનો હ્રસ્વ આદેશ થતા हे नदि, हे वधु એમ થાય છે પણ તે દીર્ઘસ્વરાન્ત સ્ત્રીલિંગના શબ્દો જો ધાતુના હોય તો હ્રસ્વ થતા નથી જેમકે प्रकृष्टा धी प्रधी તેનુ સંબોધનમા हे प्रधी એમ થાય છે

(૨૨-૨૩) સ્ત્રીલિંગના कुमारी વગેરે ई કારાન્ત શબ્દો તેમજ जम्बू વગેરે ऊ કારાન્ત શબ્દો नदी તેમજ वधू પ્રમાણે અનુક્રમે સાધવા

(२४) लक्ष्मी શબ્દ ईप् અંતવાળો નથી એટલે કે लक्षमेरो मुट् च (३.८.५१) સૂત્રથી ई પ્રત્યયાન્ત છે. તેથી તેના सि નો લોપ हलेप (१ ६ ३६) સૂત્ર પ્રમાણે થતો નથી. આમ लक्ष्मीः એમ રૂપ સિદ્ધ થાય છે

(२५-२७) બાકીના રૂપો नदी શબ્દાનુસાર થાય છે કેવળ २७-८ मा लक्ष्म्याह्वानेभा लक्ष्मीराह्वाने થવું જોઈએ પણ છંદ સાચવવા અહીં આર્ષ સંધિ છે તેથી વિસર્ગ નો र् થવાને બદલે તેનો લોપ કરીને इ य स्वरे (१ २.१) સૂત્રથી સંધિ કરવામાં આવી છે

(२८-२९) ई કારાન્ત સ્ત્રીલિંગના स्त्री અને ऊ કારાન્ત સ્ત્રીલિંગના भ्रू શબ્દના ई અને ऊ ના અનુક્રમે इय् અને उव् સ્વરાદિ પ્રત્યયોમાં થાય છે તદુપરાંત अम् અને शस् એ દ્વિતીયાના એકવચન અને દ્વિવચનના પ્રત્યયો પરમાં હોય ત્યારે વિકલ્પે થાય છે આથી જ स्त्रियम् અને स्त्रीम् તેમજ स्त्रियः અને स्त्रीः એમ રૂપદ્વય પ્રાપ્ત થાય છે તૃતીયા વગેરેનાં स्त्रिया स्त्रीभ्याम् स्त्रीभि , स्त्रियै, स्त्रियाः स्त्रियाः , स्त्रियाम् વગેરે થાય છે

(३०-३१) स्त्री શબ્દની ષષ્ઠીના आम् ને नुट् આગમ લાગતા स्त्रीणाम् એમ થાય છે પણ स्त्री શબ્દ સિવાયના ई કારાન્ત સ્ત્રીલિંગના શબ્દોમાં ङित् વચનો પરમાં હોય તો તેમને अट् આગમ વિકલ્પે લાગે છે એટલે કે स्त्रीશબ્દને નિત્ય अट् આગમ છે. આમ श्री. શબ્દના રૂપો अट् આગમ સાથે અને તેનાથી રહિત श्रियै-श्रिये, श्रियाः-श्रियः (२), श्रियाम्-श्रियि એમ થાય છે. સપ્તમી એકવચનમાં अट् આગમ ન થાય ત્યારે ङि નો आम् આદેશ પણ થશે નહિ. ષષ્ઠી બહુવચનમાં नुट् આગમ અહીં વિકલ્પે છે તેથી श्रीणाम् અને श्रियाम् એ ઉભયરૂપો પ્રાપ્ત થાય છે

(३२) अट् આગમ હોય ત્યારે स्त्री શબ્દ પ્રમાણે રૂપો થશે આ श्री શબ્દપ્રમાણે धी -(બુદ્ધિ) ह्री-(લજ્જા) વગેરે તેમજ भ्रू શબ્દ પ્રમાણે भ्रू-पूर्भ्रू વગેરે શબ્દોના રૂપો થાય છે.

(३३) मातृ શબ્દના રૂપો माता मातरौ मातरः, मातरम् मातरौ પછી शसो न पुंसि (१.६.७) સૂત્રનું વિધાન ન થતા मातॄः થાય છે આમ पितृ શબ્દ પ્રમાણે છે જ્યારે स्वसृ-બહેન શબ્દના રૂપો स्वसा स्वसारौ स्वसारः , स्वसारम् स्वसारौ એમ कर्तृ શબ્દ (પુંલિંગ) પ્રમાણે થાય છે કેવળ સ્ત્રીલિંગમાં शसः ના स કાર નો न કાર થતો નથી [illegible] શબ્દના રૂપો પૂર્વવત્ [illegible] प्रमाणे છે.

(३४) ना (નાવ) પૂર્વવત્ તેમજ गौ (ગાય)ના રૂપો [illegible] શબ્દ સમાન થાય છે.

પ્રકરણ–૯

(૧) कुल (કુળ) શબ્દ નપુંસકલિંગ છે તેના સંબોધન સિવાયના सि અને अम् પ્રત્યયોનો अम् આદેશ થાય છે नपुसकात् स्यमोर्लुक् (૧.૮ ૧૦) સૂત્રથી सि અને अम् નો નપુંસકલિંગમાં લુક્ થાય છે તે લુક્ અહીં પણ પ્રાપ્ત થાય તેને દૂર કરવા માટે अतोऽम् સૂત્ર કરીને अ કારાન્તની પરમા सि અને अम् નો अम् આદેશ કરે છે. આ અપવાદ સૂત્ર છે. તેથી બળવાન થાય છે.

(૨) પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનના औ પ્રત્યયનો ईम् આદેશ થાય છે. તેથી कुल+औ અને अ इ ए (૧.૨ ૧૧) સૂત્રથી कुल+ई=कुले એમ થાય છે.

(૩) औ પ્રત્યયના સ્થાને આવતો ईम् ગુરુ–અનેક અક્ષરવાળા–છે તેથી સમગ્રને સ્થાને આવે છે અને म् નો इत् સંજ્ઞક છે તેનો લોપ થઇને તે मित् હોવાને લીધે અન્ત્યસ્વર એટલેકે कुल ના ल વર્ણ પછીના अ કારનો અવયવભૂત થાય છે. પૂર્વાચાર્ય પાણિનિએ मिदचोऽन्त्यात् पर (૧ ૧.૪૭) એમ કહ્યુ છે मित् अचः=स्वरात् अन्त्यात् पर .

(૪–૫) નપુંસકલિંગમા जस् અને शस् નો शि આદેશ થાય છે. शि (इ) પ્રત્યય शित् હોવાને લીધે સમગ્રને સ્થાને આવે છે. તે ઉપરના પદ્યમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. शि પ્રત્યય પરમા આવે ત્યારે नुम् આગમ થાય છે. कुल+जस् (अस्)=कुल+शि (इ) = कुलन् + इ =कुलानि એમ नुम् આગમ અને नोपधाया –न કારાન્તના ઉપધાનો દીર્ઘ થાય છે અહી नामि એ પદ અનુવૃત્ત છે नाम् પ્રત્યય પરમા હોય ત્યારે પણ ઉપધાનો દીર્ઘ થાય છે આમ પ્રથમા તેમજ દ્વિતીયા ના રૂપો कुलम् कुले कुलानि, कुलम् कुले कुलानि એમ થાય છે

(૬) સંબોધન–धि પ્રત્યયમાં सि અને अम् નો લુક્ થવાથી हे कुल એમ રૂપ થાય છે. બાકીના રૂપો देव (પુંલિંગ) अ કારાન્ત શબ્દ પ્રમાણે થાય છે

(૭–૮) अन्य વગેરે શબ્દો જેવાં કે अन्य, अन्यतर, इतर, कतर, कतम છે તે બધા શબ્દોની પરમાં આવતા सि અને अम् પ્રત્યયોને स्तु(त्) આદેશ થાય છે તે शित् હોવાને લીધે સમગ્રના સ્થાને આવે છે. આમ अन्यत् अन्ये अन्यानि, इतरत् इतरे इतराणि, कतरत् कतरे कतराणि એમ રૂપો થાય છે.

(૯) હવે इ કારાન્ત–अस्थि શબ્દના રૂપો આપે છે. તેમાં सि અને अम् નો લુક્ થાય છે. તેથી अस्थि अस्थिनी अस्थीनि એમ રૂપો પ્રથમા અને દ્વિતીયા વિભક્તિના થાય છે.

(૧૦) इ કારાન્ત, उ કારાન્ત અને ऋ કારાન્ત નપુંસકલિંગ શબ્દો अस्थि, मधु, कर्तृ શબ્દના धि પ્રત્યયમા વિકલ્પે ગુણ થતાં हे अस्थि–हे अस्थे, हे मधु–हे मधो તેમજ हे कर्तृ–हे कर्तः એમ થાય છે.

(૧૧) उशना-શુક્રાચાર્ય ના સંબોધનમા ત્રણ રૂપો થાય છે. તે પ્રમાણે માધ્યન્દિનિ આચાર્યનું ગ્રહણ પૂજ્ય ભાવે કરે છે. स કારાન્ત, न કારાન્ત તેમજ अ કારાન્ત એમ ત્રણ પ્રકારે તેનું સંબોધન થતા हे उशनः, हे उशनन् અને हे उशन એમ થાય છે. આ કારિકા પાણિનિ સૂત્ર ऋदुशनस्पुरुदंसोऽनेहसां च (૭.૧ ૯૪) ની કાશિકાવૃત્તિમા જોવા મળે છે. व्याघ्रपाद એ વિપ્રોના એક ગોત્રનુ નામ છે ગોત્ર એટલે કુલસમૂહ અને પાણિનિમુનિના વ્યાકરણ શાસ્ત્રમા इक् એ इ उ ऋ ऌ વર્ણોને દર્શાવતો પ્રત્યાહાર છે સારસ્વત વ્યાકરણ પ્રમાણે अ સિવાયના સમાન સ્વરો એમ અર્થ થાય છે

(૧૨) પ્રથમા અને દ્વિતીયાના નામી સ્વરાદિપ્રત્યયો પરમા હોય ત્યારે નપુંસકલિંગશબ્દને नुम् (न्) આગમ થાય છે જેમકે अस्थि+औ=अस्थि+ई=अस्थिन्+ई=अस्थिनी તે પ્રમાણે अस्थीनि એમ शि પ્રત્યયમા ઉપધા દીર્ઘ થવાથી થાય છે

(૧૩-૧૪) अस्थि વગેરે નપુંસકલિંગ શબ્દોની પરમા टाम् વગેરે સ્વરાદિ પ્રત્યયોમા नुम् આગમ થાય છે અને इ નો अ થાય છે અહીં इ વધુ હોવાને લીધે એટલે કે પ્રાતિપદિક શબ્દો अस्थि, दधि વગેરેનો હ્રસ્વ इ, तद्धित નો इ તેમજ સ્ત્રીલિંગવાચક ईप् અને ई એમ ઘણા इ વર્ણ છે. તેથી इ કારાન્ત, ईप् કારાન્ત તેમજ ई કારાન્ત શબ્દોમા अ આદેશ અને नुम् આગમ થાય છે. આમ अस्थि+आ=अस्थ+आ=अस्थन्+आ એમ થાય ત્યારે न કારોપધ अ કારનો લોપ થતાં अस्थ्न्+आ=अस्थ्ना રૂપ થાય છે તે પ્રમાણે दधि નુ दध्ना, सक्थि-સાથળનું सक्थ्ना વગેરે થાય છે.

(૧૫-૧૬) ङि પરમાં હોય ત્યારે न કારોપધ अ કારનો લોપ વિકલ્પે થતા अहन् શબ્દના સપ્તમી એકવચનમા अह्नि અને अहनि તેમજ अस्थि શબ્દના अस्थनि-अस्थ्नि એમ રૂપો થાય છે આ પ્રમાણે अक्षि-આંખ, दधि-દહીં, सक्थि વગેરે इ કારાન્ત નપુંસકલિંગ તેમજ मधु વગેરે उ કારાન્ત શબ્દોના પ્રથમા અને દ્વિતીયાના રૂપો સાધી શકાય છે

(૧૭) તૃતીયા વગેરે વિભક્તિઓમા સ્વરાદિ પ્રત્યય પરમા હોય ત્યારે नुम् આગમ થતાં રૂપો આ રીતે સિદ્ધ થાય છે

(૧૮-૧૯) દીર્ઘસ્વરાન્ત ग्रामणी વગેરે શબ્દો નપુંસકલિંગમાં હ્રસ્વાન્ત થાય છે. તેથી ग्रामणि ग्रामणिनी એમ રૂપો થાય છે આ ग्रामणी શબ્દ-મુખીના અર્થમા છે તેથી તે પુલ્લિંગ ગણી છે. તે અર્થમા જ ન પુલ્લિંગ પ્રમાણે રૂપો પામે છે. उपरोक्त શબ્દોની વ્યાખ્યા હવે પછી આવનાર પદ-૨૩ મા આવી છે

(૨૧-૨૨) ગુણના અર્થમાં ગ્રામ પુલ્લિંગ થાય છે અને દ્રવ્યના અર્થમાં નપુંસકલિંગ થાય છે જેમ गोत्र એટલે વંશ, आम्र એટલે આંબાનું [illegible] પછી [illegible] એટલે, पीलव એટલે [illegible] એટલે આંબાનું ફળ-કેરી. જે નિમિત્ત-કારણને લીધે શબ્દનો પુલ્લિંગમા પ્રયોગ થાય તેને

उक्तपुस्क શબ્દ કહે છે મૂળમાં તો વૃક્ષનો જ અર્થ હતો પણ તે ફળ આપનાર છે. તેથી તે ફળ-વાચી શબ્દ નપુંસકલિંગ છે તેથી તેને નપુંસકલિંગનો પ્રયોગ થયો આ જ પ્રમાણે પદ્ય-૧૯નો ग्रामणी શબ્દ મૂળ પુલિંગમા જ હતો. તે પદ પર આવનાર સ્ત્રી પ્રમાણે તેના સ્ત્રીલિંગના રૂપો વિકલ્પે થાય આ સંજ્ઞાને भावितपुस्क એમ પણ કહેવાય છે જુઓ तृतीयादिषु भाषितपुस्क पुवद् गालवस्य (पाणिनि-७.१ ७४).

(૨૩) આમ पक्षयुगलेसत्क=पक्षयुगले अस्ति इति બંને પક્ષવાળા એમ સ્વાર્થે क પ્રત્યય લાગ્યો છે. તૃતીયા વગેરે સ્વરાદિ પ્રત્યયોના વિભક્તિવચનોમા ग्रामण्या–ग्रामणिना, ग्रामण्ये–ग्रामणिने, ग्रामण्या –ग्रामणिनः એમ રૂપો થાય છે

(૨૪) અહીં પણ नुम् નિત્યવિધિ હોવાને લીધે ग्रामणीनाम् એમ ષષ્ઠી બહુવચનમા થશે પણ ङि પ્રત્યયમા ग्रामण्याम् અને ग्रामणिनि એમ બે રૂપો થાય છે

(૨૫-૨૭) कर्तृ શબ્દ ऋ કારાન્ત નપુંસકલિંગના શબ્દોના રૂપો इ કારાન્ત અને उ કારાન્તના પ્રમાણે જ થાય છે તે આપ્યા છે. नुमयमः સૂત્રથી થતા રૂપો આપ્યા છે પણ नुम् ન લાગે ત્યારે कर्त्रा, कर्त्रे, कर्त (૨) कर्त्रो· અને कर्तरि એમ થાય છે सोमपा-સોમ પીનાર–શબ્દના રૂપો–નપુંસકલિંગમાં તેનો હ્રસ્વાદેશ नपुसकस्य (૧ ૮ ૯) સૂત્રથી થાય છે. અને પછી कुल શબ્દ પ્રમાણે सोमप सोमपे सोमपानि એ પ્રમાણે રૂપો થાય થે

પ્રકરણ–૧૦

(૧) સ્વરાન્ત શબ્દોની સાધના પૂરી થયા પછી હવે હસાન્ત એટલેકે વ્યંજનાન્ત શબ્દોની સાધના આપે છે. તેમાં જે સરસ્વતી સૂત્રોના અક્ષરસમામ્નાયમા ક્રમ છે તે મુજબ જ અહીં પણ ક્રમ લીધો છે.

(૨–૩) अनडुह् –બળદ પ્રથમ પાંચ વિભક્તિવચનોમા अनडुह् શબ્દને आम આગમ થાય છે અને सि પરમાં હોય ત્યારે नुम् આગળ પણ વિશેષ થાય છે. આ પ્રમાણે अनडुह् + सि = अनडुआह् +सि = अनडवान्ह्+सि અને सयोगान्तस्य लोप· (૧.૮.૩) સૂત્રથી ह् નો લોપ થાય છે. પછી हसेप (૧ ૬ ૩૬) થી सि નો પણ લોપ થઈને अनड्वान् રૂપ સિદ્ધ થાય છે. તે પછી अनडुह् + औ = अनडुआह् + औ=अनडवाह् + औ = अनड्वाहौ થાય છે. अनड्वाहः, अनड्वाहम् अनड्वाहौ એમ પાચ રૂપો થાય છે. દ્વિતીયા બહુવચનના शस् (अस्) માં अनडुह् + अस् अनडुहः થાય છે તે પ્રમાણે તૃતીયા એકવચન પણ સ્વરાદિ પ્રત્યય છે તેથી अनडुहा થાય છે.

(૪) પણ रस પ્રત્યાહારનો વર્ણાદિ પ્રત્યય હોય ત્યારે अनडुह् વગેરે શબ્દોના અંત્ય વર્ણનો द આદેશ થાય છે ષષ્ઠી નિર્દેશ હોવાને લીધે અંત્યના સ્થાને થતા अनडुह् + भ्याम

=अनडुद् + भ्याम् =अनडुद्भ्याम् થાય છે. તે પછી अनडुद्भिः, अनडुद्भ्यः अनडुद्भ्याम् अनडुहः(२), अनडुहो (२), अनडुहाम्, अनडुहि એમ થાય છે.

(૫) સંબોધનના सि પ્રત્યયમાં अनडुह् શબ્દને अम् આગમ થાય છે. તે आम् નો અપવાદ છે આમ अनडुह् + सि = अनडुह् + सि = अनडुअह् + सि = अनड्अन् ह् + सि = अनड्वन् ह् + सि = अनड्वन् + सि = अनड्वम् એમ हलोप. (१.६.३६) સૂત્રથી सि નો લોપ થતાં રૂપ નિષ્પન્ન થાય છે

(૬–૭) द કારાદિ ધાતુ दुह् વગેરેના ह् નો घ થાય છે અને પછી તેની પરમાં स्, ध्वम् અથવા रस वर्णादि પ્રત્યય કે પદાન્ત હોય તો जबादि ધાતુ–दुह् જેવા નો झषादि થાય છે. આમ दुह् નો घुह् થાય છે

(૮–૯) પદાન્તે આવેલા झस વર્ણોના जब વર્ણ અને વિકલ્પે चप વર્ણ થાય છે તેથી ह् નો ग् તેમજ क् થતાં गोदुह् શબ્દ ના गोधुह्+सि=गोधुग् અને गोधुक् એમ થાય છે.

તે પછીના રૂપોમાં ફેરફાર ન હોવાને લીધે વિનયસાગરજી આપતા નથી. કેમકે તેમ કરવામાં ગ્રન્થ ઘણો મોટો થઈ જાય એટલે કે गोधुग्=गोधुक गोदुहौ गोदुहः, गोदुहम्, गोदुहा गोधुग्भ्याम् વગેરે રૂપો થાય છે

(૧૦) હવે અહીં તેમની શૈલીની સ્પષ્ટતા કરતા વિનયસાગરજી જણાવે છે કે જ્યાં જ્યાં કોઈ ખાસ સૂત્રો અને તેનું વિધાન હશે તેના જ રૂપો તે આપશે પણ પૂર્વે આવી ગયેલા સૂત્રો વડે જેની સાધના થઈ જતી હોય તે બધાંને ગ્રંથનું માપ વધારી રાખવા જ આપવામાં નહિ આવે.

(૧૧) द કારાદિ સિવાયના लिह्, मिह् વગેરે ધાતુઓમાંથી નિષ્પન્ન થયેલા શબ્દોના ह् કારનો ड् થાય છે. જેમકે : मधुलिह्–मधुलिड्–ભમરો.

(૧૨) वाह् શબ્દના પ્રથમ પાંચના રૂપો પૂર્વવત એટલે કે भारवाड्–भारवाट् भारवाहौ भारवाहः, भारवाहम् भारवाहौ છે પણ शस् વગેરે સ્વરાદિ પ્રત્યયો પરમાં હોય वाह् ના वा નો औ થાય છે. આમ भारवाह्+अस्=भार् औह्+अस्=भारौहः. એમ થાય છે તૃતીયા વગેરેમાં भारौहा भारवाड्भ्याम्, भारौहे, भारौहि વગેરે થાય છે भारवाट्–મજૂર.

(૧૩) सह् ધાતુનું साह् રૂપ થાય ત્યારે આદિ स् નો ष् થાય છે તેથી तुरासाह्–ઇન્દ્ર નું तुराषाड् અને પછી तुराषाड् અને तुराषाट् એમ પ્રથમા એકવચનમાં થાય છે. બાકીના સ્પષ્ટ છે.

(૧૪) द्रुह्–દ્રોહી વગેરેનો ह् કારનો ड् અને ग વિકલ્પે થતા ध्रुड् અને ध्रुग् તેમજ ध्रुट् અને ध्रुक् રૂપો થાય છે. ને પછી द्रुहौ द्रुहः એમજ થાય છે

(૧૫–૧૬) स्नुह्, स्नुह्–ઉલટી કરનાર, ष्णिह्–स्निह्–પ્રેમ કરનાર, मुह्–મોહ પામનાર વગેરેના क्षीरस्नुह्–દૂધની ઉલટી કરનાર. सुस्निह्–સુસ્નેહી, [illegible]–[illegible]. [illegible]

શબ્દો ના क्षीरस्नुट्-ड्, पुत्रस्निट्-ड्, तत्त्वमुट्-ड्, તેમજ क्षीरस्नुक्-ग्, पुत्रस्निक्-ग् तत्त्वमुक्-ग् એમ રૂપો થાય છે.

चतुर् ચાર એ સંખ્યાવાચક શબ્દ રેફાન્ત છે તે હમેશાં બહુવચનમા આવે છે. તેથી शि –પ્રથમ પાચ વિભક્તિ પ્રત્યયો પરમાં હોય ત્યારે તેને आम् આગમ થતાં चतुर्+अस्=चतुआर्+अस्=चत्वार એમ उ वम् (૧.૨.૬) સૂત્રથી થાય છે. તે પછીના चतुर, चतुर्भि વગેરે રૂપો આપેલા છે.

(૧૭) चतुर् સંખ્યાવાચક શબ્દ રેફાન્ત છે. તેથી ષષ્ઠી બહુવચનના आम् ને नुट् આગમ થતાં चतुर्+नाम्=चतुर्णाम् એમ पुर्नो णोऽनन्ते (૧ ૬ ૨૬) સૂત્રથી થાય છે. તેમજ ड्णनो न्हस्वाद् द्वि स्वरे (૧.૬.૧૬) સૂત્રથી ण કારનું દ્વિત્વ થાય છે. અને चतुर्ण्णाम् એમ રૂપ પણ થાય છે.

(૧૮) સપ્તમી બહુવચનમા चतुर्+सु=चतुर्षु એમ क्विलात् ष स कृतस्य (૧ ૬ ૨૧) સૂત્રથી થાય છે. તે सु પ્રત્યય પરમાં હોય ત્યારે કોઇ સૂત્રથી જો स् નો રેફ થયો હોય તો તેનો વિસર્ગ થાય પણ અહીં તો चतुर् શબ્દનો સ્વાભાવિક એટલે કે મૂળ શબ્દગત જ રેફ છે તેથી વિસર્ગને અવકાશ નથી.

(૧૯) शि=પ્રથમ પાંચ વિભક્તિ વચનો જેને પાણિનિવ્યાકરણમા शि सर्वनामस्थानम् (૧ ૧.૪૨) સૂત્ર વડે सर्वनामस्थान એમ સંજ્ઞા આપી છે આવું કોઇક સૂત્ર સારસ્વત વ્યાકરણમાં મળતું નથી. તે કેવુ હોવુ જોઇએ તે સંશોધન માગી લે તેવું રહસ્ય છે

અહીં चत्वारः એમ પ્રથમા બહુવચનમાજ आम् આગમ લાગે તો પછી પાચેય વિભક્તિ-વચનો લેવા પાછળનો શો હેતુ? એવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે તેથી તેથી વિનયસાગરજી સ્પષ્ટતા કરે છે કે જ્યારે चतुर् શબ્દ ગૌણ હશે ત્યારે એટલે કે ઉપપદમાં હશે ત્યારે તેના પાચેય રૂપો થશે જેમકે : प्रिया. चत्वारः यस्य स –જેને ચાર જન પ્રિય છે. તે प्रियचत्वा. प्रियचत्वारौ प्रियचत्वार, प्रियचत्वारम् प्रियचत्वारौ અને પછી प्रियचतुरः તેમજ प्रियचतुरा વગેરે થાય છે

(૨૦) હવે राजन्–રાજા શબ્દના રૂપો આપે છે. न કારોપધનો દીર્ઘ કર્યા પછી घि સિવાયના વચનોમાં તેમજ रस વર્ણાદિ પ્રત્યયો પરમા હોય ત્યારે નામના અંતે न કાર નો લોપશ્ થાય છે. લોપશ્ કરવાથી ફરી સંધિ થશે નહિ. પાણિનિમુનિએ पूर्वत्रासिद्धम् (૮ ૨.૧) ની યુક્તિ અપનાવી છે. સારસ્વત સૂત્રકાર લોપશ્ સંજ્ઞા કરીને लोप शाकल्यस्य (પા. ૮ ૩.૧૯) અને नलोप· प्रातिपदिकान्तस्य (पा ८ २ ७) વગેરે સૂત્રોના જેવો વિધિ કરે છે. તે न કાર પદાતે હોવો જોઇએ પણ આગમનો ન હોવો જોઇએ. राजन् શબ્દનો न કાર પદાંતે છે અને આગમનો નહીં પણ શબ્દનો જ અવયવ છે. આમ राजन्+सि=राजान्+सि=राजान् =राजा એમ થાય છે.

(२१) अघि=घि प्रत्यय सिवायनामां न कारनो लोपगम थाय छे तेथी संबोधनमां लोपशने अवकाश नथी आम हे राजन् थाय छे पण पछीना नो प्रथमा जेवा ज छे हे राजानौ हे राजानः थाय छे ने प्रमाणे राजानौ राजानः थाय छे

(२२-२३) शस वगेरे स्वरादि प्रत्ययोमां उपधा अ कार नो लोप थवाथी राजन्+अस् =राज्न्+अस् =राज्ञः. (१.९.२०) सूत्रथी राज्ञ, राज्ञा, राज्ञे, राज्ञः (२), राज्ञोः (२), राज्ञाम्, राज्ञि एम थाय छे. अने वेङ्यो. (१.८.१४) सूत्रथी अ कारनो विकल्पे लोप थवाथी राजनि एम पण थाय छे ते सिवायनामां न कारनो लोपगम थयो होवाथी राज शब्द निष्पन्न थया पछी तृतीया वगेरे द्विवचनमां अङि (१.६.११) तेमज बहुवचनमां ब्भ्य (१.६.१२) वगेरे सूत्रो न लागवाथी राजभ्याम् (३) राजभिः, राजभ्यः (२), राजसु थाय छे.

(२४) म कार अने व कारना संयोगवाळा शब्दो यज्वन्, आत्मन्, सुधर्मन् ना प्रथमामां रूपो यज्वा यज्वानौ यज्वानः, आत्मा आत्मानौ आत्मानः, सुधर्मा सुधर्माणौ सुधर्माणः. तेमज द्वितीयामां यज्वानम् यज्वानौ यज्वनः अने सुधर्माणम् सुधर्माणौ सुधर्मणः थाय छे

(२५-२६) श्वन्–कूतरो, युवन्–जुवान अने मघवन् शब्दोना रूपो श्वा श्वानौ श्वानः, श्वानम् श्वानौ तेमज युवा युवानौ युवानः, युवानम् युवानौ अने मघवा मघवानौ मघवानः, मघवानम् मघवानौ थाय छे पण शस् वगेरे स्वरादि प्रत्ययोमां ते शब्दना व् नो उ थतां श्वन्+अस् =श् उ न्+अस्=शुनः तेमज युवन्+अस् = य् उ न्+अस्=यूनः थाय छे तेमज मघोन एम उ ओ (१.२.१३) सूत्रथी थाय छे व् नो उ आदेश स्त्रीप्रत्यय ईप् मां पण थाय छे तेथी शुनी –कूतरी, मघोनी–इन्द्राणी एम थाय छे. त्यारपछीना स्वरादि प्रत्ययोमां शुना, शुने, शुनः (२) शुनोः (२), शुनाम्, शुनि तेमज यूना, यूने, यूनः (२), यूनोः (२) यूनाम्, यूनि अने मघोना, मघोने मघोनः (२), मघोनोः (२), मघोनि एम थाय छे

(२८-२९) सप्तमी एकवचनमां युवन् ना व् नो उ संधि थईने यूनि एम (१.२.२०) सूत्रथी यूनि एम थाय छे ज्यारे मघवन् मां उ ओ (१.२.२३) सूत्र लागतां मघोनि, मघोनि एम थाय छे

हवे पथिन् वगेरे शब्दोमां इ कारान्तनो प्रथम आ प्रत्ययमां थाय छे. अने सि प्रत्ययमां पथिन् वगेरेना इ नो आ कार थाय छे आम पथिन्+सि=पथन्+सि=पथा+सि =पन्थाः अने थो न्थ् (१.९.२५) सूत्रथी न्थ् आगम थतां पन्थाः एम रूप थाय छे ते रीते पन्थानौ पन्थानः, पन्थानम् पन्थानौ एम थाय छे.

(३०) शस् वगेरे स्वरादि प्रत्ययोमां पथिन् वगेरेना इन् नो लोप थतां पथ्+अस् =पथः, पथा, पथे, पथः (२), पथोः (२), पथाम्, पथि थाय छे.

(૩૧) रस વર્ણાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે न કારાન્ત શબ્દના न् નો લોપ થતાં पथिभ्याम् (૩), पथिभि , पथिभ्यः વગેરે રૂપો થાય છે.

(૩૨) मथिन् –મથન કરનાર શબ્દના मन्था मत्थानौ मन्थान , मन्थानम् , मथ , मथा, मथिभ्याम् વગેરે તેમજ ऋभुक्षिन् –ઇન્દ્ર શબ્દના ऋभुक्षा ऋभुक्षाणौ ऋभुक्षाण., ऋभुक्षाणम् ऋभुक्ष , ऋभुक्षा, ऋभुक्षिभ्याम् થાય છે.

(૩૩–૩૪) दण्डिन् –દંડધારીના दण्डो दण्डिनौ दण्डिन , दण्डिनम् , दण्डिना, दण्डिने, दण्डिन· (૨), दण्डिनो. (૨), दण्डिनाम् , दण्डिनि તેમજ रस વર્ણાદિ પ્રત્યયોમા दण्डिभ्याम् (૩), दण्डिभ्यः (૨) વગેરે થાય છે.

(૩૫-૩૬) हन् , पूषन् અને अर्यमन् શબ્દોના રૂપો इन् અન્તવાળા શબ્દોની જેમ થાય છે. જેમકે : ब्रह्म हन्ति इति ब्रह्महन् બ્રાહ્મણની હત્યા કરનાર તેના ब्रह्महा ब्रह्महणौ ब्रह्महण· ब्रह्महणम् વગેરે, पूषन् –સૂર્ય તેના पूषा पूषाणौ पूषाणः पूषाणम् , पूष्णा તેમજ अर्यमन् –સૂર્ય તેના પણ આ પ્રમાણે જ થાય છે. शस् વગેરે સ્વરાદિ પ્રત્યયોમા अ કારનો લોપ થાય ત્યારે हन् નો घ्न આદેશ થાય છે. જેમકે . ब्रह्मघ्ना, ब्रह्मघ्ने વગેરે થાય છે

(૩૭) हन् ના ह કારનો घ् આદેશ પરોક્ષભૂતકાળના णप् –णित् પ્રત્યયમા થાય છે. જેમકે जघान જ્યારે અપત્યાર્થે इञ् –ञित् પ્રત્યયમા ब्रह्मघ्न. अपत्य पुमान् –બ્રહ્મહત્યા કરનારનો પુત્ર એમાં अत इञनृषे. (૧.૧૫.૫) સૂત્રથી ब्रह्मघ्न એમ अ કારાન્ત થવાથી ब्राह्मघ्निः એમ થાય છે. તેમજ અહીં अन् ના अ કારનો લોપ થવાથી. न કાર પરમાં આવે છે તેથી नकार પરમાં હોય ત્યારે પણ घ् આદેશ થાય છે.

(૩૮) हन् ધાતુના अ કારનો લોપ થયો ન હોય ત્યારે ब्रह्महणौ ब्रह्महण. એમ न કાર નો ण કાર થાય છે. પણ ब्रह्मघ्ना વગેરે સ્વરાદિમાં વ્યંજન घ् પૂર્વમા હોવાથી न् નો ण् થતો નથી

(૩૯–૪૦) આ પ્રમાણે पूषन् અને अर्यमन्ना રૂપો થાય છે. સપ્તમી એકવચનનો ङि પ્રત્યય પરમા હોય ત્યારે ત્રણ રૂપો પ્રાપ્ત થાય છે. अल्लोपोऽनः (૨ ૧૦.૧૦) સૂત્રથી अ કારનો લોપ થાય ત્યારે पूष्णि, अ કાર લોપ વિકલ્પે હોવાથી થાય નહીં ત્યારે पूषणि એમ वेड्योः (૧ ૮.૧૪) સૂત્રથી અને તેના टि ભાગનો લોપ થાય ત્યારે पूषि એમ થાય છે એ केचित् કયા સૂત્રથી થાય છે. તે સ્પષ્ટ નથી

(૪૧–૪૫) पञ्चन्–પાંચ વગેરે સંખ્યાવાચકો ત્રણે લિંગમાં સમાનરૂપ છે જેમકે · पञ्च नरा –પાંચ માણસો, पञ्च स्त्रियः પાંચ સ્ત્રીઓ અને पञ्च फलानि–પાંચ ફળો. ष કારાન્ત षष्–છ સંખ્યાવાચક તેમજ न કારાન્ત सप्तन्, अष्टन् વગેરે ના પરમાં जस् અને शस् પ્રત્યયનો लुक् થતા नाम्नो नो लोपशघौ (૧ ૯.૧૯) સૂત્રથી न કારનો લોપ થતા सप्त, नव વગેરે પ્રથમાન્ત થશે. अष्टन् શબ્દમાં અપવાદ છે. અહીં लुकि तन्निमित्तम् (૧.૬.૫૯) સૂત્રથી लुक् થયા પછી नोपधायाः

(૧૮૭) સૂત્ર લાગતું નથી આમ पञ्च, पञ्च, पञ्चभिः વગેરે રૂપો થાય છે. ष કારાન્ત અને न કારાન્ત સંખ્યાવાચક શબ્દોની પરમાં आम् ને नुट् આગમ થતા पञ्चानाम् અને षण्णाम् તેમજ सप्तानाम्, अष्टानाम् વગેરે થાય છે. पञ्चसु માં नकार લોપ જ થાય છે. તેને માટે नाम्नो नो लोपशधौ (૧.૯.૧૯) સૂત્ર પ્રવર્તે છે.

(૪૬–૪૭) सप्तन् વગેરેમા अष्टन् સંખ્યાવાચકનો અપવાદ છે. કારણકે તેમા अष्ट अष्ट એમ રૂપો થવા ઉપરાંત अष्टनो डौ वा (૧.૯.૩૪) સૂત્ર વિકલ્પે લાગતાં अष्टन्+जस् शस्=अष्टन् +डौ=अष्ट्+औ (डित् હોવાને લીધે टि ભાગનો લોપ થાય છે અને)=अष्टौ अष्टौ એમ રૂપો પણ વિકલ્પે થાય છે.

(૪૮–૪૯) તૃતીયા વગેરે વિભક્તિઓમાં अष्टन् શબ્દના टि ભાગનો વિકલ્પે आ કાર થતાં અને न કારનો લોપ થતા अष्टभिः–अष्टाभिः, अष्टभ्यः–अष्टाभ्यः (૨) તેમજ अष्टसु–अष्टासु થાય છે.

(૫૦) પાણિનીય વ્યાકરણના इदमो मः (૭.૨.૧૦૮) અને इदोऽय् पुंसि (૭.૨.૧૧૧) સૂત્રોના સ્થાને આ એકજ સૂત્ર બનાવીને इदम् ના સ્થાને अयम् આદેશ सि પ્રત્યય પછીના કરી દીધા છે

(૫૧) इदम् સર્વનામ त्यद् વગેરે ગણમા હોવાને લીધે त्यदादेरः (૧.૬.૫૧) સૂત્રથી इद અને પછી द કારનો म કાર થતા इम+औ પ્રત્યય લાગવાથી इमौ રૂપ નિષ્પન્ન થાય છે

(૫૨) તૃતીયા વિભક્તિના टा અને ષષ્ઠી–સપ્તમી દ્વિવચનના ओस् પ્રત્યય પરમાં હોય ત્યારે इदम् નો अन આદેશ થાય છે. તે अ કારાન્ત હોવાથી टेन (૧.૬.૧૦) સૂત્રથી अन + टा =अनेन અને ओसि (૧.૬.૧૮) સૂત્રથી अ કારનો ए કાર થવાથી अने + ओस्=अनय् + ओस्=अनयोः (૨) થાય છે.

(૫૩) स કારાદિ અને भ्याम् પ્રત્યયોમા પણ इदम् નો अ આદેશ થતા अ + भ्याम्=(अद्भि (૧.૬.૧૧ સૂત્રથી) आ + भ्याम्=आभ्याम् (૩) થાય છે

(૫૪) भिस. (૧.૬.૧૭) સૂત્રથી अ કારાન્ત પછી આવતા भिस પ્રત્યયના स નો ऐ આદેશ થાય છે અને एैः એમ નિષ્પન્ન થાય છે પણ અહીં भिस् નો भिस् જ રહેવાથી ए भिस बहुत्वे (૧.૬.૧૫) સૂત્રથી अ કારનો ए કાર થવાથી एभि થાય છે. एभ्य (૨) एषाम्, एषु વગેરે થાય છે

(૫૫) त्यद् વગેરે તેમજ युष्मद् અને अस्मद् સર્વનામોનું સંબોધન થતું નથી.

(૫૬) उक्तस्य पुनर्भाषणम् अन्वादेश=પુનરુચ્ચાર. એકજ વ્યક્તિ કે વિગતની વાત કહેવાઈ ગઈ હોય તેને ફરીથી દર્શાવવા માટે इदम् અને एतद् સર્વનામોના વૈકલ્પિક આદેશ एन થાય છે. ને अ કારાન્ત હોવાને લીધે देव શબ્દ પ્રમાણે રૂપો થાય છે દ્વિતીયામાં एनम्, टा માં एनेन અને ओस् માં एनयो (૨) થાય છે.

(૫૭) त्यदादेष्टेरः (૧.૬ ૫૫) સૂત્રથી त्यद् વગેરેના टि ભાગનો अ થાય છે આમ किम् નો इम् ભાગ टि છે તેથી તેનો अ થતાં क બનીને सर्व પ્રમાણે બધાજ રૂપો થાય છે. આમ આ સારસ્વતસૂત્ર વડે પાણિનિના त्यदादीनाम (૭ ૨.૧૦૨) અને किम क (૭ ૨ ૧૦૩) સૂત્રોને એકમા જ સમાવી લેવાયાં છે.

(૫૮) क कौ के, कम् તેના પ્રયોગ કરી બતાવ્યા છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છે हरिणाक्ष्या कः क हसति?–મૃગનયનીનું કોણ કોને હસે છે? हरिणाक्ष्या अधर· पल्लव हसति । મૃગનયનીનો અધર ઓષ્ઠ પલ્લવને હસે છે તેજ પ્રમાણે कौ कौ हसत ? કયા બે કયા બેને હસે છે? अङ्घ्री पद्मो हसत । તેના (બે) ચરણ બે પદ્મોને હસે છે के कान् हसन्ति? કયા બધા કયા બધાને હસે છે? दन्ता कुन्दस्य कोरकान् हसन्ति । તેના દાંત મોગરાની કળીઓને હસે છે. અહીં हस् ધાતુનો પ્રયોગ હાસી ઉડાવવાના અર્થમા છે. એટલે કે તર્જિત કરે છે.

हरिणस्य अक्षिणी इव अक्षिणी यस्याः सा=हरिणाक्षी (મધ્યમપદ લોપી સમાસ) तस्याः हरिणाक्ष्या .

पाद. पदङ्घ्रिश्चरणोऽस्त्रियाम् (અમરકોશ ૨.૬.૭૧) પાદ પદ્, અંઘ્રિ અને ચરણ શબ્દો સમાનાર્થી છે

(૫૯) પદાન્તે અને रस વર્ણ પરમાં હોય ત્યારે ધાતુના म् નો न કાર થતા प्रशाम्यति असौ જે પ્રશમ કરે છે તે प्रशाम् અને તેનો પ્રથમા વિભક્તિ એકવચનમા न કાર થતા प्रशान् રૂપ થાય છે. તે પછીના प्रशामौ प्रशामः, प्रशामम् प्रशामौ प्रशामः, प्रशामा प्रशाम्भ्याम्, प्रशामे વગેરે થાય છે.

(૬૦–૬૧) जव–પ્રત્યાહારના વર્ણો–जडदगव થી શરૂ થતા घ કારની શબ્દો–वुध् વગેરેના રૂપો પૂર્વાનુસાર જ થાય भुद्–भुत् वुधौ वुध., वुधम्, वुधा, भुद्भ्याम् भुत्सु વગેરે થાય છે.

(૬૨–૬૩) छशषराजादे. षः (૧ ૯ ४૩) સૂત્રમાં झस વર્ણ, रस વર્ણ કે નામના પદાન્તે હોય તો ष કાર થાય છે. તેમાં ष કારનું પણ વિધાન ष કાર એમ કર્યું છે. તેનાથી द्विष्+ति =द्वेष्टि એમ રૂપ થાય ત્યારે તે ष કારનો ड् ન થાય તે માટે કર્યુ છે તે પ્રમાણે નિયમન સૂચવે છે. અન્યથા झस વર્ણ ट કારને લીધે षो डः (૧.૯૪૪) સૂત્ર લાગે છે.

(૬૪–૬૭) राजादे એ પ્રમાણે (૩ ૫.૨૨) સૂત્રમાં આદિ પદના ગ્રહણથી यज् વગેરે ૭ ધાતુઓનુ ગ્રહણ કરાયુ છે. આ સૂત્રની સાથે સરખાવતાં પાણિનિવ્યાકરણનું સૂત્ર व्रश्चभ्रस्जसृज-मृजयजराजभ्राजच्छशा ष· (૮.૨.૩૬) ની સ્પષ્ટતા અને સર્વતોગ્રાહિતા જણાઇ આવ્યા વિના રહેતી નથી આ ધાતુઓના ज કારનો ष કાર થયા પછી પદાંતે અને रस વર્ણ તેમજ झस વર્ણ પરમાં થયા પછી તેનો ड् થાય છે આમ राट्–राड् राजौ राजः राजम् , राजा (તૃતીયા એકવચન), राड्भ्याम् (૩) राजाम् (ષષ્ઠી બહુવચન) राट्सु–એમ થાય છે. આ પ્રમાણે यट्–यड् यजौ यज., यजा, यड्भ्याम्, यट्सु વગેરે થાય છે.

(६८–७०) કેવળ મસ્જ્–ज કારાન્ત શબ્દમાં સ્કોરાદ્યો (૧.૯.૬૭) સૂત્રથી સંયોગના આદિ स કાર અને क કારનો લોપ થાય છે તેથી સ્રજ થાય ત્યારે सृज् વગેરે ગણનો ધાતુ હોવાને લીધે તેના र् નું સંપ્રસારણ ऋ થતા सृज् થાય છે અને छशषराजादेः षः (૧.૯.૮૩) અને षो डः (૧.૯.૮૪) સૂત્રો લાગવાથી सृट–सृड् થાય છે. પછી मस्ज्+औ થાય ત્યારે स्नो स्नुभि स्तु (૧.૪.૬) સૂત્ર વડે स કારનો ज કાર થતાં मज्जौ मज्ज થાય છે. मृड्भ्याम् તેમજ मृड्सु વગેરે પણ થાય છે. આ પ્રમાણે विश् વગેરે श કારાન્ત શબ્દોના विट्–विड् विशौ विशः તેમજ द्विष् વગેરે ष કારાન્ત શબ્દોના द्विट्–द्विड् द्विषौ द्विषः વગેરે થાય છે.

(૭૧–૭૨) ष કારાન્ત षष्=છ એ શબ્દ બહુવચનમાજ પ્રયોજાય છે તેને षो डः (૧.૯.૮૪) સૂત્ર લાગ્યા પછી नुम (૧.૯.૬૨) સૂત્ર લાગતાં नाम् પરમાં હોય ત્યારે षण्णाम् એમ ष्टुभि ष्टुः (૧.૪.૮) સૂત્રથી થાય છે. અહીં षड्नु માં પદાન્ત ન હોવા છતા પદાન્ત વિધિનો આશ્રય લેવામા આવ્યો છે. કારણકે टोर्न्त्यात् (૧.૪.૧૨) સૂત્ર પ્રમાણે પદાન્તે આવતા ट વર્ગની પરમાં આવેલા स કાર અને त વર્ગના ष्टु થતા નથી. પણ षष्+सु=षड्+सु=षट्सु થવા ढगानाम् (૧.૪.૧૮) સૂત્રથી षट्सु થાય છે. હવે તે ट કારને લીધે नु નો મૂર્ધન્યાદેશ થવો જોઈએ કારણકે અપદાન્તે હોય તો જ નિષેધ છે તેથી અહીં અપદાન્ત હોવા છતાં પદાન્ત માનીને टोर्न्त्यात् સૂત્રનું વિધાન થયુ છે.

(૭૩–૭૪) त्यद्=તે, तद्=તે, यद्=જે, एतद्=આ તેને त्यदादेष्टेरः (૧.૬.૫૫) સૂત્રથી अ કારાન્ત થયા પછી सर्व પ્રમાણે રૂપો થાય છે પણ सि પરમાં હોય ત્યારે स्त (૧.૯.૮૯) સૂત્રથી त्यद् વગેરેના त કારનો स् થતા स्यः અને सः થાય છે एतद् મા स् નો किवन्त् प॰ स ष्मगन्त (૧.૯.૨૧) સૂત્રથી ष् થતાં एषः થાય છે

(૭૫–૭૬) छ કારાન્ત तत्त्वप्राछ्=તત્ત્વ વિષે પૂછનાર. શબ્દના રૂપો પણ छशष-राजादेः षः (૧.૯.૮૩) અને षो डः (૧.૯.૮૪) અને वाऽवसाने (૧.૯.૮) સૂત્રો લાગવાથી तत्त्वप्राट्–तत्त्वप्राड् પછી तत्त्वप्राच्छौ तत्त्वप्राच्छः એમ दीर्घादपि च (૧.૪.૧૯) સૂત્રથી छ નુ દ્વિત્વ અને च र વર્ણ થવાથી થાય છે. અને स्म વર્ણ પરમાં હોય ત્યારે तत्त्वप्राड्भ्याम् (?) तत्त्वप्राट्सु થાય છે.

(૭૭–૭૯) न કારાન્ત अग्निमथ्–અગ્નિ મથનાર–ઉત્પન્ન કરનાર વગેરે શબ્દો આ પ્રમાણે થાય છે. એટલે કે वाऽवसाने થી थ અને त्र વર્ણ કરવાથી अग्निमत्–अग्निमद् થાય છે તે પછી अग्निमथौ, अग्निमथः, अग्निमद्भ्याम् એમ થાય છે (૧.૯.૬) સૂત્રની પ્રવૃત્તિ જ નથી તેથી આ પ્રમાણે થાય છે સપ્તમી બહુવચનમાં अग्निमत्सु એમ થાય છે કારણકે खर વર્ણ ढगानाम् (૧.૪.૧૮) સૂત્ર વિધાન થાય છે.

(૮૦–૮૨) [illegible] ધાતુને પ્રથમ પાંચ વિભક્તિના રૂપોમાં नुम् [illegible] થાય છે [illegible] [illegible] [illegible] एम पछी [illegible]

(૧ ૯.૫૧), स्तो श्चुभिः श्चु (૧.૪.૬) हसेपः सेर्लोप (૧ ૬ ૩૬) संयोगान्तस्य लोप (૧ ૯ ૩) અને चो कुः (૧ ૯.૫૨) સૂત્રોથી થાય છે. सि નો લોપવિધિ અને સંયોગાન્તલોપવિધિમાં सि નો લોપ પહેલાં, અને તે પછી સંયોગાન્તનો લોપ એ ક્રમની પુષ્ટિ કરાવતાં વિનયસાગરજી કહે છે કે બધા વિધિમા લોપવિધિ બળવાન છે. તેથી सि નો લોપ કર્યા પછીજ સંયોગાન્તનો લોપ થાય છે બંને લોપવિધિ જ છે પણ सि ના લોપ સિવાય સંયોગાન્ત થાય તેમ નથી તેથી પાણિનિ વ્યાકરણની પરિભાષામાં કરીએ તો सि લોપ નિત્ય છે. બંને રીતે પહેલા કે પછી નિત્ય થવાનો જ છે. તેથી સંયોગાન્ત વિધિ ક્રમમાં નિત્યવિધિની પછી આવે છે.

(૮૩–૮૪) दिश् વગેરેના પદાન્ત વગેરેમાં कुत्व–क વર્ગ આદેશ થાય છે તેથી प्रत्यङ् રૂપ બને છે. दिशाम् એમ બહુવચન ગ્રહણથી दृश्–આખ दृक्–दृग् दृशौ दृश, स्पृश्–સ્પર્શ કરનાર –स्पृक्–स्पृग् स्पृशौ स्पृश વગેરેનો क વર્ગ આદેશ કહ્યો છે.

(૮૫–૮૬) પ્રથમ પાંચ વચનોમાં બાકીના प्रत्यञ्चौ प्रत्यञ्च, प्रत्यञ्चम् प्रत्यञ्चौ એમ થયા પછી ईप्, तद्धित, ई કે शस् વગેરેના સ્વરાદિ પ્રત્યય પરમા હોય ત્યારે अञ्च् ના अ કારનો લોપ થાય છે અને તેના પૂર્વ સ્વરનો દીર્ઘ થાય છે આમ प्रति + अच् + = प्रती + च् + अस् = प्रती + च् + अस् = प्रतीच तेमज प्रतीचे, प्रतीच (૨) प्रतीचो. (૨) વગેરે થાય છે.

(૮૭) ઉપરના પદ્યના વિધિસ્થાનોના ઉદાહરણો વિનયસાગરજી આપે છે ईप् એટલે સ્ત્રીલિંગમા प्रतीची–પશ્ચિમ દિશા તેમજ તદ્ધિત પ્રત્યયમાં केनेयका (૧ ૧૫ ૨૪) સૂત્રથી प्रतीचि भव કે प्रतीचा युक्त. એ અર્થમાં ईन् પ્રત્યય લાગતાં प्रतीचीनः–પશ્ચિમનો એમ થાય છે. નપુંસકલિંગમાં પ્રથમા, દ્વિતીયા અને સંબોધન દ્વિવચનમાં ईमौ (૧ ૮ ૨) સૂત્ર લાગવાથી औ નો ई થાય છે તેથી प्रतीची એમ રૂપ થાય છે. અને અહી शस् પ્રત્યયમાં प्रतीचः થાય છે.

(૮૮–૮૯) चो कुः (૧.૯૫૨) અને चपा अबे जवा (૧ ૪.૧) સૂત્રો લાગવાથી प्रत्यग्भ्याम् (૩) વગેરે રૂપો થાય છે. અને પછી प्रत्यक् + सु–સપ્તમી બહુવચનમાં क्विलात् ष सः कृतस्य (૧ ૬.૨૧) સૂત્રથી મૂર્ધન્યાદેશ થતાં प्रत्यक्षु રૂપ થાય છે. આ પ્રમાણે सध्र्यच् = સાથે જનાર –શબ્દના રૂપો થાય છે. (सह–सम्–तिरसा सध्रि समि–तिरय. એ વાર્તિકથી सह નો सध्रि આદેશ થાય છે)

(૯૦–૯૧) तिर्यंच = તિરછા જનાર–પક્ષી વગેરેના ઉપર પ્રમાણેના પ્રત્યયો પરમાં હોય ત્યારે तिरश्च् આદેશ થાય છે. તેથી સ્ત્રી પ્રત્યય ईप् અને ईमौ (૧ ૮.૨) સૂત્રથી લાગતો નપુંસકલિંગ પ્રથમા દ્વિતીયા અને સંબોધન નો ई પ્રત્યય પરમા હોય ત્યારે तिरश्ची એમ થાય છે केनेयका. (૧ ૧૫ ૨૪) સૂત્રથી લાગતા ईन् પ્રત્યયમાં तिरश्चीन.–પક્ષિયુક્ત એમ થાય છે અને शस् પ્રત્યયમાં तिरश्च થાય છે. પ્રથમ પાંચ વચનોમા તો तिर्यङ् तिर्यञ्चौ तिर्यञ्च. પ્રમાણે જ થાય છે.

(૯૨-૯૩) उदञ्च् શબ્દના પરમાં ङीप्, ई, तद्धित ट पत् વગેરે ના સ્વરાદિ પ્રત્યયો હોય ત્યારે उदीच् આદેશ થાય છે તેથી उदङ् उदञ्चौ उदञ्चः, उदञ्चम् उदञ्चौ उदीचः પ્રમાણે થાય છે. સ્ત્રીલિંગમાં उदीची-ઉત્તર દિશા, નપુંસકલિંગમાં उदीची, तद्धित પ્રત્યયમાં उदीचीन-ઉત્તરનો વગેરે થાય છે अग्निचित्-અગ્નિચયન કરનાર-શબ્દના રૂપો પૂર્વના સૂત્રો વડે સાધવા જેમકે-अग्निचित्-अग्निचिद् अग्निचितौ अग्निचितः, अग्निचिता अग्निचिद्भ्याम् (३), अग्निचित्सु વગેરે

(૯૪-૯૬) उ-કારાનુબંધ इत् વાળા त કારાન્ત શબ્દો એટલેકે વર્તમાન કૃદંતો જેમને शतृ (अत्) પ્રત્યય લાગે છે તેમને અને ऋ કારાનુબંધ इत् વાળા શબ્દોને नुम् આગમ પુંલિંગના પાંચ વચનોમાં અને નપુંસકલિંગના जि (शस्-जस्) પ્રત્યયોમાં થાય છે અને नुम् લાગવાથી સંબોધન સિવાયનામાં દીર્ઘ થાય છે તેમાં महत् શબ્દનું પણ પરિગણન હોવાથી તેના રૂપો પહેલાં આપે છે महान् महान्तौ महान्तः, महान्ताम् महान्तौ પણ તે પછી महत, महता महद्भ्याम् (३), महत्सु વગેરે થાય છે अप्-પાણી શબ્દનું પણ પરિગણન છે त કારાન્त कन् શબ્દ છે તેના कन् कनौ कनः વગેરે થાય છે

(૯૭-૯૮) भवतु=આપ (માનાર્થે તમે) શબ્દ ડતુ અંતવાળો છે જ્યારે भवत्-વર્તમાન કૃદંત-शतृ-त् પ્રત્યયાન્ત એટલે ऋ કાર ઇત્ વાળો છે તેથી जि પરમાં હોય ત્યારે भवतु-भवत् નો भवान् પ્રયોગ સિદ્ધ થશે પણ भवत्-शत्रन्त નો પ્રયોગ भवन् એમ થશે. તે પછીના તો સમાન જ છે भवन्तौ भवन्तः, भवन्तम् भवन्तौ भवतः, भवता, भवद्भ्याम् (३), भवत्सु વગેરે

(૯૯-૧૦૦) पुम्-स-કારાન્ત શબ્દને अनुङ्-अन् આદેશ થાય છે. તે ङित् હોવાને લીધે અંત્યવર્ણ म्-ના સ્થાને આવતા पुम् अन्=पुमस्+न् એમ થાય છે હવે अनुङ् પ્રત્યયમાં उ કાર इत् હોવાને લીધે ङितो नुम् (૧.૯.૫૯) સૂત્રથી नुम् આગમ निदन्तात् स्वरात् परः (૧.૮.૬) સૂત્રથી पुमन्स्+स्=पुमान् स्+म् (नमन्तानां दीर्घः सौ च. २.९ ६०)=लोप सेर्लोप (૧ ૬ ૧૬) થી पुमन्स् અને संयोगान्तस्य लोप (૧.૯.૩ થી पुमान् રૂપ સિદ્ધ થાય છે તે પછીના તો पुमांसौ पुमांसः, पुमांसम् पुमांसौ पुंसः, पुंसा, पुंभ्याम् એમ થાય છે

(૧૦૧) સપ્તમી બહુવચનમાં सु પરમાં હોય ત્યારે અન્ય વ્યાકરણકારોના મતે पुंसु એવું જ રૂપ થાય. પણ અહીં અનંભવ-અલ્પપ્રયોગના કે આગ્રહપાર્થે [illegible] આગમ લાગે છે. તેથી पुंसु એવું રૂપ પણ પ્રાપ્ત થાય છે આ पुंसु પ્રયોગ માટે એવી કિવદન્તી પ્રચલિત છે કે આ [illegible] -વ્યાકરણના કર્તા નરેન્દ્રાચાર્યે [illegible] અર્થમાં [illegible] [illegible]. ત્યાંમાં पुंसु પદનો પ્રયોગ કર્યો તે અન્ય વ્યાકરણથી સિદ્ધ ન હોવાને લીધે આ [illegible] સૂત્રનું આનયન [illegible] પોતાનો પ્રયોગ સિદ્ધ કર્યો

[illegible]

વાસી શ્રી મણિશંકર ઉપાધ્યાયજીને કેટલાક પંડિતોએ कमला—लक्ष्मी શબ્દની વ્યુત્પત્તિ વિષે વાદવિવાદમાં આહ્વાન આપ્યું. તેમની પ્રખર બુદ્ધિમત્તા અને પાણિનીય વ્યાકરણમાં અપ્રતિમ મેધાએ कमे कलच् એમ उणादि સૂત્ર તરીકે कमला શબ્દને—જેની લોકો કામના કરે છે—ઇચ્છા કરે છે—પ્રાપ્ત કરવાની અભિલાષા કરે છે તે कमला=लक्ष्मी એમ વ્યુત્પત્તિથી સમજાવ્યો.

તાત્પર્ય એ છે કે કદાચ કિંવદન્તીમાં તથ્ય પણ કેટલાક અંશે હોઇ શકે છે.

(૧૦૨–૧૦૪) विद्वस्—વિદ્વાન શબ્દના રૂપો पुस् શબ્દ જેવા જ છે. પણ સ્ત્રીપ્રત્યય ईप् વગેરે પરમાં હોય ત્યારે विद्वस् ના वस् ભાગના व કારનો उ કાર થાય છે. આમ विद्वान् विद्वासौ विद्वासः, विद्वासम् विद्वासौ પણ પછી शस् વગેરે સ્વરાદિ પ્રત્યયોમાં विदुष, विदुषा, विदुषे અને वसा रसे (૧.૯.૪) સૂત્રથી स કારનો द કાર થતા विद्वद्भ्याम् (૩) અને सु પ્રત્યમા विद्वत्सु થાય છે

સ્ત્રીલિંગ પ્રત્યય ईप् માં विदुषी,—નપુંસકલિંગ ईम् માં विदुषी, તેમજ તદ્ધિતમાં भावे तत्त्वयणः (૧.૧૫.૩૫) સૂત્રથી यण् પ્રત્યય લાગે ત્યારે आदिस्वरस्य ञ्णिति च वृद्धि (૧ ૧૫.૨) સૂત્રથી વૃદ્ધિ થતા वैदुष्यम्—વિદ્વત્તા, વિદ્વત્ત્વમ્ એમ થાય છે

(૧૦૫–૧૦૭) उशनस् =શુક્રાચાર્ય વગેરે શબ્દો पुरुदशस् =હંસ અને अनेहस् =વખત શબ્દોના સંબોધન સિવાયના सि પ્રત્યયનો डा (आ) થાય છે डित् હોવાને લીધે टि ભાગનો લોપ થતાં उशना, पुरुदशा અને अनेहा એમ થાય છે. પણ સંબોધનમા हे उशन (हे उशनन् અને हे उशन—આ રૂપોની કારિકા પ્રકરણ ૯, પદ્ય ૧૧ મા છે) उशनसाम् (૧ ૯ ૬૯) સૂત્રથી अनङ् (अन्) આદેશ થતા हे उशनन् અને સંબોધનમાં न કારનો વિકલ્પે કરવામાં આવે ત્યારે हे उशन એમ ત્રણ રૂપો થાય છે. આમ उशनस શબ્દ સંબોધનમા વિકલ્પે न કારાન્ત તેમજ अ કારાન્ત થાય છે

(૧૦૮) भ्याम् વગેરે પ્રત્યયો પરમા હોય ત્યારે શ્લિષ્ટોચ્ચાર સંધિ થઇને स કારનો स्रोर्विसर्गः (૧ ૬ ૪) સૂત્રથી વિસર્ગ અને हवे (૧ ૫ ૭) સૂત્રથી વિસર્ગનો उ થઇને उशनोभ्याम् (૩) વગેરે રૂપો થાય છે અને सु પ્રત્યય પરમાં હોય ત્યારે शपसे वा (૧ ૫ ૨) થી વિકલ્પે स કાર રહે છે અને स्रोर्विसर्ग (૧.૬.૪) થી વિસર્ગ પણ થાય છે તેથી उशनःसु અને उशनस्सु એમ બે રૂપો થાય છે.

(૧૦૯) अत्वसोः सौ (૧.૯ ૬૧) સૂત્રમા अस् અંતવાળા નુ ગ્રહણ કરવાથી चन्द्रमस्, सुवचस् વગેરે શબ્દોનો ઉપધા દીર્ઘ થતા चन्द्रमाः सुवचा. વગેરે થાય છે શેષ રૂપો અન્ય स કારાન્ત પ્રમાણે છે

(૧૧૦–૧૧૪) दोष्—હાથ, सजुष्—મિત્ર, તપસ્વી आशिप्—આશિષ અને हविष्—હવિ વગેરે શબ્દોના प કારનો પદાન્તે, रस વર્ણ પરમાં હોય ત્યારે રેફ થાય થે અને दोप શબ્દ शस् વગેરે સ્વરાદિ પ્રત્યયોમા अन् અંતવાળો થાય છે આમ दो. दोषौ दोप., दोपम् दोपौ અને પછી दोष्ण

–दोषः, दोष्णा–दोषा વગેરે તેમજ ह्य વર્ણાદિ પ્રત્યયો મા दोर्भ्याम् (૩)दोषभ्याम्–(૩) વગેરે થાય છે તે नाम्नो नो लोपशधौ (૧.૯.૧૯) સૂત્રથી લોપરૂપ થતા થાય છે. સાતમી એકવચનના ङि (इ) પ્રત્યયમાં તેમજ सुप् મા ત્રણ રૂપો, પ્રથમ પાંચ વિભક્તિ વચનોમાં એક રૂપ તથા બાકીનામાં બે બે રૂપો થતાં दोष् શબ્દના કુલે–૪૨ (બેંતાલીસ) રૂપો થાય છે

આમ ङि પ્રત્યયમાં दोष्+इ=दोषि, अन् લાગતા दोषणि અને अल्लोपोऽन. (૨.૧૦.૧૦) થી दोष्णि થાય છે. તેના સંપૂર્ણ રૂપો આ પ્રમાણે છે.

दोष्–હાથ–ष् કારાન્ત પુલ્લિંગ શબ્દ

વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	दोः	दोषौ	दोषः
દ્વિતીયા	दोषम्	दोषौ	दोषः–दोष्णः
તૃતીયા	दोषा–दोष्णा	दोर्भ्याम्–दोषभ्याम्	दोर्भिः–दोषभिः
ચતુર્થી	दोषे–दोष्णे	दोर्भ्याम्–दोषभ्याम्	दोर्भ्यः–दोषभ्यः
પંચમી	दोषः–दोष्णः	दोर्भ्याम्–दोषभ्याम्	दोर्भ्यः–दोषभ्यः
ષષ્ઠી	दोषः–दोष्णः	दोषोः–दोष्णोः	दोषाम्–दोष्णाम्
સપ્તમી	दोषि–दोष्णि–दोषणि	दोषोः–दोष्णोः	दोर्षु–दोःषु–दोषसु
સંબોધનમ્	हे दोः !	हे दोषौ !	हे दोषः

હવે सजुष् અને आशिस् શબ્દો પદાન્તે હોય અથવા र्‌ વર્ણાદિ પ્રત્યય પરમાં હોય ત્યારે તેમનો દીર્ઘ થતા सजूः અને आशीः એમ પ્રથમામાં થાય છે. પછી सजूर्भ्याम्–आशीर्भ्याम् વગેરે તેમજ सजूःषु–आशीःषु એમ થાય છે. બાકીના રૂપોમાં ष કારનો ફેર થાય છે

(૧૧૨) अदस् ના પ્રથમા દ્વિવચનમાં अदस्+औ થાય ત્યારે दस् ભાગનો स કાર થતાં अम+औ=औ દોષને લાધિ માદ (૨.૧.૪૭) સૂત્રથી દીર્ઘ ऊ કાર આદેશ થતાં अमू થાય છે

(૧૧૩) अदस् ની પરમાં પ્રથમા બહુવચનમાં अदस्+इ થતાં अम्–इ. एर्ती (૨.૧.૪૮) સૂત્રથી ई દીર્ઘાદેશ થતાં अमी એમ રૂપ થાય છે ને પછી अमीभिः વગેરે થાય છે

(૧૧૪) સામાન્ય અર્થમાં अदस् ને अक् પ્રત્યય લાગે છે. આમ अदस् નો म કાર અને मादु (૨.૧.૪૭) થી अम्+उ થતાં अमुक अमुकौ अमुके વગેરે રૂપો થાય છે

પ્રકરણ-૧૧

(૧) उपानह्=જોડા-એ શબ્દના રૂપો આપતાં વિનયસાગરજી કહે છે કે नह् ધાતુના ह કારનો ध કાર પદાન્તે અને रस વર્ણ પરમાં હોય ત્યારે થાય છે. તે પછી हो झभा (૧.૪ ૫) સૂત્રથી चप વર્ણ અને जब વર્ણ કરવાથી उपानत्-उपानद् રૂપો થાય છે

(૨) चपा अवे जवा (૧ ૪.૧) સૂત્રથી नह् ના ध કારનો द કાર થવાથી भ्याम् વગેરેમાં उपानद्भ्याम् વગેરે થાય છે. અને सु પ્રત્યય પરમા હોય ત્યારે खस चपा झसानाम् (૧.૪ ૧૮) થી ध् નો त् આદેશ થાય છે તેથી उपानत्सु સિદ્ધ થાય છે.

(૩-૫) दिव्-સ્વર્ગ એ व કારાન્ત શબ્દ છે. તેના પરમા सि આવે ત્યારે व કારનો औ થતાં द्यौ થાય છે अम् પરમાં હોય ત્યારે व કારનો વિકલ્પે आ થતા द्याम् અને दिवम् રૂપો થાય છે रस વર્ણ પરમાં હોય ત્યારે व કારનો उ થતા द्युभ्याम्, द्युभि વગેરે થાય છે आम् પરમા હોય ત્યારે नुट् આગમ થતાં नाम् થવાથી व કારનો उ થતા नामी (૧.૩ ૧) સૂત્રથી દીર્ઘ આદેશ થઇને द्यूनाम् રૂપ થાય છે

સ્ત્રીલિંગમા त्रि નો तिसृ અને चतुर् નો चतसृ આદેશ થતા તે બહુવચની હોવાને લીધે अस् પ્રત્યય લાગતાં ऋ रम् (૧ ૨ ૭) સૂત્રથી तिस्रः, तिस्र, तिसृभि, तिसृभ्य, तिसृभ्य, तिसृणाम्, અને तिसृषु તેમજ चतस्र., चतस्र· વગેરે થાય છે.

(૬) न तिसृचतसृ (૧ ૧૦ ૬) સૂત્રથી नाम् પરમાં હોય ત્યારે तिसृ અને चतसृ શબ્દના દીર્ઘ થતા નથી તેથી જ तिसृणाम् અને चतसृणाम्-એમ થાય છે પણ આ વિધિ વેદમા વૈકલ્પિક છે તેથી વેદમા तिसृणाम्-तिसॄणाम् તેમજ चतसृणाम्-चतसॄणाम् થાય છે

गिर्-વાણી-રેફાન્ત શબ્દ છે તેના પરમા सि પ્રત્યય આવે ત્યારે તે हसादि થતાં इ કારનો દીર્ઘ આદેશ થઇને गी थाય છે પણ औ તો સ્વર હોવાથી गिरौ એમ થાય છે. भ्याम् વગેરેમાં गीर्भ्याम्, गीर्भि એમ દીર્ઘ થાય છે ષષ્ઠી બહુવચનમાં गिराम् અને સપ્તમી બહુવચનમાં गीर्षु થાય છે અહીં રેફ સ્વાભાવિક-પ્રત્યયનો નહિ-હોવાને લીધે એટલે કે ધાતુનો હોવાને લીધે स्रोर्विसर्ग· (૧·૬ ૪) થી તેનો વિસર્ગ થશે નહિ

(૭-૮) धुर्-ધૂંસરી-શબ્દ પણ રેફાન્ત છે તેના રૂપો धू धुरौ धुर, धुरा-धूर्भ्याम् (૩) વગેરે થાય છે. समिध् વગેરે ध કારાન્ત શબ્દોના समित्-समिद्, समिधौ, समिधा, समिद्भ्याम्, समित्सु થાય છે. તેમજ ककुभ्-દિશા-વગેરે भ કારાન્ત શબ્દોના ककुप्-ककुब्, ककुभौ, ककुब्भ्याम्, ककुप्सु થાય છે. स्रज्-પુષ્પમાળા-વગેરે ज કારાન્ત શબ્દોના स्रक्-स्रग्, स्रजौ, स्रग्भ्याम् स्रक्षु વગેરે થાય છે. शरद्-શરદ ઋતુ-વગેરે द કારાન્ત શબ્દોના शरत्-शरद् शरदौ, शरद्भ्याम्, शरत्सु થાય છે सुत्वच्-સારી ત્વચા-વગેરે च કારાન્ત શબ્દોના सुत्वक्-सुत्वग्, सुत्वचौ, सुत्व-

भ्याम्, सुत्वक्षु थाय છે અને त्विष्-કાંતિ, તેજ–વગેરે ष કારાન્ત શબ્દોના त्विट्-त्विड् त्विषौ, त्विड्भ्याम्, त्विट्सु થાય છે

(९–११) त्यद् વગેરે સર્વનામોના टि ભાગનો अ કાર કર્યા પછી आवत स्त्रियाम् (१.७.८) સૂત્રથી તેને आप् લાગતાં त्यद् નું त्या, तद् નું ता અને यद् નું या થાય છે. અને सि પરમાં હોય ત્યારે सः (१.९.४९) સૂત્રથી આદિ त કારનો स કાર થતા त्यद नुं પ્રથમા એકવચન स्या, तद् નું सा અને यद् નું या થાય છે एतद् નું एषा થાય છે

इदम् શબ્દનો સ્ત્રીલિંગમાં इयम् આદેશ થાય છે અને हल्ङ्याब्भ्यो दीर्घात् सुतिस्यपृक्तं हल् (१.६.३६) થી सि નો લોપ થાય છે. અને इयम् રૂપ સિદ્ધ થાય છે અને औ વગેરે પરમાં હોય ત્યારે दस्य म (१.९.३७) સૂત્રથી द કારનો म કારાદેશ થતાં इमे, इमाः, इमाम्, इमे, इमाः, એમ અંતે आप् થતા થાય છે તૃતીયા એકવચન અને ओस् માં अन આદેશ અને ए કાર થતા अनया વગેરે થાય છે બાકીના રૂપો સુગમ છે

(१३–१४) अपाम्–अप् વગેરેના એક સૂત્રમાં બહુવચન ગ્રહણમાં ચંદ્રકીર્તિ મુનિ (પૃષ્ઠ १४५) ટીકામાં अप्, त्वप् અને वाप् શબ્દોનું અનુભૂતિ સ્વરૂપાચાર્યે કરેલું પરિગણન સ્વીકારે છે પણ વિનયસાગરજી, પાણિનિ (७.४.४८) સૂત્ર अपो भि ની કાશિકા માં આપેલા શબ્દોનું અહીં પરિગણન કરે છે स्ववस्–स्वतवस्–मास्–માસ, અને समुषस्–સુંદર ઉષઃ કાળ

(१५) दिश्–દિશા, विश्–વૈશ્ય, स्पृश्–સ્પર્શ કરનાર, दृश्–આંખ, मृश्–વિચાર વિમર્શ કરનાર, स्रज्–હાર, ऋत्विज्–ઋત્વિજ, दिदृक्ष्–જોવાની ઇચ્છા કરનાર, दधृष्–ધારણ કરનાર, उष्णिह्–પાઘડી, अञ्च्–જનાર, युञ्ज्–જોડનાર, क्रुञ्च्–વાંકા જનાર વગેરે છે તે બધાયનો क વર્ગાદેશ થતાં दिक्–दिग्, दिशौ, दिग्भ्याम्, दिक्षु, स्रक्–स्रग्, स्रजौ, स्रग्भ्याम्, स्रक्षु; दधृक्–दधृग्, दधृषौ, दधृग्भ्याम्, दधृक्षु, उष्णिक्–उष्णिग्, उष्णिहौ, उष्णिग्भ्याम्, उष्णिक्षु, क्रुङ्, क्रुञ्चौ, क्रुङ्भ्याम्, क्रुङ्क्षु વગેરે થાય છે

(१६) आशिस्–આશીર્વાદ શબ્દના आशीः आशिषौ, आशीर्भ्याम् आशीःषु વગેરે सजुष् શબ્દ પ્રમાણે રૂપો થાય છે.

(१७–१८) अदस् સર્વનામનું સ્ત્રીલિંગમાં પુલિંગ પ્રથમા એકવચનની જેમ असौ થાય છે અને દ્વિવચન વગેરેમાં म કારની પરમાં હ્રસ્વનો હ્રસ્વ અને દીર્ઘનો દીર્ઘ આદેશ થતાં अमू તેમજ अमूः, अमूम्, अमू अमूः, अमुया अमूभ्याम् (३), अमूषाम् વગેરે થાય છે

अमुया–તૃતીયા એકવચનમાં अदस् નો त्यदादेरः (१.६.५५) સૂત્રથી अद + आ = टौसि (१.७.४) સૂત્રથી अद + आ = ए अय् સૂત્રથી अदय् + आ = अदया = मादु (१.९.३७) સૂત્રથી अम् + या = अमुया થાય છે કારણ કે द કારોત્તરવર્તી अ કાર હ્રસ્વ છે

પ્રકરણ–૧૨

(૧–૩) हृसान्त નપુંસકલિંગ તૃતીયા એકવચનથી સપ્તમી બહુવચન સુધીના રૂપો પુલિંગ સાધના પ્રમાણે થાય છે. પ્રથમ છ રૂપોમાં જે વિધિ થાય છે તે આ પ્રમાણે છે

वार्–પાણી રેફાન્ત નપુંસકલિંગ શબ્દની પરમાં આવતા सि અને अम् નો નપુંસકલિંગમા લોપ થવાથી वार् ના અન્તે આવેલા રેફ નો स्रोर्विसर्ग (૧ ૬ ૪) સૂત્રથી વિસર્ગ થતાં वाः, પરમાં ईमौ (૧ ૮ ૨) સૂત્રથી औ પ્રત્યયનો ई આદેશ થતાં वारी અને जस् તેમજ शस् નો इ આદેશ થતા वारि એમ થાય છે તે પછી वारा वार्भ्याम्(૩), वार (૨), वाराम्, वार्षु વગેરે થાય છે

(૫) अहन् શબ્દના न કારાન્ત પરમાં રસ વર્ણ તથા પદાન્ત હોય ત્યારે स કાર થવાથી अह પછી अहनी અને न કારાન્ત ને લીધે नोपधाया (૧ ૮ ૭) સૂત્રથી ઉપધાદીર્ઘ થતાં अहानि થાય છે भ्याम् વગેરેમા हवे (૧ ૫ ૭) સૂત્રથી રેફ નો उ કાર થતા अहोभ्याम् વગેરે થાય છે

(૬–૭) ब्रह्मन्–પ્રાર્થના–શબ્દના न કારનો नाम्नो नो लोपशधौ (૧ ૯ ૧૯) સૂત્રથી લોપશ. થતાં ब्रह्म, ब्रह्मणी, ब्रह्माणि થાય છે न કારનો ण કાર अवकुप्वन्तरेऽपि (૧ ૬.૨૭) સૂત્રથી થાય છે वर्मन्–માર્ગ વગેરેના પણ આ પ્રમાણે वर्म, वर्मनी, वर्मानि થાય છે

(૮–૯) त्यद् વગેરે સર્વનામોના टि નો अ થવાની શક્યતા નથી કારણકે नपुसकात् स्यमोर्लुक् (૧ ૮ ૧૦) સૂત્ર લાગવાથી सि અને अम् નો लुक् થાય છે જ્યારે सि વગેરે પરમા હોય ત્યારે જ टि નો अ થાય છે આમ નિમિત્તના અભાવને લીધે त्यदादेष्टेर (૧ ૬ ૫૫) નો પણ વિધિ પ્રવર્તતો નથી તેથી त्यत्, तद्, यद्, एतद् વગેરે પ્રથમા એકવચનમા થાય છે દ્વિવચન વગેરેમા સૂત્ર લાગવાથી त्यद्+औ=त्य+ई (ईमौ સૂત્રથી) त्ये તે પ્રમાણે ते ये, एते થાય છે બહુ-વચનમા त्यद् + इ = त्यन् + इ (नुमयम ૧ ૮ ૫) સૂત્રથી અને नोपधाया (૧ ૮ ૭) સૂત્રથી त्यान् + इ = त्यानि તે પ્રમાણે तानि, यानि અને एतानि થાય છે

(૧૦) प्रतीची રૂપમા अञ्चेर्दीर्घश्च (૧ ૯ ૫૩) સૂત્રથી ई પ્રત્યય હોવાને લીધે प्रति + अञ्च् ના अ કારનો લોપ અને इ કારનો દીર્ઘ થતા प्रतीच् + ई = प्रतीची એમ થાય છે

(૧૧–૧૩) जगत्–જગત અને महत्–મોટુ એ બન્ને त કારાન્ત શબ્દો છે પણ न्सम्महतो दीर्घ शौ च (૧ ૯ ૬૦) સૂત્રથી, शि પ્રત્યય પરમાં આવે છે તેથી ઉપધા દીર્ઘ થતાં महत्, महती, महान्ति થાય છે પણ जगत्, जगती, जगन्ति માં ઉપધા દીર્ઘ થશે નહીં તેજ પ્રમાણે पयः, पयसी पयांसि ઉપરના જ સૂત્રથી स કારાન્ત पयस्–દૂધ શબ્દને नुम् અને ઉપધા દીર્ઘ થવાથી થાય છે

(૧૪–૧૫) सि અને अम् નો નપુંસકલિંગમાં लुक् થવાથી अदस् ના स કારનો स्रोर्विसर्ग. (૧.૬ ૪) સૂત્રથી લોપ થતાં अद, अमू, अमूनि એમ દીર્ઘનો આદેશ થતા થાય છે તે પછીના પુલિંગ પ્રમાણે अमुना (टानाऽस्त्रियाम् ૧ ૬ ૪૧ સૂત્રથી), अमूभ्याम्, अमीषाम् (एस्भि बहुत्वे ૧ ૬ ૧૫ સૂત્રથી) અને सुडाम. (૧ ૬ ૩૦ સૂત્રથી) થાય છે.

પ્રકરણ–૧૩

(૧–૬) યુષ્મદ અને અસ્મદ્ ના ત્વમ્ અને અહમ્ પ્રથમા એકવચનમાં તેમજ યૂયમ્ અને વયમ બહુવચનમા તે તે પ્રત્યય સાથે આદેશ થાય છે. આ તેજ વિભક્તિમાં દ્વિવચનમા અનુક્રમે યુવ અને આવ આદેશ થાય છે તેને પ્રથમા દ્વિતીયાના ઔ પ્રત્યય અને તે ઔ નો આમ આદેશ થવાથી યુવામ્ આવામ થાય છે

દ્વિતીયા વગેરેના એકવચનમા યુષ્મદ અને અસ્મદ ના ત્વત્ અને મત આદેશ થાય છે દ્વિતીયા એકવચનમા આ પરમાં હોય ત્યારે આરશ્મો (૧.૧૧.૬) સૂત્રથી ટિ ભાગનો આ કાર અને તેને અમ લાગવાથી ત્વામ–મામ, બહુવચનમા શસ પ્રત્યયમા ત્યદાદેષ્ટેર (૧.૬.૫૫) સૂત્રથી યુષ્મ + અસ્ = યુષ્માન્ = (શસિ ૧.૬.૮ સૂત્રથી દીર્ઘ થવાથી) અને શસો ન (૧.૧૧.૭) થી સ કારનો ન કાર થવાથી યુષ્માન્–અસ્માન થાય છે.

(૭–૧૧) ચતુર્થી એકવચનમા યુષ્મદ અને અસ્મદ્ ના ઙિ પ્રત્યય સહિત તુભ્યમ્–મહ્યમ્ આદેશ થાય છે અને ષષ્ઠી એકવચનનાં ઙસ્ પ્રત્યય સહિત તવ–મમ આદેશ થાય છે

તૃતીયા અને સપ્તમી એકવચન ટા અને ઙિ મા અનુક્રમે ટિ ભાગનો એ કાર થવાથી ત્વત્ + આ = ત્વ + આ = ત્વે + આ = (ए अय् ૧.૨.૯ સૂત્રથી) ત્વયા–મયા થાય છે. તે રીતે ત્વત્ + इ = त्व + इ = त्वे + इ = त्वय् + इ = त्वयि થાય છે.

તૃતીયા વગેરે દ્વિવચનોમા अद्भि (૧.૬.૧૧) સૂત્રથી યુવ + भ्याम् = युवाभ्याम्–आवाभ्याम थाय छे.

ચતુર્થી ભ્યમ પ્રત્યયનો ભ્યમ્ આદેશ કરવાથી યુષ્મદ + ભ્યમ્ = યુષ્મ + ભ્યમ્ (ત્યદાદેષ્ટેર ૧.૬.૫૫ સૂત્રથી) અને યુષ્મભ્યમ અસ્મભ્યમ થાય છે અહીં ભ્યમ્ હોવાને લીધે મ કારાદિ પ્રત્યય રહેતો નથી તેથી अद्भि (૧.૬.૧૧) કે एहिभ (૧.૬.૧૫) સૂત્રોની પ્રાપ્તિ નથી.

પંચમીના ઙસિ અને ભ્યસ્ પ્રત્યયનો ત્ (त्) આદેશ થતાં ત્વ + ત્ ત્વત–મત અને યુષ્મદ + ત = યુષ્મ + ત = યુષ્મત–અસ્મત્ થાય છે

(૧૨) ષષ્ઠી દ્વિવચનમા યુવ + આમ = યુવે + ઓસ્ (ટૌસ્યેત્ ૧.૭.૮ સૂત્રથી) યુવય + ઓસ = યુવયો:–આવયો: થાય છે બહુવચનમા સુડામઃ (૧.૬.૩૦) થી સર્વનામના પરમા આવતા આમ ને સુડ્ અ ગમ ... સામ પ્રત્યય ... છે તેનો આકમ્ આદેશ યુષ્મ: ... (૧.૮.૪) થી ... સામ્ ના ... આવે છે, યુષ્મ + આકમ્ = યુષ્માકમ–અસ્માકમ થાય છે. બહુવચનમા આરશ્મો (૧.૧૧.૬) સૂત્રથી ... સ્ પ્રત્યય, પરમાં હોય ત્યારે ... યુષ્મ + સ્ = યુષ્મા: + સ્ = યુષ્માન્–અસ્માન્ થાય છે

(૧૩–૧૪) દ્વિતીયામાં युष्मद् અને अस्मद् ના પ્રત્યય સહિત त्वा–मा, वाम्–नौ, व –न થાય છે. જ્યારે ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિમાં તે–मे, वाम्–नौ, व –न· થાય છે

युष्मद् અને अस्मद् ના આદેશોના વિશેષવિધિ સહિતના રૂપો આ પ્રમાણે થાય છે·

	युष्मद् (સર્વનામ) તું, તમે			अस्मद् (સર્વનામ) હું, અમે		
વિભક્તિ	એકવચન	દ્વિવચન	બહુવચન	એકવચન	દ્વિવચન	બહુવચન
પ્રથમા	त्वम्	युवाम्	यूयम्	अहम्	आवाम्	वयम्
દ્વિતીયા	त्वाम्-त्वा	युवाम् -वाम्	युष्मान् -व	माम् –मा	आवाम् –नौ	अस्मान्–न·
તૃતીયા	त्वया	युवाभ्याम्	युष्माभि	मया	आवाभ्याम्	अस्माभिः
ચતુર્થી	तुभ्य-ते	युवाभ्याम्-वाम्	युष्मभ्यम्-व	मह्यम् –मे	आवाभ्याम्-नौ	अस्मभ्यम्–न
પંચમી	त्वत्	युवाभ्याम्	युष्मत्	मत्	आवाभ्याम्	अस्मत्
ષષ્ઠી	तव-ते	युवयो -वाम्	युष्माकम्-व	मम–मे	आवयो –नौ	अस्माकम्–न
સપ્તમી	त्वयि	युवयो·	युष्मासु	मयि	आवयोः	अस्मासु

(૧૫–૧૯) તે–मे વગેરે युष्मद् અને अस्मद् ના આદેશોનો પ્રયોગ કરી બતાવ્યો છે. દ્વિતીયા એકવચનમા त्वा–मा આદેશ થાય છે તે બતાવી તેનો પ્રયોગ કર્યો છે

(૨૦–૨૧) સંબોધન પદની પરમા કે વાક્ય અથવા પાદની શરૂઆત મા કે च, वा, ह, अह અને एव ના યોગમાં આ त्वा–मा વગેરે આદેશ આવતા નથી

(૨૨–૨૩) अस्मान्–युष्मान्, तव–मम, आवयो युवयो, माम् તેમજ मे ના પ્રયોગ આવ્યા છે

પ્રકરણ–૧૪

(૧–૪) અવ્યયોના અર્થ આ પ્રમાણે છે.

(૧) च–અને, વળી (૨) वा–વિકલ્પ (૩) अह (૪) ह–ખેદ (૫) एव–નિશ્ચય (૬) नो –પ્રતિષેધ (૭) विना–વિના (૮) सह–સાથે (૯) अयि–કોમળ આમંત્રણ (૧૦) सार्धम्–સાથે

(११) अन्तरा–વચમાં (१२) नम –નમસ્કાર (१३) मृषा–મિથ્યા (१४) मिथः–પરસ્પર (१५) मृशम् –ખુબ (१६) पुनः–ફરી (१७) पृथक्–પૃથક્ (१८) कुलम्–પૂરતુ , વર્જન (१९) समम्–સાથે (२०) नूनम्–ચોક્કસ, ખરેખર (२१) नाना–અનેક (२२) दोषा–રાત્રિ (२३) सत्ता–સાથે (२४) मिथ्या (२५) आहोस्वित्–વિતર્ક (२६) साकम्–સાથે (२७) भूयः–ફરી (२८) आरात्–સમીપે (२९) ईषत् –થોડું (३०) खलु–ખરેખર (३१) आङ्–ભય, આશ્ચર્ય (३२) एवम्–આ પ્રમાણે, સ્વીકાર (३३) स्वस्ति–સ્વસ્તિ (३४) अस्ति–સત્તા (३५) उच्चैः–ખુબ મોટેથી (३६) नीचैः –ખુબ નીચે, ધીમેથી (३७) प्रातः–પ્રભાતે (३८) ह्यः–ગઈ કાલે (३९) श्वः–આવતી કાલે (४०) स्व –સ્વર્ગ સ્વર્ગ (४१) तत्–તેથી (४२) किल–નિશ્ચય, સ્મરણ (४३) वै–નિશ્ચય, સ્મરણ (४४) मा–પ્રતિષેધ (४५) अन्तर् –વચમાં (४६) तिरस्–અંતવાળા–विश्वक्–વિવિધતા, द्राक्–શીઘ્ર, ज्याक्–નિશ્ચય વગેરે (४७) दिवा દિવસે (४८) युगपत्–એકી સાથે (४९) अलम्–પર્યાપ્ત (५०) सत्यम्–સત્ય (५१) नञ्–પ્રતિષેધ તેના છ અર્થો પ્રચલિત છે

तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता ।

अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः ॥

(५२) सहसा–એકાએક (५३) ज्योक्–જલદી (५४) नहि–ખરેખર નહી (५५) किम्–પ્રશ્ન, વિતર્ક (५६) ब्रूहि–કહો (५७) सह–સાથે (५८) हे–સંબોધન (५९) अन्यत्–બીજુ (६०) हं–સંબોધન (६१) ॐ–અંગીકાર, આરંભ (६२) यत्–જેથી (६३–६४) ऋते अन्तरेण–સિવાય (६५) अथ –પછી, સર્વે (६६) मा–પ્રતિષેધ (६७) न–પ્રતિષેધ (६८–६९) अ થી ओ સુધીના ચૌદ સ્વરોના અર્થ આ પ્રમાણે છે.

(६८) अ–સંબોધન, ભર્ત્સના (६९) आ–વાક્યમાં, સ્મરણમાં (७०) इ–સંબોધન (७१) ई–દુઃખ, ચિંતા (७२) उ–રોષ, નિવારણ (७३) ऊ–નિશ્ચય, પ્રશ્ન, રોષ (७४–७७) ऋ–ॠ–ऌ–ॡ–ઘૃણા, સ્નેહ (७८) ए–સંબોધન (७९) ऐ–આશ્ચર્ય (८०) ओ–અનુનય (८१) औ–છે, હા

(५–१६) વિભક્તિ અર્થમાં तत्र–ત્યાથી માંડીને उररीकृत्य–સ્વીકાર કરીને સુધીના ૨૯ (ઓગણત્રીસ) અવ્યયો, काल–સમય વાચક सदा –સતત વગેરે ૨૩ (ત્રેવીસ) એટલે કે કુલ્લે ૫૨ (બાવન) પણ ગણમાં છે ૮૧+૫૨=૧૩૩ થાય છે.

(१७–२०) प्र વગેરે ૨૦ (વીસ) ઉપસર્ગોને પણ સમાવિષ્ટ કરવાનાં છે. તે બધા ધાતુની અગાઉ લાગે છે. તેને માટે ભર્તૃહરિ વાક્યપદીયમાં નોંધે છે કે—

उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते ।

प्रहाराहारसंहारविहारपरिहारवत् ॥

"ધાતુના અર્થ ઉપસર્ગ વડે બળપૂર્વક અન્ય અર્થમાં લઈ જવાય છે જેમકે . (हृ–હરણ કરવું ધાતુ) प्रहार–પ્રહાર, आहार–ભોજન, संहार–નાશ અથવા ભેગું કરવું, विहार–ફરવું અને परिहार–ત્યાગ કરવું એમ થાય છે.

(૧) ધાતુના અર્થને અટકાવીને અન્યત્ર અર્થમાં લેવો તે वितरति માં છે तृ–तरति તરવું પણ वि--વિશેષ–ઉપસર્ગ લાગતાં वितरति–વહેંચે છે. એમ અર્થ થાય છે. તેનો પ્રયોગ ભવભૂતિએ ઉત્તર રામચરિતમ્ (૨ ૪) માં वितरति गुरु. प्राज्ञे विद्या यथैव तथा जडे એ પ્રસિદ્ધ શ્લોકમા કર્યો છે.

(૨) ધાતુના અર્થને અનુસરતો ઉપસર્ગ સહિતનો પ્રયોગ તે अधीते મા છે अधि+इ (જવુ) –અધ્યયનના અર્થમાં આત્મનેપદ થાય છે. अधीते=ભણવુ . ક્રિયાનુ ફળ કર્તાને જાય છે

(૩) ધાત્વર્થનો વિશેષ–વધારો–કરે તે विजयते–છે. તેમાં जयति જીતે છે પણ विजयते–વિજય પામે છે તેમાં સમ્માન, ભવ્યતા વગેરે અર્થો સૂચક છે.

(૪) અનર્થક પ્રયોગવાળા જેવા કે –प्रलोकते એટલે કે लोकते–જુએ છે अवतिष्ठते કે तिष्ठति –ઊભો છે. તેમાં ઉપસર્ગ કોઈ વિશિષ્ટ અર્થનુ સૂચન કરતો નથી

(૨૧) આ प्र વગેરે ઉપસર્ગ અવ્યય તરીકે–ધાતુના સંયોગ સિવાય પણ કર્મપ્રવચનીય વગેરે અર્થોમાં પ્રયુજય થાય છે जपम् अनु प्रावर्षत् જપ કર્યા પછી વરસાદ પડ્યો તેમા अनु ઉપસર્ગ ધાતુની સાથે નથી, પણ અલગ છે તેનો અર્થ–ઉપલક્ષણ–ખાસીઅત નો છે જપ એ હેતુ છે. અને તે સિવાય વરસાદ પડયો જ ન હોત તેમ સમજાય છે

क्त्वा–સ બ ધક ભૂતકૃદ त–त्वा–વગેરે ને હવે ગણાવે છે.

(૨૨–૨૪) (૧) क्त्वा (૨) क्यप्–સબંધક ભૂતકૃદંતના પ્રત્યયો છે પાણિનિમુનિએ समान-कर्तृकयोः पूर्वकाले क्त्वा (૩.૪.૨૧) માં સ્પષ્ટતા કરી છે કે એકજ કર્તાની ક્રિયાઓમા જે પૂર્વ સમયમાં થાય તેને क्त्वा લાગે છે આમ कृत्वा નો પ્રયોગ–मनसि कृत्वा वदति–વિચાર કરીને બોલે છે તેજ રીતે आकृत्य તેમા आ ઉપસર્ગ ને લીધે क्त्वा ને બદલે क्यप् પ્રત્યય લાગે છે (૩) वत्–ની જેમ (૪) आम्–પ્રત્યય-कुतस्तराम्, कुतस्तमाम् વગેરે (૫) च्वि–એટલે નામધાતુ (તેનું પ્રકરણ જુદુ આવે છે) (૬) धा–પ્રકારના અર્થમા જેમકે :–द्विधा–બે પ્રકારે, त्रिधा–ત્રણ પ્રકારે, बहुधा–ઘણા પ્રકારે, षोढ'–છ પ્રકારે વગેરે (૭) कृत्वस्–વખત, વાર (૮) तुम्–હેત્વર્થ કૃદન્ત–માટે–कर्तुम्–કરવા માટે, भोक्तुम्–ખાવા માટે (૯) डाच् પ્રત્યય कृ–करोति, भू–भवति અને अस्–अस्ति ધાતુઓ પરમાં હોય ત્યારે લાગે છે. જેમકે .–सुखाकरोति–સુખી કરે છે. તે सुखाकरः–સુખી કરનાર (૧૦) णम्–अम्–વાર વાર–આભીક્ષ્ણ્ય ના અર્થમાં વપરાય છે. (૧૧) शस् પ્રત્યય વખત, વાર અનુસારના અર્થમાં–भूरिश –વારંવાર, बहुश ઘણીવાર, क्रमशः–ક્રમ-વાર. (૧૨) सु–स् પ્રત્યય વાર વખતના અર્થમા द्वि –બે વાર વગેરે છે.

આમ च વગેરે ૮૧+વિભક્તિઅર્થે–૫૨+प्र વગેરે ૨૦+क्त्वा વગેરે ૧૨=૧૬૫–એકસો પાંસઠ.

(૨૫-૨૭) વિભક્તિ કાર્ય થયા સિવાયનો શબ્દ ભાષામાં પ્રયોજાતો નથી. તેથી તેમને વિભક્તિ પ્રત્યયો લાગે છે પણ અવ્યય હોવાને લીધે તેની પરમાં વિભક્તિ પ્રત્યયોનો લોપ થાય છે. આથી અવ્યયો ત્રણેય લિંગમાં સમાનરૂપ છે. વિભક્તિ અને વચનોમાં પણ સમાનરૂપ છે

આ ૧૮૫ ની ઉપરાંતના અવ્યયકાંડમાંથી ગ્રહણ કરવાં.

પ્રકરણ-૧૫

(૧) સ્વરાન્ત અને વ્યંજનાન્ત શબ્દો જે નિયતલિંગવાળા છે. તેમની સાધના આગળ જોઈ. તે પછી પ્રકરણ-૧૪ માં ત્રણેય લિંગ, વિભક્તિ અને વચનમાં સમાનરૂપ ધરાવતા અવ્યયો આપ્યા.

આગળ ભાષિતપુંસ્કની ચર્ચા થઈ ગઈ છે. હવે પુંલિંગ કે નપુંસકલિંગમાંથી શબ્દોને સ્ત્રીલિંગી બનાવવા માટેના વિશેષ પ્રત્યયો આવે છે. તે ખાસ કરીને કાવ્યરચના માટે ઉપયોગી છે તેમ વિનયસાગરજી જણાવે છે.

(૨-૪) अ કારાન્ત શબ્દોને સ્ત્રીલિંગમાં आप्–आ પ્રત્યય લાગતાં जाय–जाया–પત્ની, भद्र નું भद्रा, वृद्ध નું वृद्धा વગેરે થાય છે તેમજ अज વગેરેના પણ आप्–आ અંતવાળા સ્ત્રીલિંગ શબ્દો થાય છે अज–બકરો તેનું अजा–બકરી વગેરે આપ્યા છે.

(૫) वृद्ध શબ્દ વય–ઉંમરવાચી છે તેમજ अज, बाल, वटक વગેરે જાતિવાચક છે. તે બધા અપવાદ હોવાને લીધે અહીં ગણમાં મૂક્યા છે બાકી વયોવાચી પ્રત્યય ईप्–પદ્ય–૩૦ માં આગળ આવશે. અને જાતિવાચક–પદ્ય–૨૬ માં આગળ આવશે તે બંનેનો અપવાદ અહીં મૂક્યો છે સામાન્ય અર્થવાળામાંથી જ્યારે [illegible] પૂર્વક ન દોષ કરવામાં આવે ત્યારે તે અપવાદ બને છે. જાતિ અને વય સામાન્ય અર્થમાં ईप् પ્રત્યય પામે છે. પણ अ કારાન્ત અને अज વગેરે એમ ન દોષ કરીને અપવાદ સિદ્ધ કરવામાં આવ્યો છે.

(૬) ધાતુમાંથી નિષ્પન્ન થયેલાં કેટલાક अ કારાન્ત શબ્દોને સ્ત્રીલિંગી બનાવવા માટે आप् પ્રત્યય લાગે ત્યારે તેના अ કારનો [illegible] इ કાર થાય છે જેમકે:–कार करोति इति कारकम् તેનું कारिका એમ થાય છે पचति इति पाचक તેનું पाचिका–રાંધનારી એમ થાય છે

(૭) ૧ [illegible] આચાર્યનું નામ [illegible] કરીને વ્યંજનાન્ત શબ્દો आप् અંતવાળા થાય છે. જેમકે –वाच्–वाचा–વાણી, गिर्–गिरा–વાણી, दिश्–दिशा–દિશા વગેરે થાય છે.

(૮-૯) પદ્ય [illegible] क्षिप्र અને [illegible] ઉપમાંના क કારનો લોપ [illegible] માટે વિનય–સાગરજી મહારાજે [illegible] ૧૧ ને [illegible] વગેરે [illegible] ઇ

(૧૦-૧૩) वेणी–ચોટલો વગેરે ई કારાન્ત શબ્દોને काप्(का) પ્રત્યય લાગે ત્યારે તેના પૂર્વસ્વરનો વિકલ્પે દીર્ઘ થવાથી वेणिका–वेणीका–તેમજ तर સરખામણીમાં વધારે અર્થનો પ્રત્યય લાગ્યો હોય ત્યારે પણ પૂર્વ ई નો હ્રસ્વ થાય છે

તેમા नौका–હોડી, मुरैका–સુસમૃદ્ધ તેમજ सुग्लौका–સુંદર ચાંદની વગેરે શબ્દો નિપાત-સિદ્ધ છે. એટલે કે તેમના અર્થ અને સ્વરૂપ નક્કી હોય છે તેથી તેમાં હ્રસ્વ કરવાનો નથી

(૧૪) न કારાન્ત–दण्डम् अस्य अस्ति इति दण्डिन्–દંડધારી, તેમજ ऋ કારાન્ત हरति इति हर्तृ (कर्तृ)–હરનાર (કરનાર) અને અપત્યાર્થે–પુત્ર વગેરે વાચકના અર્થવાળા अण् प्रत्ययना उपगो· अपत्य पुमान्–ઉપગુનો છોકરો તે औपगव તે શબ્દોને ईप् પ્રત્યય લાગતાં ક્રમાનુસાર दण्डिनी –દંડધારિણી, हर्त्री (कर्त्री) હરનારી (કરનારી), તેમજ औपगवी–ઉપગુની છોકરી–એમ થાય છે. તે પ્રમાણે शुण्डा अस्य अस्ति જેને સૂંઢ છે તે शुण्डिन्–હાથી, તેનું शुण्डिनी–હાથણી (करिणी, हस्तिनी વગેરે જેમ) થાય છે. गन्तृ–જનારનુ गन्त्री–જનારી, नेतृ–નેતાનું नेत्री–સ્રીનેતા વગેરે થાય છે उपमन्यो. अपत्य पुमान्–ઉપમન્યુનો પુત્ર. તેનું સ્રીલિંગમાં औपमन्यवी–ઉપમન્યુની પુત્રી વગેરે અન્ય ઉદાહરણો સમજવા.

(૧૫) राजन्–રાજા–न કારાન્ત શબ્દ છે તેને ईप् પ્રત્યય લાગે ત્યારે ઉપધા अ કારનો લોપ થતાં राज्ञी–રાણી એમ થાય છે. તે પ્રમાણે श्वन्–કૂતરો તેના अ કારનો લોપ થતાં व કારનું સંપ્રસારણ થાય છે અને शुनी–કૂતરી તેમજ मघवन्–ઇન્દ્રનું मघोनी–ઇન્દ્રાણી એમ થાય છે.

(૧૬-૧૭) स्वसृ વગેરે પદ્ય–૧૭મા આપ્યા છે. તેમને ત્રાણ ईप् (૧ ૧૨ ૬) સૂત્રથી ईप् લાગતો નથી કારણકે स्वसृ વગેરે તો નિયતસ્રીલિંગી છે. અને पञ्चन् વગેરે સંખ્યાવાચકો ત્રણેય લિંગમાં સમાન છે.

(૧૮-૨૦) उपगो अपत्य पुमान्–औपगव એમ अ કારાન્ત શબ્દ अण् (अ) પ્રત્યયને લીધે થાય છે. સ્રીલિંગમાં તે પ્રત્યયનો ईप् પરમા આવે ત્યારે લોપ થાય છે તદ્ધિત પ્રત્યય પરમા હોય ત્યારે सूर्यस्य इय दिक्–સૂર્યની દિશા તે પૂર્વ દિશા–તે માટે સૂર્યના य કારનો લોપ થઇને (अण्) णित् પ્રત્યય હોવાને લીધે सौर्+સ્રીલિંગનો ईप् પ્રત્યય થવાથી=सौरी થાય છે

प्रजाधर्म એ સમાસમાં અંત્ય म કારનો લોપ થતા प्रजाधार्म्यम्–પ્રજાની ધાર્મિકતા એમ થાય છે.

वराकी–શબ્દ वर ને षाक (षित्) પ્રત્યય पाकोकण. (૩.૪ ૯) સૂત્રથી લાગતાં બને છે. निशा –રાત્રિ શબ્દને भूतपूर्वे चरट् (૧ ૧૫ ૮૫) સૂત્રથી टित् પ્રત્યય લાગે છે તેથી તેનુ निशाचरी થાય છે. मतु પ્રત્યય उ કારાનુબંધ વાળો છે તેથી તેનુ गोमती, मतिमान् નુ સ્ત્રીલિંગ मतिमती, बुद्धि-मती વગેરે તેમજ ऋ કારાનુબંધવાળા વર્તમાનકૃદંતોમાં પણ पच्+अतृ+ई=पचन्ती, पठन्ती ભણતી, गच्छन्ती–જતી–એમ થાય છે. भवान्–भवतु શબ્દનુ भवती થાય છે.

(૨૧) नद-નું नदी, गौर નું गौरी, गौतम નું गौतमी, देव નું देवी, अनडुह् નું अनडुही-ગાય, नर्तक-નાચનારનું नर्तकी-નાચનારી થાય છે.

(૨૨-૨૪) इन्द्र, भव-शिव-रुद्र-मृड-शर्व વગેરે શબ્દોના સ્ત્રીત્વ વાચી શબ્દો इन्द्राणी, भवानी, शिवानी, रुद्राणी, मृडानी, शर्वाणी એમ आनीप् (आनी) પ્રત્યય લાગીને થાય છે.

हिम-બરફ અને अरण्य-જંગલ-શબ્દોને વધારે-ગીચ એ અર્થમાં ઉપરનો પ્રત્યય લાગતાં हिमानी-બરફનો ઢગલો તેમજ अरण्यानी-ગીચ જંગલ એમ થાય છે.

यव-જવ મા દોષ હોય તો आनीप् (आनी) પ્રત્યય લાગતાં यवानी-સડેલો જવ, તેમજ यवन શબ્દને લિપિના અર્થમાં ઉપરનો પ્રત્યય લાગતા यवनानी-ફારસી લિપિ એમ થાય છે.

તદુપરાંત વિકલ્પે क्षत्रिय ના क्षत्रिया-क्षत्रियाणी, आचार्य ના आचार्या-आचार्यानी, मातुल ના मातुला-मातुलानी-મામી એમ થાય છે.

અહીં કૌમુદીનો સ્પષ્ટ ઉલ્લેખ છે અન્ય સ્થળોએ ગ્રન્થાન્તરે એમ બતાવ્યું છે. આ પ્રક્રિયા કૌમુદી તે રામચંદ્ર શેષ (પંદરમી સદી પૂર્વાર્ધ) ની છે. તેના પરથી જ ભટ્ટોજિ દીક્ષિત ની વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદીની પ્રેરણા થઈ છે તેમ વિદ્વાનોનું માનવું છે. સારસ્વત પ્રક્રિયા પરની ચંદ્રકીર્તિ (સોળમી સદી) ની સુબોધિકા ટીકામાં (પૃષ્ઠ ૯૭, ૧૭૫ વગેરે) પણ પ્રક્રિયા-કૌમુદીનો સ્પષ્ટ ઉલ્લેખ છે

(૨૫) સમાહાર-એકત્રીકરણ હોય ત્યારે ईप् પ્રત્યય લાગે છે જેમકે : त्रयाणां समाहार: -ત્રણનો સમૂહ અથવા ત્રણેય વેદો-त्रयी એમ થાય છે. તે પ્રમાણે त्रिलोकी, पञ्चनदी વગેરે જાણવાં

शूद्र શબ્દ જાતિવાચક હોવાથી તેને પદ્ય-૨૬ અનુસાર ईप् લાગે જ છતા અહીં તેનું शूद्री એમ કરીને બતાવ્યું છે કે જાતિવાચક ને જે પ્રત્યય લાગવાનો હોય તે લાગે પણ शूद्र ની પત્ની शूद्री જ થાય છે આમ આ અહીં વિશેષ વિધાન છે તે પ્રમાણે गणक-જ્યોતિષીની પત્ની-गणकी [illegible] જાતિ કે વર્ગવાચક સિવાયના છે

(૨૬) महिष-પાડો, शूकर-જંગલી ડુક્કર, [illegible], कुक्कुट-કૂકડો-મરઘો, [illegible], मेष-ઘેટું -મેષી-ઘેટી એમ થાય છે આ બધા શબ્દોના ઉપધામા य કાર નથી

(૨૭-૨૮) मत्स्य-આ ઉપધામાં य કાર હોવાને લીધે તેને [illegible] (૩.૬.૧) સૂત્રથી [illegible] થાય છે. ત્યારે मत्स-જ રહી જાય, [illegible], मनुष्य [illegible] ईप् પ્રત્યય લાગે છે તેથી मत्सी, [illegible], પણ मनुष्यी (અહીં य કારનો [illegible]) [illegible] માં છે [illegible] છે

(૨૯) सूर्य વગેરે શબ્દોને સ્ત્રીપ્રત્યય ईप् લાગે ત્યારે તેના ઉપધા य કારનો લોપ થતાં सूरी, पुषी, तिषी, अगस्ती અને मत्सी એમ થાય છે.

(૩૦-૩૧) सुकुमार, किशोर, कलभ-મદનિયુ વગેરે अ કારાન્ત શબ્દો પ્રથમ વય બતાવે છે. તેથી તેમના सुकुमारी, किशोरी, कलभी વગેરે થાય છે. પણ वृद्ध શબ્દ પ્રથમ વયવાચી ન હોવાને લીધે તેને ईप् ન લાગતા आप् લાગીને वृद्धा એમ થાય છે તેજ પ્રમાણે शिशु શબ્દ अ કારાન્ત ન હોવાને લીધે તેને ईप् પ્રત્યય લાગશે નહિ तरुण-યુવાન એનુ तरुणी એમ થાય છે.

(૩૨-૩૪) પોતાના જ અંગવાચી શબ્દોને વિકલ્પે ईप् લાગતાં सुमुखी-सुमुखा, मृगाक्षी, तन्वङ्गी વગેરે થાય છે. પણ पद्मवदना અપવાદ છે. मृगनयना—मृगनयनी પણ થાય છે.

कृदिकारादक्तेरीप् (૧ ૧૨.૩૦) સૂત્રથી ધાતુને ભાવક્રિયાના અર્થમા क्ति (ति) પ્રત્યય લાગે છે. તેથી अनुभूति, कृति.-કૃતિ, ब्रूति-કથન વગેરે થાય છે તે સિવાયના સ્ત્રીલિંગ હ્રસ્વ इ કારાન્ત શબ્દોને ईप् લાગતાં अङ्गुलि, ને अङ्गुली-આગળી, धूलि ને धूली ધૂળ, आवलि. -आवली-પરંપરા तुम्बि.-तुम्बी-તૂંબડી, વગેરે થાય છે.

(૩૫-૩૬) मनु વગેરેનો એમ ષષ્ઠી નિર્દેશને લીધે અન્ત્ય-उ કાર વગેરેને સ્થાને ऐ લાગે છે તેથી मनु નું मनै+ई=मनायी-મનુપત્ની, कुषीद-વ્યાજે પૈસા ધીરનાર તેનુ कुषीद+ई=कुषीदायी, पूतक्रतु-ઇન્દ્ર તેનું पूतक्रतायी-ઇન્દ્રાણી, अग्नि ની પત્ની अग्नायी, वृषाकपि-વિષ્ણુ, શિવ, ઇન્દ્ર, અગ્નિ-તેની પત્ની वृषाकपायी થાય છે.

(૩૭-૩૮) पत्नी ગણુ આપીને युवन् શબ્દને ति પ્રત્યય લગાડીને સ્ત્રીલિંગ શબ્દ युवतिः બનાવાય છે

(૩૯) दार-પત્ની શબ્દ નિત્ય બહુવચનાન્ત છે તેના રૂપો देव શબ્દ પ્રમાણે થાય છે. दारा, दारान्, दारैः, दारेभ्य (૨), दाराणाम्, दारेषु થાય છે.

(૫૦-૫૧) पटु-હોંશિયાર तनु-કૃશ, ऋजु-સરળ, लघु-હલકો, गुरु-ભારે વગેરે उ કારાન્ત શબ્દો છે તે ગુણવાચક છે.

તે ગુણવાચક શબ્દ જેને લાગે તેની પાસે જાય એટલે કે અન્યને છોડી દે છે. અન્ય દ્રવ્યવાચકોમા પણ તે જોવા મળે છે કારણકે गुणगुणिनोरभेदः -ગુણ અને ગુણી-ગુણવાન-દ્રવ્ય એમ સંબધ છે. તે સર્વ લિંગોમા પ્રયુકત થાય છે તેથી पटु એમ પુલિંગમા, पटु-એમ નપુંસકલિંગમાં અને અહીં ईप् લાગતાં पट्वी એમ થાય છે. તે પ્રમાણે तन्वी, ऋज्वी, लघ्वी, गुर्वी, मध्वी (मधु) कट्वी (कटु) વગેરે થાય છે.

(૫૨) अध्वर्यु, धेनु-ગાય, रज्जु-દોરડું વગેરે સિવાયના उ કારાન્ત શબ્દોના સ્ત્રીલિંગમાં દીર્ઘ થતા करभोरु નુ करभोरू-મદનિયાની સાથળો જેવી સાથળ વાળી, वामोरु-નું वामोरू-સુંદર સાથળવાળી, कारु (કારીગર) નું कारू થાય છે.

(૫૩) આ પ્રમાણે પુલિંગ શબ્દોને ગૌણકર્મ નિયમાનુસાર आप्, ईप् કે ऊ પ્રત્યયાન્ત કરીને તેમને सि વગેરે પ્રત્યયો લાગતાં गङ्गा તેમજ नदी અને वधू પ્રમાણે રૂપો થયા છે.

પ્રકરણ–૧૬

(૧) कारकम् એટલે કે ક્રિયાની સાથેનો સંબંધ ક્રિયા સંયોગ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ નામે એમ છ સંબંધમાં હોય છે. क्रियां करोति क्रियायाम् अन्वेति इति वा–જે ક્રિયા કરે છે અથવા જે ક્રિયામાં જોડાયેલ-સમન્વિત છે તે બધાં કારક કહેવાય છે. આમ કર્તા એ મુખ્ય કારક છે જ્યારે કર્મ વગેરે ગૌણ કારકો છે.

(૨–૩) लिङ्गના અર્થમાં પ્રથમા વિભક્તિનો પ્રયોગ થાય છે. धातुप्रत्ययव्यतिरिक्तम् अर्थवच्छब्दस्वरूपं लिङ्गम्–ધાતુ કે પ્રત્યય સિવાયનું અર્થવાળું શબ્દસ્વરૂપ તે લિંગ છે એટલે કે મૂળ શબ્દ તેને માટે પાણિનિએ प्रातिपदिक સંજ્ઞા કરી છે. સારસ્વત મતાનુસાર તેની लिङ्ग એમ સંજ્ઞા થાય છે. વિનયસાગરકૃત भोजव्याकरण કેટલાકનો નિર્દેશ કરીને कौमार વ્યાકરણના નામ્ય लिङ्गम्–નામ એજ लिङ्ग છે, મહાભાષ્યકાર પતંજલિના–सत्त्वानपगमो लिङ्गम् (सत्त्वानं रक्षोहत्यम्, प्रमद, उन्नय)–સ્ત્રીલિંગી અને પુલિંગી તેમજ નપુંસકલિંગી શબ્દોજ લિંગ છે અને પાણિનિ તેને प्रातिपदिकम् એવું નામ આપે છે.

આમ कृष्ण, द्रोण, एक, द्वि (द्वौ), बहु (बहवः) વગેરે પુંલિંગ શબ્દો છે. रमा, नारी વગેરે સ્ત્રીલિંગ શબ્દો છે અને ज्ञानम्, कमल વગેરે નપુંસકલિંગ શબ્દો છે.

તેથી लिङ्गम् એટલે लिङ्ग्यन्ते=चिह्न्यन्ते=ज्ञायन्ते पुंस्त्रीनपुंसकत्वानि अनेन–તેના વડે પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ શબ્દો જાણી શકાય છે ઓળખી શકાય છે – સમજી શકાય છે તે लिङ्गम्–મૂળ શબ્દ–પ્રકૃતિ એમ જણાય છે.

(૪) પ્રથમા	– कर्ता	– ક્રિયાનો કરનાર	राम	– રામ	
દ્વિતીયા	– कर्म	– ક્રિયાનું સાધ્ય	रावण	– રાવણને	હ
તૃતીયા	– करणम्	– ક્રિયાનું સાધન	बाणेन	– બાણ વડે	ણે
ચતુર્થી	– सम्प्रदानम्	– ક્રિયાનું અભિપ્રેત	सीताप्राप्त्यै	સીતા પ્રાપ્તિ માટે	
પંચમી	– अपादानम्	– ક્રિયાનું નિમિત્ત	चापात्	– કામઠાથી (તે લીધે)	
સપ્તમી	– अधिकरणम्	– ક્રિયાનો આધાર	रणे	– યુદ્ધમાં	છે

[illegible] એમ–સંબંધના અર્થમાં ષષ્ઠી તે કારક–ક્રિયા સાથે સંબંધિત નથી [illegible]

(૫–૬) आमन्त्रणम् એટલે [illegible] અને [illegible] કહેવાય છે. આમ [illegible] करोति इति कुम्भकार વગેરે [illegible] [illegible] તેમજ [illegible] वगेरे સમાસ–નામ [illegible] શબ્દ પ્રથમા વિભક્તિમાં [illegible] છે [illegible]

(૨૯) सूर्य વગેરે શબ્દોને સ્ત્રીપ્રત્યય ईप् લાગે ત્યારે તેના ઉપધા य કારનો લોપ થતાં सूरी, पुषी, तिषी, अगस्ती અને मत्सी એમ થાય છે.

(૩૦-૩૧) सुकुमार, किशोर, कलभ-મદનિયુ વગેરે अ કારાન્ત શબ્દો પ્રથમ વય બતાવે છે. તેથી તેમના सुकुमारी, किशोरी, कलभी વગેરે થાય છે. પણ वृद्ध શબ્દ પ્રથમ વયવાચી ન હોવાને લીધે તેને ईप् ન લાગતા आप् લાગીને वृद्धा એમ થાય છે તેજ પ્રમાણે शिशु શબ્દ अ કારાન્ત ન હોવાને લીધે તેને ईप् પ્રત્યય લાગશે નહિ तरुण-યુવાન એનું तरुणी એમ થાય છે.

(૩૨-૩૪) પોતાના જ અંગવાચી શબ્દોને વિકલ્પે ईप् લાગતા सुमुखी-सुमुखा, मृगाक्षी, तन्वङ्गी વગેરે થાય છે. પણ पद्मवदना અપવાદ છે. मृगनयना–मृगनयनी પણ થાય છે.

कृदिकारादक्तेरीप् (૧ ૧૨ ૩૦) સૂત્રથી ધાતુને ભાવક્રિયાના અર્થમાં क्ति (ति) પ્રત્યય લાગે છે તેથી अनुभूति, कृति-કૃતિ, व्रूति-કથન વગેરે થાય છે તે સિવાયના સ્ત્રીલિંગ હ્રસ્વ इ કારાન્ત શબ્દોને ईप् લાગતા अङ्गुलिः, ને अङ्गुली-આંગળી, धूलि ને धूली ધૂળ, आवलि -आवली-પર પરા तुम्बि -तुम्बी-તૂબડી, વગેરે થાય છે.

(૩૫-૩૬) मनु વગેરેનો એમ પષ્ઠી નિર્દેશને લીધે અન્ત્ય-उ કાર વગેરેને સ્થાને ऐ લાગે છે તેથી मनु નું मनै+ई=मनायी-મનુપત્ની, कुपीद-વ્યાજે પૈસા ધીરનાર તેનું कुपीद+ई=कुपीदायी, पूतक्रतु-ઇન્દ્ર તેનુ पूतक्रतायी-ઇન્દ્રાણી, अग्नि ની પત્ની अग्नायी, वृषाकपि-વિષ્ણુ, શિવ, ઇન્દ્ર, અગ્નિ-તેની પત્ની वृषाकपायी થાય છે.

(૩૭-૩૮) पत्नी ગણ આપીને युवन् શબ્દને ति પ્રત્યય લગાડીને સ્ત્રીલિંગ શબ્દ युवतिः બનાવાય છે

(૩૯) दार-પત્ની શબ્દ નિત્ય બહુવચનાન્ત છે તેના રૂપો देव શબ્દ પ્રમાણે થાય છે. दारा, दारान्, दारैः, दारेभ्य (૨), दाराणाम्, दारेषु થાય છે.

(૫૦-૫૧) पटु-હોશિયાર तनु-કૃશ, ऋजु-સરળ, लघु-હલકો, गुरु-ભારે વગેરે उ કારાન્ત શબ્દો છે તે ગુણવાચક છે.

તે ગુણવાચક શબ્દ જેને લાગે તેની પાસે જાય એટલે કે અન્યને છોડી દે છે. અન્ય દ્રવ્યવાચકોમા પણ તે જોવા મળે છે કારણકે गुणगुणिनोरभेदः -ગુણ અને ગુણી-ગુણવાન-દ્રવ્ય એમ સબધ છે. તે સર્વ લિંગોમા પ્રયુક્ત થાય છે તેથી पटु એમ પુલિંગમા, पटु-એમ નપુંસકલિંગમા અને અહીં ईप् લાગતા पट्वी એમ થાય છે તે પ્રમાણે तन्वी, ऋज्वी, लघ्वी, गुर्वी, मध्वी (मधु) कट्वी (कटु) વગેરે થાય છે.

(૫૨) अध्वर्यु, धेनु-ગાય, रज्जु-દોરડું વગેરે સિવાયના उ કારાન્ત શબ્દોના સ્ત્રીલિંગમાં દીર્ઘ થતાં करभोरु નું करभोरू-મદનિયાની સાથળો જેવી સાથળ વાળી, वामोरु-નું वामोरू-સુદર સાથળવાળી, कारु (કારીગર) નું कारू થાય છે.

(१३-१५) સંબોધનની જુદી વિભક્તિ નથી. પરંતુ તે પ્રથમા વિભક્તિ જ છે. અને સંબોધનમાં भो, भगो, अघो તેમજ हे વગેરે ના પૂર્વે પ્રયોગ થાય છે તેથી गोविन्द !, परमेश्वर !, (हे) कुमारौ !, भो सर्वविदः !, दुराराध्य ! વગેરે સંબોધન વિભક્તિ ના પદો છે. समुद्धर, प्रसीद, [illegible], क्षमस्व, [illegible] વગેરે આજ્ઞાર્થ દ્વિતીય પુરુષના ક્રિયાપદ છે.

(१६-१८) પદ-૪ માં कारकम् ના ઉદાહરણ રૂપે વાક્ય આપ્યું છે. તેનો અર્થ પણ આપ્યો છે કેવળ ષષ્ઠી વિભક્તિ જે સંબંધના અર્થમાં પ્રયુક્ત થાય છે તેની ચર્ચા અહીં કરી એ ષષ્ઠી વિભક્તિના અંતવાળા પદને ક્રિયા સાથે સીધો સંબંધ નથી પણ ક્રિયા સાથે સંબંધમાં રહેલા કારક સાથે સંબંધ છે તેથી જ બધાંની સાથે પણ આવી શકે છે જેમકે :-

પ્રથમા સાથે–अयोध्यायाः रामः–અયોધ્યાના રામ

દ્વિતીયા સાથે–लङ्कायाः रावणम्–લંકાના રાવણને

તૃતીયા સાથે–रामस्य बाणेन–રામના બાણથી

ચતુર્થી સાથે–निजस्य भार्यायै પોતાની પત્ની (મેળવવા) માટે

પંચમી સાથે–हृदयस्य कोपात्–હૃદયના કોપને લીધે

સપ્તમી સાથે–लङ्कायाः रणे–લંકાના રણમેદાનમાં

સંબોધન સાથે–भो भक्तानां राम–હે ભક્તોના રામ

(१९-२०) कार्यं એટલે कर्म–જે ક્રિયાનું અગત્યનું સાધ્ય–સાધનીય–સાધવા યોગ્ય છે. તેના ચાર પ્રકારો ઉદાહરણ સહિત અહીં વિનયસાગરજી આપે છે

(૧) उत्पाद्यम्–ઉત્પન્ન કરવા યોગ્ય–કારીગર સાદડી બનાવે છે. તેમાં સાદડીની ઉત્પત્તિ થાય છે.

(૨) आप्यम् प्राप्यम्–પ્રાપ્ત કરવા યોગ્ય અહીં જ્ઞાનાર્થક ધાતુઓને પણ સમાવી દેવાય છે કારણ કે સર્વસામાન્ય નિયમ નોંધ્યો છે કે ये ये गत्यर्थकास्ते ते प्राप्त्यर्थकाः જે જે ધાતુઓ ગતિ અર્થવાળા છે તે બધા પ્રાપ્તિ અર્થવાળા પણ થાય છે [illegible] રૂપને જુએ છે. તેમાં નૈયાયિકોના મતાનુસાર इन्द्रियार्थसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम्-ઇન્દ્રિયોના વિષય સાથેના સંનિકર્ષ–સંયોગથી થતું જ્ઞાન પ્રત્યક્ષ [illegible]. તેથી આંખોમાંથી તેજ શુભ્ર રૂપને–તેના વિષયને જોવા નીકળી ને [illegible] [illegible] પ્રાપ્ત કરે છે. [illegible] [illegible] પ્રાપ્તિ [illegible] પણ સૂચિત છે જ.

(૩) संस्कार्यम्–[illegible]

(૪) [illegible]

अन्योक्त–કર્મણિ પ્રયોગમા કર્મકારકની પ્રથમા વિભક્તિ થાય છે જેમકે '– घट करोति નું घटः क्रियते એમ થાય છે

આથીજ પદ્ય-૬ માં हरि, वासुदेव અને असौ लिङ्गम् મૂળ શબ્દો પ્રથમા વિભક્તિમાં છે. તેમજ सेव्यः એ सेव् (सेवते) ભજવું ધાતુનું कृत् પ્રત્યયાન્ત રૂપ પણ પ્રથમામાં છે वासुदेव–वसुदेवस्य अपत्यं पुमान् વસુદેવનો પુત્ર–अपत्येऽण् (१ १५ १) સૂત્રથી તદ્ધિત પ્રત્યયાન્ત છે प्राप्तानन्द – प्राप्त. आनन्द· य स·– જેને આનંદ પ્રાપ્ત થયો છે તે– બહુવ્રીહિ સમાસાન્ત શબ્દ છે. તેથી તેની પ્રથમા થાય છે सेव्यो हरिर्मया (सेव्य हरि. मया) એ अहं हरिं सेवेय–કર્તરિ પ્રયોગનો કર્મણિ પ્રયોગનો–अन्य–કર્મને उक्त–પ્રાધાન્યાર્થે કહીને કર્યો છે

(૭) रोरूयते–ખૂબ રડે છે रु–रौति બીજો ગણ પરસ્મૈપદ-રડવું નું यङ्-ક્રિયાતિશય–અંતવાળુ ક્રિયાપદ છે. તેની વિશદચર્ચા દ્વિતીયા વૃત્તિના પ્રકરણ–૧૩ માં છે. તેજ રીતે भुज्–ભોગવવુ નું यङ् અંતવાળુ ક્રિયાપદ છે. प्रागास्ताम्–प्राक्–आस्ताम्–अस् થવું બીજો ગણ પરસ્મૈપદનુ હ્યસ્તન ભૂતકાળ ત્રીજોપુરુષ દ્વિવચનનું રૂપ છે.

(૮) पुण्यपीयूषपूर्णा.–पुण्यमेव पीयूष तेन पूर्णाः पर्वतीकृत्य એ पर्वत શબ્દનું નામ ધાતુ-च्वि રૂપ છે नाम्नो य ई चास्य (२ १५ १) સૂત્રથી સિદ્ધ થાય છે

(૯) रोरूयन्ते, जेगीयन्ते–गै (–गायति) ૧ લો ગણ પરસ્મૈપદ-ગાવું ધાતુનુ यङ् પ્રત્યયાન્ત ક્રિયાપદ, मेम्रियन्ते–म्रि (म्रियते) ૧ લો ગણ આત્મનેપદ-મરવુ-ધાતુનું यङ् પ્રત્યયાન્ત ક્રિયાપદ છે.

(૧૦) कर्तरि પ્રયોગને સ્પષ્ટ વિનય સાગરજી જણાવે છે કે જ્યારે કર્તા પ્રથમામાં હોય અને કર્મ દ્વિતીયામાં હોય ત્યારે कर्तृप्रयोग–कर्तरि પ્રયોગ કહેવાય છે, આમ જે પ્રમાણે ધાતુ-ક્રિયાપદ હોય તે પ્રમાણે પ્રથમા દ્વિતીયા વગેરે વિભક્તિ અંતવાળા પદ આવે છે.

(૧૧) જ્યારે कर्मप्रयोग–कर्मणि પ્રયોગ હોય ત્યારે કર્તા તૃતીયામા હોય છે અને કર્મ–મુખ્ય થવાથી પ્રથમામાં આવે છે. એટલે કે જેનું અભિધાન હોય તે પ્રથમામા આવે છે જ્યારે અકર્મક ધાતુ હોય એટલે કે દેશ, કાળ, ભાવ અને જવાનો રસ્તો એ બધા કર્મ તરીકે ક્રિયાપદ સાથે હોય ત્યારે भावे પ્રયોગ કહેવાય છે.

(૧૨) પદ્ય-૧૧ ના भावे પ્રયોગના સ્પષ્ટીકરણ માટે ઉદાહરણો આપે છે તેમાં કર્તરિ વાક્યો આ પ્રમાણે થશે.

विद्वांस भूम्याम् आसते–વિદ્વાનો જમીન પર બેઠા છે.

भवान् भवति–આપ હો–રહો

ते सौख्यम् अनुभवति–તેઓ સુખ અનુભવે છે.

(૩૦) सम्प्रदानकारकम्=दानपात्रम्–દાનનું પાત્ર એટલે કે જેને આપવાનું હોય–બતાવવાનું હોય–જેને માટે ક્રિયા થતી હોય તેની ચતુર્થી થાય છે. વિદ્યાર્થીને કન્યા, અને વેદના વિદ્વાનને ગાય આપે છે. તેમાં કન્યા અને ગાય બન્ને આપવાની ક્રિયાના આશ્રય છે તેથી कर्म હોવાને લીધે દ્વિતીયામાં છે. પણ छात्र–વિદ્યાર્થી અને वेदविद्–દાનના પાત્ર છે દાન તેમને મળે છે તેથી તેમની ચતુર્થી વિભક્તિ છે.

(૩૧–૩૩) વિશ્લેષ એટલે છૂટા પડવું તે. જ્યાંથી જે છૂટું પડે તેની પંચમી વિભક્તિ આવે છે. તે વિશ્લેષની અવધિ ચલ–અસ્થિર કે અચલ–સ્થિર એમ બંને પ્રકારે હોય છે. તેથી ધાવત અશ્વાત્ બ ને પંચમીમાં છે અને अचलात्–પર્વતપરથી नदी अवतरति–નદી ઉતરે છે તેમાં अचलात्–पर्वतात् એ પંચમીમાં છે તે નદીના વિશ્લેષની અચલ અવધિ છે

ષષ્ઠી વિભક્તિ સંબંધના અર્થમાં છે તે સંબંધમાં આવતાં બંને પદોમાં એક પ્રધાન –મુખ્ય હોય છે તેથી તે વિશેષ્ય કહેવાય છે અને જે અપ્રધાન–ગૌણ હોય તે વિશેષણ કહેવાય છે કારણકે તે વિશેષ્ય–પ્રધાનના અર્થને વિશેષ કરે છે આથી राज्ञः पुरुषः માં राज्ञः–રાજાનો, એ ક્રિયાના સંબંધે જોતા ગૌણ છે તેથી તે पुरुषः–પુરુષ પદના અર્થને વિશેષ કરે છે કે રાજાનો પુરુષ એટલે કે રાજાની સાથે સંબંધ ધરાવતો પુરુષ એમ થાય છે તેજ રીતે અન્ય ઉદાહરણોમાં पित्रोः–માતાપિતાનું, गुरूणाम्–ગુરુઓનું અને कवीनाम्–કવિઓના એ પદો પૂજન, વચન તેમજ વગેરે ને વિશેષ કરે છે. આમ ષષ્ઠીમાં આવતાં પદો ક્રિયા સાથે સીધા સંબંધમાં નથી પણ તે ષષ્ઠીની સાથે પ્રથમા વગેરે માં રહેલું પદ જ ક્રિયા સાથે કર્તા, કર્મ વગેરે અનુસાર સંબંધ ધરાવે છે.

(૩૪–૩૭) પાણિનિ વ્યાકરણ અનુસાર સપ્તમીનો આધાર ત્રિવિધ–ત્રણ પ્રકારનો છે પણ અહીં નિમિત્ત, સામીપ્ય અને ઔપચારિક–ગૌણ આધારોને પણ સમાવી લેવાયાં છે. ક્રિયાની પ્રવૃત્તિ માટે જે સ્થળ કે કાળ હોય તે સપ્તમી વિભક્તિ લે છે. તેનાં ઉદાહરણો આ પ્રમાણે છે.

(૧) औपश्लेषिक–उपश्लेषयुक्त–उपश्लेषे भव–વિશિષ્ટ સ્પર્શ સંયોગથી સિદ્ધ થતો આધાર. જેમકે –कटे शेते कुमारः–કુમાર સાદડી પર સૂતો છે. તેમાં કુમાર અને સાદડીનો સ્પર્શ (સંબંધ) આધાર અને આધેય–આધાર લેનાર નો સંબંધ દર્શાવે છે.

(૨) सामीपिक–समीपे–भव–નજીકતાથી સિદ્ધ થતો આધાર. જેમકે –वटे गावः सुशेरते –વડ નીચે ગાયો સૂતી છે તેમાં વડ નીચે એટલે કે વડની નજીક નીચે ... સ્પર્શ સિદ્ધ થતો નથી.

(૩) अभिव्यापक–व्याप्तिं करोति ... આધાર ... અર્થ ... સ્વરૂપને લીધે અથવા તે ... સમભાગમાં ... હોય છે ... કે ... આધારની આટલી વિશદ ...

(૨૨–૨૪) अभितः, सर्वतः વગેરે ઉપપદો છે. તે નિત્ય દ્વિતીયા વિભક્તિ જ લે છે. उपर्यध्यधसः सामीप्ये (૮ ૧.૭) એ પાણિનિના સૂત્રથી उपरि–अधि–अध ત્રણેય સમીપ–નજીક –પાસેના અર્થમાં છે धिक्–ધિક્કાર હો–એ ઉપપદ દ્વિતીયા વિભક્તિ લે છે. તેનુ સુંદર ઉદાહરણ ભર્તૃહરિના જીવન પરનુ છે તેમ કિવદંતી છે.

या चिन्तयामि सतत मयि सा विरक्ता
साऽप्यन्यमिच्छति जन स जनोऽन्यसक्तः ।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक्ता च त च मदन च इमा च मा च ॥

"જેનુ હુ (ભર્તૃહરિ) સતત ચિંતન કરું છું તે (પિંગલા) મારામાં વિરકત–વિરાગી છે તે અન્ય પુરુષ (અશ્વપાલ) ને ઝંખે છે તે પુરુષ અન્ય (ગણિકા) મા સકત–રાગી છે અને મારા માટે કોઇ અન્ય (ગણિકા) પ્રીતિવાળી છે. **તે (પિંગલા) ને** ધિક્કાર હો. **તે (અશ્વપાળ) ને** ધિક્કાર. **(મદન–કામદેવ) ને** ધિક્કાર **આ (ગણિકા) ને** ધિક્કાર અને **મને** પણ ધિક્કાર હો.

(૨૫–૨૭) नैरन्तर्यम्–અત્યંત સયોગ–જેમાં વચ્ચે વ્યવધાન ન હોય તેવો સંયોગ. निरन्तरस्य–भाव (निर्गतम् अन्तर यस्मात् तत् निरन्तरम्–જેમાથી અંતર–વ્યવધાન જતું રહ્યુ છે તે). કાળ, સમય અને अध्वा–માર્ગ ની સાથે ગુણવાચક, ક્રિયા અને દ્રવ્યવાચક પદ હોય ત્યારે काल, देश અને अध्वा દ્વિતીયા વિભકિત થાય છે

मासम्–કાલવાચક છે જ્યારે क्रोशम्–માર્ગવાચક–બે માઇલ જેટલો માર્ગ–છે कल्याणी મા कल्याण તેમજ कुटिला ગુણવાચક છે अधीते ક્રિયા છે. गुडधाना. અને नदी દ્રવ્યવાચક સત્ત્વવચન છે પરંતુ જ્યા વ્યવધાન–રુકાવટ આવશે ત્યાં નૈરન્તર્ય રહેશે નહીં તેથી સાતત્ય–સતતતા ન હોવાને લીધે मासस्य द्वि. अधीते–માસમાં બે જ વાર ભણે છે. क्रोशे द्वारिका–કોસમાજ દ્વારકા નગરી, વગેરે થાય છે

(૨૮–૨૯) ક્રિયાનો કરનાર कर्ता પ્રધાન–મુખ્ય હોય છતાય कर्मणि પ્રયોગ મા कर्म જ્યારે પ્રધાન થાય ત્યારે कर्ता તૃતીયામાં આવે છે અને ક્રિયાની સિદ્ધિ માટે ઉપકારક જે સાધન–શસ્ત્ર વગેરે તેની તો તૃતીયા થાય છે જ આમ राम लोकरावण रावणं शरेण भिन्नवान् –લોક ભયંકર રાવણને રામે બાણથી ભેદી નાંખ્યો–હણ્યો તેનાં रावण ने ક્રિયા સાથે, પ્રાધાન્ય તથા જોડતાં તેની रावणः એમ પ્રથમા અને कर्ता–राम ની रामेण દ્વિતીયા થાય છે.

પરંતુ कराग्रेण विदीर्ण નું युध्यते ની સાથે તૃતીયાન્ત જ થાય वानरा कराग्रेण विदीर्णेन रावणेन सह युध्यन्ते–વાંદરાઓ નખોથી ભેદાયેલા રાવણ સાથે લડે છે. તે विदीर्णेन रावणेन ની પ્રથમા વિભકિત कर्मणि પ્રયોગમાં થાય છે

भूभृत्सु पादपाः :– પર્વત પર વૃક્ષો એ ઔપશ્લેષિક આધાર, અને गङ्गायां शर्करालुका ગંગામાં મોટા કાંકરા છે એ પણ ઔપશ્લેષિક આધાર છે

(૩૮–૩૯) અહીં પ્રસિદ્ધ એટલે જ્ઞાત અને અપ્રસિદ્ધ એટલે અજ્ઞાત ક્રિયા એમ સમજવું. તેથી धारावर्षं च वर्षति (સતિ સપ્તમી) મૂસળધાર વરસાદ વરસતો હતો ત્યારે એ જ્ઞાત ક્રિયા છે ને ચોરનું આવવું અજ્ઞાત છે

(૪૦–૪૮) દ્વિતીયા વગેરે વિભક્તિઓનું નિયમન કરનાર ઉપપદોની [illegible] ગણત્રી આપે છે.

દ્વિતીયા વિભક્તિ લેનાં ઉપપદ विना, अन्तरेण–સિવાય, વગર, अन्तरा–વચમાં, મધ્યમાં, વચ્ચે (પદ્ય–૪૧)

તૃતીયા વિભક્તિ સાથે જ પ્રયોજતા ઉપપદ सह, साकम्, सदृश, सार्धम्–સાથે (પદ્ય–૪૨)

ચતુર્થીનું નિયમન કરતા ઉપપદ नमः, स्वस्ति, स्वाहा, स्वधा, वषट् (પદ્ય–૪૩) અને अलम् પૂરતાં. પણ नमः વગેરે જો ક્રિયાપદ તરીકે પ્રયોજાય તો ઉપપદ વડે નિયમન કરાતી–વિભક્તિ કરતાં કારક વિભક્તિ–ક્રિયા સાથે સીધો સંબંધ ધરાવતી હોવાને લીધે દ્વિતીયા વિભક્તિ લે છે જેમકે :– श्रीकृष्णाय नमः શ્રીકૃષ્ણને નમસ્કાર પણ नमः ને ઉપસર્ગ તરીકે कृ (करोति) ક્રિયાપદ સાથે ધાતુની પહેલાં મૂકવામાં આવે ત્યારે नमस्करोति श्रीकृष्णम् શ્રી કૃષ્ણને નમન કરે છે

પંચમી નિયમન કરતા ઉપપદ–ऋते સિવાય, अन्य–બીજો, જુદો, ભિન્ન, ભિન્ન–ઇતર (પદ્ય–૪૪)

ષષ્ઠી સપ્તમી ક્રિયાસમુદાયમાં વ્યક્તિની આગમના (ક્રિયા) કરનાર શ્રેષ્ઠ ગુણસમુદાયમાં बहुक्षीरा–બહુદૂધાળી અને જાતિસમુદાયમાં द्विज બ્રાહ્મણ વગેરે (પદ્ય–૪૫)

સ્વામી વગેરે ઉપપદો પણ ષષ્ઠી અને સપ્તમીનું નિયમન કરે છે. (પદ્ય–૪૮)

(૪૯–૫૦) गत–કર્મણિભૂત કૃદન્ત અને गत्वा કર્તરિભૂતકૃદન્ત એને આગળ વિગતો જેમ સમજ આપવામાં આવશે. તે સિવાયના કૃદન્ત શબ્દો ષષ્ઠી વિભક્તિ લે છે. જેમકે : व्यासस्य कृतिः (કરી) છે તે વ્યાસની કૃતિ રચના ભારત મહાભારત જાણીતી છે ને મહાભારતનું સ્મરણ થાય છે. स्मृ (स्मरति) સ્મરણ કરવું ક્રિયાપદનું કર્મ ષષ્ઠી પણ લે છે જેમકે, मम स्मर મને યાદ કર અને मातुः स्मरति માને યાદ કરે છે

(૫૧–૫૨) કારણ, તર્ક, હેતુ આવ્યો હોય કે બધનું કારણ હોય તેની પંચમી વિભક્તિ થાય છે.

[illegible] ક્રિયમાણપણાથી હોવાને લીધે જેમ કૃત્રિમતા [illegible] શબ્દ [illegible] સિદ્ધ કરાય છે [illegible] અનુક્રમ [illegible] પ્રમાણથી [illegible]

–तिलेषु तैलं विद्यते–તલમાં તેલ હોય છે. તલના કયા ભાગમા તેલ ન હોય તે કહી શકવુ આજે પણ અશક્ય છે આમ તલમાં કણેકણમાં અણુએ અણુમાં તેલ છે दधिनि सर्पि.–દહીંમાં ઘી હોય છે. એટલે કે દહીના અંદર અભિન્ન સ્વરૂપે ઘી–થવા માટેના કારણરૂપ ઘીપણુ છે

આ બંને ઉદાહરણો પરથી सर्वत्र ब्रह्म अस्ति–બ્રહ્મ સર્વત્ર છે. બ્રહ્મ–પરમાત્મા–જિનેશ્વર દેવ સર્વત્ર–જગતના અણુએ અણુમાં વિદ્યમાન છે. બ્રહ્મનો પરમાત્મા કે જિનેશ્વર એવો અર્થ પરમપ્રભાવક શ્રી માનતુંગાચાર્ય વિરચિત ભક્તામરસ્તોત્ર મા કર્યો છે.

त्वामव्यय विभुमचिन्त्यमसङख्यमाद्य
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वर विदितयोगमनेकमेक
ज्ञानस्वरूपममल प्रवदन्ति सन्तः ॥२४॥

(પદચ્છેદ–त्वाम् अव्यय विभुम् अचिन्त्यम् असङ्ख्यम् आद्य ब्रह्माणम् ईश्वरम् अनन्तम् अनङ्गकेतुम् । योगि–ईश्वर विदितयोगम् अनेकम् एक ज्ञान–स्वरूपम् अमल प्रवदन्ति सन्त ॥)

"હે જિનેશ્વર દેવ,) સતો તમને અવ્યય, વિભુ, ચિંતનથી પર, સખ્યાગણત્રીથી પર, આદ્ય, બ્રહ્મ, ઇશ્વર, અનત કામનાશક, યોગીશ્વર, યોગજ્ઞ, અનેક (છતાં) એક, જ્ઞાન સ્વરૂપ અને નિર્મળ (એવા) કહે છે"

(૪) वैषयिक.–વિષય સાથે સંબધિત हृदि ब्रह्म–હૃદયમાં બ્રહ્મ છે તેમાં સર્વત્ર વ્યાપક બ્રહ્મ હૃદય વિષે પણ પુદ્ગલ–પિંડસ્થિત કહેવાય છે.

(૫) नैमित्तिकः–જે નિમિત્તો–કારણે કાર્ય થતુ હોય ત્યા સપ્તમી પ્રયોજાય છે જેમકે '–युद्धे वीर सनह्यति યુદ્ધમા વીર સજ્જ થાય છે એટલે કે યુદ્ધ માટે–યુદ્ધના નિમિત્તે તૈયારી કરે છે નિમિત્ત ને માટે ક્રિયા થાય ત્યારે સપ્તમી નો પ્રયોગ થાય છે તેનુ સુદર ઉદાહરણ આ પ્રમાણે છે.

चर्मणि द्वीपिन हन्ति दन्तयोर्हन्ति कुञ्जरम् ।
केशेषु चमरी हन्ति, सीम्नि पुष्कलको हत ॥

ચામડા માટે દીપડા–વાઘને હણે છે **દાંત માટે** હાથીને હણે છે(ચામરના) **વાળ માટે** ચમરી (યાક) ને હણે છે અને **કસ્તૂરી માટે** ગધમૃગ હણાય છે.

અહી ચામડુ, દાત, વાળ અને કસ્તૂરી એ નિમિત્ત સાધવા તેને સંબધે રહેલા દીપડા વગેરે હણાય છે

(૬) औपचारिक –આલંકારિક–ગૌણ પ્રયોગમા પણ સપ્તમી થાય છે. જેમકે '–अगुल्यग्रे करिणा शतम्–આંગળીના ટેરવે સો હાથી ઓ (નચાવે છે) આમાં બલાતિશય સૂચિત છે

(૫૭-૫૯) आङ्-आ-મર્યાદાના અર્થમાં જેને अप તેમજ परि વર્જન-સિવાય-થી અલગ અર્થમાં જેને લાગે તેની પંચમી થાય છે. आ पुरात् આખા નગરમાં એટલે કે નગરના ખૂણે ખૂણે વરસાદ વરસ્યો તેમ સૂચન થાય છે. अप हरेः અને परि हरे હરિ (વિષ્ણુ) થી અલગ-જુદો, ભિન્ન એમ પણ થાય છે.

અને तादर्थ्य-तस्य अर्थं तदर्थं, तदर्थस्य भावः (भावे तन्वतण. ૧ ૧૫ ૩૫ સૂત્રથી) तादर्थ्यम्-તેના માટેનો ભાવ-તે અર્થમાં ચતુર્થી થાય છે. તેના ઉદાહરણ રૂપ કારણ માલા નામના અલંકારનો પ્રયોગ કર્યો છે.

સંયમને માટે જ્ઞાન-વિદ્યા, ધર્મને માટે સંયમ, મોક્ષપ્રાપ્તિ અર્થે ધર્મ એમ સ્પષ્ટ કર્યું છે. છેલ્લા પાદમાં ધનને દાન કરવા માટે અને ભોગ કરવા માટે ધારણ કરે છે-રાખે છે ધરાવે છે નાશ માટે નહીં.

કારણકે :- दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

આમ જ્ઞાનનો અર્થ સંયમ વિષે, સંયમનો અર્થ ધર્મ વિષે અને ધર્મનો અર્થ મોક્ષ વિષેજ સિદ્ધ થાય છે.

(૬૦) क्रुध्-क्रुध्यति-ક્રોધ કરે છે., द्रुह्-द्रुह्यति-દ્રોહ કરે છે. असूय्-असूयति-ગુણોમાં દોષ જોવે છે તે અર્થના कुप्-कुप्यति, ईर्ष्य्-ईर्ष्यति વગેરે ધાતુઓ જેના પ્રત્યે ક્રોધ વગેરે હોય તેની ચતુર્થી લે છે.

(૬૧-૬૩) ल्यप्-એટલે गत्वा-त्वा-સંબંધક ભૂતકૃદંતના કર્મની પંચમી વિભક્તિ થાય છે તેથી हर्म्यम् आरुह्य प्रेक्षते-હવેલી પર ચઢીને જુએ છે તે વાક્યને રંધાવીને હવેલી પરથી જુએ છે તેમ કરીએ ત્યારે हर्म्यात् (પંચમી) प्रेक्षते એમ થાય છે.

જ્યારે જેનો લોપ થાય ત્યારે તેનો અર્થ તો અંદર અન્વિત જ રહેવાય છે. અહીં સંબંધક ભૂતકૃદંતનો લોપ થાય છે છતાં તેનો અર્થ લોપાતો નથી.

(૬૪-૬૫) આ નિયમ અને તેના ઉદાહરણોની ચર્ચા નો મેનિક આરાધનાના વિવરણમાં પૃ. ૩૪-૩૬ ની ટિપ્પણમાં કરી છે.

(૬૬) આ નિયમ અને તેના ઉદાહરણોની ચર્ચા ઔપચારિક આરાધનાના વિવરણમાં પૃ. ૩૪-૩૬ ની ટિપ્પણમાં કરી છે.

જેને અનાદરના અર્થમાં જેનો અનાદર થાય તેની ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ ૨ ૬ ૧૦
(૬૭-૬૯) વધુના જોતાંતાम्-જોતાં જોતામાં, જેને જોતાં છતાં તે અનાદર-..

સિદ્ધ કરવા માટે થાય છે તેમા પોતાને જ સમજવા માટે અનુમાન કરાય તો તેના ત્રણ અવયવ ઘટક વાક્ય આવે છે. અને અન્ય ને અનુમાનપૂર્વક સમજવાય ત્યારે પાચ અવયવ-ઘટક વાળું વાક્ય આવે છે. તે પાંચ અવયવ વાકયોની સંજ્ઞા તર્કશાસ્ત્રના–તર્કસંગ્રહ વગેરે ગ્રંથોમા આમ છે

(૧) પ્રતિજ્ઞા વાકય–જે સિદ્ધ કરવાનુ હોય તેની રજૂઆત
(૨) હેતુ–કારણ તર્ક જેના આધારે સિદ્ધ થાય,
(૩) ઉદાહરણ–દષ્ટાન્ત સાહચર્યના નિયમની સાથે દાખલો આપવો
(૪) ઉપનય–અનુમાનિત ને,
(૫) નિગમન–સિદ્ધ કરવા તરફ લઇ જવાનો પ્રયત્ન અને સિદ્ધ કરી દેવું તે.

प्रतिज्ञा–पर्वतो वह्निमान्–પર્વત અગ્નિવાળો છે

हेतु –धूमवत्त्वात् (પંચમી)–ધુમાડાને લીધે.

उदाहरणम्–यत्र यत्र धूम तत्र तत्र वह्निः । यथा महानसे (यो यो धूमवान् स स वह्निमान्। यथा महानस) જયા જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે જેમકે : **રસોડામાં**

उपनय –अय (पर्वतः) अपि तथा આ પર્વત પણ તેવો (ધૂમાડાવાળો) છે

निगमनम्–तस्मात् (पर्वत·) तथा (वह्निमान्) તેથી પર્વત અગ્નિવાળો છે

સ્વાર્થ–પોતાને સમજવા માટેના અનુમાનમાં ઉદાહરણ અને ઉપનયની આવશ્યકતા નથી

તે પછી ચોર એ ભયનુ કારણ હોવાથી ચોર તરફથી ભય લાગે છે તેથી चौरात् बिभेति મા પંચમી થાય છે

(૫૩) इत्थभाव–તે પ્રમાણે, એ પ્રમાણે, એમ, જેવો, સરખો વગેરે અર્થ થાય છે શિષ્યને પુત્રની જેમ જુએ છે તેમાં समम् અથવા सदृश નો અર્થ ગર્ભિત હોઈ પુત્રની તૃતીયા વિભક્તિ થાય છે

(૫૪–૫૫) જે અ ગ વિકાર–ખોડખાપણવાળુ હોય અથવા વધુ કે ઓછું હોય તે અંગ વડે જયારે અ ગી–અંગવાળા મનુષ્ય વગેરેને સૂચવવામા આવે ત્યારે તે અંગની તૃતીયા વિભક્તિ થાય છે

જેમકે.– अक्ष्णा काण –આંખેથી કાણો અને पादेन खञ्ज –પગેથી લંગડો–તે બંનેમાં અંગ ઓછું–હીન છે પરંતુ त्रिलोचन. वक्त्रेण–મુખથી ત્રણ આંખવાળો અને विग्रहेण चतुर्भुज – શરીરથી–શરીરે ચારહાથવાળો તેમા એમનુ આધિકય–વધારો છે.

(૫૬) જેને લીધે–જ્યાથી–જેના કારણે ઉત્પત્તિ થાય તેની પંચમી વિભકિત જેમકે :– अङ्गजात् (પ ચમી) –પુત્રથી આન દ થાય છે. ब्रह्मणः प्रजा प्रजायन्ते–બ્રહ્મા (બ્રહ્મા–ઇશ્વર) માથી પ્રજા જન્મે છે. त्वद्दर्शनात् तुष्टि –તને જોવાથી સ તોષ થાય છે.

(૫૭–૫૯) आङ्–आ–મર્યાદાના અર્થ માં જેને अप તેમજ परि વર્જન–સિવાય–થી અલગ અર્થમા જેને લાગે તેની પ ચમી થાય છે આ पुरात् આષા નગરમા એટલે કે નગરના ખૂણે ખૂણે વરસાદ વરસ્યો તેમ સૂચન થાય છે. अप हरे અને परि हरे हरि (વિષ્ણુ) થી અલગ–જુદો, ભિન્ન એમ પણ થાય છે.

અને तादर्थ्य–तस्य अर्थ. तदर्थ , तदर्थस्य भाव (भावे तत्त्वतणः ૧.૧૫ ૩૫ સૂત્રથી) तादर्थ्यम्– તેના માટેનો ભાવ–તે અર્થમાં ચતુર્થી થાય છે તેના ઉદાહરણ રૂપ કારણ માલા નામના અલં-કારનો પ્રયોગ કર્યો છે

સ યમને માટે જ્ઞાન–વિદ્યા, ધર્મને માટે સંયમ, મોક્ષપ્રાપ્તિ અર્થે ધર્મ એમ સ્પષ્ટ કર્યું છે. છેલ્લા પાદમાં ધનને દાન કરવા માટે અને ભોગ કરવા માટે ધારણ કરે છે–રાખે છે ધરાવે છે નાશ માટે નહીં.

કારણકે :– दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति नो भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥

આમ જ્ઞાનનો અર્થ સ ંયમ વિષે, સ યમનો અર્થ ધર્મ વિષે અને ધર્મનો અર્થ મોક્ષ વિષેજ સિદ્ધ થાય છે.

(૬૦) क्रुध्–क्रुध्यति–ક્રોધ કરે છે., द्रुह्–द्रुह्यति–દ્રોહ કરે છે, असूय्–असूयति–ગુણોમાં ખીંડા ખોળે છે તે અર્થના कुप्–कुप्यति, ईर्ष्य्–ईर्ष्यति વગેરે ધાતુઓ જેના પ્રત્યે ક્રોધ વગેરે હોય તેની ચતુર્થી લે છે.

(૬૧–૬૩) ल्यप्–એટલે त्वा–त्वा–સ બંધક કૃદન્તના કર્મની પંચમી વિભક્તિ થાય છે. તેથી हर्म्यम् आरुह्य प्रेक्षते–હવેલી પર ચઢીને જુએ છે ને વાક્યને ટકાવીને હવેલી પરથી જુએ છે તેમ કહીએ ત્યારે हर्म्यात् (પ ચમી) प्रेक्षते એમ થાય છે

જ્યારે જેનો લોપ થાય ત્યારે તેનો અર્થ તો અંદર ગુપ્તિત જ રહેવાય છે અહીં સ ંબ ધક કૃદન્તનો લોપ થાય છે છતાં તેનો અર્થ લોપાતો નથી.

(૬૪–૬૫) આ નિયમ અને તેના ઉદાહરણની ચર્ચા તો ભૈમિક આપેલના વિવરણમા પદ ૩૪–૩૭ ની ટિપ્પણમા કરી છે

(૬૬) આ નિયમ અને તેના ઉદાહરણની ચર્ચા ભૈમિક આપેલના વિવરણમા પદ ૩૪–૩૭ ની ટિપ્પણમાં કરી છે

કર્મ અનાદરના અર્થમાં જેનો અનાદર થાય તેની ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થાય છે.
(૬૭–૬૯) રૂના ભાગતામ્–ભાગ્ય ભાગ્યને, જુઓ પડતા હતાં છતાં તે ભાગ્યહીન–પરાક્ર

જાય તો પીટાઈ જાય તે બીકે–તે બધાની બૂમો કે તે બધાનો અનાદર કરીને ચોર નાસીજ જાય ને ?

તે રીતે સજજન પુરુષ સારા માર્ગે જવા માટે દુર્જનોના વચનોની અવગણના–અનાદર જ કરે.

અને દુર્જન માણસ ખોટા રસ્તે જ જાય તે સજજનોના સલાહ–શિખામણ–સદ્ભાવની પરવા ન કરે. તેને અવગણે

માતા પિતા રડતા હતાં છતાં પુત્ર દીક્ષા ગ્રહણ કરવા જાય છે, –તેમ સારસ્વત પ્રક્રિયામાં છે પણ અહીં વિનયસાગરજી ईर्ष्यया–ઇર્ષ્યાથી–અને याति–જાય છે–પદ મૂકીને સમસ્ત અર્થને નવો વળાંક આપે છે સારસ્વત પ્રક્રિયાનું કેવળ અનુકરણ નથી કરતા, અન્ય માતા પિતાના પુત્રોને પરદેશ વગેરેમાં સારું ધન મેળવતાં જોઇને તેને ઇર્ષ્યા થઈ તેથી જાય છે કે પછી અન્ય કારણો સર ઇર્ષ્યા છે. તે બધા અર્થો આવશ્યકતાનુસાર સાધી શકાય

હવે વેદમા નિયમવિધિમા જે વિશેષ વિકલ્પો થાય છે તેનાથી ઉપસંહાર કરે છે

(૭૯–૭૧) जुहोति–હોમે છે તે ક્રિયાનુ કર્મ દ્વિતીયામાં આવે છતાં दध्ना–દહી વડે એમ તૃતીયાનો વિપર્યય–અદલાબદલી બનાવે છે તે પ્રમાણે કાળ–ભૂતકાળ, ભવિષ્યકાળ વગેરેનો, એકવચન વગેરે વચનોનો, પુંલિંગ વગેરે લિંગોનો વ્યત્યય થાય છે અને પ્રકૃતિ–મૂળ શબ્દ કે ધાતુ અને પ્રત્યયનો લોપ થાય છે એટલે કે વેદમા બધે વિકલ્પ થાય છે

પ્રકરણ–૧૭

(૧) સમાસ પ્રકરણના આરંભના પદ્યમાજ વિનયસાગરજી સમાસના ઉદાહરણો રજૂ કરે છે

वैचित्र्यविभक्तिसङ्कुलम्–वैचित्र्याणि च अमू विभक्तयः वैचित्र्य–विभक्तयः (કર્મધારય સમાસ) तेषा सङ्कुलम् (તત્પુરુષ સમાસ)

सुश्लोकबन्धेन=सुष्ठु शोभना श्लोका (કર્મધારય) तेषा बन्धेन (તત્પુરુષ).

सभेदकारकम्–भेदै सहित यथा स्यात् तथा सभेदम् (અવ્યયીભાવ) सभेदानि कारकाणि यत्र तत् (બહુવ્રીહિ)

मनोहर–मन हरति इति (ઉપપદ સમાસ).

द्विपन्नागमृगेन्द्रसन्निभ–द्विपन्त च अमी नागा द्विपन्नागा. (કર્મધારય) तेषा कृते मृगेन्द्रः मृगाणाम् इन्द्र – (ષષ્ઠી તત્પુરુષ) तेन सन्निभ ।

આ સમાસ છ પ્રકારનો છે

(૨) આ છ પ્રકારનો સમાસ બે કે બેથી વધુ પદો પરસ્પર જોડા થાય–સાથે રહે તેથી બને છે.

(૩–૫) પણ તે સમાગમાં અન્વય–યોગ્ય અર્થાનુસંધાન હોવું જોઈએ તે સમાસનાં નામ –અવ્યયીભાવ. તત્પુરુષ, દ્વન્દ્વ, દ્વિગુ, બહુવ્રીહિ અને કર્મધારય એમ છ એટલે કે આ છ પ્રકારો છે, अतिरि-गायम् अतिक्रान्तम्–ધન વટાવી ગયેલું–ઓળંગી ગયેલું–જરૂરિયાત કરતાં વધુ મેળવી મૂકેલું ને अतिरि कुलम्–ધનાઢ્ય કુટુંબ. તદ્ધિત પ્રત્યયોને પણ સમાસ એમ સંજ્ઞા આપવામાં આવે છે.

પણ જ્યાં અન્વય ન હોય ત્યાં સમાસ થતો નથી.

(૬–૯) ક્રિયાનો સંબંધ જે પદની સાથે હોય તે કારક સંબંધે અન્વિત–અન્વયયુક્ત હોવાને લીધે પ્રધાન–મુખ્ય થાય છે

આમ દ્વિગુ અને તત્પુરુષ સમાસમાં પરમાં આવતુ પદ–ઉત્તરપદ પ્રધાન હોય છે. જેમકે :– राज पुरुष (राजपुरुष) आगाति–રાજાનો સેવક આવે છે. તેમાં આગમન ક્રિયા સાથે પુરુષ–ઉત્તર-પદ–નો સંબંધ છે. રાજા–પૂર્વપદનો સંબંધ નથી. તેથી રાજા–પદ ગૌણ છે.

દ્વન્દ્વ અને કર્મધારય સમાસના ઉભયપદ–બંને પદ મુખ્ય છે. रामलक्ष्मणौ गच्छत. રામ અને લક્ષ્મણ જાય છે જવાની–ગમન ક્રિયા સાથે રામ અને લક્ષ્મણ, બંને પદનો સમાન સંબંધ–કર્તાનો સંબંધ છે

અવ્યયીભાવ સમાસનુ પૂર્વ–આગળનું પદ પ્રધાન હોય છે. કારણકે આ સમાસમાં પૂર્વ પદ ઘણુ કરીને ક્રિયા વિશેષણ હોય છે જેમકે – उपकुम्भं धेहि–ઘડાની નજીક મૂક. આમ ઉપ–નજીક સાથે મૂકવાની ક્રિયાનો સંબંધ મુખ્ય છે.

બહુવ્રીહિ સમાસ હંમેશા વિશેષણ તરીકે પ્રયોજાય છે તેથી પૂર્વપદ કે ઉત્તર પદ સિવાયનુ અન્ય પદ પ્રધાન–મુખ્ય બને છે એટલે કે વિશેષ–મુખ્ય બને છે. જેમકે :– तपोधन–तपः धन यस्य स–તપ જેનુ ધન છે તે ऋषि–ઋષિ.

આ બધા સમાસમાં ઉભયપદ પ્રધાન હોય તેવા દ્વન્દ્વ અને કર્મધારય સમાસ બળવાન છે. તેથી [illegible]–[illegible] મુખ્ય તેમાં કર્મધારય–મુખ્ય બંને પદ [illegible] છે. પણ [illegible] [illegible]–[illegible] મુખ્ય તેમ તત્પુરુષ કે [illegible] [illegible] [illegible]–[illegible] મુખ્ય [illegible] છે તેમ બહુવ્રીહિ થતા નથી. કારણકે તત્પુરુષમાં राजपुरुष માં [illegible] [illegible] [illegible] ન હૈ ન તેમ તેની [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] જેવા નથી પણ [illegible] [illegible]– [illegible] [illegible] છે, કે ને પ્રમાણે, બહુવ્રીહિમા તો અન્યપદ મુખ્ય હોય છે. [illegible] [illegible] [illegible] પદનો ન શકાય જ નથી. [illegible] અને [illegible] પદોને [illegible] હૈ ન [illegible] વિશેષણ તરીકે મૂકી ન શકાય, કેવા લીનો

(૧૦-૧૧) બે કે બેથી વધુ પદ એકત્ર થાય ત્યારે તે એકજ પદ-સામાસિક એકત્ર થયેલુ -હળીમળી ગયેલુ પદ-થાય છે તે પ્રમાણે તેના ઉદાત્ત વગેરે સ્વર પણ એકજ-ઓતપ્રોત થઇ જાય છે. સમાસમાં પદની વિભક્તિનો લોપ થવા છતાં તેના અર્થનો લોપ થતો નથી. અને સામાસિક પદના અંત્ય-અંતિમ પદના અંત મુજબ વિભક્તિ પ્રત્યય લાગે છે

(૧૨) અવ્યયીભાવ સમાસ જે જે અર્થોમાં વિગ્રહ-પદો છૂટા રહે તે સ્થિતિ-માં રહેલા હોય છે. તે અર્થોનું પરિગણન કર્યું છે.

(૧) વિભક્તિ-गुरौ अधि प्रवृत्ता कथा-ગુરુ વિષે થતી વાતચીત તે अधिगुरु કહેવાય છે.
(૨) परि-एकेन विपरीत वृत्तम्-એકને લીધે બધું ઉલટું થયું. બાજી બગડી-તેમાં एकपरि
(૩) अन्तः-कारकप्रकरणपर्यन्तम् अधीते-કારક પ્રકરણ સુધી ભણે છે.-ત્યાં सकारकम्.
(૪) समीप -कुम्भस्य समीपम्-ઘડાની નજીક-उपकुम्भम्
(૫) पश्चात्-विष्णो. पश्चात्-વિષ્ણુની પછી-अनुविष्णु.
(૬) नातिक्रम.-(अत्यय)-अतीतानि हिमानि-ઠંડી જતી રહી-તેમાં निर्हिमम्.
(૭) अनुक्रम-(आनुपूर्व्यम्)-ज्येष्ठम् अनुक्रम्य-મોટા (વડીલ) ના પછી-अनुज्येष्ठम्
(૮) यौगपद्यम्-चक्रेण युगपत्-ચક્ર સાથે-सचक्रम्
(૯) साकल्यम्-तृणेन सकलम्-ઘાસસહિત-सतृणम्.
(૧૦)* वीप्सा-अर्थम् अर्थं प्रति-પ્રત્યેક અર્થને-प्रत्यर्थम्
(૧૧) योग्यः-(યોગ્યતા) रूपस्य योग्यम्-રૂપને યોગ્ય-यथारूपम्
(૧૨) शब्दप्रादुर्भावः-हरिशब्द इति प्रकारेण प्रकाशते-હરિ શબ્દ નો આ પ્રમાણે પ્રકાશ -અર્થ થાય છે-इतिहरि
(૧૩) अभावः-मक्षिकाणाम् अभावः-માખીનો અભાવ-निर्मक्षिकम्.
(૧૪) सदृक्त्वम्-सख्या सदृशः-મિત્ર જેવો-ससखि.

(૧૩-૧૪) વિગ્રહ એટલે અર્થાનુસંધાનને યોગ્ય અર્થને સૂચવનારુ વાક્ય. જેમકે :-જે ઘરમાં સ્ત્રીને આગળ કરીને-મુખ્ય રાખીને કાર્ય થાય છે તે-ઘર તેમા अधिस्त्रि गृहम् એમ થાય છે એટલે કે अधिस्त्रि સમાસનો વાક્યાર્થ-વાક્ય (વિગ્રહ) માં અર્થ "જે ઘરમાં સ્ત્રીને આગળ કરીને કાર્ય થાય છે તે" એમ કરવો અને જે અર્થ હોય તેને સ્થાને અવ્યય મૂકવું અને તે અવ્યય પણ પૂર્વપદમાંજ આવે છે.

---

* અહીં સારસ્વત પ્રક્રિયા પરની દીપિકામાં (પૃષ્ઠ-૨૧૬) ચન્દ્રકીર્તિ મુનિ वीप्सा નો અર્થ व्याप्तुम् ईप्सा એમ કરીને ये ये वृद्धाः तान् प्रणमति-જે જે વૃદ્ધો છે તેમને પ્રણામ કરે છે તેમા यथावृद्ध प्रणमति એમ પ્રયોગ કરે છે.

(૧૫-૧૮) ઉપર જેવું તેમ વિગ્રહમાં જે વિભક્તિઓથી નિષ્પન્ન થતો અર્થ હોય તેને સ્થાને અવ્યય મૂકાય છે. તે અવ્યય અવ્યયીભાવ સમાસમાં પૂર્વપદ તરીકે મૂકાય છે. તે પછી વિભક્તિનો લોપ થાય છે. સમાસમાં તેમજ कृत् પ્રત્યયો જેવાં કે-कुम्भं करोति इति-ઘડો બનાવે છે તે-તેના દ્વિતીયાનો अम् અને ત્રીજો પુરુષ એકવચન વગેરે પ્રત્યયોનો લોપ कृत् પ્રત્યય લાગવાથી થાય છે તેથી कुम्भकार એમ થાય છે. એટલે કે સમાસ શબ્દ નિષ્પન્ન થયા પછી તેને અર્થાનુસાર વિભક્તિ પ્રત્યયો પ્રયોજાય છે. કારણ કે તે પદની નામ સંજ્ઞા થાય છે. कृत् પ્રત્યયાન્ત, तद्धित પ્રત્યયાન્ત તેમજ સમાસની નામસંજ્ઞા કરવામાં આવી છે.

અવ્યયીભાવ સમાસ નપુંસકલિંગમાં જ પ્રયુક્ત થાય છે. અને નપુંસકલિંગ હોવાને લીધે તેનો દીર્ઘ હોય તો હ્રસ્વ થાય છે. તેને પરમાં વિભક્તિપ્રત્યયો લાગે છે. પણ વિભક્તિનો લુક્ થાય છે. આમ स्त्रीम् अधिकृत्य=अधिस्त्री=अधिस्त्रि+सु=अधिस्त्रि-સ્ત્રીને અધિકારમાં રાખીને જે કાર્યો થાય છે તેવું गृहकार्यम् એમ સિદ્ધ થાય છે.

(૧૯) सह વગેરે આ પ્રમાણે છે. सह, समान, सदृक्, सदृश, सदृक्ष, એ બધાનો स-કાર આદેશ થાય છે. इदम् નો ई (ईदृश), किम् નો की (कीदृश) આદેશ થાય છે.

(૨૦-૨૩) कुम्भस्य समीपम्-ઘડાની નજીક તેમાં समीपम् નો उप આદેશ અવ્યય હોવાને લીધે પૂર્વપદ થાય છે. અને પછી અવ્યયીભાવસમાસાન્ત अ કાર નો अम् થતાં उपकुम्भम् એમ થાય છે.

અને टा (आ) તૃતીયા એકવચન અને ङि સપ્તમી એકવચનમાં વિકલ્પે છે. તેથી उपकुम्भे कृतम् તેમજ उपकुम्भकृतम्, उपकुम्भम्, उपकुम्भात्, उपकुम्भे,-उपकुम्भम् એ પ્રમાણે થાય છે.

(૨૪-૨૬) ઉપર પ્રમાણે અન્ય अ કારાન્ત અવ્યયીભાવ સમાસ થાય છે. यथा અવ્યય અસાદૃશ્ય-અસમાનતા ના અર્થમાં આવે છે यथा ના અર્થો-યોગ્ય, વીપ્સા (વારંવાર), અનતિક્રમ અને સાદૃશ્ય છે તેમાં सादृश्य સિવાયના ત્રણ અર્થોમાં यथा ઉપર-પૂર્વપદ તરીકે અવ્યયીભાવમાં આવે છે. स्वरूपं योग्यम्-यथारूपम्-રૂપ પ્રમાણે (રૂપને યોગ્ય) છે વૃદ્ધા. वृद्धान्=यथावृद्ध જે જે વૃદ્ધો છે તેમને અને અહીં शक्तिम् अनतिक्रम्य-શક્તિ મર્યાદાની બહાર ન જઈને-મર્યાદામાં રહીને यथाशक्ति-શક્તિ અનુસાર એમ ઉદાહરણ આપ્યું છે.

તે પછી अनुक्रम-ક્રમાનુસારનું ઉદાહરણ છે

युगपत् અને समान નો स આદેશ પૂર્વપદમાં થાય છે.

(૨૭) યોગ્યતાનો જુદો નિર્દેશ કર્યો છે. यथा અવ્યયની જેમ अनु પણ પૂર્વપદ થાય છે. અને જ્યારે કોઈ શબ્દની ભાવના થતી હોય ત્યારે તેની અનુભૂતિ પ્રતિ. અને સિદ્ધિ સૂચીનો સર્વાંગ સંપૂર્ણ થાય ત્યારે જ તેના પર પૂરો પ્રકાશ પડે છે. આથી हरिम् नो अर्थ हरि शब्द પર પ્રકાશ પાડ્યો એમ અર્થ થાય.

(૩૦-૩૧) જેટલા-તેટલાં (=તમામ) એ પ્રકારનું પ્રમાણ એટલે જ અવધારને यावन्ति (જેટલા) अमत्राणि (પાત્રો) છે (तावन्ति) તેટલાં-यावदमत्रम् (તમામ પાત્રો) એમ થાય છે. તે તે જ રીતે यावत् जीवति तावत्-જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી-यावज्जीवम्-જીવતા સુધી એમ થાય છે

(૩૨) અવ્યયી ભાવ સમાસ નપુંસકલિંગમા પ્રયુક્ત થાય છે અને નપુંસકલિંગ ના દીર્ઘસ્વરાન્તનો હ્રસ્વ થાય છે ए ऐ અને ओ औ સંધ્યક્ષરોના इ કાર અને उ કાર હ્રસ્વાદેશ છે તે નપુંસકલિંગ પ્રકરણ મા નોંધ્યુ છે. તે પ્રમાણે અહીં रायम् अतिक्रान्त कुलम् માં अतिरै અને नावम् अतिक्रान्त जलम् મા अतिनौ એમ થાય ત્યારે ऐ નો इ અને औ નો उ હ્રસ્વાદેશ થતા अतिरि અને अतिनु એમ સિદ્ધ થાય છે. કારણ કે रायम् અને नावम् એ रै+अम् અને नौ+अम् થી સિદ્ધ થયા છે

(૩૩-૩૪) દ્વિતીયા તત્પુરુષ સમાસના ઉદાહરણોમાં प्राप्त, आपन्न, श्रित, क्रान्त, अतीत, गत, पतित, વગેરેના પ્રયોગ થાય છે प्राप्त નુ ઉદાહરણ પદ્યમા છે. वृक्षम् आश्रिता-वृक्षाश्रिता वल्ली-વૃક્ષ ને આશ્રયે રહેલી વેલડી વગેરે સમજવા

(૩૫) गत ઉત્તરપદ વડે દ્વિતીયા, भिन्न ભેદાયેલો વડે તૃતીયા, તેમજ यूपदारु માં ચતુર્થી અને भय ઉત્તરપદ વડે પંચમી તત્પુરુષ સમાસ થાય છે. अपेत છૂટો પડેલો, मुक्त છૂટો થયેલો, पतित પડેલો, त्रस्त-ત્રાસેલો વગેરે પણ પંચમી તત્પુરુષનુ નિયમન કરે છે वृक्षापेत पर्णम्, संसारमुक्त जिन , वृक्षपतितं फलम्-तापत्रस्त , रोगत्रस्त. વગેરે થાય છે.

(૩૭-૩૯) દ્વિતીયા વગેરે વિભક્તિ પ્રત્યયાન્ત પદો ક્યારેક ઉત્તરપદનુ સ્થાન પણ લે છે अग्नौ आहित અગ્નિપૂજામા રોકાયેલો ત્યા आहिताग्नि' થાય છે તે પ્રમાણે पूर्वं भूत भूतपूर्वं, दन्तानां, राजा-राजदन्तः તેના વિકલ્પો અન્ય વ્યાકરણશાસ્ત્રમાં આવ્યા હોવાથી अग्न्याहित એમ પણ થાય છે

પદ્ય ૧૦ મા નોધ્યું છે તેમ ऐकपद्यम् એક જ પદ થતુ હોવાને લીધે र्नो णोऽनन्ते (૧ ૬ ૨૬) અને अवकुप्वन्तरेऽपि (૧ ૬.૨૭) સૂત્રો વડે आम्राणा वनम्-आम्रवनम्-आम्रवणम् આંબાવાડી થાય છે. પણ त्रिनयन. વગેરેમાં આ નિયમ લાગતો નથી કારણકે સ્પષ્ટ નિર્દેશપૂર્વક 'ક્યાંક' એમ કહ્યું છે पान શબ્દના न કારનો પણ વિકલ્પે ન થાય છે. તેથી सुरापानम्-सुरापाणम् થાય છે.

(૪૦-૪૧) नञ तत्पुरुष સમાસમાં नञ्-निषेध-नकारार्थ પૂર્વપદ તરીકે આવે છે नाक-स्वर्ग વગેરે નઞ્તત્પુરુષ સિવાયનામાં नञ्-न કારનો अ આદેશ થાય છે नाक વગેરે ગણના અર્થ જુદા આપવામા આવ્યા નથી. તે અપવાદ છે તેથી સ્મૃતિગત જ કરવાં પડે. છતા ય અર્થ જાણવાની ઈચ્છા થાય તો ભાનુજિ દીક્ષિતની અમરકોશટીકામાથી જોઈ લેવા

આમ न गौ.- ગાય નહી તે अगौ અને न वाडव.-ઘોડો નહી તે-अवाडव થાય છે તે પ્રમાણે न गवा-अगवा-ગાય વડે નહીં, न गवि-अगवि-ગાયમાં નહીં એમ થાય છે.

(૪૨) પણ જો સ્વરથી શરૂ થતો શબ્દ પરમાં હોય તો न નો अ થવાને બદલે अन् આદેશ થાય છે. આમ न अश्वः–अनश्वः ઘોડો નહીં તે

(૪૩-૪૬) नञ्–નિષેધના બે પ્રકાર છે.

(૧) પર્યુદાસ–વિધિ અને પ્રતિષેધ–કરવુ અને રોકવું તે બેમા જ્યારે વિધિ પ્રધાન પણે હોય પણ નિષેધ ગૌણ હોય ત્યાં પર્યુદાસ થાય છે. એટલે પર્યુદાસ તદ્દ્ગ્રાહી છે. એટલે જેનો નિષેધ થાય તેના પૂરતોજ મર્યાદિત રહે છે તેથી તેને तदन्यमात्रसङ्कोचार्यः એમ સમજાવવામાં આવે છે જેમકે:– न ब्राह्मण –अब्राह्मणः બ્રાહ્મણ સિવાયનો (दण्डय·–એમ આપણા ધર્મશાસ્ત્રોમાં વચન છે. બ્રાહ્મણ એ જાતિવાચક નહી પણ વિદ્યાવાન્ એમ સમજવું કારણકે ભણેલો મનુષ્ય જ વિદ્યા–વેદ વગેરે વિદ્યાનું રક્ષણ કરે છે. આમ બ્રાહ્મણને દંડ કરવો નહિ એમ કહેવાને બદલે બ્રાહ્મણ સિવાયનાનો દંડ કરવો તે પર્યુદાસ–જે સાથે નિષેધ વાચક મૂક્યો તેને અર્થ મર્યાદામાંથી બહાર મૂકીને વિહિત થાય છે

(૨) प्रसह्यक– પણ જ્યારે જેનો વિધિ વિધેય હોય તેનો જ નિષેધ થાય એટલે કે વિધિ બને અને નિષેધ–પ્રતિષેધ–નકાર મુખ્ય અર્થમા આવે ત્યારે प्रसह्यक બળપૂર્વક નિષેધ કરનાર થાય છે. તેનો અર્થ ક્રિયા સાથે જોડાયેલો હોય છે એટલે કે બ્રાહ્મણને દંડ કરવો નહિ. તેમા 'કરવો' એ વિધિ કરતાં 'નહિ કરવો' એ નિષેધનુ પ્રાધાન્ય છે. જેમકે :– पद यदि स्यादकविप्रयुक्त कथ लभेत प्रियता चिरत्नाम । કવિ ન હોય તેવા એ જે પદને પ્રયુક્ત કર્યું હોય તો ચિરંતન પ્રીતિ ક્યાથી પામે ? (ન જ પામે) એમ અર્થ નિષ્પન્ન થાય છે

नञ्–નિષેધના બે પ્રકારના આપ્યા પછી વિનયસાગરજી नञ्=ન–નિષેધવાચક નકારના છ અર્થ આપે છે. આ ૪૪-૪૬ પદ્યો વાર્તિકકારના છે તેમ સારસ્વત પ્રક્રિયાકાર જણાવે છે.

(૪૭-૪૯) अन्वाचय –બે ક્રિયાઓનો સંબંધ–गमन च आगमन च=गमनागमनम्–પરં જો તે બંને ક્રિયાઓનો સંબધ ન હોય તો भिक्षाम् अट અને ग्राम् आनय તેમા દ્વન્દ્વસમાસ થતો નથી કારણ કે તે બંને ક્રિયાઓને પરસ્પર સબંધ નથી પૃથક્ ક્રિયાપદો છે

अनन्वय – જ્યા પરસ્પર અન્વય–સબધ ન હોય તેવા પદોમાં પણ સમાસ થાય નહિ. બંને સમાન જાતિ, સમાન ગુણ, સમાન ક્રિયા કે સમાન દ્રવ્યવાચી જ પદો હોવા જોઈએ જેમકે :– ब्राह्मण च वैश्यः च ब्राह्मणवैश्यौ, पटुः च मृदु च गुरुः च पटुमृदुगुरवः गमनागमनम् અને आग च तेज· च = अग्नेजसी એમ ક્રમાનુસાર થાય છે. તેથી ईश्वर च गुरु च તેમા સમાસ થતો નથી કારણ કે भजस्व નો સંબધ બંને કર્મ સાથે છે પરંતુ ईश्वर અને गुरु શબ્દોના સમાસ બનાવતો નથી પરંતુ ભજવાની ક્રિયા સાથે પ્રત્યેકનો પૃથક્ સંબધ બનાવે છે

(૫૦-૫૧) च વગેરે ઇન્દ્રનો અર્થ બતાવનાર અવ્યય–નિપાતનો સમાસમા લોપ થાય

છે અને દ્વન્દ્વ સમાસમાં જે મુખ્ય પદો इ કારાન્ત કે उ કારાન્ત હોય તે પૂર્વ મૂકાય છે. જેમકે: भोक्तृ भोग्यौ--भोक्ता च भोग्य च તેમા ભોકતા મુખ્ય છે

અલ્પ–ઓછા સ્વરવાળા પદને પ્રથમ મૂકાય છે જેમકે :–कृष्णमाधवौ–कृष्णः च माधव च। पार्वतीपरमेश्वरौ–पार्वती च परमेश्वर च

इ કારાન્ત પૂર્વપદમા આવે ત્યારે अग्निमारुतौ–अग्नि च मारुत (પવન) च અહીં વિનયસાગરજીએ वायु શબ્દનો પ્રયોગ મારુત ના પર્યાય તરીકે કર્યો છે નહીં તો वायु શબ્દ उ કારાન્ત છે તેથી બન્નેમા પરસ્પર વિરોધ સભવે છે.

(૫૨–૫૩) બને દેવતા વાચક શબ્દો હોય ત્યારે પૂર્વપદના અત્યસ્વરનો દીર્ઘ થાય છે. જેમકે –इन्द्रावृहस्पती–इन्द्र च वृहस्पतिश्च એમાં इन्द्र નુ इन्द्रा થયુ છે. અને अग्निः च सोमः च તે વિગ્રહના દ્વન્દ્વ સમાસમા इ કારના દીર્ઘ ઉપરાંત सोम શબ્દના स કારનો ष કાર થાય છે જેમકે –अग्नीषोमौ અગ્નિ અને સોમ

(૫૪–૫૬) જ્યાં દ્વિવચન અને બહુવચનમા બને અલગ અલગ નો સમાસ હોય ત્યા ઇતરેતર દ્વન્દ્વ સમાસ કહેવાય છે શિવ અને કૃષ્ણ બને અલગ છે તેમના વચ્ચે દ્વન્દ્વ સંબંધ નથી બનેના સ્વરૂપ, કાર્ય વગેરે ભિન્ન છે

તેમજ पद्म च पारद च पादपा. च તેમાં પણ ઇતરેતર ભાવ છે તેથી पद्मपारदपादपा એમ થાય છે તદુપરાંત તે બધાને સમાહાર–એકત્રીકરણ–કરીને સામાસિક બનાવવામાં આવ્યા હોવાથી તેમાં સમાહાર દ્વન્દ્વ થાય છે તે એકવચનમાં જ પ્રયોજાય છે અને તે નપુંસકલિંગમાં આવે છે તેથી पद्मपारदपादपम् એમ પણ થાય છે. छत्र च उपानत् (સ્રીલિંગ) च = छत्रोपानहम् છત્રી અને પગરખા.

પાણિનિવ્યાકરણ પરની કાશિકામાં सरूपाणामेकशेष एकविभक्तौ (૧ ૨ ૬૪) થી ग्राम्यपशु सङ्घेष्वतरुणेषु स्त्री (૧.૨.૭૩) સુધી દ્વિગુને સમાન સ્વરૂપ–જાતિ વગેરેમાં એક જ પદને અર્થાનુસાર વિભક્તિ પ્રત્યય લગાડીને દ્વન્દ્વ સમાસ સિદ્ધ કર્યો છે. તેથી माता च पिता च–पितरौ એમ पितृ શબ્દને દ્વિવચનમાં પ્રયોજવાથી માતા–પિતા અર્થ થાય છે. તે પ્રમાણે ब्राह्मणी च ब्राह्मणः च ब्राह्मणौ એમ થાય છે વિનયસાગરજીનો કાશિકા અને મહાભાષ્યનો સઘન અભ્યાસ સ્પષ્ટ તરી આવે છે જ

(૫૮) જ્યારે પરસ્પર એક જ ક્રિયા થાય ત્યારે તે કર્મના વ્યતીહાર–વિનિમયના અર્થમાં વિભક્તિનો લોપ થયા પછી अन्य વગેરે ને सक् આગમ લાગતાં अन्यः च अन्यः = अन्यस् अन्यम् = अन्योन्यम्, परस्परम्, જયા પરસ્પર એક ક્રિયાકરણનો અભાવ હશે ત્યાં તો अन्य च अन्य. च = अन्यौ એમ થશે

(५९-६०) જ્યાં એકત્રીકરણ-સમાહાર હોય પણ તે સંખ્યાપૂર્વકનો હોય તો તે દ્વિગુ સમાસ થાય છે અને તે સંખ્યા-પદની ઉત્તરમાં अ કારાન્ત પદ હોય તો તેના ई (ङी) આદેશ થાય છે જેમકે – दश ग्रामाणां समाहार = दशग्राम + ई = दशग्रामी (પછી निर्दिष्टादेशस्तदन्तस्य સૂત્રથી) થાય છે તે પ્રમાણે त्रयाणां लोकानां समाहार-त्रिलोकी પરંતુ त्रयाणां भुवनानां-समाहार. એ વિગેરેના દ્વિગુ સમાસના भुवन શબ્દ पात्र વગેરે શબ્દોનો હોઈને अ કારાન્ત હોવા છતાં ईप् થતો નથી તેથી त्रिभुवनम्, पञ्चपात्रम् त्रिमन्दिरम् વગેરે થાય છે

(६१) સમાસમાં ट(अ) પ્રત્યય તત્પુરુષમાં, अ પ્રત્યય દ્વન્દ્વ અને દ્વિગુમાં, ड(अ) પ્રત્યય બહુવ્રીહિમાં અને क પ્રત્યયનો નિયમ નથી

તત્પુરુષ સમાસમાં कवीनां राजा-कविराज અહીં ट પ્રત્યય टित्त्वात्. (१.१२.१४) સૂત્રથી સ્ત્રીલિંગમાં कविराजी એમ સિદ્ધ કરવા માટે છે.

દ્વન્દ્વ અને દ્વિગુમાં वाक् च मनः च-वाङ्मनसम्, अहः च रात्रिः च-अहोरात्रम् વગેરે તેમજ દ્વિગુમાં पञ्च च पाद् च-पञ्चपदा પાય-છ એમ થાય છે.

બહુવ્રીહિમાં ड પ્રત્યય डित् છે તેથી टि ભાગનો લોપ થાય છે. જેમકે –बहवो राजानो यस्यां सा बहुराजा (आवतः स्त्रियाम् સૂત્રથી) नगरी એમ થાય છે

(६२-६३) બહુવ્રીહિ સમાસમાં પૂર્વ પદ કે ઉત્તરપદથી અન્ય વિશેષ્ય પદ પ્રધાન, હોય છે આગ જેની પાસે ધન છે તે-अग्नि धनं यस्य सः -अग्निधनः पुरुषः એમ પુરુષ જે અન્ય-વિશેષ્ય છે, તેના વિશેષણ તરીકે अग्निधनः-બહુવ્રીહિ સમાસનો પ્રયોગ થાય છે.

બહુવ્રીહિ સમાસ બે પ્રકારનો છે (१) अतद्गुणसंविज्ञान-જે બહુવ્રીહિ સમાસમાં વિશેષ્ય -પ્રધાનનો કોઈ ભાગ ગુણ-(અવયવ) જણાતો નથી જેમકે अग्निधनः, चित्रगु-चित्रा गावः यस्य सः.

(२) तद्गुणसंविज्ञान –જે બહુવ્રીહિમાં વિશેષ્ય-પ્રધાનનો કોઈ ગુણ ભાગ (અવયવ) સંલગ્ન જણાય જેમકે –लम्बभुज –लम्बौ भुजौ यस्य सः - જેના હાથ લાંબા છે તે. लम्बकर्णः -જેના કાન [illegible] વાળા છે તે (=ગધેડો)

(६४-६५) [illegible]–गोमत धर्मः [illegible] – તે વિગેરેના બહુવ્રીહિ સમાસમાં [illegible] પ્રત્યય લાગતા [illegible] કારાન્ત પદ [illegible] પ્રમાણે, [illegible] વગેરે [illegible] છે प्रजा-સંતતિ અને मेधा-[illegible], શક્તિના પૂર્વપદમાં [illegible] (अस्, [illegible] સૂત્રથી ([illegible]) [illegible] (अस) [illegible] –अविद्यमाना प्रजा यस्य सः –[illegible] [illegible] –दुर्मेधाः [illegible] [illegible] [illegible] [illegible], सुमेधा [illegible] વગેરે અને [illegible] [illegible]

પાણિનિ વ્યાકરણમા नित्यमसिच् प्रजामेघयोः (૫૪-૧૨૨) માં नञ् વગેરેમાં નિત્યપદનો પ્રયોગ કરીને કાશિકાકારે अन्यतरस्याम्-વિકલ્પે-એની અનુવૃત્તિ લઇને मन्दा मेघा यस्य स -मन्दमेघा વગેરે સિદ્ધ કર્યા છે અહી પાણિનિનો નિર્દેશ તેમની अष्टाध्यायीપરક નથી પણ તે વ્યાકરણના અન્ય ગ્રથકાર વડે છે તેમ સમજવું જોઇએ

(૬૯) गङ्गा વગેરે आप् અંત-आ કારાન્ત શબ્દો છે તેમજ नदी વગેરે नदादे (૧ ૧૨.૧૮) સૂત્રથી થએલા ईप् પ્રત્યયાન્ત સ્રીલિંગશબ્દો છે તેમના બહુવ્રીહિમા હ્રસ્વ થાય છે सुष्ठु शोभना गङ्गा यस्य स -सुगङ्ग વગેરે થાય છે.

(૭૦) भाषितपुंस्कम् ની ચર્ચા પ્રકરણ-૯, પદ્ય-૨૨ માં કરી છે. रूप्य એટલે સુદરતા તે સિવાયનુ अरूप्यम्-કદરૂપુ આમ शोभना (સુદર) भार्या यस्य स. તેમાં હ્રસ્વ થતાં शोभनभार्य એમ अ કારાન્ત થાય છે यङ् પ્રત્યય ઉપમાનાર્થે-આચારાર્થે લેવાનો છે त्व પ્રત્યય ભાવે तत्त्वयण. (૧ ૧૫.૩૫) સૂત્રનો છે અને श -अल्प देहि-अल्पश देहि એમ થાય છે પરંતુ प्रिय વગેરે भाषितपुस्क શબ્દો હોવા છતા તેમના હ્રસ્વ થતાં નથી જેમકે :-प्रिया भार्या यस्य स -प्रियाभार्य, कल्याणीभार्यः, मैथिली जाया यस्य सः-मैथिलीजाय વગેરેના प्रिय, कल्याणी, मैथिली વગેરેના હ્રસ્વ થતા નથી

(૭૩) ह्रस्वादेशे सन्ध्यक्षराणामिकारोकारौ (૧.૮.૧૮) સૂત્રથી गो શબ્દનો હ્રસ્વ गु કરવાથી पञ्चगु -પાંચ ગાયોવાળો, चित्रगु -ર ગબેર ગી ગાયોવાળો વગેરે થાય છે

(૭૪-૭૫) સંખ્યાવાચક શબ્દો द्वि-બે, चतु -ચાર, अष्ट-આઠ, सहस्र-હજારની પરમાં બહુવ્રીહિ સમાસમાં આવતા पाद-પગ શબ્દના અ ત્ય अ કારનો લોપ થતાં द्विपात्-બે પગવાળો, चतुष्पात्-ચોપગો, अष्टपात्, सहस्रपात् વગેરે થાય છે તેમજ सु-શોભન અને व्याघ्र-વાઘ, हस्ति -હાથી વગેરેના પરમા પણ पाद શબ્દના अ કારનો લોપ થતા सुपात्, व्याघ्रपात्-વાઘ જેવા પગવાળો हस्तिपात् વગેરે થાય છે પર તુ ઉપરના બધા ઉદાહરણોમાં शस् વગેરે સ્વરથી શરૂ થતા पाद् શબ્દોનો पत् આદેશ થતાં द्विपद-द्विपदा, चतुष्पद -चतुष्पदा, सहस्रपद -सहस्रपदा, व्याघ्रपदा, વગેરે થાય છે

(૭૬ ૭૭) સમાન અર્થમાં એટલે કે વિશેષણ-ગુણ અને વિશેષ્ય નામ બંનેનો સમાન હોય ત્યારે कर्मधारय સમાસ થાય છે તેમાં વિશેષણ પ્રથમ સ્થાનમાં આવે છે. જેમકે -नीलोत्पलम् એ નપુસકલિંગી કર્મધારયમાં नील, रक्तलता એ સ્રીલિંગી કર્મધારયમા रक्त, અને पुस्कोकिलः એ પુલિંગી કર્મધારયમાં पुस् વિશેષણો પૂર્વપદમા છે. કેવળ पुस् ની પરમાં खप વર્ણ આવે ત્યારે स કારનો લોપ થતાં पुक्षीरम्, पुंस्यानम् વગેરે થાય છે અન્ય ઉદાહરણો परमेश्वर महेश्वरः, महर्षि , (પરંતુ सप्तर्षि સમાહારદ્વન્દ્વ સમાસ થાય છે.)

(૭૮) प्रवाद , विवाद વગેરે ઉપસર્ગ (प्र, वि વગેરે), થી અને पादकृत् કર્તરિ પ્રત્યયથી

થતા સમાસ છે અને કુમ્ભકૃત્ કે કુમ્ભકાર. એ નામ અને કૃત્ પ્રત્યયથી થતા સમાસ છે તેને તત્પુરુષ સમાસ કહે છે જેમકે.—महीधर., दण्डधरः વગેરે થાય છે.

(૭૯-૮૦) સમાસમાં જ્યારે વિભક્તિનો लुक् ન થાય ત્યારે अलुक् સમાસ બને છે कृच्छ्रात् मुक्त: =कृच्छ्रान्मुक्त:, युधिष्ठिर વગેરે થાય છે अप्सुयोनि. ने अप्सु योनि यस्माद. यस्य स अप्सुयोनि એમ अलुक् बहुव्रीहि સમાસ થાય છે

આ अलुक्-વિભક્તિનો લુક્ ન થવો તે વિધાન તદ્ધિત પ્રત્યયાન્ત શબ્દોમાં પણ आमुष्यायण, द्व्यामुष्यायण (દત્તક ગયેલો પુત્ર બંને કુટુમ્બોમાં એકનો એક હોય તો તેને બંને કુટુમ્બોની સંપત્તિ પર અધિકાર છે તેવો દત્તકપુત્ર).

તેમજ कृत् પ્રત્યયાન્તો हृदिस्पृक्—हृदि स्पर्शति इति—હૃદયમાં સ્પર્શ કરનાર उरसि लोमानि यस्य स उरसिलोम—છાતી પર વાળવાળો पश्यतोहर—ચોર વગેરે થાય છે

(૮૧-૮૩) પદ્ય-૬૧ મા ट, ज, उ અને क પ્રત્યયોની ચર્ચા કરી છે હવે न કારાન્ત શબ્દોના પરમાં સ્વરાદિ પ્રત્યય કે य કાર આવે ત્યારે टि—ભાગનો વિકલ્પે લોપ થતા कविराज., अनित्य-महिम. વગેરે થાય છે અને વિકલ્પનિધિ હોવાને લીધે ક્યારેક ઉપધા લોપ થતા अह्नो मध्यम् =मध्याह्न એમ न કારોપધ अ કારનો લોપ થાય છે

(૮૪-૮૫) सह, समान વગેરેના स કાર આદેશ પદ્ય-૧૯ મા વિશદ ચર્ચિત છે પર નુ क्विप् પ્રત્યયાન્ત अञ्च्—જવું ધાતુ પરમા હોય ત્યારે सह- સાથેનો सध्रि, सम्—सम्यक् નો समि અને तिरस्—તિરછું નો तिरि આદેશ થતાં सध्र्यञ्—સહગમન કરનાર, વિશ્વાસુ મિત્ર, सम्यञ्—યોગ્ય, तिर्यञ्—પક્ષી વગેરે થાય છે

(૮૬-૮૮) સ્વર પરમાં હોય ત્યારે कु નો कत् આદેશ कुत्सितः अश्वः—कदश्व, कदन्नम्, त्रि—ત્રણ પરમા હોય ત્યારે कुत्सिता त्रय—कत्त्रय, रथ—રથ પરમાં ત્યારે कद्रथ:, वद—બોલનાર (कृत् અ તવાળો પ્રત્યય છે) તેનું कद्वद થાય છે.

कु નો का આદેશ अक्ष માં कुत्सित अक्षि यस्य सः—काक्ष તેમજ [illegible] पुरुष અને पथिन् શબ્દમાં का આદેશ થતાં कापुरुष.—कुपुरुष: અને कापथ —कुपथ. થાય છે

ईषत्—થોડું ના અર્થમાં—અગ્નિ [illegible] ઉષ્ણ હોય ત્યારે कु નો क [illegible] कवोष्ण, [illegible]. અને कत् થતા कवोष्ण થાય છે

पद्—[illegible] ની પરમાં [illegible] હોય ત્યારે [illegible] पत् આદેશ અને [illegible] થાય છે.

(૮૯) [illegible] માં [illegible] થાય છે તેમજ [illegible] થતા [illegible], [illegible] (પગથી) એ પ્રકારનો એમ થાય છે

[illegible] તેમજ [illegible] સમ્બુદ્ધિ [illegible] [illegible] માં [illegible] નો [illegible] કરવાને. [illegible]

પાણિનિના आकृतिगण માં પ્રત્યયો લાગતાં જે શબ્દોમાં એક સરખા જ ફેરફાર થાય તેનુ પરિગણન છે જ્યારે અહીં અન્યથા અસિદ્ધ અથવા કષ્ટ સાધ્ય શબ્દોને—आकृतिगण મા મૂકીને અપવાદ હોય તેમ સ્મૃતિગત કરવાના છે.

(૯૦) शाकपार्थिव —શાકપ્રિય રાજા પણ પાણિનિ વ્યાકરણમાં આવતા शाकपार्थिवादि ગણમા—क्तेन नञ् विशिष्टेनानञ् (૨ ૧ ૬૦) સૂત્રના વાર્તિકમા છે દેવપૂજા કરનાર બ્રાહ્મણ—देवपूजकः ब्राह्मण —देवब्राह्मण એમ થાય છે

(૯૧–૯૩) દ્વન્દ્વ સમાસમા પૂર્વ (આદિ) પદનો લોપ થતા माता च पिता च–पितरौ, श्वशुरौ, पुत्रौ–પુત્રી અને પુત્ર એમ થાય છે કેવળ माता च पिता च મા વિકલ્પને લીધે અન્ય રૂપ પણ થાય છે તેથી ऋ કારનો आ થતાં मातापितरौ અને ऋ કારનો अर थता मातरपितरौ થાય છે.

દ્વન્દ્વ સમાસમાં સર્વનામ પદ અ તે હોય ત્યારે તેને પ્રથમા બહુવચન—जस् મા વિકલ્પે સર્વનામ સ જ્ઞાવિધાન થવાથી जस् અને शी એમ પ્રત્યયો થતા वर्णा च आश्रमा च इतरे च=वर्णाश्रमेतरा. અને वर्णाश्रमेतरे વર્ણો આશ્રમો અને બીજા—એમ થાય છે

(૯૪) वैयधिकरण—व्यधिकरणस्य भाव , तस्मिन्,—અધિકરણ એટલે વિભક્તિ પ્રત્યયો અને તેના અર્થો એ જ્યારે અસમાન હોય ત્યારે મધ્યમપદનો લોપ થાય છે

